ભેટ.

દાદાર અહુરમજદ ને સાહેબ ધણી, જે કરનાર છે ખલકતના ભુંડા ભલા.
અહુરમજદ છે જગતનો સરદાર ધણી, કરો તેની નેમાંજો બંદગી ઘણી
તેને સૌથી શ્રેષ્ટોમાં શ્રેષ્ટ ગણો, જગતમાં બુજર્ગી તેનીજ ભણો
સખાવતના કામોને અશોઈ ભલી, જેથી હાલ મટે છે બુલંદી ઘણી
પરીણામમાં પાછળથી પુગે છે મદદ, બચાવી અનીને દુખ કરે છે રદ

પ્રતાપી મીનોબહેર કે જે સાહેબના જેવો અને તેનો જોડીઓ બીજો કોઈ જ નથી. તે બુલંદ દરજ્જાનો અમર્ગ અશો દાદાર, હમેશગીનો શેહેનશાહ અને હેર જમાનાનો સાહેબ કે જેને આપણ ઈનસાનોના સુખને માટે [illegible] બે શુમાર અને ફાયદેમંદ તમામ ચીજોથી જેહાનને ભરપુર કરી પોતાની બોલંદીવાળી કુદરતનો છુટે હાથે ઉપયોગ કરવાની તક બક્ષી. ખુશી ખુરમી મધ્યે આપણને સંખે [illegible] તેવાંજ શેહેનશાહઓનાં શેહેનશાહના તેમજ તેના ખુબાવત યજદો કે જેઓ આરાધનાં કરવાને લાયક છે તેઓની મોટાઈ અને નેકીના કામોની આપણાં તરફની અદના પીછાનની આ પાક ભેનાગ [illegible]

ઘણી ઘણી નેક દોઆઓ સહીત

આપ [illegible]

કમલ સખરોજી.

બ નામે યજદે બક્ષાયન્દેહે બક્ષાયેશગરે મેહેરબાન. તમામ પાક ખોરદેહ અવસ્તાએ શેહેનશાહી બા એજમતી નીરંગ

જેમાં

અષેમ, યથા, પાંચ ગેહે, સઘલી નીઆએશો, યશતો, (ઝંદ બેહેમન યશ્ત સુદ્ધાં) પતેતો, " મરહુમોની યાદ માટે ભણવાનો કરદો, " બાજે, નમસકારો, મુકતાદનાં પાક દિવસો પર પઢવાનો ફરામરઓદનો હા, ગાથાના હા, સતુમ, ધુપનીરંગ, સઘળાં આફ્રરંગાનો, અફ્રીનો, ક્ષનૂમનો, ધેહેસારણું આશીરવાદો, ત્રિસે રોજની સેતાએશો, અવસતાની નીરંગો; (૪૩) મોનાજાતો,) ઉપરાંત હાલની એજમતી નીરંગો, વિગેરે પાક ખુદાવંદની બેહેતર બંદગી કરવાનું શેહેનશાહી ફીરકાને બરની બાબદોથી ભરપુર મોટું પુસ્તક કે જે એના જેવું સંપુર્ણ, સફાઇદાર, અને સરલ ઉચ્ચારનું આવું આખું દફતર હ૦ સ૦ ૧૯૦૨માં મરહુમ મીસ દીનબાઇ સોરાબજી એન્જીનીયરે રચી પ્રગટ કરયું હતું. જેની આ બીજી આવૃતી વધુ સુધારા વધારા સાથે રચી છપાતી છે.

લખનાર,

મરહુમ મીસ દીનબાઇ સોરાબજી ઘાટીગરા એન્જીનીયર.

પ્રગટ કર્ત્તા,

મીસીસ ખુરશેદબાનું માણેકશા સોરાબજી ઘાટીગરા એન્જીનીયર.

મીરઝાંપુર રોડ—અમદાવાદ.

સાલ ૧૨૯૨ યઝદેજરદી — સને ૧૯૨૩ ઇસવી.

આવૃત્તી બીજી — કોપી ૧૦૦૦.

કીમત રૂ. ૬—૦—૦. પોસ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદું.

ધી " અમરસિંહજી " પ્રિ. પ્રેસમાં પઠાણ નુરખાં અમીરખાંએ છાપી.
ઠે. મીરજાપુર રોડ વુડલેન્ડ બંગલો
અમદાવાદ.

પાક રેહેમી યજદાં દાનાં સાહેબ કે જે પોતે પોતાની મેળે પેદા થયો છે, તે પાક દાદારનું બુલંદ નામ અહુરમજદ છે, કે જે સરાઇ ભરેશો અને નુરમંદ ગેબીઓને દરમીઆન ગેબી અને ઘણો બુલંદ છે, કે જેનું પવિત્ર નામ સર્વેને પ્યારૂં છે તે દાદારનાં ૧૦૧ નામો જે કોઇ આસામી આ દુન્યાનાં દરમ્યાનમાં રાત અને દહાડો બુલંદ અવાજે, બેસતી વખત યા બેઠેથી ઉઠતાં, કુસ્તી બાંધતાં યા છોડતાં, યા કોઇબી જગ્યાએથી, ઘેરથી, શેહેરથી બાહાર નીકલતાં, યા તમામ જગામાં હરદમ એ નામો જે કોઇ યાદ કરે, અને બુજોર્ગીથી પઢે તો તે આસામીને અનેક પ્રકારની આફતમાં, યા મુશ્કેલીમાં પાસબાનીનાં કરનાર, અને મદદગાર થઇ પડે. સર્વ શુભ કામોમાં, યા નવું કામ આરંભતાં, યા બંદગી કરવાં પેહેલાં, યા દિવસ ની બદલાતી દરેક ગેહમાં, યા બાંગ્ગદનાં ખુશ વખતમાં, જે કોઇ આસામી મર્દ યા બાનુ યા બચ્ચું કોઇપણ પઢે તો કોઇબી દિવસ મુશ્કેલીમાં નહિં આવી પડે.

૧ યજદ.	૨૭ ખરોશીદતુમ.	૫૩ શનાયા.	૭૯ અગુમાન.
૨ હરવસપતવાંન.	૨૮ મીનોતુમ.	૫૪ અતરસ.	૮૦ અજમાન.
૩ હરવસપઆગાહ.	૨૯ વાસના.	૫૫ અબીશ.	૮૧ અખુઆ.
૪ હરવસપખોદા.	૩૦ હરવસપતુમ.	૫૬ અફ્રાજદમ.	૮૨ આમીશતહુશર.
૫ અબદેહ.	૩૧ હુસેપાસ.	૫૭ હમજુન.	૮૩ ફ્રશુતનાં.
૬ અબીઅનજાંમ.	૩૨ હરહમીદ.	૫૮ મીનોસતેહગર.	૮૪ પદમાંની.
૭ બુનેશતહ.	૩૩ હરનેકફરેહ.	૫૯ અમીનોગર.	૮૫ પીરોજગર.
૮ ફ્રા-ખસતંતહ.	૩૪ બીશતરના.	૬૦ મીનોનહબ.	૮૬ ખુદાવંદ.
૯ જમગ.	૩૫ તરોબીશ.	૬૧ આદરબાદગર.	૮૭ અહુરમજદ.
૧૦ પરજતરેહ	૩૬ અનુશક.	૬૨ આદરનમગર.	૮૮ અબરીનકેહાન. તવાંન.
૧૧ તુમે અફ્રીચ.	૩૭ ફ્રશક.	૬૩ બાદઆદરગર.	૮૯ અબરીનનતવા.
૧૨ અબરવંદ.	૩૮ પજુહદદહેદ.	૬૪ બાદનમગર.	૯૦ વસપાંન.
૧૩ પરવંદા.	૩૯ ખોઆફ્ર.	૬૫ બાદગેલગર.	૯૧ વસફ્ર.
૧૪ આનઅયાફેહ.	૪૦ અફ્ખશીઆ.	૬૬ બાદગરતુમ.	૯૨ ખાવર.
૧૫ અમેહઅયાફ.	૪૧ અબરજા.	૬૭આદરકીબરીતતુમ.	૯૩ અહુ.
૧૬ આદરો.	૪૨ અસતુહ.	૬૮ બાદગરજાએ.	૯૪ અવખશીદાર,
૧૭ ગીરા.	૪૩ રખુઅ.	૬૯ આબતુમ.	૯૫ દાદાર.
૧૮ આયેમ.	૪૪ વફ્રન.	૭૦ ગેલઆદરગર,	૯૬ રયુમંદ.
૧૯ યમના.	૪૫ અફ્રીદેહ.	૭૧ ગેલવાદગર.	૯૭ ખુરહેમંદ.
૨૦ સફ્ના.	૪૬ બફ્રીફતેહ.	૭૨ ગેલનમગર.	૯૮ દાવર.
૨૧ અફ્જા.	૪૭ અદુઆઇ.	૭૩ ગરગર.	૯૯ કેરફેગર.
૨૨ નાશા.	૪૮ કામરદ.	૭૪ ગરઆગર.	૧૦૦ બોખતાર.
૨૩ પરવરા.	૪૯ ફ્રરમાન કામ.	૭૫ ગરઆગરગર.	૧૦૧ ફ્રશગર.
૨૪ યાંનેહ.	૫૦ આઇખતન.	૭૬ અગરઆગર.	
૨૫ આઇનઆઇનેહ.	૫૧ અફ્રમુશ.	૭૭ અગરોગર.	
૨૬ આંનઆઇનેહ.	૫૨ હમારના.	૭૮ અગરાઓગરગર.	

નોટ. ખુદાનાં જાતી નામો ૩ છે અને બીજાં સેફાતી છે. ૧ લું ' દાદાર ' = 'પેદા કરનાર, ઇનસાફ કરનાર, બખશેશ કરનાર. ૨ જું ' અશો = પાક, પરહેજગાર. ૩ જું અહુરમજદ = દાનાં સાહેબ, અકલમંદ.

હુમત હુખ્ત હવરશત



જરથોસ્ત સાહેબે જાહેર કીધેલી જે દીન,
તેજ તરીકાએ ચાલે તેઓને આમીન.

(સરોશ બાજ.)



મરહુમ મીસીસ મેહેરબાઈ સોરાબજી એનજીનીયર.

જન્મ—રોજ ૩જો અરદીબેસ્ત, માહ ૩જો ખોરદાદ શેહેનશાહી સને ૧૨૨૮ યઝદેઝરદી, તા ૨૬મા ડીસેમ્બર સને ૧૮૫૮ ઇસ્વી.

મરણ—રોજ ૬ઠો ખોરદાદ, માહ ૧૧મો બેહેમન શેહેનશાહી સને ૧૨૮૮ યઝદેઝરદી, તા. ૧૩મી જુલાઇ સને ૧૯૧૯ ઇસ્વી.

ઇ. સ. ૧૯૧૪નાં સાલમાં "અખંદ દુનીયાની ઉતપંતીની ચોપડીના" પ્રગટકર્તા.

ઈ સ. ૧૯૧૭નાં સાલમાં "મોટી ખોરદેહ અવસ્તાએ-શેહનશાહી ખુલાશાના માએનીના સાર સાથે બા અજમતી નીરંગો"ના પ્રગટ કર્તા.



મરહુમ મીસ દીનબાઈ સોરાબજી એનજીનીયર.

જન્મ—રોજ ૯મો આદર, માહા ૩જો ખોરદાદ શાહેનશાહી સને ૧૨૪૬ યઝદેઝરદી તા. ૨૭મી નવેમ્બર સને ૧૮૭૬ ઇસ્વી.

મરણ—રોજ ૧૦મો આવાં માહા ૫મો અમેરદાદ શાહેનશાહી સને ૧૨૮૮ યઝદેઝરદી, તા. ૧૮મી જાનેવારી ૧૯૧૯ ઇસ્વી.

ઇ. સ. ૧૯૦૨ના સાલમાં "તમામ પાક ખોરદેહ અવસ્તાએ શાહેનશાહી બા એજમતી નીરંગ"ના પ્રગટકર્તા.

ઈ. સ. ૧૯૧૪ના સાલમાં "પાક મહજબે જરતોશ્ત વ. હાલતે જરતોસ્તી આંને ઈંઝમાન"ના પ્રગટકર્તા.

ઈ. સ. ૧૯૧૭ના સાલમાં "અહેવાલે નૌશરવાંન આદેલ વ મજદક બા મેહેમુદશાહ" ના પ્રગટકર્તા.

A 2656 લક્ષ્મી આર્ટ, મુંબઈ, નં. ૮.

અર્પણ પત્રીકા.

રેહેમી દાદાર પાક આલેક, (બંન્ને અશો પવીત્ર રૂહોને ગુરથમાન બેહસ્ત બક્ષો.

"ખરેજ ફીરેસ્તાઈ, હાતમ દીલનાં, અશો પરોપકારી પરદુઃખભનજનો" મારાં વ્હાલાં મહેરબાનો "મરહુમ માતાજી મહેરબાઇ સોરાબજી એન્જીનાયર" તથા "મરહુમ બેહનજી દીનબાઇ સોરાબજી એન્જીનીયર" કે જેઓએ, અસલથી મુજને અહુરમઝદ તરફથી, રૂહશાદ અશો પેગંમબર જરથોસ્ત મારફતે આવેલા આપણા બુલંદ મહઝબો શિખવવા, તેમજ બાળપણથી ઉછેરવા અતિ ઘણી જેહમત, અને પોતાથી બ‥તી મેહેનત લીધી હતી એઓ નેકનામ, નામદાર, નામીચાં મ્હાનોને સામટાં એહસાંનનો બદલો તો કોઇપણ પ્રકારે કદીબી વાળી શકાયજ નહી, તેમજ એઓ બંન્ને ખરેજ લાગણીવાળાં સખી વજુદોની ખાલી થયલી જગ્યા પણ પુરી શકાશે નહી, તેવાં હાતમ સરીખા મોટાં દીલનાં અને લુકમાન જેવાં કાબેલોની, ઘટીત સ્તુતી કરવાની મુજ સરીખાની નાતવાન ઝમાનમાં પણ તાકદ નથી, તોયે તેઓ ધર્માતમા, બાહદુરોના, અશોપવીત્ર બંન્ને રૂહઓને ઘણાંજ એહસાનના ઉભારા સાથે મુજના ખરાં અંતઃકરણ અને વફાદાર હૈડે, પણ ઘણ ભારી અને ગમખ્વાર જીગરે દેલોજાન, તનોમન અને સરોચશ્મથી આ અશો અહુરમઝદથી નેમાયલા આપણા દાનાવ પેગંમબર જરથોસ્તના નેક સખુનો, તેમજ બુલંદ અહુરમઝદની આપણી તરફની અદના પિછાણની આ પાક કલાંમોની કેતાબ મારા સર્વમાન, નમ્રનતાઇ અને ખરીજ લાગણી સહિત બંન્ને અશો રૂહોને અર્પણ કરૂં છુ.

લી. કમતરીન,

માણેકશા સોરાબજી,

ઘાટીગરા એનજીનીયર.

આ પાક કીતાબમાં ("બન્ને મરહુમોની") છબીઓ આપી છે તેનો લાગણી પુરવક ખુલાસો"

તમામ પાક ખોરદેહ અવસ્તાએ શેહનશાહી બા એજમતી નીરંગો સાથનું મોટું પુસ્તક ઇ. સને ૧૯૦૨ માં પહેલી આવૃતી મારાં મરહુમ બેહેનજી મીસ દીનબાઈ સોરાબજી એનજીયરે ઉપલા નામની કીતાબ રચી પ્રગટ કરી હતી જેનો સહ ઉપીઓગ હમદીન બાનુઓ અને ગ્રહસ્થોએ પ્રગત કરતાની સારી લાગણી સહીત ઉપીઓગ કીધો છે, તેઓ મેહેરબાનો તરફથી (મીસ દીનબાઈ સોરાબજી એન્જીનીયરનીજ) પાક ખોરદેહ અવસ્તાની ફરી વધુ માંગણી " છબીઓ સહીત " કરવાથી; આ તકે મુજ કમતરીનની જીક્ષા (બન્ને મરહુમોના રૂહશાદ નામો અને એઓએ પોતાની હૈયાતીમા રચેલી સઘળી બુકો મરહુમોની છબીઓમાંજ વીગતે છપાવ્યું છે.) બીજી આવૃતી રચી પ્રસિદ્ધ કરવા તેમજ એ બુકના કદરદાન માનવંત ગ્રાહકોની આતુરતાને પુર્ણ કરવા આ કીતાબ રચવા કોઇપણ રીતથી અધુરૂં નહીં રાખતાં સર્વ સંપુર્ણ કાંમ પાક ખુદાવંદની રેહેમા બક્ષેશોને માંન આપી રચી પ્રગટ કર્યું છે.

લી. નેક ઉમેદગારોનું ભલું ઇચ્છનાર

માણેકશા સોરાબજી.

ધાટીગરા એન્જીનીયર.

નમસેતે અહુરમઝદ.

પહેલી આવૃત્તિનો દીબાચે

અય અને મઝદ ઓ અહુર તારી તમામ પેદાયસો પર તું સુખેથી રાજ ભોગવ, અય રેહેમી ખાવીંદ તારૂં પાક અને મુબારક નામ ઝુબાનપર લઇ તુંજ કીર્તિવંત કીતારની યાદ હૈડે ધરી હું આગળ વધીશ. તુંજ પાક ગેબી ઝસેહમદ સાહેબનાં બુલંદ નામની એજમતી અસરથી બેસમજ ચરંદાઓ બેખબર નથી તો ઇનશાન કે જેઓને તું મીનોઆંન મીનો સાહેબ તરફની સમજ શક્તિની બેમુલી ભેટ મળી છે તેઓ કેવી પ્રકારે તારી પવિત્ર યાદ ભુલશે? તુંજ સાહેબે સખાવત અને કુલ્લે ખલકતનાં માલેકની યાદ દર ડગલે અને હર પગલે દરેક દાનેશમંદ આદમ કરવાને ચુકતું નથી.

અય સૃષ્ટિનાં સરજનાર અને બોહોલી કુદરતનાં પેદા કરનાર હપ્તકેશ્વરનાં માલીક, અર્શ કુરશીનાં અને બુલંદ મરતબાનાં ધણી, ગરીબ તવંગરને એક સરખી નજરે જોનાર, ફકીરને પાદશાહીનાં આપનાર, રાજવંશીઓને ભલી અક્કલનાં દેનાર, નાચારોને નવાજનાર, ગુનેહગારોને ગુનાહનાં બક્ષનાર અદલ ઇનસાફી, નાપાકી દુર કરી પાકી પરહેજગારીનાં ફેલાવનાર પરવરેશ કરનાર, જીવ બક્ષનાર, અંધકાર બાજુ કરી રોશનીનાં પ્રસાવનાર, અય તમામ પેદાયસોનાં રેહેમી પેદર તારી અચુક કુદરતમાં તું હર જગે હાજર છે. અય દયાળુ દાતાર અને હસ્તીનાં ખાવીંદ તાહારી કમાલ કારીગરીથી તેં અજબ રંગનાં આસમાંનો પેદા કરી તેમાં અનદીઠ રોશન સેતારાઓને જગ્યા આપી. અય કેરફેગર તારી મીશાલનો કોઈ છે નહિં અને થશે બી નહિંજ, તુંજ દાદારની હદ તથા આખેરી છેજ નહિં.

તુરમંદ ખુરશેદ, રોશન માહાતાબ, ઝલકતા સેતારાઓ, શાન્ત ઉંચાઇ, તળ્યાં વગરની ઉંડાઇ, જબત અને જીંબત, એ સર્વે ચીજો તુંજ રાહાબરની હસ્તીની ગવાહી છે. ઓ રાસ્તીનાં ચાહનાર ખાવીંદ તારી શક્તિ, તારી ગેબી કરામત, તારાં ડહાપણ, તારાં અનહદ ભંડોળ તારા પ્યારની પિછાણ કરવામાં આદમ જાતનો પ્રત્યેક પ્રયત્ન પાછળ પડે છે.

મેહેનત કરવાને ઉત્તેજન આપનાર, ભલાં કામોમાં ઉશ્કેરા આપનાર, શાંત કલાકો વચ્ચે જીવમાં ખુશાલી પ્રશાવનાર પણ તુંજ માલીક છે. આતુર અંતઃકરણને દિલાસો દેનાર પણ તારૂંજ નામ છે. અગર તમામ દર્યાવોની શાહી બને, દુન્યાનાં વૃક્ષોની કલમ થાય, અને જગતનાં ઝાડોનાં પાંદડાં કાગળનાં આકારમાં બદલાઇ જાય, તથા પૃથ્વીનાં દરેકે દરેક આસામીઓ તારી વખાણ અને તુંજ માલેક હરદુ જહાનની કીર્તિનાં લખાણ કરવામાં જમાનાઓ સુધી રોકાય, તો પણ તુંજ આફ્રીનંદની ખુબીઓ સંપૂર્ણ ચીતારવાને નિષ્ફળ નીવડે.

તું એકજ પરવદેગાર કે જેને જમીનપર તમામ જેબદાર વનસપતી ઝાડો સરજ્યાં. અને રંગબેરંગી ચરંદાં પરંદાંઓને પેદા કરી તેઓનેબી ઉગનારી વસ્તુઓથી ખોરાક બક્ષ્યો.

અય અદલ ઇનસાફી બુઝર્ગ શેહેનશાહ, જમાનાઓનાં સરદાર, તુંજ રાસ્ત દાદઘરની યાદ બાંમદાદને વખ્ત એક ઇનશાંન કરે તે અવ્વલ એક પરંદું કરે છે તે પરંદું તારી બુલંદ આવાજે યાદ કરી. સમજ શક્તિ ધરાવતાં ઇનશાનોને ખાબમાંથી બેદાર કરે છે. તે બે–સખુન મુર્ઘનાં બુલંદ અવાજથી કુલ્લે ખલકતનાં ઇનશાનો રોશન રોઝની યાદ થતાં હેબતથી ખાબમાંથી જાગી ઉઠે છે, અને નીમક રોટી મેળવવાને પોત પોતાનો પ્રયત્ન કરે છે.

તો ઓ રાસ્ત અને રેહેમી દાવર તારાં પેદા કરેલાં કેટલાં થોડાં ઇનશાનો કામ પર લાગવા પેહેલાં રોશન રૂઝની શરૂઆતમાં તારી પવિત્ર યાદ હૈડે ધરે છે. અને તે વાચા વગરનાં પ્રાણીનો કેટલાં ઇનશાનો દાખલો લઇને તું હમેશગીનાં શેહેનશાહની બંદગીમાં મશગુલ થાય છે, આફ્રીન, સદ હજાર આફ્રીન, હઝારો હઝાર આફ્રીન, તે બે—સખુન પ્રાણીઓને કે જેઓ બાંમદાદનાં ખુશ વખ્તમાં, રોશન રોઝની શરૂઆત થતાં પાક નુરમંદ ખુરશેદ ઇઅઝદની સ્વારીનો સ્હેજ ઝલકાત આતશાઇ રોસ્નીનાં આકારમાં આ ખલકની રૂપેરી ધારીપર ઝલકે, તેવા ખુશ, મધુર, અને ઠંડા વખ્તે ખાબથી બેદાર થઇને તુજ બારે–હક–તાલાની ગેબી બક્ષેશ માટે મધુર હલકે તું બુલંદીનાં ખાવીંદની યાદ કરે છે. તે મુર્ઘ એક વાચા વીનાનું પ્રાણી છે યાને સમજશક્તિનું ઉમદા જવાહીર નથી, છતાં તે પોતાનાં પેદા કરનાર, પાળનાર, પરવરેશ કરનાર, રોશન રાહબરની યાદ કરવાની ઉત્તમ અકલ ધરાવે છે.

જ્યારે ઇનશાનો કે જેઓને માટે તું સાહેબે બીનયાઝે તમામ જેહાંન અનેક ચીજોથી બરપુર કરી અને તેઓને હાકમ મીશાલ તારી તમામ પેદાયશમાં સર્વથી શ્રેષ્ટ દરજ્જાનાં સર્જ્યાં છે, અને બેમુલ પેદાયસોનો છુટે હાથે ઉપ્યોગ કરવાની સત્તા બક્ષી છે. અને ઇનશાન પોતે એક સમજશક્તિ અને ઉમદા અકલ ધરાવનાર બેમુલ પ્રાણી, હોવા છતાં તું બે નઝીર સાહેબની બંદગી આરાધના કરવાનું ભુલે તે તેઓને સઝાવાર છે?

અય દસ્તગીર, તારી હસ્તીની યાદ તે કોણથી ચુકાશે? કે તુંજ દાવરે તાશજ પાક ઓહેમંદ નીરાકાર ગેળામાંથી દરેક ઇનશાનનાં જીગરમાં પવિત્ર ચંગારી મેલી છે, તુંજ પરવરની યાદ વીનાનું ઇનશાન એક નકામું, જીવ છતાં જીંદગી વીનાનું, બે–સખુન પરંદાંઓ કરતાં ન બેહેતર, અને બે–સમજ ઢોર કરતાં બી બે–અક્કલી છે.

અય માલીક, તું સ્થંભો સ્થલ જાહેર છે. પાક, રોશન બલેહમંદ ખુરસેદનાં નુરમાં, અને રોશની ભર્યા ઠંડા માહાતાબનાં પ્રકાશમાં તારી પરહેઝગારી ભરી નાજરીનો ખ્યાલ તુજ દાતરે હમો પાકી ઇનશાનોને આપ્યો છે.

આતશ બેહેરાંન, આતશ-અદરાંન, અને દરેક બંગી અદકોમાં તથા તમામ પવિત્ર સ્થલોમાં તું સાહેબનાંજ નામની સેતાઇશ ગમાડ અને બંદગી થતી સર સાંભળ્યે છીએ. પાક અરદવીસુરનાં રૂપેરી મોજા આવતા નીર્મળ જળનાં ધીમા વેહતા અવાજમાં પણ તું દાદારની પરસ્તેશ થતી સર્વે જાણ્યે છીએ, વળી જયારે રોશની ભર્યા ઠંડા માહતાબનો રૂપેરી છાંયો તે નીર્મળ નીરમાં પડે છે ત્યારે તે પવિત્ર આબ-પાણી ગોયા હીરાની મીશાલ આપી રહે છે. તે તું માલેકે કદ્રત કેશવરની ખરી ખુબીનો ખ્યાલ તેમજ તારી કામીલ કુદરતનો વધુ પુરાવો દરેક પાકી હસ્તી ધરાવનારને આપે છે.

તું પોતે એકજ ખોદા કે જેને પોતાની પેદાયસમાં સર્વે જીવજંતુઓને પનાહ આપી. તું એકજ જેહાંન-પનાહ કે બી-નુકશાન બી મીશાલ, તથા બી સુન, તારી યાદ કરનારને અનચીતરી મદદનો પુગાડનાર છે તારાં પવિત્ર મુબારક નામની અસરથી તમામ દુન્યાનો કારોબાર અવ્વલથી ચાલતો આવ્યો છે. તુંજ આકેલ એલમા, મહાન મુરબ્બી, અને દાને શમંદ દાનાએ મીનોનાં તમામ અમેશાસપંદો તેમજ યઝદોને આય પાકી જેહાંનની આબાદીને માટે ઇનશાનોનાં પાસબાંન નેમ્યા, તું એકજ મીનોઆંન મીનો સાહેબ કે જેને ભલી આવાં અરદવીસુર સર્જી. તેમજ બુઝર્ગોનાં બુઝર્ગ, ઉંડા ફીલસુફ રોશન રાહબર, રાહનુમાયે રાસ્ત, દાનાવ દુર્બીન, ખરા ખેરખાહ સત નેકજાદ પેગંબર સાહેબ સપેંતમાન અશો જરથોસ્તને આય ફાંની જેહાંનમાં હમો ઇનશાનોનાં સાચ્ચા રાહબર તરીકે મોકલી તે ઝલકતા -સેતારા-જરથોસ્ત મારફતે ઇનશાનોનાં કુમળાં મગજને રાસ્ત અને નેકીની રાહપર ઉતારી, ખરા સુખી અને પરહેઝગારી ભર્યા બનાવી, તે પાક દીનનો ડહાપણ ભર્યો માર્ગ બતાવ્યો, કે જે દીનપર એતેકાદ રાખી ચાલનારનો હમેશ હમેશ સુધી તું યઝદાંતાલા મદદગાર છે.

એવા તું રેહેમીદીલનાં ખાવીંદની તારા બંદાઓપર ગેબી નવાઝેશ માટે દરેક દરેક ઇનશાને તું રાહાનુમાયે રાસ્તની યાદમાં સર નમાવી બંદગીમાં મશગુલ રેહેવું વાજેબ છે. તું તમામ ખલકની ફર્યાદને પોહોંચનાર સાહેબનું નામ તારીફ અને વખાણને લાયકનું છે.

તું અશો અહુરમઝદ કે જે કામીલ કુદરતનો માલેક, તારીફ અને શોકરાનાં કરવાને લાયક, તેમજ નામઆફ્રીન અને સેતાઇશ કરવાને સઝાવાર છે. તું હરવીસ્પ આગાહ પોતાનાં બંદાઓને દર પળે અને હર દમે ખુબી અને નેકી આપનાર છે. તેવા બારે-હક-તાલાના એવી બેહદ બક્ષેશનો ઉપકાર માની તું મેહેરબાંન મુરબ્બીનાં તમાંમ અહેશાનો, હઝારો હઝાર બલ્કે લાખો લાખ મેહેરબાની અને ગેબી બક્ષેશ માટે પ્રથમ તું સબાવતન, શેહેનશાહ અને ખુશીવંત દાવરની નમાજ કરી આગળ વધુ છું.

મોટાં માઝ્મ તમામ જરથોસ્તી ધીરકાનાં કે તેઓનાં ટોળાંની રાહબારી કરવાને ખુદ હુશીઆર, સચ્ચા, બુઝરગ, કાબેલ વિદ્વાન, પરહેજગાર દાનાવ મદ પાકદામન પેગમ્બર સાહેબ અશો જરથોસ્ત જનમ્યા. અને તે મહાન નરે પાક ખુદાવંદ તરફથી મળેલા પોતાની બેહેતર માઝદયસની દીનનાં બીજ મુલ્કે મુલ્ક રોપ્યાં, કે જે મુબારક દીનના ફેલાવનારને ગુજર પામ્યાને હજારો સાલ વીતી જવા બાદ પણ તે બેહેતર દીન બાબે દરેક સાચ્ચો જરથોસ્તી મગરૂર છે.

ઈનસાંન માત્રને તે હમેશગીની શેહેનશાહ અને જમાનાઓનાં સરદાર રેહેમી અહુર-મઝદે આ ફાંની જેહાંનમાં હસ્તી આપી પોતાની બોહોળી કુદરતની અનેક નેક બાખસો તેઓમાં ઉત્પન્ન કરી છે, તેમાં આદમ જાતને પોતાની હયાતી બાદ પોતા પાછળ યાદગારી ભરી પીછાંન મુકી જવાની લાયક ખાયસ પણ પેહેલો દરજ્જો ભોગવે છે. મુજ કમતરીનનાં દીલમાં પણ તેવીજ ઇચ્છા ઉત્પન્ન થઇ કે મારાં હમદીનો માટે ધર્મીક જ્ઞાનને લગતી, ફાયદાકારક, ઉપયોગી કેતાબ છપાવી પ્રગટ કરાવી કે જે એક યાદગીરી તરીકે જળવાઇ રહે. તે વિચારને અનુસરતી યાદગારી ભરી કેતાબ તમામ પાક ખોરદેહ અવસ્તા હાલની તેમાં સમાવેલી ઉપયોગી નીરંગો સાથેની મને માલમ પડી. કારણ આજ સુધી છપાયલી કેતાબોમાં ફકત ભણવાનાં અવસ્તા અને કોઇક કેતાબ ભણતરનાં સાર સાથેની છે. પણ દરેક મીનો ફરેસ્તાનું અને તેઓ કઇ કઇ ચીજપર મુકરર છે તેમજ પાક ખુદાવંદ તરફની ગેબી બક્ષેસો દરેક ઇનસાનોપર કેવી પ્રકારની છે તેથી દરેક જરથોસ્તી વાકેફગાર થાય અને પોતાનાં વ્હાલા પેદા કરનારની બંદગી કરવા બાબે તેને વધુ ઉત્સાહ મળે, તેમજ દરેક જરથોસ્તી બાળકના વાંચવામાં આવ્યાથી તેઓના બાપીકા બુલંદ મઝહબપર તેઓનું ચકી ન શકે અને વધુ એતબાર આવે. એવી કીસમનાં એક સામટા પુસ્તકની ખરીજ ખુટ માલમ પડે છે અને તે ખુટ પુરી પડવાથી મારી નિર્મળ બાયત પુર્ણ થશે એવા ઇરાદાથી મેં નફાની આસ નહિં રાખતાં ફકત જશ અને યાદગીરીનીજ નેક ખાયસ રાખી હમદીનોનાં લાભ અર્થે આ પુસ્તક અસલ અવસતાને આધારે સુદ્ધ, સરલ, અને સાદા ઉચ્ચારે છપાવી પ્રગટ કર્યું છે. જેમ કરતાં મેહનતમા તેમજ ખર્ચમાં કોઇપણ જાતની કસુર રાખી નથી.

આ કેતાબનાં પાછલા ભાગમાં સમાયલી એજમતી નીરંગો મારા વાંચવામાં આવ્યાથી તેપર અમલ કરી ખરી ખાત્રિ થવા બાદ તેનો લાભ મારાં દરેક હમદીનોને આપવાને જે મેં કોશેશ કરી છે તે એ કેતાબમાં સમાયલા આપણા બુલંદ ધર્મની નેક સમજણનાં નાદર બાગને વાસ્તેજ છે. એ નીરંગના પવિત્ર કલામો મારા પેદરનાં મુરબીજીનાં કેતાબખાનામાં વર્ષોથી પડી રહેલાં હતાં અને તે કેતાબનાં પાને પાનાં વીખરાઇ જવાથી તે સર્વ વિખરાયલા પાનાં એકઠાં કરી અસલ સાર અને ક્રિયા મુજબજ ખુબી સમજ પરે, અને મારાં સર્વે નેક ધર્મ ચુસ્ત હમદીનોને પોતાની મેળે તે પર અમલ કરવાને સવલ પડે, તેમજ સેહેલાઇથી તેઓ પોતાનાં ઉપયોગમાં લઇ શકે એવી સરલ રીતે પ્રગટ કરાવી છે. એ નીરંગો આપણા પાક મઝહબમાં અસલ વખતથીજ જાહેર છે, તે બાબે વધુ નહિં બોલતાં હાલના આપણાં

મરહુમ હજરતજી સાહેબ ડૉક્ટર જામાસપજી મીનોચેહેરજી. એમ. એ., પી. એચ. ડી., ડી. સી. એલ. એવણે યઝદેઝરદી ૧૨૬૫ નાં સાલમાં 'મજદયસની લોકો ફરજીયાત બંદગી અવસતા જુબાનમાં કરવાને બંધાયલા છે તેમ કરવાનું કારણ શુ છે?' એ વિષયપર વાએજ કરી હતી તે વાએજનું ચોપાન્યું ઉપલાંજ નામે હાલ જાહેર છે. તે મહાન હજરતજીએ કરેલી વાએજનું નીરંગ બાબે ટુંક લખાણ છે તે નીચે મુજબ ટાંકયું છે—

"માથર નામ જે છે તે અરહુઅમઝદનો ફરમા બરદાર છે, યાને અવસ્તા જુબાન છે તે અહુરમઝદનાં હોકમનો ચલાવનાર છે. માથરનામ બુઝોર્ગ, બરતર, નેક, સર્વથી શ્રેષ્ઠ, દેલાવર, મજબુત, વધારે મજબુત, ફતેહમંદ તેમજ વધુ ફતેહમંદ છે. અને વળી સૌથી વધારે તનદરોસ્તી આપનાર છે. તનદરોસ્તી પાંચ બાબદથી મળે છે. એક તો પવિત્રાઇથી, બીજી ઇનસાફથી, ત્રિજી હથ્યારથી દુઃખ ટળીને, ચોથી દવાથી થાય છે. જ્યારે પાંચમી 'માથર' તનદરોસ્તી આપે છે. પણ એ પાંચ ચીજોમાં બુઝોર્ગ માથર યાને અવસ્તા તનદરોસ્તી આપે છે. જે સર્વ તનદરોસ્તી આપનારાંઓ કરતાં ઘનીજ તનદરોસ્તી આપે છે. અશો મર્દ જે અવસ્તાઓની નીરંગ પડે છે તેથી તનદરોસ્તી થાય છે. કારણ કે એ અવસ્તા જુબાન સર્વે કરતાં ઘણી તનદરોસ્તી આપે છે. તે બુઝર્ગ 'માથર' યાને અવસ્તા 'અંઘરેમઇન્યુસ' યાને બદીથી ઉત્પન્ન થતા કીના કપટ, અને એવીજ બીજી ખરાબી કરનાર ચીજોને મારે છે, રોગ આજારને દફે કરે છે, મરકી દફે કરે છે, બદીનાં રોગોને દફે કરે છે, બલા મથરા આરતને દફે કરે છે, અપવિત્ર આશમોગ (કે જે માંહોમાહે અથડાઅથડી કરે છે તે) ને દફે કરે છે. જુલમગાર અને જુઠું શીખવનાર આસામીને, અઝદાંના જેવી ખસલતનાંઓને, વાઘ વરૂનાં જેવી ખસલત ધરાવનાર બે પગાં વરૂઓને (માણસોને) બદ વીચારને, ગરૂરીને, તાપના રોગને, ચુગલખોરને, સુલેહ નહિ રાખનારને બદ નજરને, જુઠું બોલનારને, લક્ષમીનો ઘટાડો કરનાર બદફેલ ઓરતને તેમજ નાસ કરનાર ઉત્તરનાં પવનને દફે કરે છે. ઉપલા બુજર્ગ અને પવિત્ર અવસ્તાથી સાફ આઇનાની મીશાલે જણાય છે, કે માથર યાને અવસ્તા જે છે તે અહુરમઝદનો ફરમાન ચલાવનાર છે, યાને જે જે ફરમાનો અશો અહુરમઝદે ફરમાવેલા તે એ અવસ્તામા છે. જો એ અવસ્તા હમેશ પઢવામાં આવે તો સઘળાં તે સાહેબના ફરમાનો પઢવાથી આપણુને યાદ રહે. એ માથર બુજગ અને બરતર છે. યાને અવસ્તા ઝબાંન જે છે તે બીજી ઝબાનોનો સરદાર અને બુજર્ગ છે. એ માથર નેક અને શ્રેષ્ઠ છે, યાને એ અવસ્તા જે છે તે નેક અને ઉત્તમ છે તેમજ અવસ્તામાં જે જે ફરમાનો આવેલાં છે તે નેક અને ઘણાજ સારાં છે. માથર દેલાવર સર્વે કરતા દેલાવર છે યાને એ કલામ જે છે તે બીજા કલામો પર ઘણાજ ગાલેબ છે અને એના કલામો અને ફરમાનો એવા છે કે કોઇથી પાછા હટી શકે નહિં. એ માથર મજબુત અને સર્વથી મજબુત છે. યાને એની દલીલો એવી તો મજબુત છે કે કોઇથી પાછી હટે નહિં. માથર ફતેહમંદ છે અને તે સર્વેથી ફતેહમંદ છે, યાને એ અવસ્તા જે છે તે સર્વે કલામોપર ઘણાંજ ફતેહમંદ છે, અને તે પર કોઇ બી ફાવી શકતું નથી. માથર તનદરોસ્તી આપનાર છે. યાને અવસતા કલામો છે તે તનદરોસ્તી આપનારા બીજી ચીજો કરતાંને પણ

વધારે તનદરેશ્તી આપે છે, અને એ માથ્રર છે તે બદફહથી ઉત્પન્ન થતી બુરી ખસલત તથા બુરા રોગોનો નાસ કરે છે. તે બુરી ખસલત અને બુરા રોગો એ છે કે ફન, ફરેબ, કીનો, કપટ, જુદાઇ, જુલમ, આફમોગી અઝદની ખસલતો, વેહેથી ફાડી ખાનારી અને નુકશાંન કરનારી ખસલતો, બદવિચાર, ગરૂરી, ચુગલી, સુલેહનો ભંગ કરનાર, બદનજર, જુઠું બોલનાર, જણાકારી કરનાર, એવી રીતની આદમ જાતને પાયામાલ કરનારી સઘળી બુરી ખસલતોનો જડબેખથી નાસ કરે છે. તથા રોગ આજાર, મ૨કી, તાપ, બલા, આફત. નાસકારક બદ હવા, એ સઘળી આપણુ આદમ જાતને માટે મોત લાવનારી બુરી બલાઓનો એકદમ નાસ અને પાયામાલી કરે છે. એ અવસતાથી આદમજાતની પાયામાલી કરનારી બુરી ખસલતોનો સાથી નાસ થાય છે, કે એ પવિત્ર કલામોની અંદર તે બદ ખસલતોનો એવા તો ધીક્કાર જણાવેલો છે કે જોતે અવસતા વખતે વખત આપણે યાદ કર્યે અથવા પઢવામાં લાવ્યે તો તેથી કરીને આપણે બુરા માર્ગ પર જતા ઘણા ખરા અટકયે. વળી આપણું મોત લાવનારી બુરી બલા સાથી દફે થાય છે કે એ અવસ્તાઓમાં કેટલીક નીરંગ અને બંદગીનાં એવા તો એજમદી કલાંમની બાંધણી છે કે તે પુરતી રીતે અમલમાં લાવ્વાથી સઘલાં મોત લાવનારાં આફતો અને બલાઓથી આપણો બચાવ થાય છે. એવી આપણી બંદગીનાં પવિત્ર અવસતામાં ખુબી અને બરકતી સમાયલી છે. એ અવસતા ખુદ આસમાની જુબાંન છે, અવસતા ખુદ પેહેલાં આદમની, આપણાં આગલા નીઆગાનોની, આપણા વડવાઓની ધર્મની જુબાંન અને હાલે આપણાં ધર્મની આપની બાપીકી મીલકત છે. પાક પરવરદેગારની કુદરતી અકલનો સઘલો સમુદાય બંદગી રૂપે તે માંહે સમાયલો છે."

એ ઉપરાંત અવસતામાં ખસુસ કરી યજશનેમાં પણ એવાં લખાણો મલી આવે છે. જે નીચે મુજબ છે.

"જ્યારે સચ્ચાઇથી ધ્રુજે ને શીકસત મલે, જે બદલાને દેવો તથા બુરા માણસોએ દગાઇ તરીકે જાહેર કર્યો છે તે જ્યારે હંમેશની (દુન્યા) માં મલે ત્યારે તે બીના, ઓ અહુર તારી આરાધનાનો (તેથી નીપજતા) ફાયદાઓ સાથે વધારો કરે, (યજશને હા ૪૭ મો ફ. ૧ લો. યુરોપ્યન ગનત્રી મુજબ હા. ૪૨ મો)."

ફર્માનોનું સંપૂર્ણ ફર્માન તેને માટે છે કે જે જાણે છે કે તે (ફર્માન) પવિત્રાઇનાં તરીકા મુજબ, ઉત્તમ બક્ષેસોનાં કર્તા તરીકે, અશો અહુરને વર્ણવે છે; અને આ છુપી કેલવણી જે કોઇ ઓ મજદ! તારે લગતો છે તે ભલાં મનની અકકલ મારફેટે જાણે છે. (ઉપલાજ હા નો ૫. ૩ જો).

એ બધું હું માગું છું જેથી કરીને દેવો દેવીઓ, અદેખાઓ, બે પગવાળા ગુનેહગારો, જાદુગરો અને પરીઓ, બે પગવાળા વરૂઓ, તેમજ દુશ્મ રાખનારાઓની ખરાબીને હું તોડું. (યજશને હા ૯ મો ૫ ૧૮ મો. યુરોપ્યન ગણત્રી મુજબ હા. ૧૦ મો)

"(૧) પૃથ્વિ પર અને આકાશમાં હમે અહુનવરીએ અશેમવોહુ અને યેંધહે હાતામને તમામ વખાણને માટે પઢયે, પૃથ્વિપર અને આકાશમાં પ્રમાણીક માણસની પવિત્ર અને અંગવેસ આશિર્વાદિક બંદગી છે પઢયે.

(૨) ખુની, બુરી પેદાયશવાળા અંધરહેમેનનુંને તેની પેદાયસની સાથે અટકાવવા માટે તથા મારવા માટે, તેમજ નિંદા કરનારાંઓને અટકાવવા માટે ઉપલા અવસતા હમે પઢીએ.

(૩) નાપાક મરદો તેમજ ઓરતોને અટકાવવા, ચોરો અને જાસ્તી ગુજારનારાંઓને મારવા, મીથ્રાના દુશ્મનો અને ઠગનારાઓને અટકાવવા પ્રમાણીક લોકોનાં ખુનીઓને અને દુશ્મનોને અટકાવવા માટે.

(૪) નાપાક મહજબને, ખુની હાકમને, તેમજ બુરાંઓમાનાં જે કોઇનાં વિચારો, સખુનો અને કાંમો ગુનાહ ભરેલાં હોય તેમને અટકાવવા અને મારવાને માટે એ અશો જરથોસ્ત ઉપલી બંદગીઓ હમે પઢયે.

"(ય. ૬૦ મા હાનાં ૧,૨,૩,૪, ફકરાઓ. યુરોપ્યન ગન્ત્રી મુજબ હા. ૬૧ મો)"

ઉપલા અવસતા ઉપરથી અને આજ સુધીમાં પુષ્ણ વીદવાંનો તરફથી પ્રસિદ્ધ થયેલી ધર્મ સંબંધી સંપુર્ણ બાબદો પરથી સિદ્ધ થાય છે કે અસલ નીરંગો ખરી છે. અને આપણો પુરાણો જરથોસ્તી મહજબ કે જે ઉંડી ધમ ફીલસુફી અને મીનો જ્ઞાનથી પ્રકાશી રહ્યો છે. અને અશેમ વોહુની શરૂઆતની બંદગીથી તે યજશને વંદીદાદનાં છેડા સુધી ભલી બંદગીથી થતા શબ્દો, તેમજ બુરી શક્તિથી થતી માઠી અસર બાબે એકથી અનેક પ્રકારે બોધ આપે છે. તેમજ જેટલા ઉમંગથી નેકી અને અશોઇનો સ્વિકાર કરવાની અગત એ રાસ્ત દીનમાં જાહેર છે તેટલીજ ઉલટથી બદીનો ઇનકાર કરવાની પણ ફરજ આપે છે.

અસલ વખતથી જાહેર છે કે દવા વગર દુઃખનો છેડો નહિં. તેવીજ પ્રકારે અબ્વલથી દુન્યાનો કારોબાર ચાલતો આવ્યો છે. ને આપણાં અસલ બાગાનોમાં પણ એવોજ ચાલ હતો; કે દુઃખના ઉપાવ માટે દવા અને અવસતાનાં કિમતી ભાગો (નીરંગો) નો તેઓ ઉપયોગ કરતા હતા. પણ અમલી ઇરાનીઓનું મોટું રાજ્ય જુલમી જુદદીનોને હાથ તારાજ થવાથી ધર્મ સંબંધી બાબદો વીખરાઈ ગઇ. તથાજ હાલ જરથોસ્તીઓમાં અવસતા જેવો બુલંદ બાબદ વહેમ તરીકે થઇ પડી છે. પણ જોઇને ખુશી ઉપજે છે કે ધર્મી જરથોસ્તીઓ પોતાની અવસતા જુબાન તેમજ ભણતરને બુજર્ગ માને છે.

બુલંદ જરથોસ્તી ધર્મની નીતી અને કાયદા પ્રમાણે દરેક ઇનશાને રાસ્ત ગોફતાર થવું નેકી રાખવી, પરહેજગારી કરવી, યજદાતાલાની આરાધનાં કરવી તે સાહેબે સખાવતની કુદરતને વખાણવી, તેમજ તે પાક ખુદાવંદે સર્જેલા સર્વે કાયદાઓને નમવું, દરૂજી તજવી, પોતની તનદરોસ્તી જાળવી તેમજ તે જાળવવાને આતશ, પાણી તથા તમામ પેદાયસથી વસાએલી અહુરમઝદની ઝમીનપર કંઇબી નુકશાનકારક પદાર્થ નાખવો નહિં. વળી સગ-કુતરાની પરવસી તેમજ ઢોરોની જાળવણી, વળી ખેતીની ખીલવણી, ખુશ ગોફતારી અહુરમઝદની કબુલતા અને અહેરેમનની તારાજી, તેમજ દરેક દરેક ઇનશાંને ઇનશાંન તરફની પોતાની નેક ફરજ એક બીજાને મદદ કરીને અદા કરવી. છું. મર્દ કે બાઇ સર્વ કાઇએ

દરેક દીનશાંનને ગ્ના આપવું અને પોતાની હમદીનને બુલંદ માજદયસ્નની દીનનું નેક ફરમાન બતાવ્યું. કારણ દીનશાંનોને હાથેજ દીનશ્નાનોની ગરજ સારવાને ચાને એક બીજાંને મદદ કરવાને તે પાક રેહેમી દીનસાહી દાતરથીજ આ કાયદો ઘડાયલો છે.

આજ કેતાબમાં આપવામાં આવેલી બેહેમન યશ્ત તેનાં બોલે બોલ પ્રમાણે વધુ સુધારી આજ પુસ્તકમાં દાખલ કરી છે. એ યશ્ત ઘણેક ઠેકાણેથી જરથોશ્તીઓમાં બેહેમન યશ્ત પઢવાની વધુ ઉલટ છે એવું મારા જાણવામાં આવ્યું. અને એક ચોક્કસ ઠેકાણેથી એટલે સુધી મારા સાંભલવામાં વાત આવી કે જે આસામી પાસે બેહેમન યશ્ત હતી તેવણે બીજાને ખાલી વાંચવા માટે એમાંથી હાથની લખેલી ચાપડી ઘરેણે આપી. આવી પ્રકારની એ યશ્ત પઢવાની ઉલટ જોઇ મે એ યશ્ત આખે જુસ્તેજુ ચાલુ રાખી. ખુદાની મેહેરથી છપાવી પ્રગટ કરી છે. કે જે આજ વર્ષોથી પઢવાનો ઇરાદો રાખનાર ધર્મી જરથોસ્તીઓને વધુ ઉપયોગી થઈ પડશે એવી હું આશા રાખું છું.

ખોરદેહ અવસતા જેવી પાક કેતાબને દીબાચાની કસ્સી જરૂર નથી પણ આ કેતાબમાં સમાયલી નવી બાબદો માટે ટુંક વીવેચન કરવાની મેં મારી ફરજ માની છે. આજ સુધીમાં અનેક ખોરદેહ અવસતાની કેતાબો પ્રગટ થઇ છે પણ ફક્ત પઢવાનાં અવસતા તેમાં સમાયલા હોવાથી પઢનાર આસામી અનુભવી અને પુરતુ વાકેફગાર હોય તોજ તે સેહેલાઇથી પઢી શકે જ્યારે ઉંમરમાં આવતાંઓ તેમજ બીન અનુભવીઓને તે બાબે બીજા આકેલ દીનશ્નાનોને પુછવું પડતું વળી ઘણીક ખોરદેહ અવસતાની કેતાબો તેનાં તરજુમા સાથેની પઢનારને તે પોતે શું પઢે છે તેનો પુરતો ખયાલ આપી શકે. પણ (આ ખોરદેહથી) દરેક ફરેસ્તો કઇ કઇ ચીજપર મકવલ છે, તેમજ પાક દાદારને આપણુ ખાકી દીનશ્નાનો બાબે કેટલી રંજ ઉઠાવવી પડે છે અને આપણે આપણા ધર્મપર પુર ઓસ્તવાર રેહેવું જોઇએ એવા સામટા સંગ્રહનાં પુસ્તકની વધુ માગણી મને માલમ પડવાથી મે આ કેતાબ પ્રગટ કરવા બાબે યત્ન કર્યો છે. અને યશ્તો હેઠળ જે ફુટ નોટો આપી છે તેનો મુળ હેતુ પણ એજ છે કે દરેક જવાન માજદઇ પોતાની મેળે સમજી શકે કે દરેક ફીરેસતો કઇ ચીજપર મકવલ છે તેમજ તે ફીરેસતાની વધુ આરાધના કરવાને પઢનારનું ધ્યાન ખેંચાય. તેમજ અવસતા પઢવાને વધુ ઉત્સાહ ઉત્પન્ન થાય.

હું જણાવવાને દિલગીરછું કે કેતાબ છાપવા આપ્યા પછી મારી બેહદ માંદગીના સબબે મેં બીજા આસામીને પ્રુફ ચેક કરવાને સોંપેલા હોવાથી નીઆઇશો તેમજ યશ્તોમાં કેટલેક ઠેકાણે ભુલચુક રહેલી ભલા વાંચનારાઓના જોવામા આવે તો મેહેરબાની રાહે તેઓએ સુધારી લવી.

મારે અત્રે જણાવવું જોઇએ કે આ બુલંદ અને પવિત્ર કેતાબમાં લખાણ હેઠળ જે ફુટ નોટ લીધી છે તે મારી તરફથી આપણા કેટલાંક ધર્મ સંબંધી પુસ્તકોમાંથી લીધેલી છે. જેમાં અસલ હાથની લખેલી નામાશ્નિ, બેહેમન યશ્તની માએની, યજશ્નીનો તરજુમો, રવાંન ક્રિયા. વગેરે છે

હું આ ટાંકે પહેલે પાક પરવરદેગાર જદના ભારે ઉપકાર માનુંછું કે તે ગેહેમી દીનના ખાવીંદ મેહેરથી, તેમજ તે યજદાંતાલાના પેદા કરેલા મીનોના તમામ અમેશાસપંદો અને યજદો કે જેઓ ગેતીની સંભાળ માટે શબોરૂજ રંજ ઉઠાવે છે તેઓની કિંમતી મદદ, તેમજ ફરશાદ રોશન અકલના દાનાવ નર નેકજાદ રાહબર સત પેઘંબર સાહેબ અશો જરથોસ્તના રૂહની બરકતથી આ મહાભારત કામ સંપૂર્ણ કીધું છે.

વળી મારા મેહેરબાંન વહાલાં માતાજી સાહેબનો પણ હું ભારે આભાર માનુંછું કે જેવણે આ પુસ્તક રચવામાં મને વખતની કિંમતી મદદ કીધી છે.

આ પાક કેતાબના આગમચથી ગ્રાહક થનારાઓ માટે એડવાન્સ ફી રાખવામાં આવી હતી, તેમાં કેટલાંક ગ્રાહકોએ આગમચથી પુરેપુરી કિંમત, તેમજ કેટલાંકોએ તે ઉપરાંત નાણુ વગર માંગવે મોકલી આપ્યું તે માટે તેઓ મેહેરબાનોનો હું ઉપકારી જાણુંછું, તેમજ આ કેતાબનાં કેટલાંક બાનુઓ અને ગૃહસ્થોએ જાતી મેહેનત લઈ ગ્રાહકો મેલવી નકલો ભરાવી મોકલી તેઓના પણ હું આ ટકે આભાર માનું છું.

મારે નમનતાઇ પૂર્વક જણાવવું જોઇએ કે આ પાક કેતાબનાં ભલાં ઉપયોગ કરનારાઓએ તેમજ કાબેલ નુકતેચીનીઓએ કેતાબ આખી વાંચ્યા આગમજ કંઇ પણ મત બાંધી લેવાને થોભવું, અને નાજુક કલમથી લખાયલી ભુલ ચુકો દરગુજરની નજરથી જોવી.

છેવટે એટલુંજ જણાવીશ કે આ મારી મેહેનત મારા સર્વે નેક હમદીન બાનુઓ તેમજ ગૃહસ્થોને પસંદ પડતી થઇ પડશે અને એ કેતાબ દરેક જરથોસ્તી બાખુશીથી પોતાના ઉપયોગમાં લેશે તો તે પાછળ ખેંચેલા રંજ તથા ખર્ચેલા ગંજનો પુરતો બદલો મળેલો જાણીશ.

ખુદાવંદ સર્વનો મદદગાર. આમીન.

અમદાવાદ રોજ,
મીનોરાંમ માહા
દઅેદાદાર ૧૨૭૧
યજદેઝરદી. તા. ૨-૭
૧૯૦૨.

કોમનું ભલું ઇચ્છનાર.

દીનશાઈ સોરાબજી એનજી તિચર.

"ધુપનીરંગ અને આફ્રગાંનમાં યાદ કરવામાં આવતાં નામીચા નર નારીઓનાં નામો તેમજ તેમનાં ભલાં કામોની નોંધ*"

આ ખાકી જહાંનના દરમ્યાનમાં કોઇ પણ જરથોસ્તી સદગૃહસ્થ યા નેક બાનુ નેકી અને ભલાઇ ભરીઆં કામો કરે તો તેના ગુજરવા બાદ મોટું માન આપણા હમદીનો તરફથી આપણે આપીએ તો તે માજદયસની દીનને લગતા જાહેર ક્રિયાઓમાં બીજા બુજર્ગોના નામ સાથે અનજુમનમાં તેનું નામ દેવાય છે. ગુજરનાર માટે એ નિયમ સર્વથી માન પુર્વક અને મોટેભર છે. તેમજ જાહેર ક્રિયાઓમાં એ નામ દેવાથી તે મરનારનાં કીતવંતાં કામો અને તોખમની યાદ તાજી રહે છે તેમજ હયાતી ધરાવનારાઓમાંના ઉધરતી ઓલાદનાઓને ઘણીકવાર બોધ સમાન થઇ પડે છે.

ભલા જરથોસ્તી ટોળામાં આગલા વખતથી ચાલતા આવેલા રેવાજ મુજબ હરેક જશનની જાહેર મીજલસમાં, ઉઠમણામાં ધુપ નીરંગ તથા આફ્રગાન શરૂ કરતી વખતે અશો પેઘમબર સાહેબ સપેંતમાન જરથોશત, અને તેના બુજોર્ગી ભરેલી ઓલાદનાં તથા શાહ ગયોમર્દથી શહાનશાહ ગોશતાસ્પ અને સેવટ શાહા યઝદેઝર્દ શેહરીઆર સુધીનાં તમામ અશો નર નારીઓના, અને અસલી ઇરાની જરથોશતીઓ કે જેઓ પોતાનું વહાલું વતન દેશ ઇરાન છોડી હિન્દુસ્થાનમાં આવી વસ્યા, અને તે પછી તેઓએ કરેલાં કીર્તિવંતાં કામો, અને જાબજા મહજબની સોધ કરી તથા તેઓએ ધર્મનાં મકાનો બાંધ્યાં, અને સખાવત કરી નેકનામી મેળવી ગયા, તેવા નેક નર અને નારીઓનાં કામની યાદગારી તરીકે તેઓનાં નામો અનજુમનની હજુરમાં થતી જાહેર ક્રિયાઓમાં લેવામાં આવે છે તે નીચે મુજબ આપ્યાં છે.

---

(૧) જરથોશત સપેંતમાન અશો ફરોહર.

---

(૧) પારસીઓનાં નેક જાદ પેઘમબર અને બુલંદ જરથોસ્તી દીનના પાયો નાંખનાર એ નામદાર નેક રાહેરોશનનો જન્મ, પારસીઓની અસલ રાજધાની મુલક ઇરાનમાં 'ઝમાર' નામના પહાડમાંથી વહેતી "દરજી" નદીને કીનારે આવેલા "રએ" શેહેરમાં થયો હતો. એ નેકજાદનાં માતા 'દોગદો' રએ શેહેરનાં રહેવાસી હતાં. અને બાપ 'પોરોશસ્પ' પશ્ચિમ મીડીઆ પ્રાંતની આજરબાઇજાન પ્રગણાના રહેવાસી હતા તે મહાન અને દાનાવ નરે કેઆની વંશના પાદશાહ ગોશતસ્પના વખતમાં જાહેર બલ્ખમાં પોતાની દીન ફેલાવી હતી. તે રોશન રાહબરના જન્મ પછી કેટલાક બદ રાહપર ચાલનારા લોકોએ તે કહશાદનો નાશ કરવાને ઘણી કોશેશ કીધી પણ સર્વ ફેકટમાં ગયું. તે મહાન નરનો મકશદ લોકોને રાસ્ત રાહપર ઉતારી નેક માગે ચલાવવાની તેમજ બદીનો નાશ અને બુરાઓની તારાજી કરવાની હતી. જરથોશત સાહેબના ગોશતાસ્પની દરબારે જરથોસ્તી નવી દીન લઇ જવા બાદ દેશે દેશના

(૨) એસફંવાહનર જરથોશ્ત.	પેનેસ્સપ હરદસ્શન.
(૩ હવોવી જરથોશ્તન.	હરદરશ્ન હરદાર.
(૪ પુર્નતનર જરથોશ્ત.	હરદાર સપેંતમાન.
(૫) ખુરશેદ ચેહેર જરથોશ્ત,	(૯) સપેંતમાન વીદરશ્ન.
(૬ દોરાદો પોરોશસ્પ.	વીદરશ્ને અજેમ.
(૭) પોરોશસપ પેનેરશપ.	અજેમ રજશ્ને.
(૮) મેદીઓ માહા આરાસપ.	રજશ્ને દોરાસરન.
પેનેસ્સપ હુરવદસપ.	દોરાસરન મીનોચેહેર.
હુરવદસપ હેચદસપ.	ગશનેહમ નોઝર.
હેચદસપ ચેખશનશ.	તુર્ગ નોઝર.
ચેખશનશ પેનેસ્સપ.	નોઝર મીનોચેહેર.

દાના અને કામેલ વિદ્વાનો આવ્યા હતા. તેઓ સાથે તકરાર કરી એ નેક બખ્તે પોતાની ખુદાંદ દીન બાબે તેઓની ખાતરી કરી આપી હતી. અને પોતે જે ગેબી ખુદાઈ જ્ઞાન મેલવ્યું હતું તે લોકોમાં પ્રસીદ્ધ કર્યું એ આફેસ ઓવમાનો સને આજ સુધી ચોક્કસ બોલોનથી પૂરું તરેહના લખનારાઓ આજથી બે હજાર પાંચસો વરસ અને પશ્ચિમના લખનારાઓ ક્રીસ્તીનવેમાં ત્રણ હજાર ત્રણસો વર્ષના આગમજ ગણે છે. એવણ સપેંતમાન ખાનદાનના નબીરા હોવાથી "સપેંતમાન જરથોશ્ત" કરી કહેવાયછે. એ ફરા દીનસુફનો જન્મ ખોરદાદ સાલને દહ્સે થયો હતો. અને એ નાપાકનું મરણ દમે મહિનો ને ખુરશેદ રોજે ૭૮ વર્ષની ઉમરે નીપજ્યું હતું. શહેરે બલ્ખ I આતશ કદેહમાં દીનબાબે તુરાનીઓ સાથની જંગમાં તરબરા તુર નામની તુરાની સરદારને હથે એવણ મયા હતા.

(૨) પેધંમબર જરથોશ્તનો દીકરો અથોરનાનનો સરદાર તેમજ મોબેદાન મોબેદ હતો. એવું મરણ જરથોશ્તના દાન ફેલાયા બાદ સો વર્ષે નીપજ્યું.

(૩) મહાન પેધંમબરની મોહબ્દાર. જેણીએ પોતાના ખાવીંદ અશો જરથોશ્તને દીન ફેલાવવામાં મદદ કરી હતી. આ ભલા મનવાણી બાનુએ નેક રાહપર ચાલનારને મુરાદ ચાહી હતી.

(૪ જરથોશ્તનો દીકરો એ ખેડુતનો વડો હતો.

(૫) પેધંમબર જરથોશ્તને દીકરા. એ પોતે પેહેલવાન હોવાથી શાહ ગુશતાસ્પના દીકરા પેશોતનનો માગેદ હતા ને કગદેજમા રહેતા હતા. (એને વિષે એવું કહેવાય છે કે તે હાલ હયાત છે.)

(૬) પેધંમબરનાં માય. "ઝાદીશ" નામના ઈરાની ખાનદાનનાં હતાં, એવણના બાપનું નામ ફ્રેહેનરવા કરી હતું.

(૭) પેધંમબર જરથોશ્તના બાવા. એવણ "હેચદસપ" અથવા સપેંતમાન ખાનદાનના હતા. ને ઘણા ઘોડાના મલેક હતા.

(૮) પેધંમબર જરથોસ્તના કાકાના છોકરા એવણ જરથોસ્તના પેહેલવેહેલા સાગેર્દ હતા. જરથોશ્તની દીન પેહેલ વેહેલી એવણે કબુલ કરી. એવણના દીકરા "કદ"થી મોબેદોન એક પેઢી ઉતરી છે. જેથી મોબેદાના કુટુંબનો એ વડવો મનાય છે.

(… પેધંમબર જરથોશ્તના નામે. હતા. એવણના નામ ઉપરથી જરથોશ્ત નાહેને

સપેંતમાન જરથોસ્ત કહે છે.

(૧૦) મીનોચેહેર એરચ.
(૧૧) એરચ ફ્રેદુન.
(૧૨) ફ્રેદુન આથવીઆન.
(૧૩) દારાંએ દારાબ.
(૧૪) દારાબ બેહેમન.
(૧૫) હોમાય બેહેમન.
(૧૬) બેહેમન અસપંદીઆર.
મેહેનોશ અસપંદીઆર.

(૧૦) પેશંગ્મરર જરથોસ્તનો ચઉદમો વડવો અને ઇરાનના પેશદાદ વંશનો છઠ્ઠો પાદશાહ, ફ્રેદુન પાદશાહના બેટા એરચની દીકરીનો એ દીકરો થતો હતો. એનો જન્મ "માનુશ" નામના પહાડપર થયો હતો એ પરથી એને અવસ્તામાં "માનુશચિથ્ર" કરી કહે છે. પોતાના મમાવા એરચના વેરમાં તેના વડા ભાઇઓ સેલમ અને તુર સાથે લડી તેઓને મારી નાંખ્યા હતા, ને ઇરાનનું રાજ્ય દાનાઇ અને ઇનસાફથી ચલાવ્યું હતું ને તુર્કસ્થાન દેશની યુફ્રેટીસ નદીના પાણીને નેહેરોની મારફતે માણસ અને ખેતીના ઉપયોગમાં લાવ્યા હતા.

(૧૧) ઇરાનના પેશદાદ વંશનો પાંચમો પાદશાહ ફ્રેદુનનો નાંધલો દીકરો. પાદશાહ ફ્રેદુને પોતાની હયાતીમાં પોતાના રાજ્યના ત્રણ ભાગ કરી નાંખ્યા, ને વડા બેટા સેલમને માહચીન તથા પૂર્વનું રાજ્ય, વચલા બેટા તુરને તુર્કસ્થાનનુ રાજ્ય, અને ન્હાના બેટા એરચને ઇરાનનું મોટું રાજ્ય આપ્યું હતું, એ પરથી એરચના બે મોટા ભાઇઓએ અદેખાઇને લીધે એરચને મારીનાંખ્યો. ઇરાન અને તુરાન વચ્ચેની લાંબી લડાઇઓની શરૂઆત એ વખતથી થઇ હતી. કીનાં કેસાની શરૂઆત પણ એ વખતથીજ થઇ હતી.

(૧૨) પેશદાદ વંશનો પાંચમો પાદશાહ. આથવયાન નામના એક ભલા પરહેજગાર શખસનો દીકરો હતો કે જે શખસને ત્યાં ઘણાં ગાય ઢોરો હતાં. અને ઇરાન શહેરમાં જુલમી રાજ્ય ચલાવનાર "જોહાક"ને લડાઇમાં શેકસત આપી દેમાવંદ પાહાડપર બાંધ્યો છે. ઇરાન શહેરમાંથી જોહાકને શેકસત આપી પોતે રાજ્યપર બેઠો તથા તેના વખતની સઘળી બદી ઇરાનમાંથી દુર કરી નેકીને રાહે લોકોને અદલ ઇનસાફ આપવા લાગ્યો. ઇરાન શહેરમાં ગાવીઆની જુન્દો તેમજ ગાય રૂપી ગુરજ એના વખતથી શરૂ થયા હતા. એણે દવા દારૂ માટે ઘણાક ઝાડપાલાઓ શોધી કાઢ્યા હતા.

(૧૩) ઇરાનના કેઆની વંશનો છેલ્લો પાદશાહ જેના ઉપર સીકંદરે જીત મેળવી હતી.

(૧૪) ઇરાનના કેઆંની વંશનો આઠમો પાદશાહ. એની માદર "હોમાયે" એનો જન્મ થવા બાદ એક સંદુકમાં ભરી વેહેતી નદીમાં નાંખ્યો હતો જયાંથી એક ધોબીએ ઉંચકી લઇ તેને પાળ્યો. અને ઉમરે પહોચ્યા બાદ તેની માતાએ તેને ઇરાનનું રાજ્ય સોપ્યું. તેની કારકીર્દીનાં બાબે એક પુસ્તક દારાબનામું લખાયું છે;

(૧૫) એ મીસરના રાજાની બેટી હતી તેમજ કેઆની વંશના છઠા પાદશાહ બેહેમનની રાણી. એણીએ પાદશાહ બેહેમનના મરણ બાદ બતરીસ વર્ષ રાજ્ય કર્યું હતું.

(૧૬) ઇરાનના કેઆંની વંશનો છઠો પાદશાહ અને શાહ ગોશતાસ્પના દીકરા અસપંદીઆરનો દીકરો હતો, ગોશતાસ્પ શાહની હયાતીમાં તેનો દીકરો અસપંદીઆર મરણ પામવાથી ગોશતાસ્પે ઇરાનનું રાજ્ય એને આપ્યું. એણે પહેલવાની રોસ્તમના જાલેજરનાં ખાનદાનનો નાશ કર્યો, એની કારકીર્દીનું બેહેમન નામું નામનું પુસ્તક રચાયેલું છે.

(૧૭) { નોશઆજર અસપંદીઆર.
આદર ફરૂજ. અસપંદીઆર.

(૧૮) અસપંદીઆર ગોશ્તાસપશાહા.

(૧૯) ફરશીદવર ગોશ્તાસપશાહા.

(૨૦) ફેતાયુન ગોશ્તાસપશાહા.

(૨૧) ગોશ્તાસપશાહા લોહોરાસપશાહા.

(૨૨) { ઇનસ્તુ જરીર.
જરીર લોહોરાસપ શાહા.

(૨૩) લોહોરાસપ શાહા અરવંદ.

અરવંદ કએપશીન.

કએપશીન કેકોબાદ.

---

(૧૭) ગોશ્તાસપના બેટા અસ્પંદિઆરના દીકરાના એઓએ ઇરાન દેશમાં "નોશાજર" અને "આદરફરજ" નામના બે આતશકદેહો સ્થાપેલાં હતાં, ને અશો જરથોસ્તને દીન ફેલાવવામાં ઘણી મદદ કરી હતી.

(૧૮) કેઆંની વંશના શાહ ગોશ્તાસપનો દીકરો એને રોઇનતન અસપંદીઆર કરીનેભી કેહેતા હતા. અવસતામાં એને સપેંતોદાત કરી લખેલો છે. એણે જરથોસ્તી દીન ફેલાવવાને માટે ઘણીજ જેહેમતો ખેંચીને લડાઇઓ કીધી હતી, ને અશો જરથોસ્તને દીન ફેલાવવામાં ઘણી કીંમતી મદદ કરી હતી. ઇરાનમાં એણે ઘણાં આતશકદેહો બંધાવ્યાં હતાં. ને જુદા જુદા મુલકોમાં જઇને જરથોસ્તી દીન લોકોને સમજાવી તથા કબુલ કરાવી હતી.

(૧૯) શાહ ગોશ્તાસપનો બેટો. એ ખુરાસાનનો હાકેમ હતો, એણે અવસતામાં "ફ્રશહામવરેત" પહેલો છે, જરથોસ્તી દીન ફેલાવવામાં તે તુરાનના પાદશાહે દીન દુશ્મન અરજાસપ સાથેની ખુનખાર લડાઇમાં જખમી થઇ માર્યો ગયો હતો. યાદગારે જરીરાન નામની કેતાબથી એવું જણાયેલું છે કે એ લડાઇમાં ગોશ્તાસપના ભાઇઓ અને છોકરાં મલી તેત્રીસ શાહજાદા માર્યા ગયા હતા.

(૨૦) કેઆંની શાહ ગોશ્તાસપની રાણી. અવસ્તામાં એણીને "હુતોક્ષ" કરી કહેલી છે. નવી દીન પર એ રાણી મજબુત યકીન લાવી હતી અને જરથોસ્ત સાહેબની દીન ફેલાવવામાં પોતાના ખાવીંદ અને બેટાઓને એણીએ ઉશ્કેર્યા હતા.

(૨૧) ઇરાનના કેઆંની વંશનો પાંચમો પાદશાહ. અવસતામાં એને નઓતઇર્ય એટલે નોદરના ખાનદાનનો કહેલો છે. એના રાજ્યના ત્રીસમા વર્ષમાં પેઘંમબર અશો જરથોસ્તે દીન ફેલાવી હતી અને ઘણીક લડાઇઓ થઇ હતી જેમાં એના ઘણા શાહજાદાઓ અને ભાઇઓ માર્યા ગયા હતા. એ પાદશાહે પછીથી જરથોસ્તના ખાસ મિત્ર તરીકે પ્રસન્નતા મેળવી હતી. આજે અવસતામાં એક દીન ચુસ્ત જરથોસ્તી પોતાની દીનને એકરાર કરતાં ગોશ્તાસપના જેવો થવાની કબુલાત આપે છે.

(૨૨) એ બન્ને જણા પણ દીન દુશ્મનાઇની લડાઇમાં માર્યા ગયા હતા.

(૨૩) ઇરાનના કેઆંની વંશનો ચોથો પાદશાહ. કેઆંનીશાહ કેખુશરૂ પોતે ગોશેનશીન થયા ત્યારે ગેબી બશારતથી થયેલી ખબરથી એ પાદશાહને રાજ્ય અમલ સોંપ્યો. લોહરાસ્પ શાહ કએઆરશનો જમાઇ હતો. એ ઘણોજ પરહેજગાર અને દાનાવ મર્દ હતો. પોતાના રાજ્યમાં ઉહેદા કેટલાક બલવા બેસાડી દીધા હતા, ને ચીન અને તાતાર દેશ સુધી પોતાની સત્તા વધારી હતી. અને બલ્ખ શહેરમાં એક આતશખાનું સ્થાપ્યું હતું. પોતાની જઇફ વયે પોતાના દીકરા ગોશ્તાસપને તે રાજ્ય સોંપી પોતે બલ્ખ શહેરમાં એકાંત જીંદગી ગુજારતા હતા. ને ફેપલાંજ આતશ દેહમાં તુરાનીઓએ લડાઇ કરી ઘણાક મોબેદોને કતલ કીધા, તે વખતે જરથોસ્ત પેઘંમબર તથા એરણુ પણ માર્યા ગયા હતા.

(૨૪) સ્યાવક્ષ ક્રેઓઉશ. (૨૬) કએકોબાદ કેઅકશ.
ફ્રીઆફ્રુજ કએઉશ. કેઅશ કએમુશીન.
(૨૫) કએઉશ કએકોબાદ. (૨૭) જામાસ્પ હકીમ.

---

(૨૪) કેઆનીના વંશના બીજા પાદશાહ કએકાઉશનો દીકરો. અવસતામાં એણે સ્યાવર્ષાન કરી કહેલો છે. એણે એક કંગદેજનો નામીચો કિલ્લો બાંધ્યો હતો. તુરાનના પાદશાહ અફ્રાસીઆબની ફરંગીજ નામની છોકરી સાથે પરણ્યો હતો તે ખુબસુરત નિર્દોષ અને બેગુનાહ હતો. ફરંગીજ માતુને પેટે પાદશાહ કએખુશરો જેવો નેકબખ્ત બેટો જન્મ્યો હતો (કે જે હાલ ચેચસ્તવરના ગુફામાં હયાત છે) અફ્રાસીઆબે પોતાના ભાઈ કરસીવજના જુઠું સમજાવ્યાથી સ્યાવક્ષને મારી નખાવ્યો હતો તેને ખુનના વેરમાં ઇરાન અને તુરાન વચ્ચે લાંબી લડાઇ જાગી હતી. પાછળથી પાદશાહ કએખુશરોએ પોતાના બાપના વેરમા હોમ ઇઝદની મદદથી કર્સીવજ તેમજ અફ્રાસીઆબ એ બંનેને મારી નાખવાથી લડાઇનો અંત આવ્યો હતો.

(૨૫ ઇરાનના કેઆનીની વંશનો બીજો પાદશાહ. અવસતામાં એને કવીઉસ કહેલો છે એણે "રેજી રૂપ" પહાડ ઉપર અહુરમઝદ અને આવ યઝદની સ્તુતિ કરી. તેની મદદથી એણે જાદુગર વીક રૂપ વિગેરે બુરાં માણસોનો જોર તોડ્યો. એને હવામાં ઉંચે ઉડવાની શક્તી હતી. વળી એ કુદરતી નર ધરાવતો હતો.

૨૬) કેઆનીની વંશનો પેહલો પાદશાહ એ શાહ ફરેદુનની ઓલાદનો હતો. અલ્બુર્ઝ પહાડના એકાંત વાસમાં રેહેતો હતો ત્યાંથી પહેલવાન જાલેઝરે દીકરા પેહલવાન રૂસતમ પસે તેને તેડાવી મંગાવી પેશદાદીઆન પાદશાહ ગરશાસ્પના મરણથી ઇરાનમા આવી પડેલા બખેડો ખતમ કરાવ્યો હતો

(૨૭) અવસ્તામાં એને "જામાસ્પ હકીમ" કરીને કહે છે. જરથોસ્ત પેગંબરને દીન ફેલાવવામાં એને ઘણી મદદ કરી હતી. શાહ ગુશતાસ્પે જરથોસ્તી દીન પોતે કબુલ રાખ્યા પછી જામાસ્પ, અસપંદીઆર, ઝરીર, પશોતન એઓને દીનનો ફેલાવો કરવા નેમીઆ હતા. પેગંમબર જરથોસ્તે પોતાની દીન આશકારા કર્યા બાદ શાહા ગુશતાસ્પે ચાર ચીજ ખુદા તરફથી મેલવવા બાબે જરથોસ્ત પેગંમબરને કહ્યું. પેગંમબર જરથોસ્તે એ બાબે ખુદા પાસે અરજ કરી.

ખુદાની ગેબી અવાજથી જરથોસ્તને એવું જાહેર થયું કે જે ચાર ચીજ શાહ ગુશતાસ્પ માગે છે તે એને એકલાને નહિ મલતા ચાર જુદા જુદા શખસોને મળશે.

ત્યાર બાદ અશો જરથોસ્તે આફરગાન ભણી બાજ કરી તેમાંની ચારે ચીજો ચાર જણને ખાવાને આપી. શાહા ગુશતાસ્પને ઇંજેલો શરાબ પાયાથી તે પોતાની બેહસ્ત જોઇ આવીઓ અને એ શાહાના દીકરા અસપંદીઆરને ઇંજેલું અનાર ખવડાવ્યાથી તેનો દેહ રોઇંતન થયો જે ઉપરથી તેને રોઇનતંન અસપંદીઆર કહેતા. ઇંજેલું દુધ એના બીજા દીકરા પેશોતનને પાયાથી અમરગી પામ્યો કે જે હાલ કંગદેજના ગુફામાં દોઢસો સાગીર્દો ચેલાઓ સહીત હયાત છે અને ઇંજેલું ફુલ શાહા ગુશતાસ્પનાં વજીર જામાસ્પને સુંઘાડીયાથી તે સર્વ બની ગએલા અને તેની પછી બનનારા બનાવોનું વર્ણન કરવાની શક્તિ પામ્યો. એ વજીર જામાસ્પની બનાવેલી કેતાબ જામાસ્પી નામે મોજુદ છે પાછળથી એ મોટો દસ્તુરાંન દસ્તુર કહેવાયો હતો અને રૂહ શાદ પેગંમબર અશો જરથોસ્તે જામાસ્પને પોતાનો દામાદ-જમાઇ કીધો હતો.

(૨૮) ફરશોસતર હખુશ.
(૨૯) આદરબુ-જીન ફરાંમરોજ.
સાંમ ફરાંમરોજ.
તુખારે ફરામરોજ.
જેહાંબક્ષ ફરાંમરોજ.
ફરાંમરોજ રૂશતમ.
જેહાંગીર રૂશતમ.
કરીમાન બરજોર.
કેહાસુજ બરજોર.
તેમુર બરજોર.
ખુરશેદ માહપેકર બરજોર.
બરજોર શોહોરાબ.
શોહોરાબ રૂશતમ.
(૩૦) રૂશતમ જાલ.
ઝારે જાલ.
(૩૧) રોદાબે જાલ.
જાલ સાંમ.
સાંમ નરીમાન.
નરીમાન કેરેશાસપ.
(૩૨) કેરેશાસપ અસરત.
અસરત સાંમ.
સાંમ તુરક
તુરક શેદસ્પ.
શેદસ્પ તુર
તુર જમશેદ.
(૩૩) જમશેદ વીવંઘાંન.

---

(૨૮) કેપચા જામાસ્પના બાપ અને હખુશ. "ફરશોશતર ખુશ નશરૂ" કહે છે. એઓને જરથોસ્તની મોહોર ઉપર હુકુમતીમાં ખાંનદાનમાં ટહ્યા છે. ગોઆ એ જરથોસ્તી દીન ઘણી ચરસ રીતે કબુલ રાખી હતી અને ફેલાવવામાં પણ ઘણો સારો ભાગ લીધો હતો. તેથી એક જરથોસ્તી પોતાના દીનનો એકરાર કરતાં, કબુલાત આપે છે કે "જે તરીકા ઉપર જાનારા અને ફરશોશતર હતા તેવે હું થાઉં."

(૨૯) અહીંથી તે 'કેરેશાસપ અસરત' સુધી ઇરાંનનાં પ્રખ્યાત પેહેલવાંનોનાં નામ શરૂ થયાં.

(૩૦) જેહાં પેહેલવાંન રૂશતમ. એ ઘણોજ શુરો લડવૈયો હતો. શાહાનામામાં એને તેહેમતનો ખેતાબ આપ્યો છે. અને પોતાની આખી જીંદગી પેશદાદીયન કેઆંનીવંશના પાદશાહોની ખીદમતમાં ગુજારી હતી. અને મહાભારત લડાઇઓ એની સરદારી હેઠળ જીતવામાં આવી હતી. શાહનામાંમાંથી જણાવું જાહેર છે, કે એન સૈ સાલ ના હતા બાદ સેગાદનાં દગાથી એ પેહેલવાનનું ૮૦૦ વર્ષના ઉમરે મરણ નીપજ્યુ હતું.

(૩૧) રૂસ્તમની માદર અને જાલની મેહોરદાન, એણી કાબુલનાં શાહની બેટી હતી. અને પરેહજગાર તેમજ ઘણી બુદ્ધીવાન ખાતુન હતી.

(૩૨) જેહાં પેહેલવાંન કેરેશાસ્પને નામે તવારીખોમાં આશકારા થયલો પેહેલવાંન એ પેહેલવાંને ઘણાક રાક્ષસો, દેવો, અજદહાંઓ, મોટા સાપો વિગેરે માણસોને નુકસાંન કરનારાઓને માર્યા હતા. એની કારકીર્દીનું "કેરેશાસ્પનામું" નામે પુસ્તક હાલ મોજુદ છે.

(૩૩) ઇરાંનનો પેશદાદીયન વંશનો ચોથો પાદશાહ, અવસતામાં એને યીમ કરી લખેલો છે. દાદાર અહુરમજદે રૂહશાહ પેગમબર જરથોસ્તના આગમચ એને અહુરમજદી દીન શીખવી હતી, અસલ રાજાઓમાં એ પોતે ઘણોજ સરસ શાહ થયો હતો. પોતાનાં રૈયતનાં ભલાંને માટે હમેશા તતપર રહેતો હતો. પોતાનાં રૈયતનાં એને ચાર ભાગ કર્યા હતા.

(૧) 'આથોરનાન' કે જેનાં દાનાવાન અને દીનદાર લોકો હતા.
(૨) 'રથેસ્તાર' કે જેમાં પહેલવાનો તેમજ સીપાહો હતા.
(૩) 'વાસ્ત્રિયોશ' કે જેમાં ખેડુતો હતા.
(૪) 'હુતોક્ષ' કે જેમાં કારીગરો હતા.

વીવંઘાંન નેહમુસ્સ.
હોશંગ સ્યામક.
સ્યામક ગયોમર્દ.
ગયોમર્દ નર અશો.
(૩૪) અગ્રેરસ નર અશો.
સ્યાવક્ષ નર અશો.
ગોબર્ નર અશો.
યેમીન નર અશો.
ચંધરશાસ નર અશો.
૩૫ રાગરસ નર અશો.
યાશ્જસ નર અશો.
એવાંનજસ નર અશો.
ખોશીમ નર અશો.
હન્દાર નર અશો.
વેહ નર અશો.

(૩૬) આનું ગોશસ્પ મેવ.
બેજાવ ગેવ.
ગેવ ગુદર્જ.
ગુન્ગીન મંશાદ.
મંશાદ ગુદર્જ.
બેહેરાંમ ગુદર્જ.
રેહામ ગુદર્જ.
ગુદર્જ ગેશવાદ.
ગેશવાદ કારન.
કારન ગાવે.
કોબાદ ગાવે.
ગાવે આહમર.
(૩૭) યઝદેઝર્દ. શેહેરીઆર.
અરદેશીર શેરોએ.
શેરોએ ખુશરૂ.
ખુશરૂ પરવીઝ હોરમઝદ
હોરમઝદ નોશીરવાંન.

જમાઆદ યસ્ત મુજબ એ શાહે વરજમ કઈ ગુફો બનાવ્યો હતો, જે હાલ હયાત છે એને કુદરતી બોરેહ (તુર) હતું. પણ એના મગરૂરીએ એનો નાશ કર્યો. અને ઇરાનનું મોટું રાજ્ય છોડી અને પોતાને જંગલ વાસ લેવો પડયો. અને તે અરસામાં જાબુલસ્થાંનના રાજાની બેટી સમનનાજ સાથે લગ્નનાં ગાઠથી જોડાયે, અને આનું સમનનાજને પેટે "તુર" નો જન્મ થયો કે જેનીથી પેહેલવાંની પેહડી ઉતરી આવી છે. શાહનામા મુજબ જોહાક નામના જુલ્મી પાદશાહથી એ નામવર શાહની પાદશાહીનો અંત આવ્યો અને તેજ પાદશાહને હાથ શાહ જમશેદ માર્યો ગયો.

(૩૪) જુલ્મી પાદશાહ તુરની અહરાસીઆબનો બાપ પણ એ નરે વખતો વખત ઇરાનની સરૂમાં લડાઇ જીતી હતી. ઇરાંનીઓની સેવા બજાવતાં એના બાપ અહરાસીઆબે એને મારી નાંખ્યો હતો. એની એ ભલી દીલસોજી માટે એ તુરાંની હોવા છતાં આપણાં બાજુતરમાં એનું નામ લેવામાં આવે છે.

(૩૫) કેટલાકો એવું ધારે છે કે ઉપલા અગ્રેરસની સાથનાંજ એ નેક તુરાંનીઓ છે. અને બરજોર કામદીનના કેવાયત વાળાઓ ચોકકસ દુખ્યદેર્ાં અને આફત, ફીકર, વખતે એઓના નેયતે ઇજ્શની, બાજી ક્રિયા વિગેરે કરી આરાધનાં કરવા જણાવેલું છે.

(૩૬) જેહાં પેહેલવાંન રૂસ્તમની બેન, એણી ઘણી ખુબસુરત, લડાયક, અને શેકારની શોખીન હતી. એણીને પરણવાને ઘણાકો ઉમેદવાર હતા, પણ તેઓ હારી જવાથી એણી ગેવ સાથે પરણી હતી

(૩૭) સાસાની વંશનો છેલ્લો પાદશાહ. ઇ સને ૬૪૧ માં નાહવંદના લડાઇમાં આરબોના સરદાર ખલીફ ઓમરે જીત મેલવી અને હરાવ્યો હતો. એનાં વખતથી ઇરાંનીઓનું મોટું રાજ્ય આ બોને હાથ લદાતુ ગયું હાલ પારસીઓમાં યઝદેઝરદી સને ચાલુ છે તે એ શાહ ઇરાનનાં તખ્તવર ગાદી-નશીન થયો તે વખતથી શરૂ થયે. છે.

(૩૮) નોશીરવાંન કોબાદ.
કોબાદ પીરોઝ.
પાલાસ પીરોઝ.
પીરોઝ યઝદેઝર્દ.
હોરમઝદ યઝદેઝર્દ.
યઝદેઝર્દ બેહેરામગોર.
બેહેરામગોર યઝદેઝર્દ.
(૩૯) યઝદેઝર્દ બેહેરામ.
બેહેરામ શાહપુર.
શાહપુર અરદેશીર.
અરદેશીર શાહાપુર.
શાહાપુર હોરમઝદ.
હોરમઝદ નારસી.
નારસી બેહેરામ.
બેહેરામ બેહેરામીઆંન.
બેહેરામ હોરમઝદ.
હોરમઝદ શાહપુર.
શાહપુર અરદેશીર.
(૪૦) અરદેશીર બાબેગાંન.
(૪૧) અરદાઇ ગીરાફ અરદાહરવશ.
(૪૨) આદરબાદ મારેસપંદ.
(૪૩) ગોસ્તે ફ્રીઆંન.

---

(૩૮) નાશીરવાંન આદેલને નામે જાહેર છે. એ સાસાની વંશનો વીસમો પાદશાહ હતો. એનું ખરું નામ ખુશરૂ હતું, પણ એ ઘણોજ નેક અદલ ઇનસાફી હોવાથી 'નૌશીરવાન આદેલ' ને નામે મશહુર છે. એને 'મજદક' ના ઠગારો ધર્મ પાળનારાઓનો નાશ કર્યો તેમજ દેશોમાં ધર્મ સંબંધી ઘણો સુધારો કર્યો હતો. વળી કાલેજો, પુલો નિશાળો વગેર સ્થાપી હતી. ને ૩૯ વર્ષ રાજ્ય કર્યું. અને ઇસલામી ચણીક તવારીખોને ભાગી નવી એકઠી કરી હતી.

(૩૯) ઇરાંનનાં સાસાંની વંશનો તેરમો પાદશાહ, એ ઘણો નેક અને દાનાર હતો. પોતાના વિશ વર્ષનાં રાજ્ય અમલમા સર્વે કોમને પોત પોતાનો ધર્મ પાળવાની છુટ આપી હતી.

(૪૦) સાસાંની વંશનો પહેલો પાદશાહ એનાં બાવા 'બાબક' ના નામપરથી એ 'બાબેગાંન' કરી ઓળખાય છે. એને ઇરાંનના તખ્તપર આવ્યા પછી જરથોસ્તી ધર્મ જે પડતી હાલતમાં હતો તે તાજો કીધો, અને ઇરાંન સર જમીનથી જુદદીન રસમો દુર કરી હતી.

(૪૧) અરદેશીર બાબેગાંનનાં વજીર. (વધુ માટે જુઓ આ કેતાબને ૪૭૪ મે સફે.)

(૪૨) સાસાંની વંશનાં ત્રીજા પાદશાહ હોરમજનાં વખતમાં થઇ ગયલા એક કાબેલ દસતુર એ બે પોતાના દીકરા જરથોસ્ત (એ જરથોસ્ત પેગંબર નહિ) ને જે નશીયતો કરી હતી તેનુ "પંદનામે આદરબાદ મારેસપંદ" નામનું પેહલવી પુસ્તક મોજુદ છે. એ દસતુરનાં વખતમાં જે માજદયસનો દીનપર પુરતો એતેકાદ ન રાખતા હતા તેઓને એ દસતુરે મોજેજો કરી બતાવ્યો હતો (વધુ માટે જુઓ આ કેતાબને ૪૭૬ મે સફે)

(૪૩) એ પણ ઘણા કાબેલ અને નેક હતા. અખ્તજાદુ નામનાં એવણનાં બનેવીએ એવણને (૩૩) સવાલો પુછ્યા હતા, અને સરત એવી કરી હતી કે જો તેમાંનો એકબી જવાબ ના આપે તો મારી નાખવો. એ બધા સવાલોના જવાબ એવણે આપ્યા. ત્યાર બાદ એવણે અખ્તજાદુને સવાલો પુછ્યા પણ નહિ જવાબ વાલાયો ગોસ્તેફ્રીઆન અખ્તજાદુને મારી નાખ્યો.

(૪૪) બાનુ ગુશ્નરીશ
શાહપુર હોરમજદ.

(૪૫) મોબેદ મેહેરનારશી.
નોશીરવાંન કોબાદ.

(૪૬) બુજરચે-મેહેરે બુખ્તે.
મોબેદ વખશાપુર.
અઝુરગ.
મેદીઓમાહા.
શોસીયોસ.
ગોગોશસ્પ.
પીશકસીર.
મોબેદ મર્દબુદ.
બોનુ દાદહુશ ફરરોખ.

(૪૭) મરદાંન ફરરોખ બીન હોરમજદાદ.
મોબેદ આદર પાદીઆવંદાન.

(૪૮) મોબેદ આદરફરોબગ ફરખોઝાદ.
મોબેદ રોશન આદર ફરોબગ.

(૪૯) દસ્તુર માનસ્ચેહેરે ગોશનેજમ.
દસ્તુર જાદેશપરચે ગોશનેજમ.
મોબેદ શાહપુર મોબેદ શેહેરીઆર.
મોબેદ હોરમજદીઆર એરવદ રાંમીઆર.
મોબેદ નેરીઓશંગ ધવલ.
દસ્તુર કાંમદીન દસ્તુર રાંમ.
દસ્તુર કાંમદીન દસ્તુર પદમ.

(૫૦) દસ્તુર અરદેશર દસ્તુર નોશેરવાંન.

---

(૪૪) ઉપલા ગોશનેજમાનની બહેન અને ગરશતાસપની આયર એણી નેક અને સાચ્ચું બોલનારી બાનુ હતી. ઉપલા ગુશતાસપ અને ગોશનેજમાનો વચ્ચે જે સવાલ જવાબો થયા તેમાં એક સવાલ બાબે અન્ને જણને વાંધો પડયાથી તેઓ એણીની પાસે ચુકાદા માટે ગયા. જો કે ગોશનેજમાન એણીનો બાપ તેમજ ગુશતાસપ એણીનો ધણી થતો હતો પણ કાંહીની બી ગમ રખાવત રાખ્યા વીનાં એણીએ સચ્ચો ઉત્તર દીધો તેથી એણીના ધણીએ એણીને મારીનાખી. સાચ્ચુ બોલવામાંજ એણીએ પોતાનો જીવ ખોયો હતો.

(૪૫) મેહેરાંમ ગોર બાદશાહનાં વડા વજીર હતા. અને કેટલાંક ધર્મ પુસ્તકોની શોધ કરી હતી.

(૪૬) નોશીરવાંન આદેલના મોહદ ડાહાપણ અને હુશીઆરીવાલા વજીર. એઓની કિંમતી નશીહત સબંધી જે કેતાબ લખેલી છે તે 'ગંજે સાયગાત' ના નામે હાલ મોજુદ છે રમતની બાબદમાં પણ મશહુર એવણ કાબેલ હતા.

(૪૭) 'શેકંન ગુમાની વજાર' નામની પેહેલવી કેતાબનાં બનાવનાર એવણ ધર્મ બાબદમાં મશહુર કાબેલ હતા.

(૪૮) એવણ એક દીન પેશવા હતા. પેહેલવી દીન કર્દ ભેગી કરનાર એવણ હતા. અને એ નામ બી એવણેજ આપ્યુ હતું. એવણે 'આઈ દીન' નામની એક પેહેલવી કેતાબ રચી હતી. તે હાલ આપણી પાસે મોજુદ નથી. એવણે ઘણીક ધર્મ સંબંધી લખાણો કર્યાં હતાં.

(૪૯) એવણ યઝદેઝરદી સને ૨૫૦) માં ફારસ અને કેરમાનના દસ્તુરાંન દસ્તુર હતા, દાદેસ્તાને દીન નામની પેહેલવી કેતાબ એવણને હાથથી લખાઇ હતી.

(૫૦) ઇરાંની દસ્તુર અરદેશર નોશેરવાંન કેરમાની પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મ સબંધી સમજણો આપવાને તે શાહે બોલાવ્યાથી એવણ ઇરાંનથી દીલ્હી આવ્યા હતા. અને શાહાનશાહ અકબરે જે 'ફરહંગે જેહાંગીરી' નામની ફરહંગ બનાવી હતી, તેમાનાં સઘલા પેહેલવી અને પાજંદ વી તો એવણે લખ્યા હતા. અહીંઆ હેઠલ સુધીનાં બધા દસ્તુરો એરવદો એ ધર્મની જાલવણીને માટે જે કિમતી સેવા બજાવી હતી તે પરથી તેઓના નામ નામગરણુના દીપમાં દાખલ કર્યાં છે.

દસ્તુર મેહેરજી એરવદ વાછા.	એરવદ કાંમદીન એરવદ જરથોસ્ત.
દસ્તુર આઝર કેવાંન બીન આઝર ગોશસ્પ.	એરવદ બેહેમન એરવદ ફરોકોબાદ. મોબેદ ફરજાંને બેહેરાંમ.
દસ્તુર ફરોકોબાદ દસ્તુર માહીઆર.	એરવદ રૂસ્તમ એરવદ પેશોતન.
દસ્તુર આસદીન એરવદ કાકા.	એરવદ મીનોચેહર એરવદ હોમજી.
દસ્તુર બરજોર બેહેદીન કામદીન.	એરવદ રૂસ્તમ એરવદ માણેક.
દસ્તુર હોરમજદીઆર એરવદ ફરાંમરોજ.	એરવદ તેમુલ ઓસ્તા રૂસ્તમ.
દસ્તુર દારાબ દસ્તુર હોરમજદીઆર.	ઓસ્તા નવરોજ એરવદ રૂસ્તમ.
દસ્તુર દારાબ દસ્તુર પાલન.	એરવદ માણેક ઓસ્તા નવરોજ.
દસ્તુર જામાસ્પ એરવદ આસા.	એરવદ ખુરશેદ એરવદ તેમુલ.
દસ્તુર દારાબ ઓસ્તા શેરાબ.	એરવદ મીનોચેહેર એરવદ ખુરશેદ.
દસ્તુર કાઉસ એરવદ ફ્રેદુન.	એરવદ બહેરાંમ એરવદ જીજી.
દસ્તુર કાંમદીન દસ્તુર કાઉસ.	એરવદ મીનોચેહર ઓસ્તા નવરોજ.
દસ્તુર જમશેદ દસ્તુર જામાસ્પ.	એરવદ ફરેદુન એરવદ મર્જબાંન.
દસ્તુર કાઉસ એરવદ રૂસ્તમ.	એરવદ કેકા એરવદ સોરાબ.
દસ્તુર ફરાંમરોજ એરવદ કેરશાસ્પ	(૫૧) બેહદીન અરદેશર સંજાણી.
દસ્તુર કાઉસ દસ્તુર રૂસ્તમ.	બેહદીન ચાંગા બેહેદીન આસા.
દસ્તુર અસપંદીઆર દસ્તુર કાંમદીન.	બેહદીન માલન બેહેદીન બેહેરાંમ.
દસ્તુર ખુરશેદ દસ્તુર જમશેદ.	બેહદીન નરીમાન બેહેદીન હોશંગ.
દસ્તુર ફીરોઝ દસ્તુર કાઉસ.	બેહદીન કામા બેહેદીન આસા.
દસ્તુર ફરાંમ એરવદ રૂસ્તમ.	બેહદીન માણેક બેહેદીન ચાંગા.
દસ્તુર જામાસ્પ એરવદ રૂસ્તમ.	બેહદીન અસપંદીઆર બેહેદીન મજદીઆર.
દસ્તુર એદલ એરવદ સોરાબ.	બેહદીન રૂસ્તમ બેહદીન મજદીઆર.
દસ્તુર જમશેદ એરવદ સોરાબ.	(૫૨) બેહદીન કામદીન બેહેદીન શાપુર.
દસ્તુર જમશેદ દસ્તુર બરજોર.	
દસ્તુર એદલ દસ્તુર દારાબ.	(૫૩) બેહદીન કામાં વોહેરા.
દસ્તુર નોશીરવાંન દસ્તુર જામાસ્પ.	(૫૪) બેહદીન કાઉસ બેહદીન કામાં.
દસ્તુર મીનોચેહેર એરવદ માણેક.	

(૫૧) સંજાણમાં જે વખતે લડાઇ થઇ તે વખતે ઘણાક પારસીઓની ફોજ એકઠી કરી લડવા નીકલેલો બહાદુર બેહદીન.

(૫૨) ઇ. સ. ૧૫૫૮) નાં સાલમાં ભરૂચથી ઇરાંન જઇને જરથોસ્તી મજહબોને લગતા જવાબોની એક રેવાએત તથા વર્ષનાં બાજ અને દીન આઇનને લગતી કેટલીક કેતાબો ભરૂચનાં દસ્તુર પદમ રામીઆરપર લાવ્યા હતા.

(૫૩) એવણ ૧૫૬૨) માં તેમજ બીજી વાર ઇરાન જઇને જરથોસ્તીઓનાં ધર્મને લગતી બાબદો લાવ્યા હતા.

(૫૪) એવણ પણ ૧૫૭૫) માં ખંભાતથી ઇરાંન જઇને ધર્મ બાબદો લાવ્યા હતા.

(૫૫) બેહદીન અસપંદયાર બેહેદીન સોરાબ,
બેહદીન કાઉસ બેહેદીન માહીઆર.
બેહદીન બહમન બેહેદીન અસપંદયાર.

બેહેદીન દોરાબ બેહેદીન નાહના
બેહેદીન નાહના બેહેદીન પુંજીઆ.
બેહેદીન બહમન બેહેદીન પુંજીઆ.

હીરજી બેહેદીન વાચ્છા.
ગારોથમાંની કામા બેહેદીન વોહોરા.
બેહેદીન માણેક બેહેદીન એદલ.
બેહેદીન બનાજી બેહેદીન લીમજી.
બેહેદીન રૂસ્તમ બેહેદીન દોરાબ.
બેહેદીન નાહના બેહેદીન ભીમજી.
બેહેદીન શોરાબ બેહેદીન નાહના.
બેહેદીન નવરોજ બેહેદીન નૌશીરવાંન.
બેહેદીન રૂસ્તમ બેહેદીન કેરશાસ્પ.
બેહેદીન ધનજીશાહ બેહેદીન મનજીશાહ.
બેહેદીન હીરજી બેહેદીન જીવણ.
બેહેદીન નીશારવાંન બેહેદીન કોહા.
બેહેદીન દાદી બેહેદીન નૌશીરવાંન.
બેહેદીન સોરાબ બેહેદીન મીનોચેહેર.
બેહેદીન ધનજીશાહ બેહેદીન બરજોર.
બેહેદીન અરદેશર બેહેદીન દાદી.
બેહેદીન દાદા બેહેદીન નાંશારવાંન.

બેહેદીન નૌશીરવાંન બેહેદીન માણેક
બેહેદીન ખુરશેદ બેહેદીન જમશેદ.
બેહેદીન પેશોતન બેહેદીન બહમન.

(૫૬) બાનુ બાઇ બેહેદીન દાદા.
બેહેદીન નવરોજ બેહેદીન કાઉસ.
બેહેદીન હોરમજ બેહેદીન ખુરશેદ.

બેહેદીન હોરમજ બેહેદીન એદલ.
બેહેદીન લીમજી બેહેદીન કાઉસ.
બેહેદીન પેશોતન બેહેદીન મેહેરવાંન

(૫૭) બાનું દીન બેહેદીન પુંજીઆ.

(૫૮) બાનું અચું બેહેદીન પેશોતન.
બેહેદીન ફીરોજશા બેહેદીન ધનજીશા.
બેહેદીન ખુરશેદ બેહેદીન માણેક.
બેહેદીન ખુરશેદ બેહેદીન કાઉશ.
બેહેદીન જીજી બેહેદીન મેહરવાંન.
બેહેદીન પેશોતન બેહેદીન ખુરશેદ.
બેહેદીન ફરાંમ બેહેદીન કાઉશ.
બેહેદીન રૂસ્તમ બેહેદીન કાઉશ.
બેહેદીન પેશોતન બેહેદીન મેહરજી.
બેહેદીન વાકા બેહેદીન મેહરજી.
બેહેદીન અરદેશર બેહેદીન ફીરોજશા.
બેહેદીન કાઉશ બેહેદીન એદલ.

---

(૫૫) એ સઘલા બેહેદીન સાહેબોએ આપણા બુલદ ધર્મ બાબે હિંદુસ્થાનથી ઇરાન જઇને ધર્મ સંબંધી લખાણો લાવીને તેઓને દીનની બાબદોથી જાણીતા કર્યા હતા. અને એ સીવાય બીજા ઘણાક જરથોસ્તીઓ ધર્મને માટે ખબર મેળવવા ઇરાન ગયા હતા, અને ત્યાંથી દસતુરો, મોબેદોને પુછીને ધર્મ સંબંધી જવાબો લાવ્યા હતા, તેમાં બેહેદીન નરીમાન હોશંગ જે જવાબો ઇરાનથી લખાવી લાવ્યા હતા તેને હાલ આપણે રેવાયતને નામે ઓલખીએ છીએ.

(૫૬) દાદાભાઇ નશરવાંનજી મોદીનાં વીધવા, એવણે પોતાના ધણીનાં મરણબાદ તેઓની પુંજીમાંથી આતશબેહેરામ સુરતમાં બંધાવ્યું હતું. તેનાં ખર્ચનાં નીભાવ માટે રૂ. ૧૫૦૦૦) ની રકમ એલાયદી આપી હતી.

(૫૭) એ બાઇએ પોતાના ધણીનાં પુંજીમાંથી કરંજ ગામમાં ૧૮૨૮) માં દખમુ, સગરી, નસાખાંનુ, કુવો વિગેરે બંધાવ્યું હતુ.

(૫૮) એ બાઇ ઘણાં ધર્મી હતા. એવણે ધર્મને લગતાં મકાનો બંધાવ્યાં હતાં. તા. ૨૬ મી ફેબરવારી ૧૮૪૧) ને દીને ૮૦) વર્ષની વયે મરણ પામ્યાં હતા.

(૫૯) બેહેદીન જમશેદ બેહેદીન રૂસ્તમ
બેહેદીન માણેક બેહેદીન નોશીરવાંન.
બેહેદીન નવરોજ બેહેદીન જમશેદ.
બેહેદીન બહમન બેહેદીન હોરમજ.
બેહેદીન એદલ બેહેદીન ફ્રાંમ.

(૬૦) બાનું આવાં બેહેદીન જમશેદ.
બેહેદીન રૂસ્તમ બેહેદીન જમશેદ.
બેહેદીન મેરવાંન બેહેદીન બેહેરાંમ
બેહેદીન ખુરશેદ બેહેદીન જમશેદ.
બેહેદીન કાઉસ બેહેદીન જાહાંગીર.
બેહેદીન અરદેશર બેહેદીન હોરમજ.
બેહેદીન સોરાબ બેહેદીન જમશેદ.
બેહેદીન ખુરશેદ બેહેદીન નૌશીરવાંન.
બેહેદીન દાદા બેહેદીન પેશોતન.
બેહેદીન નવરોજ બેહેદીન કેખશરૂ.
બેહેદીન માણેક બેહેદીન જાહાંગીર.
બેહેદીન શોરાબ બેહેદીન પેશોતન.

(૬૧) બાનું સાકર બેહેદીન દીનશા.
બેહેદીન દાદા બેહેદીન રૂસ્તમ.
બેહેદીન બેહેરાંમ બેહેદીન જીજી.
બેહેદીન નૌશીરવાંન બેહેદીન માણેક.
બેહેદીન માણેક બેહેદીન રૂસ્તમ.
બેહેદીન ફરાંમ બેહેદીન નૌશીરવાંન.
બેહેદીન સોરાબ બેહેદીન શાહપુર.
બેહેદીન ખુરશેદ બેહેદીન ફ્રેદુન.

(૬૨) બાનું મોટી બેહેદીન માણેક.

(૫૯. પેહેલા સર જમશેદજી જીજીભાઇ. એવણે જાહેર સખાવત રૂ. ૨૭૦૦૦૦૦) ની કરી હતી અને ખાનગી મદદ માટે લગભગ રૂ. ૧૪૦૦૦૦૦) આપ્યા હતા. જે બોહોળી સખાવત માટે નામદાર મરહુમ મહારાણી વીકટોરીઆએ 'નાઇટહુડ' નો ખેતાબ ઇ. સ. ૧૮૪૨ માં બક્ષ્યો હતો. અને ઇ. સ. ૧૮૫૫મા એવણને 'ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડન" નું માન મળ્યું હતું તેમજ 'બેરોનેટ' નો માનવંત ખેતાબ એવણને મહારાણીએ ૧૮૫૭ માં બક્ષ્યો હતો, આ ખેતાબનું માન વંશપરા વંશ પોતાનાં વડા વારેસો સાચવી રાખે તે માટે એવણે રૂ. ૨૫૦૦૦૦૦) ની રકમ તથા એવણનો મુંબાઇ મધેનો "મજગાંમ કેસ્ટલ" બંગલો સરકારને ટ્રસ્તમાં સ્વાધીન કર્યો હતો. જરથોશતીઓનાં પોતાનું વ્હાલું વતન ઇરાંન છોડી હિંદુસ્તાન આવ્યા પછીથી સર્વેથી મોટી જાહોજલાલી ભર્યો મોભો એવણે ભોગવ્યો હતો. એવણ ૭૬) વર્ષની વયે રોઝ ગોવાદ, માહા મેહેર, ૧૨૨૮ યઝદેઝરદી તા. ૨૪ મી એપ્રીલ ૧૮૫૯) ને દીને ગુજર્યા હતા.

મરોદ વચો જરથુશ્તર* અકમાકેમાઇ અમનાઇચ વહમાઇચ ઇઅદ અમેશનાંમ સપેઅંતનાંમ* ઇઅ્ત તે અંગ્રહેન* ઇઅસતાુ આપો* ઈઅસતાુ ઉરૂઅરાુ* ઈઅસતાુ અશોનાંમ ફરૂઅશીઓ* ઈઅસ-તાુ મેનીઅઊિઅવચ ઇઅજત* યએચ ગએરૂથય* ફરથવરશત વઘોજદાુ અશવનો અશેમ વોહૂ (૧)

{ અહુનવર એક પઢે શીઓથેનનાંમ પઢતાં કુશતી }
{ વેતરે પછી અહુનવર તમાંમ કરે પછી બાજમાં પઢે* }

(બાજમાં પઢે) સરોશ અશો તગી તન ફરમાંન* શેકફત જીન* જીના અવજાર શાલારે દામાંને અહુરમજ્દ બેરેસાદ અરૂ-દુન બાદ (પરગટ પઢે) યથા અહૂ વઈરયો (૨) ઇઅસનેમચ* વહમેમચ* ઓજસચ જવરેચ* આફરીનાંમે* સરોશહે અશીઅહે* તખમહે તનુ-માંથરહે* દરશે-દરોશ આહુઈરીઅહે* અશેમ વોહૂ (૧) અહમાઈ રેસચ*-હજંઘરેમ*-જસ મે*-કેરફે મોજદ*- અશેમ વોહૂ (૧)

નીરંગ ગોસપંદ મુરઘી હલાલ કરવાની.*

ક્ષનોથર અહુરહે મજદાુ અશેમ વોહૂ* (૧) (બાજમાં પઢે) બનામે ઈઅજદ અખશાઈંદહ બખશાઈશગર મેહેરબાંન બખા-સતે ખોદાઈ જેહાં ઈઅજદાં બરતર ઇઅજદાં પાક બ ક્ષનુદીઈ બહમન અમેશાસપંદ તોરા અજલ મરા ફરમાંન (પરગટ પઢે) ઇઅથા અહુ વેરીઓ અથા રતોશ* અશાદ ચીદ* હચા વંઘહે-ઉસ* દજદા મનંઘો શીઓથેનનાંમ* [પઢતાં કરમ કીજે પછે અહુ-નવર પુરા કીજે પછે હાથ તથા છુરી ધોતાં બીજા ઇઅથા અહુ વેરીઓ (૨૦) તથા અશેમ વોહુ (૧) પઢીએ]

નીરંગ કેશ પહેરજવાની*

(ચેઆર આંગલ પરમાંણે ખાડો ઉંડો ખણીને બા-
કી પોહોલો ખણી રેખા (૩) અહુનવર (૩) પઢ
તાં કાહાડીને તે ઠેકાંણે વચે કેશ મુકીને સરોશ
બાજ અશહે સુધી પઢેઆ પછી એ નીરંગ પઢવી*)

અદ અખીઆઈ અશા મજ્દાઉ ઉરૂઅરાઉ વક્ષદ* (બાજમાં પઢે) સરોશ અશો તગી તન ફરમાંન* શેકફત જીન* જીન અવ-જાર* સાલારે દામાંને અહુરમજ્દ બેરસાદ* ઈદુન બાદ (પરગટ પઢે) યથા અહૂ વઈરયો* (૨) ઈઅસનેમચ* વહમેમચ* ઓજ્સચ જ્વરેચ* આફરીનામે* સરોશહે અશીઅહે* તખમહે તનુ-માંથ-રહે* દરશે-દરઓશ આહૂઈરીઅહે* અશેમ વોહુ (૧) અહમાઈ એરસ્ચ* હજ્ધરેમ*—જસ મે*—કેરકે મોજ્દ* અશેમ વોહૂ* (૧)

નીરંગ નખ પરહેજવાની*

(ચેઆર આંગલ પરમાંણે ખાડો ઊંડો ખણીએ બા-
કી પોહોલો ખણી રેખા (૩) અહુનવર (૩) પઢ-
તાં કહાડીને તે ઠેકાંણે વચે નખ મુકીને સરોશ
બાજ અશહે સુધી પઢેઆ પછી એ નીરંગ પઢવી*)

અશા વોહુ મનંઘહ ઈઆ સરોઈઈ* વેરે મગોનો* પઈતે તે મરે અશોજુશત* ઈમાઉ સરૂવાઉ વેદીઈમે* ઈમાઉ સરૂઆઉ આઊિઈ દાઈમે* ઈમા ઉસેતે સરૂઆઉ* મરેઘ અશોજુશત* હીઆરે અરશત ગસ્ચ* કેરેતયસચ* થનઅરેચ* ઈશવસચ* ઈરેજફી ાપરેન* અસનચ ફરદક્ષનીઅ પઈતે દેઊિઓ મજેનીઆંન* અશેમ વોહૂ* (૧) (બાજમાં પઢ) સરોશ અશો તગી તન ફરમાંન* શેકફત જીન*

જીન અવજાર* સાલારે દામાંને* અહુરમજ્દ બેરેસાદ ફ્દુન બાદ (પરગઠ પઠ) યથા અહૂ વઈરયો (૨) ઇઅસનેમચ* વહમેમચ* ઓજસચ જ્ઉઅરેચ* આફરીનામે* સરોશહે અશીઅહે* તખ્મહે તનુ-માંથરહે* દરશે-દરોશ આહૂઈરીઅહે* અશેમ વોહૂ* (૧) અહમાઈ રએસચ*—હજંઘરેમ* જસ મે*—કેરફે મોજ્દ* અશેમ વોહૂ (૧)

દસતુરી બરશનુમ દેતાં તથા નસાસાલાર પઢે છે તે*

બ દસતુરીએ દાદાર અહુરમજ્દ બ દસતુરીએ અમેશાસપંદાન* બ દસતુરીએ સરોશ અશો* બ દસતુરીએ જરથુશત સપેતમાન* બ દસતુરીએ દસતુરે આંન જમાંન કે બુદેહ બાશદ*

નીરંગ શએતાંનબાજી પરહેજવાની

અજ હમા ગોનાહ પતેત પશેમાનુમ* અજ હરવસતીન દુશમત* દુજૂખત* દુજવરશત* મેમ પ ગેતી મનીદ* ઉઈમ ગોફ્ત* ઉઈમ કરદ* ઉઈમ જસત* ઉઈમ બુન બૂદ ફ્સતેદ* અજ આંન ગુનાહ મનશની* ગવશની* કુનશની* તની રવાની* ગેતી મીનોઆંની* ઉખે અવાક્ષ પશેમાંન પ સે ગવશની પ પતેત હોમ* ક્ષનઓથર અહુરહે મજ્દાઉ* તરોઈદીતે* અંઘરહે મેનીઈઉશ* હેથીઆ વરશતાંમ હચદ વસના ફ્રશોતેમેમ* સતઓમે અશેમ* અશેમ વોહૂ (૩) ફ્રવરાને મજ્દીઅસનો જરથુશતરેશ* વીદેઉઓ અહુરહે દકએશો* (જે ગેહે હોએ તે પઢે) ફ્રસસતીઈચ* સપેઅં-

તીઆ઼ુ વંઘહુચા઼ુ આરમતોઈ્શ* રાતીઆ઼ુ* વંઘુહચા઼ુ* વો-઼ુરો દોઈ્થરીઆ઼ુ* મજ્દદાતીઆ઼ુ અશોનીઆ઼ુ* ક્ષનઓથર ઇઅસનાઈ્ચ* વહુમાઈ્ચ* ક્ષનઓથરાઈ્ચ* ફ્રસસતીઈ્ચ* યથા અહૂ વઈ્રયો જ્ઓતા ફ્રશ મે મરૂતે* અથા રતુશ અશાદચીદ હચ ફ્રશ અશુઅ વીદુઓ઼ુ મરઓતૂ* સપેનતાંમ વંઘુહીમ આરમઈ્તીમ યજ્મઈ્દે* રાતાંમ વંઘુહીમ* વો઼ુરૂ દોઈ્થરાંમ* મજ્દદાતાંમ અશઓનીમ યજ્મઈ્દે* આઅદ અઓશેતે સપેઅંતીઆ઼ુ આર-મતેએ* સપેનત આરમઈ્તે* ઈ્મેમ તે નરેમ નેસેરેનઓઈ્મે* ઈ્મેમ મે નરેમ નેસરાર યા઼ુ* ઼ુપ સુરાંમ ફ્રશો-કેરેતીમ* વીદુશ-ગાથેમ* વીદુશ યસનેમ* પઈ્તે-પરશતો સરવંઘહેમ* માંજ્દરેમ હદ હુનરેમ તનુ માંથરેમ* આઅદ હે નાંમ ફ્રદઈ્થયા઼ુ* આતરે-દાતેમ વા* આતરે-ચેથરેમ વા* આત-રે-જનતૂમ વા* આતરે-દખયુમ વા* કાંમચેદ વા* આતરે દાતહે નાંમ* અશેમ વોહૂ (૧) યથા અહૂ વઈ્રયો (૨) યસનેમચ* વહમેમચ* અઓજસચ જ્વરેચ આફ્રીનામે* સપેનતયા઼ુ વંઘાહુ-યા઼ુ* આરમતોઈ્શ* રાતયા઼ુ વંઘહુયા઼ુ વો઼ુરૂ-દેઈ્થરયા઼ુ* મજ્-દદાતયા઼ુ* અશઓનયા઼ુ* અશેમ વોહૂ (૧) અહમાઈ્ રએસચ*—હજંઘરેમ*—જસ મે* કેરફે મોજ્દ*—અશેમ વોહૂ (૧)

શએતાનબાજી પરહેજવાની હકીકતનો સાર દસતુર દારાબ પાલનનાં ફ્રરજીઆત નામાની કેતાબ મધેથી.

જાણવું કે જે ધણીને શએતાનબાજી થાઇ હોએ તેઆરે તે શખશને સેતાબ તે બાજીને પરહેજવી જોઇએ. જે જગો કે શુકી ખાકની હોએ તથા સારી ભરેલી હોએ તેહેરી જગો ઉપર તે બાજીને પરહેજ કરવી મુનાસેબ છે કે તે શુકી તથા મીટીની જગો ઉપર પોતાના ડાબા હાથમાં પેલા ખરબ થએલા કપડાંને પકડીને નીરંગે કરીને તે બાજીના ડાબા ઉનાગેમાં ધોવા જોઇએ અને તે ધોયા પછી તેજ વેળાએ પોતાના એક હાથમાં પથરાનો ટુકડો પકડી જમીન સાથે પેવંદ રાખેઆથા બાજી પરહેજવાની નીરંગ સારી રીતે પઢે અને તે પઢી રહેઆ પછી "ક્ષતઓથર અહુરએ મજદા઼ુ અશેમ વોહૂ ' (૧) પઢીને તનથી કપડાં દુર કરવાં

અને તે ધણીએ સેઆમ ગોસલ કીનારેઆ રી જમા તરફ બેનવું જોઇએ; અને તેજ વખતે ડાબો હાથ માંથા ઉપર રાખીને "અશેમ વોહુથી" (૩) સરોશ બાજનું મંડણ કરે એક અશહે સુધી પરગટ પઢે પછી તમાંમ તનને નીરંગ લગાડે અને ખુબ તરેહથી સુકવે પછી તેજ વેળાએ ગોસલ કરીને કપડાં પેહેરે અને " નેમસચા યા આરમઇતેશ ઇજાથા " પઢીને પાછી બાજ મેલવાની અને એક 'કે કે મોજદ' સુધી પઢીને કુસતી કરે અને તેવાર પછી ફરી નવેશરથી પાદીઆબ કુશતી કરીને હરેક બાકીનો અમલ કરે.


અવસતા જેને નહીં પઢતાં આવડે તેને અહુનવર પઢવાનાં ફરમાવેઆછે તેની વીગત.

ખુરશેદની નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૧૦૩) પઢવા.
મેહેરની નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
માહાબોખતાર નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
આવાં અરદવીસુર નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
આતશની નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
પાંચે ગેહમાં હરેક ગેહેનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
પતેતનાં ઇઅથા અહુ વેરીઆ (૧૨૧) અશેમ વોહુ (૧૨) પઢવા.
અહુરમજદ ઇઅશતનાં ઇઅથા અહુ વેરીઆ (૧૦૩) અશેમ વોહુ (૧૨) પઢવા.
અરદીબેહેશ્ત ઇઅશતનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
સરોશ ઇઅશત હાદોખતનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
સરોશ ઇઅશત વડીનાં ઇઅથા અહુ વેરીઆ (૧૦૩) પઢવા.
દરએક આફરગાંનનાં ઇઅથા અહુ વેરીઆ (૧૨૧) અશેમ વોહુ (૧૨) પઢવા.


બીજા હર વખતે પઢવાના અહુનવર અને અશેમ.

કંઇબી નવું કાંમ આરંભતાં યા ઘરમાથી બહાર જતાં અહુનવર (૫) પઢવા
નવી ઓલખાન પીછાન કરતાં અહુનવર........................(૫) પઢવા
નવું આરંભેલું કામ કરી રહ્યા પછી અહુનવર (૨) અશેમ વોહુ (૩) પઢવા
હાકેમ તથા દીવાન અને બુજર્ગ લોકો પાસે જતાં અહુનવર (૩) પઢવા
બહારથી ઘરમાં આવતાં અહુનવર (૧૦) અને અશેમ વોહુ (૩) પઢવા
હરકોઇ આસામી સોકે કંઇબી કારણે જતાં અહુનવર (૧) પઢવો
કોઇને દોઆ માંગતાં પરથમ અહુનવર........................(૨) પઢવા

દર્યો, નદી, તળાવ, વીગેરે હરેક પાણીમાં ઉતરતાં અહુનવર (૧) પઢવો
જમીનમાં કંઇપી બીજ રોપતાં અહુનવર........................(૮) પઢવા
વેહેવામાં અથવા સાહાજનમાં જતાં અહુનવર............. .. ..(૬) પઢવા
એકદમ કોઇ દુશમન લડતો આવે ત્યારે અહુનવર......... ....(૭) પઢવા
લડાઇથી ફારગ થવા પછી અહુનવર..............................(૭) પઢવા
ચોપગાં જાંનવરો ખરીદ કરતાં અહુનવર (૧૦) અને ખરીદયા પછાં પણ અહુનવર (૧૦) પઢવા
બચ્ચાનું વેશવાલ યાને સગાઇ કરતાં અહુનવર...................(૧૧) પઢવા
એક શેહેરથી બીજે શેહેર જતાં અહુનવર.........................(૧૨) પઢવા
રસ્તામાં ભુલું પડે ત્યારે અહુનવર..................................(૧૨) પઢવા
ઉંચે પહાડ,(ડુંગરપર ચઢતાં;) નીચે ભોંયરા વિગેરેમાં ઉતરતાં અહુનવર(૧૨) પઢવા
ચેરાઘ વધારતાં (બતી કરતાં) અહુનવર.......................(૫) પઢવા
ચેરાઘ રોશન કરતાં (બુજવતાં) અશેમ વોહુ (૧) દરેક વખને (૫)પઢવો
રસ્તે જતાં મુરદું યા રવાન સામું મલે તો અહુનવર..............(૨૧) પઢવા
કંઇપી એકાએક આફત આવે તો અહુનવર.........................(૧૨) પઢવા
કોઇથી પેહેલ વેહેલી વાતચીત કરતાં અહુનવર.....................(૫) પઢવા
કોઇ બે આસામીઓને લડતા મુકાવવા પેહેલાં અહુનવર (૧૨) અને પછી (૫)પઢવા
" " " મુકાવ્યા પછી "..........................(૫) પઢવા



દોરાનો નમુનો નંબર ૧.




તાવીજનો નમુનો નંબર ૨.

۴۹	۱۰۶	۹۹۶
۶۳	۷۴	۶۴۵
۱۳۸	۱۷	۱۵۹

તાવીજનો નમુનો નંબર ૩.

۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲
۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲
۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲
۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲
۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲	۵۴۱۲


(૨) તાવીજનો નમુનો નંબર ૪.




કલાંમ નમુનો નંબર ૫.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]


'અંદ કલાંમ' નમુનો નંબર ૬.




કલાંમ.નમુનો નંબર ૭.




કલાંમ નમુનો નંબર ૮.




(૪) કલામ નમુનો નંબર ૯




કલામ નમુનો નંબર ૧૦.




તાવીજનો નમુનો નંબર ૧૧.




તાવીજનો નમુનો નંબર ૧૨.




કલાંમ નમુનો નંબર ૨૩.



કલાંમ નમુનો નંબર ૨૪.




તાવીજનો નમુનો નંબર ૨૫.




તાવીજનો નમુનો નંબર ૧૬.

૯	૮	૧૫	૧૧
૧૪	૧૨	૬૧૦૦	૨
૭	૨૬	૨૩	૭
૩	૮	૧૦	૧૩

તાવીજના નમુના નંબર ૧૭. A. અને B.



નમુનો નંબર ૧૭ B.




તાવીજનો નમુનો નંબર ૧૮

٨	١١	١٢	١
١٣	۲	۷	١۲
١۷	٥١۴	ج	۶
١٠	ق	ع	ع۹


તાવીજનો નમુનો નંબર ૧૯

١١	١۴	۷	ع
۲	ع۹	٢٣	١ع۹
ج	٣	عى	١۷۸
٣	١٠	٪ب	٩٠ع

તાવીજનો નમુનો નંબર૨૦.



તાવીજનો નમુનો નંબર ૨૧.




તાવીજનો નમુનો નંબર ૨૨.

٣٠٠٠٠٥	حرق	شں ٣
٢٠١	٢٤٣	٢ ق
٢٠٢	٢٠٧	٠ ٢:


તાવીજનો નમુનો નંબર ૨૩.

٥ع	سہا	٩٠٠	ں٥
ل	١٠٨	تل	٧
١١	١٢	ص	٢٠ل
ف	٣٧	٩٠٣	١٨


કલાંમ નમુનો નંબર ૨૪.




કલાંમ નમુનો નંબર ૨૫.




કલાંમ નમુનો નંબર ૨૬.




કલાંમ નમુનો નંબર ૨૭.




તાવીજનો નમુનો નંબર ૨૮.




તાવીજનો નમુનો નંબર ૨૯.




તાવીજનો નમુનો નંબર ૩૦.




તાવીજનો નમુનો નંબર ૩૧.




તાવીજનો નમુનો નંબર ૩૨




તાવીજનો નમુનો નંબર ૩૩.




તાવીજનો નમુનો નંબર ૩૪.




(નીરંગ પેહેલવીનો નમુનો નંબર ૩૫.



તાવીજનો નમુનો નંબર ૩૬.



'નીરંગ' નમુનો નંબર ૩૭




તાવીજના નમુનાં નમ્બર ૩૮

૫૧	10૬	૩૧૮
૬૪	74	૯૪૦
[illegible]	17	10૯

"કેતાબપેર કુસ્તી બાંધવાની અને પકડવાની રીત આ ચીત્ર

મુજબ્બ છે નમુનો નંમ્બર ૩૯



[illegible] प्रेसमां छा[illegible] पुर-गोजारीआनी
पोणमां-लिथोमां छाप्युं-अमदावाद.

નમનતાઇ પૂર્વક સુચના.

સદ ગ્રહસ્થો

અને

નેક બાનુઓ

નીરંગો ઊપયોગમાં લેવા

પેહલાં

નિયમ વાંચો અને તે ઉપર

અમલ કરો

લીથો નીરંગો છુટી કરવા બાબત વીગતો નીચે આપી છે.

નીરંગના કલામ, તખતીઓ, દોરા, વીગેરેના નમુના એકી સાથે લીથોના કામમાં કરાવેલ છે અને તે આ સાથે શામેલ છે. તેમાં જણાવ્યા મુજબ નમુના જોવા. જે જગોએ જુઓ નમુનો નંબર લખીને જણાવેલ છે ત્યાં તેટલા નંબરનો નમુનો લીથોવાળા કામમાં જોવાથી જણાશે.

નીરંગોમાં જે બાજ લેવાની ફરમાવેલી છે તેની ખુલાસાવારવિગત

બાજ દાદાર અહુરમજદની*

ક્ષનોથર અહુરહે મજ્દાઓ* અશેમ વોહૂ (૧)

ઇઅજ્દાંન દાદધર દાદાર અહુરમજ્દ* પનામે ઇઅજ્દાંન* અહુરમજ્દ ખોદાઇ અવજુની ગોરજે ખોરહે અવજાઇ આદ* પાક રેહેમી દાદાર અહુરમજ્દ* રઇઓમંદ* ખોરહેમંદ* મીનોઆંન મીનો* બેરેતુમ બેરેસાદ* અજ્ હમા ગુનાહ પતેત પશેમાનુમ* અજ્ હરવસતીન દુશમત* દુજુખત* દુજુઅરેશત* મેમ પ ગેતી મનીદ* ઓઇમ ગુફત* ઓઇમ કરદ* ઓઇમ જશત* ઓઇમ બુન* બુદ ઇઅસતેદ* અજ્ આં ગુનાહ મનશની* ગવશની* કુનશની* તની રોઆંની* ગેતી મીનો આંની* ઓખે અવાક્ષ* પશેમાન પ સે ગવશની પ પતેત હોમ* ક્ષનોથર અહુરહે મજ્દાઓ તરોઇદીતે* અંઘરહે મેનીએઓશ* હેથીઆવરશતાંમ* હીઅદ વસના* ફરશોતેમેમ સતોમે અશેમ* અશેમ વોહૂ (૧) ફરશતોઇ હુમતોઇ બીઅસચા* હુખતોઇ બીઅસચા* હુઅરેશતોઇ બીઅસચા* માંથવોઇ બીઅસચા* વખદોઇ બીઅસચા* વરેશતોઇ બીઅસચા ઇબેગઇઆઇ* દેથે વીસપા* હુમતાચા* હુખતાચા* હુઅરેશતાચા* પેતે રેચીઆ દેથે વીસપા દુશમતાચા દુજુહુખતાચા* દુજુ અરેશતાચા ફરા વીરાહી અમેશાસપેંતા* ઇઅસનેમચા* વહમેમચા* ફરા મનંઘા* ફરા વચંઘા* ફરાશીઓથના* ફરા અંઘોહીઆ* ફરા તનુઅશચીદ* ખખીઆઓ ઓશતનેમ સતોમે અશેમ* અશેમ વોહુ (૩) ફરવરાને માજ્દીઅસનો જરથુશતરેશ

વીદએવો અહુરહે દકેશો (જે ગેહે હોય તે પઢવી) ફ્રસસતીફ્ચ* અહુરહે મજ્દાઉ રેવતો ખરેનંઘહતો* ક્ષનોથર ઇઅસનાફ્ચ* વહમાફ્ચ* ક્ષનોથરાફ્ચ* ફ્રસસતીફ્ચ* ઇઅથા અહુ વેરીઓ જોતા ફ્રામે મરૂતે* અથા રતુશ* અશાદચીદ* અહચ ફ્રા અશુઅ* વીદુઆઉ મરોતુ*

બાજ હફ્ત અમેશાસપંદની*

ક્ષનોથર અહુરહે મજ્દાઉ અશેમ વોહૂ (૧)

ઇઅજ્દાંન દાદઘર રાસ્ત દાદાર અહુરમજ્દ* પનામે ઇઅજ્દાંન* અહુરમજ્દ ખોદાફ્ ખાવીંદે રાસ્ત અવઝુની ગોરજે ખોરહે અવજાઇઆદ* અમર હફ્ત અમેશાસપંદ બેરેસાદ* અજ્ હમા ગુનાહ પતેત પશેમાનુમ* અજ્ હર વસતીન દુશમત* દુઝુખત* દુઝુ અરેશત* મેમ પ ગેતી મનીદ* ઉફ્મ ગોફ્ત ઉફ્મ કરદ* ઉફ્મ જસત* ઉફ્મ બુન બુદ ઇઅસતેદ* અઝાં ગુનાહ મનશની* ગવશની* કુનશની* તની રોઆંની* ગેતી મીનોઆંની* ઉખે અવાક્ષ પશેમાન પ સે ગવશની* પ પતેત હોમ* ક્ષનોથર અહુરહે મજ્દાઉ* તરોફ્દીતે અંઘરહે મેનીએઉશ* હેથીઆ વરશતાંમ હીઅદ વસના ફ્રશોસતેમેમ* સતોમે અશેમ* અશેમ વોહૂ (૩) ફ્રવરાને માજ્દીઅસનો જરથુશતરેશ* વીદએવો અહુરહે દકેશો* (જે ગેહ હોય તે પઢે) ફ્રસસતીઅચ* અહુરહે મજ્દાઉ રેવતો ખરેનંઘહતો* અમેશનાંમ સપેંતનાંમ* વંઘહવ મનંઘહે આક્ષતોફ્શ* હાંમવેનતીઆઉ* તરદાતો અનીઆફ્શ દામાન* આસનહે ખરથવો મજ્દદાતહે* ગોશો સરૂતહે ખરથવો મજ્દદાતહે* અશહે વહેશતહે સરેશતહે* ફ્રીઅમનો અશીઅહે* સુરહે મજ્દદાતહે* સોકીઆઉ વંઘાહીઆઉ વોઊરો દોફ્થરીઆઉ મજ્દદાતીઆઉ અશોનીઆઉ*

ક્ષથરહે વેરીઅહે* અઇઓ ક્ષૂસતહે મરેજ્દેકાઇ* થરાઇઓ દરેગોવે* સપેંતીઆં વંઘોહીઆં આરમેતોઇશ* રાતીઆં વંઘોહીઆં વોહુરૂ-દોઇથરીઆં* મજ્દદાતીઆં અશોનીઆં* હઉરવતાતો રથવો* ઇઆ ઇરી આં હુશેતોઇશ* સરેદેબીઓ અશહે રતુબીઓ* અમેરેતાતો રથવો ફશોનેબીઅ* વાથવનેબીઅ* અસનેબીઅ* ઇઅવનેબીઅ ગોકેરેનહે સુરહે મજ્દદાતહે*

(હાવન ગેહે હોય તો એમ પઢે) મેથરહે વોઉરો ગોઇઓઇતોઇશ રામનસચ ખાસતરહે*

(રપીથવેન ગેહે હોય તો એમ પઢે) અશહે વહેશતહે આથરસચ અહુરહે મજ્દાઓ*

(ઉજીરન ગેહે હોય તે એમ પઢે) બેરેજતો અહુરહે ન ફેદરો અપાંમ અપસચ મજ્દદાતીઆં*

(ઇવેસરૂથરેમ ગેહે હોય તો એમ પઢે)

અશોનાંમ ફરવરશનાંમ ઘેના નામચ વીરોવાથવનાંમ* ઇઆ ઇરીઆ ઉસચ હુશેતો ઇશ* અમહેચ હુતાશતહે હુરોદહે* વેરેથરઘનહેચ અહુરદાતહે વનેનતીઆઉચ ઉપરતાતો*

(ઉશહેન ગેહે હોય તો એમ પઢે) સરોશહે અશીઅહે* અશેવતો વેરેથરાજનો* ફરાદદ-ગેથહે રશનોશ રજેશતહે અરશતાતસચ* ફરાદદ-ગેથીઆં-વરેદદ-ગેથીઆં*

ક્ષનોથર ઇઅસનાઇચ વહમાઇચ ક્ષનોથરાઇચ ફરસસતીઅચ* ઇઅથા અહુવેરીઓ જોતા ફરામે મરૂતે* અથા રતુશ* અશાદ ચીદ હચ ફરા અશુઅ વીદુઆં મરોતુ*

બાજ અરદી બેહેશત અમેશાસપંદની*

ક્ષનોથર અહુરહે મજ્દાઓ અશેમ વોહૂ (૧)

ઇઅજ્દાંન દાદઘર રાસત દાદાર અહુરમજ્દ* પનામે ઇઅ-

જદાંન અહુરમજદ ખોદાઈ ખાવીંદ રાસત અવજુની ગોરજે ખોરહે અવજાઈઆદ* પાક અરદીબેહેશત અમેશાસપંદ બેરેસાદ* અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ* અજ હરવશતીન દુશમત* દુજુખત* દુજુઅરેશત* મેમ પ ગેતી મનીદ* ઉઈમ ગુફત* ઉઈમ કરદ* ઉઈમ જસત* ઉઈમ બુન બુદ ઈસતેદ અજઆંન ગુનાહ મનશની* ગવશની* કુનશની* તની રોઆંની* ગેતી મીનોઆંની ઓખે અવાક્ષ પશેમાન પસે ગવશની* પ પતેત હોમ* ક્ષનોથર અહુરહે મજદાઉ તરોઈદીતે અંઘરહે મેનીઈઉશ હેથીઆ ઉવરશતાંમ હીઅદ,વસનાં ફરશોસતે મેમ* સતોમે અશેમ* અશેમ વોહૂ (૩) ફરવરાને મજદીઅસનો જરથોશતરેશ વીદેવો અહુરહે દકેશો (જે ગેહ હોય તે પઢે) ફરસસતીઅચ* અશહે વહેશતહે સરેશતહે* ઈરી અમનો ઈશીઅહે સુરહે મજદદાતહે* સોકી આઉ વંઘોહીઆઉ વોઉરો દોઈરીથઆઉ મજદદાતીઆઉ* અશોનીઆઉ* ક્ષનોથર ઇઅસનાઈચ* વહમાઈચ* ક્ષનોથરાઈચ* ફરસસતીઅચ* ઇઅથા અહુ વેરીઓ જોતા ફરામે મરૂતે* અથા રતુશ* અશાદ ચીદ હચ ફરા અશુઅ વીદુઆઉ મરોતુ* અશેમ વહેશતેમ સરેશતેમ અમેશેમ સપેતેમ ઇઅજમેદે* ઈરીઅમનેમ ઈશીમ ઇઅજમેદે* સુરેમ મજદદાતેમ ઇઅજમેદે* સોકાંમ વંઘોહીમ વોઉરો દોઈથરાંમ મજદદાતાંમ અશોનીમ ઇઅજમેદે*

બાજ સરોશની*

ક્ષનોથર અહુરહે મજદાઉ અશેમ વોહૂ (૧)

ઇઅજદાંન દાદધર રાસ્ત દાદાર અહુરમજદ* પનામે ઈઅજદાંન અહુરમજદ ખોદાઈ ખાવીંદ રાસ્ત અવજુની* ગોરજે ખોરહે અવજાઈઆદ* ખુબસુરત પાક સરોશ અશો* તગી તન

ફરમાન*શેકફતજીન* જીના અવજાર* સાલારે દામાને* અહુર-મજ્દ બેરેસાદ અજ્ હમા ગોનાહ* પતેત પશેમાનોમ* અજ્ હરવસતીન* દુશમત દુજુખત* દુજુઅરેશત* મેમ ગેથી મનીદ* ચુ્ઝ્મ ગોફ્ત* ચુ્ઝ્મ કરદ* ચુ્ઝ્મ જસત* ચુ્ઝ્મ બુન બુદ ફસતેદ* અજાં ગોનેહાં મનશની* ગવશની* કુનશની* તની રોઆંની* ગેથી મીનોઆંની* ઓખે અવાક્ષ* પશેમાંન પસે ગવશની* ૫ પતેત હોમ* ક્ષનઓથર અહુરહે મજ્દાઉ* તરોઈદીતે* અંધરહે મેનીઉશ* હેથીઆ વરશતાંમ* હીઅદ વસના* ફરશોતેમેમ* સતોમે અશેમ* અશેમ વોહૂ (૩) ફરૂઅરાને મજ્દીઅસનો જરથુશતરેશ વીદેઊઓ અહુરહે દકેશો* (જે ગેહે હોય તે પઢે) ફરસસતીઈચ સરોશહે અશીઅહે* તખમહે તનુ માંથરહે* દરેશી દરોશ આહુ ઈરીઅહે* ક્ષનોથર ઇઅસનાઈચ* વહમાઈચ* ક્ષનોથરાઈચ* ફરસસતીઈચ* ઇઅથા અહુ વેરીઓ જોતા ફરામે મરૂતે* અથા રતુશ* અશાદ ચીદ* હચ ફરા અશુઅ વીદુઆઉ મરોતુ*

બાજ બેહેરાંમ ઈઅજદની*

ક્ષનોથર અહુરહે મજ્દાઉ અશેમ વોહુ (૧)

ઇઅજ્દાંન દાદઘર રાસ્ત દાદાર અહુરમજ્દ* પનામે ઈઅજ્દાંન અહુરમજ્દ ખોદાઈ ખાવીંદે રાસ્ત* અવજુની ગોરજે ખોરહે અવજાઈઆદ* પાક બેહેરાંમ ઈઅજ્દ પીરોજ્ગર* દુશમનજ્દાર અમહે હુતાશતહે દાદે રાસત બેરેસાદ* અજ્ અમા ગોનાહ* પતેત પશેમાનોમ* અજ્ હરવસતીન* દુશમત દુજુખત* દુજુઅરેશત* મેમ ૫ ગેથી મનીદ* ચુ્ઝ્મ ગોફ્ત* ચુ્ઝ્મ કરદ* ચુ્ઝ્મ જસત* ચુ્ઝ્મ બુન બુદ ફસતેદ* અજાં ગોનેહા*

મનશની* ગવશની* કુનશની* તની રેઆંની* ગેથી મીનો આંની* ઓખે અવાક્ષ* પશેમાંન પસે ગવશની* ૫ પતેત હોમ* ક્ષનોથર* અહુરહે મજ્દાઉ* તરોઇદીતે* અંઘરહે મેનીઉશ* હેથીઆ વરશતાંમ* હીઅદ વસના* ફરસોસતેમેમ* સતોમે અશેમ* અશેમ વોહૂ (૩) ફરવરાને મજ્દીઅસનો જરથોશતરેશ* વીદેવો અહુરહે દકેશો* (જે ગેહે હોય તે પઢે) ફરસસતીએચ* વેરેથરગનહે અહુરદાતહે* વનંતીઆઉસચ ઉપરતાતો* ક્ષનોથર ઇઅસનાઇચ* વહમાઇચ* ક્ષનોથરાઇચ* ફરસસતીઇચ* ઇઅથા અહુવેરીઓ જોતા ફરામે મરૂતે* અથા રતુશ* અશાદ ચીદ* હચ ફરા અશુઅ* વીદઆઉ મરોતુ*

બાજ હોમ યજદની*

ક્ષનોથર અહુરહે મજ્દાઉ અશેમ વોહુ (૧)

ઇઅજ્દાંન દાદધર રાસ્ત દાદાર અહૂરમજ્દ* પનામે ઇઅજ્દાંન* અહુરમજ્દ ખોદાઇ* ખાવીંદે રાસ્ત અવઝુની* ગોરજે ખોરહે અવજાઇઆદ* પાક રાસ્ત હોમ ઇઅજદ બેરેસાદ*અજ્ હમા ગોનાહ*પતેત પસેમાનોમ*અજ્ હરવસતીન* દુશમત*દુઝુખત*દુઝુઅરેશત* મેમ ૫ ગેથી મનીદ* ઉઇમ ગોફત ઉઇમ કરદ* ઉઇમ જસત* ઉઇમ બુન બુદ ઇસતેદ* અજા ગોનેહા* મનશની* ગવશની* કુનશની* તનીરેઆંની ગેથી મીનોઆંની* ઓખે અવાખશ* પશેમાંન પસે ગવશની* ૫ પતેત હોમ* ક્ષનોથર અહુરહે મજ્દાઉ તરોઇદીતે* અંઘરહે મેનીઇઉશ* હેથીઆ વરશતાંમ* હીઅદ વસના* ફરશોતેમેમ* સતોતે અશેમ* અશેમ વોહૂ (૩) ફરવરાને મજ્દીઅસનો જરથોશતરેશ વીદેવો અહુરહે દકેશો* (જે ગેહે હોય તે

પઢ) ફરસસતીફ્ચ* હોમહે અશુઅ જંયો* ક્ષનોથર* ઇઅસ-
નાફ્ચ* વહમાફ્ચ* ક્ષનોથરાફ્ચ* ફરસસતીફ્ચ* ઇઅથા અહુ
વેરીઓ જોતા ફરામે મરૂતે* અથા રતુશ* અશાદ ચીદ* હચ
ફરા અશુઅ વીદુઆ‌ંુ મરોતુ* હોમેમ જાફરીમ બેરેજંતેમ ઇઅ-
જમેદે* હોમેમ ફરાશ મેમ ફરાદદ ગેથેમ ઇઅજમેદે* હોમેમ
હુરોશેમ ઇઅજમેદે*

નિયમ*

" પીંછી કરવાની વિગત "

આ નીરંગોમાં પીંછી કરવાની ફરમાવી છે પણ, કેટલાંક બાનુઓ તેમજ ગ્રહસ્થોને ખુલ્લી તે વિષે સમજ પડતી નહિં હોવાથી ખુલ્લો ખુલાસો અતરે ટાંકયો છે.

પીંછી શાહામૃગ (કેટલાકો અને શીહાંમૃગ અને કેટલાંકો શીંહમુરૂંગ કરીને કહે છે) ના પીંછાના બનાવ્વી અને જો પીંછ નહિં મલે તો મોરના પીંછની પીંછી બનાવ્વી અને બરોબર પીંછ એકઠાં કરીને બાંધી પરેજગારીથી રાખવી. કોઇબી અભરછત અથવા કંઇ પણ પ્રકારની નાપાકીથી દુર રાખવી. અને ખપ હોય ત્યારે દહીંને માટે વપરાશમા લેવા પહેલાં સાફ કરવી અને દહીંના શરીર પર ' ઉતરતી 'ફેરવતાં પીંછી કરવાની નીરંગો ભણવા ફરમાવી છે તે મુજબ ભણવી.

" નીરંગ ધોઇને પીવાની "

આ કેતાબમાં નીરંગ ધોઇને પાવાની ફરમાવી છે તેની સમજ એ છે કે જે વખતે નીરંગ કરવી હોય તેજ વખતે શાહી બનાવી સફેદ કાગલપર

તે શાહીથી નીરંગ લખીને એક ચોખ્ખા વાસણમાં ચોખ્ખું પાણી લઇને તેમાં લખેલું કાગળ ભીંજવીને ચોળીને શાહી પાણીમાં મળી જાય તેમ ધોઇ નાંખવું અને કાગળ ફેંકી નહી દેતાં એક બીજા ચોખ્ખા વાસણમાં રેહેવા દેવું, પછી પેલું પાણી કે જેમાં નીરંગ ધોએલી છે તે પાણીને આતશ પર બુપ દેવું અને લોબાંન મુકતાં પાક પેદા કરનારની યાદગીરી કરવી કે " **અય પૃથ્વીના પિતા રેહેમી ખુદાવંદ** " તારો પેદા કરેલો હું એક ખાકી બંદો તુંજ કેરદેગાર આગળ અરજ ગુજારૂં છું કે તુંજ **કીરતીવંત કીરતારે** પેદા કરેલા રાસ્ત રાહબર **જરથુશ્ત** અને એવાજ બીજા પાક નરોના લાવેલા પવિત્ર કલામોનું આ પાણી પીવાથી (એ જગોએ દર્દીનું નામ લેવું) ને શાંતી અને ફાયદો બક્ષો પછી તે પાણી દર્દીને પાવું.

" નીરંગ કરવાનો વખત. "

નીરંગ કરવાનો વખત પાછલી રાતનો વધુ સારો છે અને તેજ વખતે કરવી વાજેબ છે. જે કોઇ આસામી મર્દ યા બાનું કોઇબી નીરંગ કરવા ઇચ્છે યા કલામ **'પવિત્ર માથ્ર'** ભણવાની ખાયસ રાખે, અને પોતાનું કામ શેહેલાઇથી તુરત ફાયદેમંદ થયલું જોવાને આતુર હોય તેઓએ જરૂર ઉશહેન ગેહનો વખતજ નીરંગ કરવા બાબે લેવો. ખતમ થતી "ઉશહેન ગેહનાં બામદાદનાં" ખુશ વખતમાં પોતાના પેદા કરનાર પાસે માફી ચાહાવી યા અનેક ભલી ખાયશ નેક મુરાદ ચાહાવી "જેટલી સારી અને ફાયદેમંદ અને ફતેહમંદી ભરેલી છે" તેટલી બીજા કોઇબી વખતે કરેલી બંદગી અથવા ચાહેલી મુરાદ તેની બરોબર નથી.

" નીરંગ કરવાના ઊત્તમ દિવસો "

નીરંગ કરવા અને પોતાના ધારેલા કામમાં ફાયદો ચાહાવા અગાઉ સર્વે કોઇએ ફાયદેમંદ દિવસ જાણવાની પેહેલી અગત્ય છે. સારૂં ચાહાવું અને સારો વખત એ સર્વ " **પાક દાવરે** " સરજ્યું છે. અને ખુરૂ તે હમેશાં **'હનામિનો'** થી આહમ જાતને પોહોંચે છે કે અખણું સમજવાની શક્તિ ઇનશાનોને તે " **કરીમે કારસાજે** " બક્ષેલી છે.

અહુરમજદ, દેપઆદર, દેપમેહેર, મેહેર, દેપદીન,
તેથી ઓછા
બહમન, મોહોર, ગોશ, રાંમ, જમીઆદ,
શેહેરેવર, રશ્નાં, આશતાદ, આસમાન, મારેસપંદ,

એટલા દિવસોમાં ધારેલી નેક નૈયતનું કાંમ સારા વખતમાં શરૂ કરવાથી કરનારને પોતાને ફાયદો જલદી હાશેલ થાય છે. સર્વ શુભ કાંમો માટે ઉપલા દિવસો ઘણા ઉત્તમ છે.

" અરદી બેહેશ્ત, આદર, સરોશ, બેહેરાંમ, દીન, "

ઉપલા પાંચ રોજે દુશ્મન ટાળવાની, દરૂજી મટાડવાની નીરંગો યા તાવીજો કરવાથી વધુ ફાયદો છે.

'આવાં' રોજે હમેલદાર ઓરતે; યા એક ભલી માતા કે જેણીને પોતાનાં બાલક સારૂ તેણીનાં હાડનાં દુધની જરૂર છે તેણીએ, યા ગ્રહસ્થ કે જેમણે પોતાનાં બદનની સંભાલ માટે તાકાદીની જરૂર છે તેમણે તથા પેહેલવાનો કે જેઓને લડાઈમાં ફતેહની જરૂર છે તેઓને, પોતાની માગેલી મુરાદ બર લાવવા માટે બંદગીની શરૂઆત થકી 'આવા' રોજ ઉત્તમ છે.

આસામી કે જેમણે પોતાને આ દુન્યામાં પોતાની 'રોજી' નાં બાબમાં વધુ ફાયદો મેળવવાની આતુરતા છે, યા પોતા પરની આફ્રત, રંજ, મુશ્કેલી વિગેરે ટાળવાની જરૂર છે, તેમણે નીરંગ, તાવીજ, યા ધર્મ ક્રિયા કે જે આ કેતાબમાં ફરમાવી છે તેની શરૂઆત માટે " મોહોર અને અશ્તાશંગ " રોજ વધુ ફાયદેમંદ છે.

" નીરંગ બાબે શાહી "

ભલી દીનના પાળનાર સર્વ કોઇએ નીરંગ બાબેના નિયમમાં પવિત્રાઇથી શાહી બનાવવા વિષે પણ જાણવાની અગત્ય છે ઘણું કરી નીરંગમાં માત્ર ત્રણ જાતની શાહી બનાવવામાં આવે છે જેવી કે લાલ અને ' પીળી (કેશરની) ' અને કોઈકજ નીરંગ કાળી શાહીથી લખાય છે કે જે બાબે તે નીરંગમાંજ કાળી શાહીથી લખવાની સુચના કરવામાં આવે છે. તો પણ જ્યાં કેશરની શાહી વાપરવા કહી હોય ત્યાં તેજ વાપરવી.

કેતાબમાં ફરમાવ્યા મુજબ પવિત્રાઇથી ' બાજ ' લઇને જે રંગની શાહી

વાપરવી હોય તેની ભુકી લઇને ચોખ્ખું પાણી ગરમ કરીને તેના ખપ જેટલું રેડીને જેટલો ખપ હોય તેટલીજ શાહી બનાવવી. કેશરની શાહી પણ તેજ મુજબ ખપ હોય એટલો કેશર લઇને ઉપર જણાવ્યા મુજબ બનાવવી. અને ખપ પુરો થતાં શાહી વધે તો વાડીની જગ્યામાં યા કોઈનો પગ નહિં પડે એવી જગ્યાએ ખાડો ખણીને નાખવી, અને ઉપર મટોડી વાળી લેવી, ગમે તેટલા દીવસ નીરંગ લાગટ બનાવો પણ, ઉપર જણાવ્યા મુજબ તુરત ખપ જેટલીજ શાહી બનાવવી.

" નીરંગ બાબે કાગળ "

નીરંગ લખવા બાબે કાગળ સફેદ યા ગુલાબી વાપરવામાં આવે છે. નીરંગ બનાવવાના હરેક નિયમમાં આબી એક ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે કે, જ્યારે નીરંગ કીધી હોય ત્યારે, આગળ જણાવ્યા મુજબ (નીરંગ ધોઇને પીવાનીમાં) નીરંગ લખી અને પાક પાણીમાં ભીંજવી પાણીમાં, લખેલી શાહી મળી જવા બાદ કાગળ ચોળીને કાઢી લેવું અને જમીનપર નહિં મુકતા બીજા એક સ્વચ્છ વાસણમાં મુકવું અને નીરંગ કરી ફારેગ થયા પછી તે કાગળ પણ કોઇનો પગ તળે નહિં આવે એવી જગ્યાએ ખાડો ખણીને નાંખવું. અને જ્યાં, બાજુએ બાંધવા યા દર્દ પર બાંધવા ફરમાવ્યું છે તે મુજબજ લખીને તે કાગળ દર્દપર બાંધવું.

" નીરંગ બાબે પાણી. "

સર્વ કોઇએ નીરગ બાબે જોઇતું પાણી કુવાનું લેવું 'પેહેલાં તન સરવેરથી' (માથાવેરથી નાહીને) પાક કરી કુવા યા વેહેતા જહરાનું પાણી લેવું, જો તે નહિં બની શકતું હોય તોજ નળનું વાપરવું.

" તખ્તીઓ. "

આસામીઓ કે જેઓને ઝંદ, પેહલવી, ફારસી, વિગેરે લખતાં નહિં આવડતું હોય તેઓએ, યા જેઓને વારંવાર લખવું કંટાળા ભરેલું લાગતું હોય તેઓએ આ પુસ્તકમાં જણાવેલી તાવીજો અને નીરંગો ચાંદીનાં યા બીજી કોઈબી ધાતુનાં ઉપર (જેમ હાલ ' મોનોગ્રામ ' કોતરાવે છે તે મુજબ) સીક્કા માફક તખ્તીઓ કોતરાવી રાખવી, કે જે વર્સો સુધી અને બચ્ચાંઓનાં બચ્ચાં સુધી જલવાઇ રહે, પણ ધ્યાન રાખવું કે એક બીજી નીરંગો યા તાવીજો અદલ

બદલ વાપરવામાં નહિં આવે તેથી ઉલટું ફાયદાની વતી જીંદગીને નુકશાની પહોંચે છે.

આગળ જણાવ્યા મુજબ એ કોતરાવેલી તખ્તીઓ જ્યાં નીરંગ ધોઇને પીવા ફરમાવી છે તેને એટલુંજ કે પવિત્રાઇથી શાહી બનાવી તે તખ્તીપર લગાડી, કાગળપર છાપની માફક દાબવી. અને તે કાગળ સ્વચ્છ પાણીમાં ધોઇને પાણી ઉપયોગમાં લેવું. પણ જ્યાં તાવીજ યા નારંગ બાંધવા ફરમાવી છે તેને માટે શાહીની જરૂર નથી. " ફક્ત તે તખ્તીઓ (ગલામાં યા જેમ પેહેરનારને ભાવે તેમ લોકીટ માફક યા ઘળીઆળના છેડામાં) પહેરવી " પણ પેહેરવા આગમચ લોબાંન ધુપ દેવી, અને પોતાના પેદા કરનાર પાસે ફતેહ માંગવી યાને આતશપર લોબાંન મુકી પહેલાં દશ અહુનવર પઢવા અને મદદ ચાહાવી (એ બાબે નીરંગ ધોઇને પીવાનીમાં પણ એસારો કર્યો છે) કે " અય કુલ આલમનાં માલેક સાહેબે સખાવત તારા પેદા કરેલા શસ્ત શાહાબરો મારફતે આવેલાં આય કલામોને હું મારા પોતાનાં (જે દર્દ હોય તેનું નામ લેવું) ફાયદા માટે પેહેરૂં છું તો તું કીર્તિવંત કીરતાર મદદ આપ, અને ફાયદો પોહોંચાડ " વળી ધ્યાનમાં રાખવું કે તે તખ્તી દહીંએ પેહેર્યા બાદ પોતે અભરછતને અડકવું નહિ યા પોતે થવું નહિં; છતાં જો કોઇ બાનુંને માસિક માંદગી હોય તો ઉરત તે તખ્તી કાઢી નાખવી; અને પાક થયા પછી પાછી ધુપાવીને પેહેરવી.

" ઝંદ, પેહેલવી, અને ફારશી ભાષા "

ગુજરાતી ભાષાની માફક ડાબા હાથ પરથી નહિં પણ જમણા હાથ પરથી શરૂ થાય છે, માટે નીરંગ કરનાર સર્વે આસામીએ જ્યાં એ ભાષાનાં ' કલાંમ ' આપેલા છે તે ઉપર જણાવ્યા મુજબજ શરૂ કરવા યાને લખવા.

" નીરંગમાં ફરમાવેલા દોરા વિષે "

સર્વ કોઇએ દોરો બનાવવા બાબે જાણવાની જરૂર છે અને અહિંઆ તે બાબે ખુલાસો કરેલો અગત્યનો થઈ પડશે કે ' દોરો ' એક કરતાં અનેક રીતથી સર્વ કોઈ પોતાની મરજી મુજબ બનાવે છે, પણ તેવું નહિં કરતાં ખરી રીત આયજ છે કે કોઇબી પ્રકારનો દોરો બનાવવો હોય તો ' બહ્યુ

સુતર'ના સાત તરાગ લઈ વળ દેવો અને જે ઠેકાણે જેમ ફરમાવ્યું છે તે મુજબ 'કલાંમ' પઢતાં તેટલા ગાંઠ વાળવા.

દોરા તુટી નહિં જાય માટે વધુ મજબુત બનાવ્વાની અગત્ય હોય તો નીચે મુજબ બનાવ્વું.

તૈયાર દોરા જેટલો જોઇતો હોય એના "ડબલ સાત તાર બ્લ્યુ સુતરનાં" લેવા અને પગના અંગુઠામાં હારદા મીસાલ ચીત્રમાં બતાવેલ નમુના મુજબ (જુઓ નમુનો નંબર ૧) લેવો પછી બીજો તેના કરતાં ચારઘણો લાંબો દોરા (તે પણ સાત તાર લેવા અને બ્લ્યુજ લેવા) લઈને બેવડ લાંબો કરી લંબાઈ બેઉ બાજુથી સરખી રાખી પગનાં અંગોઠાં આગળથી, ગાંઠ વાળવો (પેહેલો દોરા કે જે પગનાં અંગોઠામાં પેહેરેલોછે ત્યાંથી,) અને 'યથા અહુ **વેરીઓની 'શીઓથેનનામ'** પઢતાં, પેલા ઉપલા દોરાથી, પગનાં અંગોઠામાં પેહરેલા દોરાને, જેમ આપણે કુશ્તીનાં આગલા ગાંઠ કુશ્તી કમ્મરપર બાંધતી વખતે વાળ્યે છીએ, તે મુજબ વાળવા અને કુશ્તીના પહેલો આંટા કમ્મર પર આગળથી લપેટીને પછવાડેથી લઇએ છીએ તે મુજબ દોરાને ઉપરથી ગાંઠ વાળીને તળેથી આંટા લેવો. એ ઉપર જણાવ્યા મુજબ આય કેતાબમાં જે જગોએ જેટલા ગાંઠ વાળવા ફરમાવ્યું છે તેટલા વાળવા અને ઉપ્યોગમાં લેવો. તુટી ગયલા દોરાને પાછો તેનો તે સાંધીને વપરાસમાં નહિં લેવો કારણ એક વખત ક્રિયા કરીને બનાવેલો દોરા તુટી ગયો હોય તો 'ક્રિયા અને કલામની' મજબુતાઇ પણ ઘણેક દરજ્જે ઓછી થાય છે યાને લગભગ સાદો દોરા કે જે ક્રિયા વગરનો છે તેવોજ તે થઇ જાય છે તેથી જો ખપ હોય તો બીજો નવો બનાવી વપરાસમાં લેવો. અને તુટી જાય તો તે દોરાને રખડતો નહિં મેલતાં વાડીની યા કોઇનો પગ નહિં પડે એવી જગ્યાએ ખાડો ખણીને નાખવો અને મટોડી વાળવી.

" નીરંગ કરવા આગમચ નાહાન નાહાવાની જરૂર "

કોઇબી રીતની બંદગી કરવા યા પોતાનાં પેદા કરનાર પાસે નેક મુરાદ ચાહાવા અને નીરંગ કરવાની શરૂઆત કરવા આગમચ દરેક આસામીએ 'નાહાન' નાહાવાની જરૂર છે. તન મનની ચોખ્ખાઇ વાપરી પોતાનું અંતઃકરણ સ્વચ્છ રાખી, નેક નૈયત, સત એકીન અને ખરો ભક્તિભાવ કે જેની બંદગીમાં મુખ્ય જરૂર છે તે પર દરેક આસામીએ અમલ કરી પોતાનાં એક 'અતી વ્હાલા


મીત્ર અને હમેશનું રજક તથા પુરતુ, કૌવત બક્ષનાર' પાસે ફતેહ અને તે રેહેમી ખાવીંદનાં પેદા કરેલા 'અશો ફરેસ્તાઓ'ની મદદ પોતાનાં ધારેલાં કામોમાં ચાહાવા બાબે પવિત્રાઈ અને ચોખ્ખાઈની મુખ્ય જરૂર છે, અને તે વીનાની બંદગી તથા ક્રિયા નજીવી અને બીન ફાયદેમંદ છે, અને તે કરવું ન કરવું એ સઘળો આધાર બંદગી કરનારની મરજીપર છે. ઈનશાન કે જેનું પોતાનું ચીત્ત હમેશાં ખુદા તરફ. તેની સઘળી લાગણી પોતાનાં પેદા કરનારનાં ખાકી બદાઓ તરફ છે, જેની સર્વ માનની નજર તે કીર્તિવંત કીરતારે પેદા કરેલી તમામ પેદાયસો તરફ છે, અને ધર્મ કેતાબ તથા ફરમાનને અતિ વ્હાલુ ગણે છે તેને માટે પવિત્રાઈ એ એક ઉત્તમ ચીજ છે, અને તેજ આસામી સર્વ ધાર્મીક કાયદા ઉપર અમલ કરી શકે છે.

" બંદગી અને ક્રિયા કરનારનાં કપડાંની ચોખ્ખાઈ "

ખરી જરથોસ્તી બંદગી કે જેથી પવિત્રાઈ ભરેલી મુરાદ, અને નેમ પોતાના પેદા કરનાર પાસેથી બર લાવ્વાની અને પાર પાડવાની છે, તે આ દુન્યાંને લગતાં સુખની તેમજ તે કરતાં પણ વધુ અમ્મર સુખ, અશો અહુરમજદનાં દર્શન ઉંડાં માહ જ્ઞાનને લગતી છે, કે જે વખતે બંદગી અને ક્રિયા કરનાર આસાંમીએ પોતાનું તન પાક અને કપડાં સ્વચ્છ, એક ચીત રાખવાની ઘણી અગત્ય છે.

" ખોરાક "

નીરંગો અને ક્રિયાઓ જે આ કેતાબમાં જણાવી છે તે કરવા પેહેલાં અમલ કરનારે પોતાનાં હમેશના ખોરાકમાં પરેજગારી રાખવાથી ઉરત ફાયદો મલે છે. કોઈ પણ જાતના માસ, દારૂ, મછીથી પરહેજ રેહવું, એ સઘળું કરવું અને સર્વ ફરમાન પાળવાથી ઉરત મળતો ફાયદો એ સર્વ બંદગી અને ક્રિયા કરનારની મરજીપર આધાર રાખે છે.



એજમતી નીરંગ.

હરેક પ્રકારનું બિકટ દર્દ દફે કરવાની બાબમાં.

જો કોઇ પણ આસામીને કંઇબી બિકટ દર્દ થયું હોય કે જેથી તેને અત્યંત બેચેની ઉત્પંન થતી હોય, યા હરેક પ્રકારની આફત, ફીકર યા દર્દ કોઇબી પ્રકારનું હોય તો પાક દાદાર અહુરમજદને નામનાં ઈજશની, જશન, સાથે દરૂન ચાલુ કરવા, યા પોતાની ગુજાસ માફક **અહુરમજદની** આરાધના કરવી કે જેથી સર્વ હરકત નડતી દફે થશે.

ઉપાય બીજો

પાક જરથોસ્તી દીનનાં પાળનાર કોઇબી હમદીનને કંઇબી દર્દ દફે નહિ થતું હોય અને બેચેની ઘણી રેહેતી હોય તો (નમુનો ના. ૨ ની તાવીજ) કે જે હરેક દર્દના ઇલાજ માટે અકસીર છે ને તેમાં અનેક ગુણો છે તે ધોઈને પાય યા બાજુએ બાંધે તો તેથી દર્દ નાબુદ થાય. (કેશરની શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર. ૨.)

હરેક પ્રકારની મુશ્કેલી ટાળવાની બાબમાં.

અગર જો કોઇ માજદીઅસની ભલી દીનનાં પાળનારને કંઇ બિકટ દર્દ થયું હોય યા કંઇ આફત અથવા મુશકેલી નડતી હોય તો પાક ફીરેસ્તાઓની નેયતે બાજ, આફ્રગાન, ઈજશની, વંદીદાદ, પોતાની ગુજાસ માફક ચાલુ કરવું, યજદાંનની બક્ષેશથી સર્વ હરકત દફે થશે.

પેટમાં દુઃખતું દફે કરવાની બાબમાં*

અગર કોઈબી શખ્સના પેટમાં દુઃખતું હોય તો પાકી હોશીયારીથી કુસ્તી પાદીઆબ કરીને અરદીબેહેશત અમશાસપંદની બાજ લઇને નીચલી નીરંગ સાત વખત દદીના પેટપર હાથ ફેરવતાં પઢવી, દાદારની રેહેમથી પેટમાં દુઃખતું દર્દ દફે થશે.

" કલાંમ "

" પનામે ઇઆરેશે પાક અહુરમજ્દ ખોદાઈ ખાવીંદે રાસ્ત વ અમેશાસપંદાન, ઇઅજદાંને મીનોઆંન વ ઇઅજદાંને ગેતીઆંન, કુલ બલા દફે કુનમ, આજાર દફે કુનમ, ઓ આજારી દફે કુનમ, હમએ દર્દ દફે શવદ, અએ પાકી બુલંદ દાદયર રાસ્ત અહુરમજ્દ બે અવજુની અશોને, અશેમ વોહૂ (૧)" (૭ વખત પઢવી)

ઉપાય બીજો*

જે કોઇ આસામીના પેટમાં દુખતું હોય યા કંઈબી દર્દ યા આજાર થયો હોય તો તે આસામીને (નમુનો નં. ૩ ની તાવીજ) લખીને ખવાડવી યા તો ધોઇને પાવી કે તેથી દર્દ દફે થાય. (તાવીજ કેશરની શાહી બનાવીને એટલે કેશર પાણીમાં ભીંજવીને તે પાણીથી સફેદ જીણાં કાગળ પર લખવી.) (જુઓ નમુનો નંબર ૩.)

ઉપાય ત્રિજો*

જો કોઈબી બહી દીનનાં હમદીનને પેટમાં દર્દ વધુ થતું હોય તો પાક આતશ-બેહેરાંમની આરાધના કરવી. યાને પોતાની રોજની ફરજીઆત બંદગી પાક આતશ બેહેરાંમના પાક મકાનમાં જઈને કરવી. સુખરે ખુશઓઇ પોતાની

ગુંજાશ માફક લઇ જવું. જો શક્તિ હોય તો કંઈ બીજી ચીજો જેવી કે ગાલીચા ચેરાઘો (બતી), વિગેરે ભેટ કરવું. અને બની આવે તો પોતે જયાં તુલીક બંદગી ગુજારે ત્યાં સુધી રોજ ઘીની બતી તે પાક મકાનમાં ચાલુ કરાવવી.

ઓખાર આવતી દફે કરવાની બાબમાં*

અગર જો કોઇને ઓખાર (તાવ) આવતી હોય તો તે દફે કરવા માટે પવીત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેસ્ત અમશાસપંદની બાજ લઇને નીચલા "કલાંમ" સાત વખત પઢતાં એક દોરો બનાવ્વો, અને એક વખત નીરંગ પઢી એક ગાંઠ વાળવો, એમ સાત વખત પઢતાં સાત ગાંઠ વાળવા અને જેને ઓખાર આવતી હોય તેને ડાબા હાથની બાજુએ બાંધવો. દોરો બાંધવા પેહેલાં આતશપર લોબાંન, અગરની ખુશબો મુકી પાક અહુરમજદનું નામ જુબાંનપર લઇ તે દોરાને ધુપાવ્વો અને પછી દર્દીને બાંધવો.

'કલાંમ'

" નામે ઇઅજદ નામે નવે ફરેહુન આથવીઆંન, ઇનતાઓ નોમેમ ઇનતાઓ ગરેમેમ, ચેદરોજ સેસજદ રોજ, ચેજદીઓની-મમ, અદરો અનેદરો, વીમનો જરથુશતરો બ અવજુન અશોને અશેમ વોહૂ (૧) "

ઉપર મુજબ ભણુતર ભણતાં દોરો બનાવ્વો અને ઉપલા કલાંમ સાત વખત પઢતાં દરેક વખતે એકેક ગાંઠ વાળવો એમ સાત ગાંઠ વાળવા અને હેઠલ લખેલી બે નીરંગ દરેક સાત સાત વખત પઢતાં તે દર્દીને દરેક વખતે પીંછી કરવી અને પછી દોરો બાંધવો.

" પીંછી કરતાં પઢવાની નીરંગો "

" ઇઅજદાન દાદઘર દાદાર અહુરમજદ* કુલ બલા દફે શવદ, ઓ દેવ, ઓ દરૂજ, ઓ પરી, ઓ કફતાર, ઓ સેહેરાંન, ઓ બાદ અખત હેદ અખી દર્દે શેકમ, હમએ દર્દે હફત અન-

દાંમ, ખલલે શેતાંન હમએ હરકતે શેતાંન, ઓ ખલલ દેમાધ શેતાંન, ખાતર પરી શાંન બાદ* ઓ દર નજ઼ર બરવીજ઼ન* તા દીદને નવશાત માનંદ, હમ ચુનીન બલા દફે શવદ, હમએ બલા દફે શવદ કુલ આજાર દફે શવદ, હમએ કારે હેરેમન નાબુદ શવદ* અએ દાનાં દાદાર બનામે યારીએ તુ હમએ દર્દ, વ આજાર, વ બોખારે (એ જગોએ દર્દીનું નામ લેવું) દફે કુનમ* "

" કુ સેકનમ ઓ વાએનુંમ નેઝાર કુનમ, કાલબુદેશોમા દેવાન, ઓ દરૂજાન, ઓ જાદુઆંન ઓ પરીઆંન પ હોમ વ બરસમ વ દીને રાસત, વ દરૂસત, વેહે દાદાર અહુરમઝદ પીરો-જ઼ગર પાક ખુદાવંદ ઓ મન ચાશીદ, હોમ ઇઅજ઼દ કુલ બલા દફે કુન, હમએ બલા દફે કુન, અએ ઇઅજ઼દ તુઈ મુઝાહમે હમએ દર્દ દર્દ. (એ જગોએ દર્દીનું નામ લેવું) દફે કુન* હમએ બલા દફે શવદ* " અશેમ વોહૂ (૧)

ઉપર જણાવ્યા મુજબ બન્ને નીરંગો " કુલબલા દફે શવદની અને કુસે-કનમની" સાત વખત પઢતાં દરેક વખત છે દર્દીને પીંછી કરવી, અને પછી ઉપર જણાવેલો દોરો ધુપાવીને બાંધવો, જો પાકી હોશીયારીથી અને ખરી પરેજગારીથી એ કાંમ કરવામાં આવશે તો તુરત યઝદાંની બખશેશથી ફાયદો મળશે.

ઉપાય બીજો*

ભલી માજદીઅસની દીન પાળનાર કોઇબી મર્દ, ઓરત, યા બચ્ચાંને કોઇને બી તાવ દફે ન થતી હોય તો (નમુનો ના. ૪ ની તાવીજ) બનાવીને પાવી, પાક મનથી એ કાંમ કર્યામાં આવશે તો આવતી બોખાર દફે થશે. જો કોઇબી દર્દનું જોર વધુ હોય અને આય નીચલી તાવીજ ધોઇને ધુપાવીને પાય તો દર્દીના જીવમાં શાંતી ફેલાય. (કેશરની શાહી બનાવ્વી) (જુઓ નમુનો નંબર ૪.)

આંખનું દર્દ દફે કરવાની બાબમાં*

કોઈ આસામી મર્દ યા ઓરત યા બચ્ચું કોઇનેબી જો આંખ દુઃખતી હોય તો ખુરશેદ ઈઅજદની આરાધનાં કરવી અથવા તેની બંદગી ચાલુ કરવી યા પોતાથી બની શકે અને ગુજાશ હોય તો ઈજશની, જશન, સાથે દરૂન ચાલુ કરવા. યા પોતાની ગુજાશ મુજબ ખુરશેદની નીઆઇસ, ઈઅશત પઢાવવી અથવા ખુદ પોતે પઢવી.

આંખ આવી હોય યાતો ખરાબ પાણી આંખે ઊતર્યું હોય તેની બાબમાં*

જો આંખ આવી હોય યા ખરાબ પાણી આંખે ઉતર્યું હોય તો બેહેરાંમ ઇઅશતનો ૧૬) મો કરદો (ફકત એકલોજ ૧૬ મો કરદો આખી ઇઅશત નહિં) ૧૦૮ વખત દરરોજ પઢવો. અને તનદોરસ્તીમાં ફકત દર્દીનુંજ નામ લેવું એટલીજ બંદગી રોજ ચાલુ રહેશે તો પાક ઇઅજદાંની યારીથી સર્વ હરકત ટળી દર્દ દફે થશે. (એ ૧૬ મો કરદો દરેક વખતે પઢતાં દર્દીની આંખપર હાથ ઉતરતો ફેરવ્વો.)

આંખે ફુલું પડયું હોય તેની બાબમાં*

જો કોઇબી ભલી દીનનાં બેહેદીનની યા એરવદ દશતુરની કોઈનીબી આંખમાં ફુલું પડયું હોય તો શ્રી આતશ-બેહેરાંમની દરઘાહમાં સુન્નાની યા ચાંદીની આંખો ભેટ મોકલવી. યાને પોતે પોતાના દુઃખ બાબે પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી આતશપર સુખડ, ખુશબોઇ મુકી કેહેવું કે આંખ સારી થશે તો ચાંદીની યા સુન્નાની આંખ આતશ-બેહેરાંમમાં ભેટ કરીશ. ભરોશો અને એકદીલ રાખી જો આરાધના કરી હશે તો પોતાનાં કાંમમાં ફતેહ પાંમશે.

ઉપાય બીજો

પવીત્રાઈથી કુસ્તી પાદીઆબ કરી સરોશ અશોની બાજ લઈ નીચલા ઝંદ કલામો એક કાગલપર કેસરની શાહીથી લખીને જેની આંખે ફુલું પડયું હોય તેને બાંધે યાતો તખતી માફક ચાંદીમાં કોતરાવી હદીંને પેહેરાવેતો ઇઅઝદાંની બક્ષેશથી ફાયદો પામે, (કેસરની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૫.)

ઈલાજ ત્રિજો*

જો મોતીઓ યા ફુલું આંખમાં પડયું હોય તો પોતાની ગુંજાશ માફક તેશતરતીર ફરેસતાની આરાધના કરવી યા તીર યઅશત દરરોજ પઢવી તથા તનદરોસ્તીમાં નામ હદીંનું દઈને પઢાવ્વી જો એક મન અને શાંત જીવે એ કીયા કરવામાં આવશે તો રેહેમી ખાવીંદના હોકમથી દર્દ દફે થશે.

શીતળામાં આંખ આવી હોય યા દુઃખતી હોય યા વધુ દરદ થતું હોય તેની બાબમાં*

કોઈબી બચ્ચાંની યા મર્દ તથા ઓરત કોઇનીબી આંખને શીતળાના દર્દ વખતે કંઇબી રીતની હાંની પોહોંચી હોય તો પવીત્રાઈથી કુસ્તી પાદીઆબ કરીને અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઈને હદીંની આંખપર હાથ ફેરવતાં નીચલા કલાંમ સાત વખત પઢવા.

' કલાંમ '

" બનામે ઇઅઝદાંન દાદગર દાદાર અહુરમજ્દ બક્ષાઈ અંદેહ બક્ષફ્શગરે મેહેરબાંન પાક દાવર દાનાંવ તવાનાં બીચુન બીનમુન, કુલ બલા દુર કુનમ* હમે દર્દ દફે કુનમ, હમે દર્દ

બ ચશમ દર્કે શવદ, હમે બદકારે સેતાંન દર્કે શવદ, અએ સાહેબે સખાવત યારી બીદેહે* દર્દે (અહીંઆં દર્દીનું નામ લેવું) દર્કે શવદ*

ઈલાજ બીજો*

જો આંખના દર્દની બીમારી વધુ હોય તો હોમ ઇઅજદના ઇજશની જશન સાથે દરૂન કરવા યા તેમ કરવાની ગુંજાશ નહી હોય તો હોમ ઇઅશત દરરોજ પઢવી અને ' કુ સેકનમ ' (હોમ ઇઅશત) ની પઢતાં આતશપર, બાળવાની ' બોય ' મુકી તેનો ધુમારો દર્દીની આંખને લેવો યા તે ધુમારા પરથી હાથ લઈ ' નીરંગ ' પઢતાં દર્દીની આંખપર તે હાથ ફેરવ્વો, અને તનદરોસતીમાં દર્દીનું નામ લેવું.

ઈલાજ ત્રિજો*

કંઇબી કરતાં જો આંખના દર્દીને કસ્સોબી ફાયદો પરતો નહિં હોય તો દર્દીના ગ્રહ દિવસ તેની જન્મનોંધ પરથી જોઇ યા જોવરાવીને તે ગ્રહનું ભણુવાનું યા ગુંજાશ મુજબ સખાવત કરવી. ઇઅજદાનાં હોકમથી ફાયદો મલશે.

ઈલાજ ચોથો*

અગર જો આંખની બીમારી ચાલુજ હોય તો શ્રી પાક આતશ બેહેરાંમ ની દરઘાહમાં પોતાની ગુંજાસ માફક સુખડ, અગર ખુશબોઇ, વિગેરે મોકલવું અને દર્દ મટી જાય ત્યાં સુધી એ ક્રિયા ચાલુ રાખવી. વળી એટલા દીવસ બની આવે તો ઘીની બત્તી તે પાક મકાનમાં રાખવી. અને શકિત હોય

તો બીજી ચીજો જેવી કે ગાલીચા, સુન, પાક ખોરદેહ અવસતા વિગેરે ભેટ મોકલવી.

ઈલાજ પાંચમો*

અગર જો કોઈ આસામીથી આતશ-બેહેરાંમમાં ઉપર જણાવ્યા મુજબની ક્રિયા કરવાની બની શકે નહિં તો પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદી બેહેશત અમેશાસપંદની બાજ લઈને સુખડ ખુશબોઇ આતશપર (ઘેરમાં) મુકીને મુરાદ ચાહાવી કે આંખનું દર્દ દફે થશે તો આતશ-બેહેરાંમમાં ' સુન ' મુકાવીશ. યા ગાલીચો, ખોરદેહ અવસતા વિગેરે મુકાવીશ. તો ઇઅજદાની બખશેશથી પોતાનાં કામમાં ફાયદો જોશો. (જો બની આવે તો જે દીવસે ' સુન ' તે પાક મકાનમાં મુકાવે તે દીવસે લાઇટ કરાવ્વી અને આતશ-બેહેરાંમમાં સુખડ ખુશબોઇ યા માંચી ચઢાવ્વી અને પાક ઇઅજદાંની કરમ બખશેશ માટે તે રેહેમી ખાવીંદની બંદગી કરવી. ખેરાત કરવી.)

માંથુ દુઃખતું દફે કરવાની બાબમાં*

પવિત્રાઇ અને પાકી હોંશીયારીથી અરદી બેહેસ્ત અમશાસપંદની બાજ લઇ (હાથમાં અરદીબેહેસ્ત પરની રખ્યા લઈ) જેનું માથું દુઃખતું હોય તેનાં માથાપરથી હાથ ફેરવતાં નીચલા કલાંમ સાત વખત પઢવા, અને દરેક વખતે બન્ને 'ટીકરીઓ' પરથી બે આંગલાં (અંગોઠો અને તેની પાસેની આંગલી) લઈ નીદાર (કપ્પાલ) વેર હાથ લેવો.

'કલાંમ'

ઇઅજદાંન દાદઘર દાદાર અહુરમજદ* બનામે ઇઅજદ બક્ષાઇઅનદેહ બક્ષાઇશગરે મેહેરબાંન* કુ શેકનમ ઓ વાયનુમ નેજાર કુનમ કાલબુદે શોમા દેવાંન ઓ દરૂજાન ઓ જાદુઆન ઓ પરીઆંન* ય હોમ વ બરસમ વ દીને રાસત વ દરૂસત વેહે કે

દાદાર બુલંદ પાકી અહુરમજદ ઓ મન ચાશીદ* હોમ ઇઅજદ કુલ બલા દફે કુન* હમ-મ બલા દફે કુન* અએ ઇઅજદ તુંઇ મુજાહમે હમએ દર્દ* હમએ બલા દફે શવદ* અશેમ વોહૂ (૧)
(સાત વખત પઢવા)

ઉપર જણાવ્યા મુજબ અરદીબેહેશત (આતશ) પરની ઉજળી રખ્યા લેવી અને ક્રીયા કર્યા બાદ કપ્પાળ પરથી રખ્યા કાઢી નહી નાંખતાં એમની એમ રેહેવાજ દેવી.

ઉપાય બીજો*

કોઇબી બેહેદીન, મોબેદ, દશતુર, મર્દ યા ઓરત કોઇને બી માથાંનું દર્દ વધુ થતું હોય તો પવિત્રાઇથી **અર્દીબેહેશ્ત અમેશાસપંદની** બાજ લઇને બેહેરામ **ઇઅશત** પઢવી, યા પોતાની ગુંજાશ માફક દરૂન, આફ્રરગાંન, બાજ, કરે, તો ખુદાવંદની બક્ષેશથી ફાયદો પાંમે.

ઉપાય ત્રિજો*

જો કોઈબી આસામીને હમેશાં માથું દુઃખવાની ટેવ હોય કે જે દર્દ સાફ નહિં થતાં દર્દીનો જીવ હમેશાં બેચેન રેહેતો હોય તો તેને હમેશાં આ ય કેતાબમાં જેમ પેહેલો ઈલાજ બતાવ્યો છે તે મુજબ ક્રિયા કરવી. છતાંબી જો દર્દનું જોર રહે તો તંન પાક કરી સ્વચ્છ કપડાં પેહેરીને સુખડ ખુશબોઇ આતશપર મેલીને મુરાદ ચાહાવી અને પોતાની ગુંજાશ માફક હોમ ઇઅજદની આરાધના દરૂન, બાજ, આફ્રરગાંન, ઇઅજશની જશન, વિગેરે કરવું. રેહેમી ખુદાવંદની મેહેરથી પોતાનાં કાંમમાં ફાયદો પામશે.

નાકનું દર્દ દફે કરવાના બાબમાં*

નાકનું દર્દ થયું હોય તો પવિત્રાઇથી પાદીઆબ કુશ્તી કરી અરદી-બેહેશત અમેશાસપંદની બાજ લઇ મહાબોખતારની નીઆએશ તથા ઈઅશાત પઢવી. એવી ક્રિયા દરરોજ ચાલુ રાખવી અને મહાબોખતાર સનમુખ ઉભા રહી પઢવું યા પોતાની ગુંજાશ માફક બાજ આફરંગાંન દરૂન, ઈઅજશની જશન, વિગેરે કરવું ઈઅજદાંનાં હોકમથી સારૂં થશે.

મોહોડાનું દર્દ દફે કરવાના બાબમાં*

કોઇ પણ આસામી મર્દ, ઓરત યા બચ્ચું કોઈનેબી મોહોડામાં કંઈ પણ દર્દ થયું હોય તો આવાં અરદુઇસુરની બંદગી કરી પોતાની ગુંજાશ માફક સાકર યા મીઠાઇ દયોમાં નાંખવી. (દર્દ દફે થાય ત્યાં સુધી.)

ગરદનનું દર્દ દફે કરવાના બાબમાં*

જો ગરદન પર દર્દ થયું હોય અને બેચેની રેહેતી હોય તો મીનો રાંમ ઈઅજદની આરાધના કરવી યાને પોતાની ગુંજાશ માફક બાજ આફરગાંન જશન, ઇઅજશની, કરવું જો એટલું કરવાની શકિત ન હોય તો ફકત રાંમ ઇઅશાત રોજ પઢવી. પણ યાદ રાખવું કે બંદગી વખતે શાંત જીવ, ધ્યાંન પોતાનાં પેદા કરનાર તરફ, તન.પાક અને કપડાં સ્વચ્છ તથા સાફ રાખવાં. એ બંદગી બામદાદને વખત હુશહેન ગેહેમાં કરવી.

કાનનું દર્દ દફે કરવાના બાબમાં*

કાંનનું દર્દ થયું હોય તો રૂપી સંગાવત જેવી કે નાગાંને વસ્ત્ર, ભુખ્યાંને અન્ન, પ્યાસાંને પાણી, આંધળું લુલુ પાંગલું અશકત, એવાં આસામીઓને દાન કરવું. નાવારસોને આસરો આપવો, ગરીબો જેઓ ધર્મ પાળવાની મજબુત લાગણી ધરાવા છતાં ગરીબાઇનાં સબબે ધર્મજ્ઞાન મેલવ્વાને અશકત હોય તેઓને ધર્મજ્ઞાન ધર્મમાર્ગ બતાવ્વો.

પિત્તાનું દદ દફે કરવાની બાબમાં*

જો પેટમાં પિત્તાનું દર્દ થયું હોય તો પોતાની ગુજાશ માફક હરેકે ફરેસ્તાની આરાધનાં કરે, યા પોતાથી બને તો ફરેસ્તા કરે, નહિંતર શીરોજા ઇઅશાત રોજ પઢવી ચાલુ કરે. યા કોઇ પાસે ભણાવે.

પીઠપરનું દર્દ દફે કરવાના બાબમાં*

પાક બુલંદ દીનનાં પાળનાર કોઇબી આસામીને પીઠપર દર્દ થયું હોય તો ગરીબોમાં કપડાંની ખેરાત કરવી ચાલુ રાખવી. રેહેમી ખુદાવંદના નામની સખાવત કરવી કે જેથી ફાયદો મળે.

તલ્લીનું દર્દ દફે કરવાના બાબમાં*

જો તલ્લીનું દર્દ થયું હોય તો તન પાક કરી સ્વચ્છ કપડાં પેહેરી નદી યા દર્યાની આરાધના કરવી. અને પોતાની ગુજાશ માફક આવાં અરદવીસુરનાં

દરૂન, બાજ, આફ્રરગાંન, જશન, ઇજઅશની, સાથે ચાલુ કરવા. ઈઅજદાંના હોકમથી ફાયદો મળશે.

કમ્મરનું દર્દ દફે કરવાના બાબમાં*

કોઈબી આસામીને કમ્મરનું દર્દ થયું હોય તો તુરમંદ તેશતર તીર ઇઅજદની આરાધના કરવી. અને રોજ હમેશાં તીર ઇઅશત પઢવી યા પઢાવ્વી. યા બની શકે તો તેશતર તીર ઇઅજદનાં ઈઅજશની જશન સાથે બાજ આફ્રરંગાંન દરૂન વિગેરે ક્રિયા કરવી.

નખનું દર્દ દફે કરવાના બાબમાં

જો દર્દીની બીમારી નખનાં દર્દની હોય તો ગોવાદ ઇઅજદની આરાધના પોતાની ગુજાશ માફક કરવી. પાક ખુદાવંદની બખશેશથી ફાયદો મલે.

ઊપાય બીજો*

ઉપર જણાવ્યા મુજબ જો નખ ઘણું દુખતું હોય તો તેતરીસ ઈંડાં મુકી અરદીબેહેશત અમશાસપંદની નૈયેતે બાજ ઈજાબ્વી, (જે મુજબ બાજ આફ્રરગાંન કરતાં હોય તે મુજબજ કરવું પણ આજમાં ઈંડાં નંગ (૩૩) તેતરીસ મુકવાં.)

પુઠનું દર્દ દફે કરવાની બાબમાં

જે કોઈનેબી પુઠનું દર્દ થયુ હોય તો આશતાદ ઈઅજદની આરાધના કરવી. પોતાથી બની શકતું હોય તો બાજ, આફ્રરગાંન, જશન, ઇઅજશની

દરૂન વિગેરે કરે યા તેમ નહિં બને તો તંન પાક કરીને આશતાદ ઇઅશત રોજ પઢે તો ફાયદો પાંમે.

પિશાબનું દર્દ દફે કરવાના બાબમાં*

દર્દ પિશાબનું થયું હોય તો રોજ દર્યાવ કીનારે અથવા નદીએ પાક આવાં અરદુઇસુરની આરાધના કરવી. જો બની શકતું હોય તો દરૂન, ઇજશની, જશન, વિગેરે કરે યા નહિંતો રોજ આવાં ઇઅશત પઢવી જારી કરે. ઇઅજદાંની બખશેશથી પોતાના કાંમમાં ફાયદો દેખે.

પગનું દર્દ દફે કરવાના બાબમાં*

પવિત્રાઈથી કુશ્તી પાદીઆબ કરી અરદીબેહેસ્ત અમશાસપંદની બાજ લઈને મોટી હફ્ત અમશાસપંદ ઇઅશત રોજ પઢવી. પોતાથી બની શકતું હોય તો હફ્ત અમશાસપંદનાં દરૂન, બાજ, આફ્રગાંન, જશન, ઇઅજશની, ચાલુ કરાવ્વું. શાહાનુમાએ રાસ્તની મદદથી ફતેહ થાય.

પગની ઘુંટીનું દર્દ ટાળવાના બાબમાં*

ઉપર જણાવ્યા મુજબ તંન પાક કરી કુશ્તી પાદીઆબ કરી બાજ અરદીબેહેશત અમશાસપંદ લઇને મોટી હોમ ઇઅશત પઢવી. યા પોતાની ગુંજાશ માફક હોમ ઈઅજદની આરાધના કરવી. ઇઅજદાંની યારીથી ફજલ થાય.

મંદવાડમાં થતી ચિંતા દુર કરવાના બાબમાં*

પાક માજદીઅસની બેહેતર દીનનાં કોઈબી આસામીને ત્યાં મંદવાડમાં ધભરાટ જેવું હોય તો ચિંતા દુર કરવા માટે પોતાની ગુંજાશ માફક શાહ ફરેદુનને નામનાં દરૂન બાજ આફરંગાન કરાવ્વું, જો બની શકતું હોય તો ઇઅજશની જશન સાથે દરૂન કરાવ્વા, કે મુશ્કેલી તુરત ટળશે.

હરેક ઠેકાણે આબરૂ ઈજત વધુ ચાહાવાના બાબમાં*

પાકી હોંશીયારીથી કુરતી પાદીઆબ કરી સરોશ અશોની બાજ લઇને નીચલા કલાંમ લખીને પાસે રાખે તો મોટાંઓમાં આબરૂ વધે (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૬)

બુજર્ગોમાં પોતાનો સખુન કબુલ કરાવ્વાના બાબમાં

બુજર્ગ લોકોમાં, રાજ દરબારમાં પોતાનો સખુન કબુલ રખાવ્વા સારૂ હમેશાં બેહેરાંમ ઇઅશત પઢવી વાજેબ છે યા પોતાની ગુંજાશ હોય તો બેહેરાંમ ઇઅજદની નઈઅતે બાજ આફરગાંન, ઇઅજશની, જશન, કરાવ્વું અગર જે ઇચ્છે કે તેનો પોતાનો સખુન હર જગોએ કબુલ થાય તો અરદા ફરવશની ખશનુમનની બાજ આફરગાંન અને ઇઅજશને અરગુઇને નામે કરાવ્વાં.

બુજર્ગોમાં બુલંદી ચાહાવાના બાબમાં

પવિત્રાઇથી તન પાક કરી કુસ્તી કરી પાક દાદાર અહુરમજદની બાજ લઇ નીચલા કલાંમો રોજ પઢવા તો બુલંદ બખશેશનાં ખાવીંદની મદદથી રાજ દરબારે યા મોટા લોકોમાં બુજર્ગી પામે.

' કલાંમ '

" વીંદામ ઇઅશાંમ ઇઅનંઘાંમ ને ચીદ વીદુઆ‌ુ ગુજો હા દરોઇઆ ઇઆ જોઇઆ સેવંતી ઇઆ ઇઅશ સરાગુઇ ખેનાં અઇઅંઘા ઇઅશાંમ તુ અહુરા ઇઅરેખતેમ મજદા વેદેશતો અહી ઇઅશાંમ ઇઅનંઘાંમ. " [ત્રણ વખત પઢવા]

પોતાના સરદાર યા બુજર્ગો યા હાકેમ દીવાનનાં કામમાં ફતેહમંદી મેળવ્વાના બાબમાં

પાકી હોંશીયારીથી રાસ્ત દાદાર અહુરમજદની બાજ લઇને પવિત્રાઇથી નીચલા કલાંમ પઢી બહાર નીકલે તો પોતાનાં કામમાં ખુદાની મેહેરથી ફતેહ મેલવે. પોતાનો સરદાર ધણી યા દીવાન, હાકેમ, યા કોઇબી બુજર્ગ આસામીની મેહેરબાંની અને પોતાના કામની ફતેહ જરૂર મલે.

' કલાંમ '

" વીદાંમ અનીએશાંમ તેમોએ વીદુઆ‌ુ હોજો આદરોહીઆ જોઇઆ શેગંહેતી ઇઆએશ સરાવી ખેનાં ઇઅંગહા અસામ તુમ હોમ હરેખતેમ મજદા વેદેશતોહી એસામ અનંગહામ. " (સાત વખત પઢવા)

બુજર્ગો યા સરદાર યા હાકેમ યા પોતાના ધણીની મહેરબાની મેળવવાના બાબમાં

મોટા લોકો યા સરદાર, હાકેમ, યા પોતાના ધણી (ખાવીંદ)ની ખેદમતમાં રહેનાર આસામી મર્દ યા ઓરત ઉપરી તરફથી મેહેરબાંની, માન પ્રિતી વધુ ચાહાવા ઈચ્છા રાખે તો "અરદાબાંમ બોશ અને બશેસ બેદર્ની" નેયેતે ઈઅજશને અને બાજ આફ્રરગાંન અશો ફ્રરોહરનું કરાવવું. પાક ખુદાવંદની મહેરથી પોતાના કામમાં ફતેહ મેળવશે.

હરેક પ્રકારની નેક હાજત બર લાવવાના બાબમાં *

બુલંદ માજદીઅસની પાક બેહેતર દીનના પાળનાર કોઇબી આસામી મર્દ યા ઓરત કોઇએબી પોતાની દરેક પ્રકારની નેક હાજત (ઉમેદ) બર લાવવા થકી રાસ્ત યકીનથી દહમ ઇઅજદનું બાજ આફ્રરગાંન ઇઅજશને, દરૂન કરાવવા કે જેથી ઇઅજદાંની મેહેરથી પોતાની નેક મુરાદો બર આવે.

ધારેલાં કામમાં ફતેહ મેળવવાના બાબમાં*

" કોઇબી આસામી ગ્રહસ્થ યા બાનુ કોઇએ બી પોતાના ધારેલાં કામમાં ફતેહમંદી મેળવવી હોય તો પાકીથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ નીચલા કલામ સાત વખત પઢીને બાહાર નીકળે તો ફતેહ પાંમે.

" ઇઅજદાંન દાદઘર રાસત દાદાર અહુરમજદ બનામે ઇઅજદ બક્ષાઇઅનદેહ બક્ષાઇશગરે મેહેરબાંન* બનામે અહુરમજદ બુલંદ પનામે નેવે ખોરેહ ફરેદુન ફરેદુન આથવીઆન* પનામે વનનત સેતારે* પ નામે સતવસ સેતારે* પ નામે તેશતર તીર સેતારે* પ નામે હફતરંગ સેતારે* પ નામે વજરે હની હુખત નવરે એકમ આરેદેવાંન દાદે ઇએતદ* હમે હોતાઓસત હોરદે વેરેથરગનેમ અહુર દાતેમ વનનતીઆહુશચ ઓપરે તાતો ફદુન બાદ* ખુબ બાદ* ફદુન બાદ* ઇઅજશને હુનીશાન બાદ* ફદુન બાદ અશોને અશેમ વોહૂ (૧) (સાત વખત પઢવા)

દરેક નવું કામ શરૂ કરવાના બાબમાં

કોઈબી આસામી દરેક નવાં કામની શરૂઆત કરવા ચાહે યા વાડી, વહાણ, ઈમારત, મહેલ, ઘર વિગેરે દરેક નવું કામ શરૂ કરવા ઇચ્છે તો તેમાં ફતેહમંદી મેળવ્વા પ્રથમ હફ્ત અમેશાસપંદનાં દરૂન કરવા અને ગયો મર્દ તથા શાહ જમશેદ નામે ઇઅજશને બાજ આફ્રગાંન પોતાની ગુંજાશ માફક કરાવવું ઇઅજદાંના હોકમથી ફાયદો મળશે.

ધારેલા કામની સલામતી ચાહવાના બાબમાં*

કોઇ પણ શખસ યા બાનુએ હરેક ચીજ વેચવાનો ધંધો કર્યો હોય યા કોઇ આસામી સફર (મુસાફરી) ગયો હોય, યા સફરમાં ફસી પડયો હોય, યા બંદીખાને પડયો હોય યા ધંધામાં કંઈબી જીણસ આવી પુગવાની વક્કી રાખી હોય વિગેરે કામોની સલામતી ચાહાવા થકી, અને નફા યા મોટાઈ સાથે પોતાનો હક પોહોંચવાને વાસ્તે મુરાદ ચાહાવી કે સર્વે ચીજો સલામત મળવે વીફ તથા ખશેસ બેદની નેયતે ગોશ ઇઅજદનાં ઇઅજશની જશન સાથે દરૂન કરાવીશ, તો પાક કીરતારના હોકમથી જરૂર ફતેહમંદી મેળવશે.

કંઈબી મુશ્કેલ કામની આસાન ચાહાવાના બાબમા

અગર કોઇબી શખસને એવું મુશ્કેલ કામ આવી પડયું હોય કે જેથી તે અધવચ દર્યાવમાં ડુબી જાય એવી ધાસ્તીમાં હોય, યા વાહાણ ડુબવાની ધાસ્તીમાં હોય, યા આબરૂને ધોકો લાગતો હોય, અત્યંત બીમારી વધી ગઇ હોય વિગેરે કંઈબી એવું મુશ્કેલ કામ હોય કે તેમાં ખાકી બંદાનો કંઇબી વગ લાગે એમ નહિં હોય તો દરેક **ફરેશતાની** આરાધનાં કરવી, યા મુરાદ ચાહાવી કે '**ફરેશતા**' કરશું તો તરત મુશ્કેલ ટળે.

ઉપાય બીજો*

અનેક મુશ્કેલની બાબતોમાં, **આશતાદ ઇઅજદ** અને **બેહેરાંમ ઇઅજદની** ઇજશને, બાજ, આફરગાંન, શાહ અશેશરને નામે કરાવવું અથવા **આતશ બેહેરાંમની** આરાધનાં આગળ જણાવ્યું છે તે મુજબ કરવી.

ઉપાય ત્રિજો*

જો બેહદ મુશ્કેલી હોય તો મીનો અરશશંગ ઇઅજદને નામથી બાજ દરૂન આફરગાન ઇઅજશની જશન વિગેરે કરાવ્વું કે હરકત તુરત ટળશે.

હરેક પ્રકારની મુરાદ બર લાવ્વાના બાબમાં*

કંઇ પણ આફત વખતે, યા કંઇબી મુરાદ ચાહાવી હોય યા કંઇ પણ ચીજ ઇઅજદાં તરફથી મેળવ્વા બાબે ખાયશ હોય, જેવી કે રોજી, ફરજંદ,

શાદી રામશાની, દેશ પરદેશ જતાં, નવું કામ આરંભતાં, વિગેરે દરેક ખાયશ જે આસામી ચઅજદાં પાસે રાખે તો તે બર લાવ્વા નીચલા 'કલાંમ' દરરોજ સાત વખત પઢવા.

અહુરહે મજ્દાઙ રેવતો ખરેનંઘહતો ક્ષનોથર ઇઅસનાઇચ* વહમાઇચ* ક્ષનોથરાઇચ* ફ્રસસતીઇચ* ઇઅથા અહુ વેરીઓ જોતા ફ્રરામે મરૂતે* અથારતુસ* અશાઃ ચીદ* હચ ફ્રા અશુઅ વીદુઆઙ મરોતુ* અહુરમજ્દ મેનીઓ સપેનેશત* દાતરે ગેથનામ અસતુઇત નામ અશાઙમ* મેશુઆનહે ગાતુઓ ખદાતહે* ફ્રખશ તુઇઇ, વાથવીઓ, અઊઇ તનીઓ, અશહે વહેશતહે, પોખદ વીસપ વોહુ મજ્દદાત અશચેથર, ખરતુશ, ખરતુમાઙ ચેસતેશ. ચેસતુઆઙ, ઇઅદ હમે સપાનો, સપંનંઘાઙ, અહુરો, સેઙઇશતો, ઇમદ વીદ્ઇશતુઓ, અઊઅનેમન, હાતમરેનેશ, વીસપહેશસ, બેશ-જીઅ, ઇઅદ અહમે દાતો, મજ્દાઙ, જસાઇને તેઅઙ અંઘહેચ રફ્નંઘહેચ અજેમ ઇઓ અહુરો મજ્દાઙ, જસાઇતે તે અઊઅં-ઘહેચ રફ્નંઘહેચ ઇઓ વઘંહેઙશ સરોશો અશીઓ જસાઙઅંતેતે અઊઅંઘહેચ રફ્નંઘહેચ, ઇઆઙ આપો ઇઆ ઙસચ ઙરૂઅરાઙ ઇઆઙસચ અશાઙનામ ફ્રવશીઓ*

વીસપાઇશ, અઇઆંનસચ, ક્ષફ્નસચ, પાઇઙસચ, દાતાચ, થરાતાચા, જનાતાચા, મેનીઙસચ, સપેંતો તેમો, બેશજ, બેશ-જીઓ તેમ, આથરૂઅ, આથરૂઅસતેમ, અહુર, મજ્દાઙ, અશુઅ, અશુઅસતેમ, ખરેનંઘહ, ખરેનંઘહસતેમ, પોઙરો દરશત, પોઙરો દફ્શતોતેમ, દુરે દરશત, દુરે દરશતોતેમ, સપશત, વીત, દાત, પાત, થરાત, જનાત, જનીઓસતેમ, ફ્શુમાઙ ફ્શુશો માથર, ઇશે ક્ષથર, ઇશે ક્ષશથરીઓતેમ, નામો ક્ષથર, ક્ષથરીઓતેમ, અદવીશ, વીદવીશ, પેતે પાઇઙશ, દબેશો તઊરવાઙ, હથરવન, વીસપવન, વીસપતશ, વીસપ ખાથર પોઙરો ખાથર, ખાથરૂઆઙ, વેરેજે સોક, વેરેજ સુઆઙ, સેત્રી સુરાઙ, સેત્રાજ્નેમ, અશહે, બેરજ્, ક્ષથરીઅ,

ક્ષથરીઅતેમ, હુદાનુશ, હુ દાનુશતેમ, દુરે સોક, તા ુસચા. (સાત વખત પઢવા)

ખ્વાબમાં બીધુ હોય તેની બાબમાં*

જો કોઇબી બાળક યા ઉમરે પુગતું આસામી ખ્વાબમાં બીધું હોય તો પાકી હોશીયારીથી અને તંન પાક કરી કુસ્તી કરી અરદીબેહેશત અમશાસપંદની બાજ લઇ (નમુનો ના. ૭ ના કલામ) લખીને પાસે રાખે તો ઇઅજદાંની યારીથી ધાસ્તી ટળશે. (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૭)

ઈલાજ બીજો*

અગર જો કોઇબી આસામી, સ્વપ્નામાં બીધું હોય તો મુકતાદની આરાધનાં પોતાની ગુજાશ માફક દરૂન, બાજ, આફ્રગાંન, કરીને કરે તો ઇઅજદાંની મેહેરબાનીથી પોતાનાં કામમાં ફાયદો દેખે.

ઉપાય ત્રિજો

અગર જો કોઇબી શખસને એવો ડરામનો ખ્વાબ આવ્યો હોય કે તેનું દીલ હમેશાં દેહેશત ભરેલું રેહે હોય તો પાકો હોશીયારીથી કુસ્તી પાદીઆબ કરી પવિત્રાઇથી અરદીબેહેશ્ત અમેશાસપંદની બાજ લઇને (નમુના નંબર ૮ ના કલામ) લખીને તેને બાંધે તો ખ્વાબની બીક મટી જશે, (કેશરની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૮)

ઉપાય ચોથો*

અગર જો કોઇબી આસામી મર્દ ઓરત યા બચ્ચું કોઇબી ખ્વાબથી એક દમ બેદાર થઇ બીધું હોય અને બીક નહિં મટતી હોય તો અશો ફરોહરની **ક્ષનુમનથી શાહ ફરેદુનની** યતે અરદા ફરવશાની ઇજશને, બાજ, આફ્રગાંન, અશો ફ્રોહરની ક્ષનુમનનું ભણાવ્વું, પાક દાદારની મદદથી બિક મટી જશે.

ઉપાય પાંચમો*

કંઇબી કરતાં ખ્વાબની બિક નહિંજ ટળે તો **હોમ ઇજદની** ઇજશની, અને બાજ આફ્રગાંન શાહ સ્યાવક્ષને નામે કરાવ્વું ઇજદાંની રેહેમથી ફાયદો મળશે.

ઉપાય છઠો*

અગર જો કોઇબી આસામીને ખોવાબની બીક નહિંજ ટળે તો **શરોશ અશોની** ક્ષનુમનની બાજ આફ્રગાંન, ઇજશની જશન પોતાની ગુંજાશ માફક કરાવ્વું અને દર રાત્રે સુતી વખતે **સરોશ બાજ** પઢીને તે બાજ ધરી સુવું. ઇજદાંની બખશેશથી સર્વ હરકત ટળશે.

શીતળા તથા ગોવરાંનું દર્દ દફે કરવાના બાબમાં*

બેહેતર માજદીઅસની દીનનાં પાળનાર કોઇનેબી, ગોવરાંનું અથવા શીતળાનું દર્દ થયું હોય તો **'આશતાદ ઇજદની'** ઇજશની કરાવ્વાની જારી રાખવી, અથવા 'અરદીબેહેશત અમશાસપંદ' અને હોમ ઇજદની ક્ષનુ-

મન પોતાની ગુંજાશ માફક ચાલુ રાખવી, અને પાક 'આતશ બેહેરાંમ' ની દરબાહમાં સુખડ ખુશબો મોકલવી, યા બની શકતું હોય તેમ આય પુસ્તકમાં આગળ જણાવ્યા મુજબની ક્રિયાની ભેટો તે પાક મકાનમાં મુકવી.

નારગોર દુર કરવાના બાબમાં*

પવિત્રાઇથી કુસ્તી કરી 'અરીએહેશત અમેશાસપંદ' ની બાજ લઇને ચાર સોય લઇને નીચલા કલામ સાત વખત પઢવા અને નારગોરનાં દર્દીની જમણી બાજુએથી તે સોય પાણીમાં નાખવી. ઉપર જણાવ્યા મુજબ દરેક વખતે સાત વખત કલામ પઢી અકેકી સોય પાણીમાં દર્દીની જમણી બાજુએ નાખતાં જવું એ પ્રમાણે ચાર સોય લઇ ચાર વખત પઢવું. પાક ખુદાનાં હોકમથી ફાયદો પામે.

'કલામ'

"અમેરેતાતસચા હીઅદ વાડુ અકા મનંઘા ઇઅંગ દેડુઇ-અંગ અકશચા મેનીઝુડુશ અકા શીઓથનેમ વચંઘા ઇઆ ફર-ચેનશ દરેગુઅંતેમ ખસીઓ પોરોઇઅસનાડુ ઇઅનાક્ષતા ઇઆ-ફ્રશ સરાડુઅ હીઅતી ઇઅજી તાઇઅશ અથાહાતામરાને અહુરા વહેસતા વોસતા મંનઘા થવહમી વે મજદા ક્ષથરોઇઅ અશાઇ-અચાસેઘો વીદાંમ."

બાળકને જન્મ આપતાં કોઇ બાનુ કશતાતી હોય તેનો છુટકારો કરવાના બાબમાં*

પરહેજગારીથી કુસ્તી કરી બાજ 'અરદીબેહેશત અમેશાસપંદ' ની લઇને (નમુનો નં. ૯ ના કલામો) પાકીજગીથી લખીને તે ચીઠી બચ્ચાંનો જન્મ આપતાં કશતાતી બાનુને પોઇને પાય તો ઇઅઝદાંની યારીથી તે બાનુનો છુટકારો થાય. (ગોલાબ જળમાં કેશરની શાહીબનાવી લખવા.) (જુઓ નમુનો નંબર ૯.)

ઉપાય બીજો

કશતાતી બાનુને 'ખરાં કેમશ્નનું' ફુલ ગળામાં પેહેરવ્યાથી પણ તે બાનુનો છુટકારો જલદી થાય છે. યા દર્દનું જોર કમી થઇને તે બાનુનાં શરીરમાં દુઃખ ખમવાની તાકાદી રહે છે, અને જીવ બેચેન નહિં બનતાં જીવમાં શાંતી વળે છે.

કોઈબી બાનુને હાડનું દુધ નહિં આવતુ હોય તેના બાબમાં*

જો કોઇબી બાનુને બચ્ચાંનો જન્મ આપ્યા બાદ દુધ બરોબર નહિં આવતું હોય તો 'અરદીબેહેશત અમેશાસપંદની' બાજ લઇને પુરતી પરહેજગારીથી ઉપલાજ ઝંદ કલામ (નમુનો નં. ૯ ના કલામો જે બાલકનો જન્મ આપતાં કશતાતી બાનુને ધોઇને પાવા ફરમાવ્યા છે તે) લખીને પવિત્રાઈથી પાસે રાખે યા ધોઇને પીએ તો દુધની વરધી થાય. (કેશરની શાહીથી લખવા.)

ઉપાય બીજો*

જે બાનુને દુધની વરધી બરોબર ન હોય તો તેણીએ પોતે 'પાક આવાં અરદુઇસુર' ની બંદગી જારી કરવી જો પોતાથી બને તો દર્યાવ કીનારે યા નદીએ જઈ ત્યાં હમેશા આવાં અરદુઇસુરની નીઆએશ તથા ઈઅશત પઢવી ચાલુ કરવી, યા કોઈ મોબેદ પાસે પઢાવવી. તથા બની શકે તો પાક આવાં અરદુઈસુરનાં ઇઅજશની જશન સાથે દરૂન કરવા ખુદાવદની બખશેશથી મુરાદ બર આવે.

માસીક માંદગી બંધ કરવાના બાબમાં*

કોઇબી બાનુંને માસીક માંદગીમાં (દુર બેસવાનું) દર્દ થતું હોય યાને વારંવાર એ દુઃખથી તેણીને એલાએદું રહેવું પડતું હોય, અને ઇચ્છે કે માસીક માંદગીમાંથી તેણીએ ફારેગ થવું છે, તે દર્દ નાબુદ હમેસનું નાબુદ કરવું છે, તો પવિત્રાઇથી 'અરદીબેહેશત' અમેશાસપંદની બાજ લઇ (નમુનો ના. ૧૦ ના કલામની) ચીઠી નંગ સાત પાકીજગીથી બીજા કોઈ આસામીએ લખી ધોઇને માસીક માંદગી વાલી બાનુને અકેક પછી પાવી, તે પાતાં ફાયદો થાય તો એજ મુજબ બીજી બનાવીને પાવી. (કેશરની શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર ૧૦)

ત્યાર બાદ તે બાનું કે જેણી માસીક માંદગીથી ફારેગ થઇ છે તેણીએ પોતે દરરોજ "**તેશતર તીર ઈઅશત**" પઢવી યા પઢાવી જારી કરવી. યા બની શકે તો '**તેશતર તીર ઈઅજદ**' ને નામના ઈઅજની જશન, સાથે દરૂન કરવાનાં શરૂ કરવા ઇઅજદાંની યારીથી પોતાના કામમાં ફતેહ પામવા બાદ હેરાન ગતી નહિં પામે.

છાતીનું દર્દ યા ધાવણું દુર કરવાના બાબમાં

કોઇ પણ આસામીને છાતીનું દર્દ હોય, યા બાનુ કે જેણીએ પોતાનાં બાળકને ધાવતું છોડવ્યું હોય, અને પછી તેણીની છાતીમાં દર્દ થતું હોય તો તે દુર કરવા માટે પવિત્રાઇથી કુસ્તી કરીને 'અરદીબેહેશત અમેશાસપંદ'ની બાજ લઇને દાડમનાં ઝાડની ડાંખલી હાથમાં લઇ તેનોથી સાત વખત નીચલા કલામ પઢતાં દર્દપરથી પીછી કરવી.

"અમેરે તાતસચા હીઆદ વાડુ, અકા મનંઘા ઇઅંગ દેહુઅંગ અકશચા મેનીહુશ, અકા શીસોથનેમ વચંઘા ઇઆ ફરચેનશ દરેગુઅંતેમ ક્ષીઓ પોરોઈઅનાહુ ઇઅના ક્ષતા ઇઆફ્રશ સરાહુઅહીઅતી, ઇઅઞ્જી તાફ્રશ અથા હાતામરાને અહુરા વહેસતા વોસતા મનંઘા થવહમી વે મજ્દા ક્ષથરોય અશાઅચા સેંઘો વીદામ."

હમેલનું દર્દ દફે કરવાના બાબમા*

જરથોસ્તી ભલી દીનની પાળનાર કો બ બાનુને હમેલ ર વા પછી તેનીનો જીવ ઘણોજ બેચેન રહેતો હોય ય બીમારી થતી હોય યા કંઇ પણ ચીજની હરકત થતી હોય તો ફતેહમંદ આ તાદ ઇઅજદનાં ઇજશની જશન સાથે દરૂન બાજ, આફ્રરગાન, કરાવવું યા એટ ' કરવાની શકિત નહિં હોય તો તન પાક કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ આસતાદ ઇઅશત દરરોજ પઢવી યા પઢાવવી ઇઅજદાંના હોકમથી ફાયદો પામે.

ઊપાય બીજો*

જે બાનુને ઉપર જણાવ્યા મુજબની બીમારી હોય અથવા જેણીને અધુરે માસે બાળક અવતરતા હોય તેણીએ ફરોખ ફરવરદીન ઇઅજદનાં દરૂન ઇઅજશની બાજ આફ્રરગાન શાહા શ્યાબક્ષની નૈયતે ઇજાવવું યા એટલું કરવાની શકિત નહિં હોય તો અરદી બેહેશત અમેશાસપંદની બાજ લઇને ફરોખ ફરવરદીન ઈઅશત પઢવી યા દરરોજ કોઇ સોરે પઢાવવું અને તનદરોસતીમાં તેણીનું પોતાનું નામ લેવું.

ફરજંદબાએ મોરાદ બર લાવવાનાં બાબમાં*

આસામી, કે જે ફરજંદ બાએ મોરાદ ચાહાવા ઇચ્છે તો પાક ' આવાં

અરદુઈસુર'ની ઈઆજશની, જશન, બાજ, આફ્રગાન તથા નીઆઇશ, આવાં ઇઆશત વિગેરે બંદગી તથા ક્રિયા કરવી યા કરાવવી જારી રાખવી. જો એટલું કરવાની શકિત ન હોય તો પોતાની ગુંજાશ માફક કરવું તથા અમેરદાદ અમેશાસપંદ'ની આરાધનાં કરવી અને મોરાદ ચાહાવી, કે ફરજંદ થવાથી (જેટલી પોતાની ગુંજાશ હોય એટલાં) દરે મેહરમાં ઝાડ રોપાઉં.

પોતાની મોરાદ બર આવ્યે ગુલાબ, મોઘરો, દાડમ, ખજુરી, ગુલમોહોર, વિગેરે ઝાડો અગીયારી યા આતશ બેહેરાંમના પાક મકાનમાં રોપવાં. ઈઆજદાંની બખશેશથી ફાયદો પામે.

ઉપાય બીજો*

(નમુના નં. ૧૧ ની તાવીજ) જેને ફરજંદો નહીં થતાં હોય તેની બાજુએ બાંધી પવિત્રાઈમાં જીંદગી ગુજારે તો મોરાદ બર આવે. (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૧૧)

ઉપાય ત્રિજો*

આય તાવીજ પુરથી પરેજગારીથી બજાવીને જેણીને ફરજંદની ખાયશ હોય તેણીને દરરોજ એકેક તાવીજનું લખેલું કાગળ ખાવું એમ સાત દિવસો સુધી કરવાની મોરાદ બર આવે. (ગોલાબજળમાં કેશરની શાહી બનાવી ત્યુસી પેપર પર કલામ લખવા) (જુઓ નમુનો નંબર ૧૨)

ઉપાય ચોથો*

જેઓને ત્યાં ફરજંદની વૃદ્ધિ નહિ હોય તેઓએ (મરદ અને બાનુ બંનેએ) હોમઈઅજદ અથવા અરદીબેહેશત અમેશાસપંદની બંદગી કરવી યાને અરદીબેહેશ્ત અથવા હોમઇઅશત રોજ પઢવી યા પોતાની ગુંજાશ હોય તો તેઓના નામથી બાજ, આફ્રગાંન, દરૂન, ઇઆજશની, જશન, વિગેરે કરવું અને ઇઆજદાંની યારી ચાહાવી. ખુદાવંદની બક્ષેસથી ફાયદો મલે.

મરણ પામતાં ફરજંદોની તનદરોસતી ચાહવાના બાબમાં

જરથોશતી ભલી દીનનાં પાળનાર કોઇબી આસામીને ત્યાં ફરજંદો થતાં હોય અને મરી જતાં હોય તો તેની તનદોરસ્તી યાને હયાતી ચાહવા સારૂ હોમ-ઇઅજદની નૈયતે બાજ, આફ્રરગાન ઇઅજશને, જશન, વિગેરે જારી કરવું. જો તે એટલું કરવાની શક્તિ નહિં હોય તો બાજ આફ્રરગાંન કરવું. ઇઅજદોનાં હોકમથી ફાયદો મળશે.

ઉપાય બીજો

હરેક કોઇ આસામીએ પોતાના ફરજંદની અથવા પોતાની તનદરોસતી ચાહાવાને માટે પાક બેહેરાંમ ઇઅજદની બાજ લઇને પરેજગારીથી નીચલા કલાંમ હરરોજ પઢવા, ખુદાવંદની બક્ષેસથી તનદરોસતીમાં ઘણોજ ફાયદો થશે.

'કલાંમ'

ઇઅજદાંન પાક રાસત દાદધર દાદાર અહુરમજદ* બનામે ઇઅજદ* બક્ષાઇઅનદે બક્ષાઇશગરે મેહેરબાંન* નામે ઇઅજદ* નામે નેવે ફરેદુન ફરેદુન આથવીઆન ખુરશેદ રવન દશપ ઇઅ-જદાંન* હુઅરે ખશે તેમ અમેશેમરેમ ુરવદ અસપેમ ઇઅજ-મેદે* તેશતરીમ દરવો ચશમનીમ ઇઅજમેદે* (ફલાનરા જેની નૈયતે પઢે તેનું નામ લીએ*) વજાર નીરોઇ ખોરેહ ફરેદુન ફરેદુન આથરીઆંન* પમાહે ચશેમ મેબશતેહોમ વજેએનીરોએ ખોરેહ ફરેદુન ફરેદુન આથરીઆંન* વજોઇ અવાક્ષતરાંન ઓ વાક્ષતરાંન તનદરોસતી બાદ* ઇફુન બાદ* ઇઆહી નીશાબાદ* ખુમ બાદ* ઇફુન બાદ*અશોને અશેમ વોહૂ (૩)

ઉપાય ત્રિજો

પોતાના ફરજંદની અને પોતાની તનદરોસતી ચાહાવા વાસ્તે હોમઇઅજદની ખશનુમને ઈઅજશને દરૂનબાજ તથા આફરગાન હોમઇઅજદની નૈયતે કરાવવું એટલું કરવાની શકિત નહિં હોય તો હોમઇઅશત હરરોજ પઢવી અને તનદરોસતીમાં જેની નૈયતે પઢે તેનું નામ લેવું.

પોતાના ફરજંદોનું અને પોતાનું સુખ તથા તનદરોસતી ચાહવાના બાબમાં

હરકોઇ આસામીએ પોતાનાં ફરજંદો, અને પોતાનું સુખ ચાહવા માટે પવિત્રાઇથી કુસ્તી કરી અરદી બેહેશત અમેશાસપંદની બાજ લઈ પરહેજગારીથી નીચલા કલામો પઢવાં.

'કલાંમ'

" ઈઆ રંઘહીફ્‌ન સરૂ અંઘા વહેશતાદ શીઓથનાદ મરેતાનો ફૂબેયો મજદાુ અકા મરોદ ઈઓઇગેાુશ મોરેદાંન ાુરૂ આખશ ઉખતી જીાુ ઈઆફશ ગરેહમા અશાદ વરતા ઇઅસચા વામશ ઈઅજતે દરૂજસચા પેરેમતો ફસચા શીાુમાંમ એપી દેબેતાના ઇઆફશ ફસસરૂદુમ બુમીઆાુ હપતેથે. "

કોઇ પણ આસામીને જો એ કલામ લખીને પાસે સખવાની મરજી હોય તો તેઓએ નમુનો નં ૧૩ નાં કલામ મુજબ લખી પાસે રાખવું. (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૧૩).

ખુદ પોતાનું સુખ ચાહવાના બાબમાં*

ભલી દીનનાં પાળનાર હરકોઈ આસામીએ પોતાનું સુખ ચાહાવા માટે પવીત્રાઇથી પાક સરોશ અશોની બાજ લઇ પરેજગારીથી નીચલા કલામો પઢવા.

'કલામ'

"અઇ ઈજુમ દેજુઆ વીસપા જુધો અકાદ મનઘો સતાચે-થરેમ ઇઅસચા વામશ ઇઅજતે."

કોઇ પણ આસામીને એ કલામ લખી પાસે રાખવાનો ઇરાદો હોય તો તેને અથવા તેણીએ નમુનો નં. ૧૪ ના કલામ મુજબ લખી પાસે રાખવું ઇઅ-જદાંની યારીથી ફાયદો પામે. (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૧૪)

નબળાઈનું દર્દ દફે કરવાના બાબમાં*

ભલી માજદીઅસની દીનના પાળનાર હરેક કોઈ આસામી મર્દ, બાનુ યા બચ્ચું કોઇને નબળાઇ થતી હોય તો પાકી હુશ્યારીથી "પાક અરદી બેહે-શત અમેશાસપંદ"ની બાજ લઇને નમુનો નં. ૧૫ ની તાવીજ આતવારને દિવસે લખીને આસામી કે જેને નબળાઇનું દર્દ થયું છે તેના પોતાના દરવાજાપર ચોટાડે યા તો તેની ખાક બનાવી સુંઘે તો દર્દ નાબુદ થાય. (અમબરની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૧૫)

ઊપાય બીજો*

પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી "અરદીબેહેશત અમેશાસપંદની" બાજ લઇને મોટી હફ્ત અમેશાસપંદ ઇઅશત રોજ પઢવી ઇઅજદાંની યારીથી ફાયદો પામે.

ઉપાય ત્રિજો*

પોતાની ગુંજાશ માફક "અમેરદાદ અમેશાસપંદની" આરધના કરવી. યા સખાવત કરવી. પાક દાદાર પાસે મુરાદ ચાહાવી, કે નબળાઇનું દર્દ દફે થાય.

મુલાકાતની આરજુ બર લાંવવાના બાબમાં*

હરકોઇ આસામીને પોતાના ખેશ ખેશાવંદની તથા બીજા કોઇ આસામીની મુલાકાત બર લાંવવા માટે પવિત્રાઇથી કુસ્તી કરી "અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ નમુનો નં. ૧૬ ની તાવીજ લખી પાસે રાખે તો ખુદાનાં હુકમથી પોતાના કામમાં ફાયદો મલે. (લાલ શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૧૬)

ઉપાય બીજો*

હરેક કોઇને કોઇ પણ આસામી તરફ દીલ હોય તેની મેહેરબાંની મેળવવા માટે પાક અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નમુનો નં ૧૭A ની તાવીજ લખી પાસે રાખે તો પાક ખુદાવંદની મેહેરથી પોતાની મુરાદમાં ફતેહ પાંમે. (લાલ શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર. ૧૭A)

ઉપાય ત્રિજો*

જરથોસ્તી પાક બેહેતર દીનના પાળનાર હરેક કોઇએ (બાનુ યા મર્દ યા બચ્ચું) કોઇ પણ આસામી સાથે મિત્રાચારી મોહોબત, વધુ રાખવી હોય તો

પવિત્રાઇથી કુસ્તી કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નમુનો નં ૧૭B ની તાવીજ સામા આસામીના નામ સુધ્ધાં લખી પોતાની પાસે રાખે તો બારેહ-કતાલાની બખશેશથી ફાયદો મલે. (લાલ શાહીથી લખવું) (જુઓ નમુનો નં ૧૭B)

ઉપાય ચોથો

પવિત્રાઇથી (ઉપર જણાવ્યા મુજબ) અરદી બેહેશત અમેશાસપંદની બાજ લઇને રોજ હોમ ઇઅશત પઢે તો પઢનાર આસામી પોતાના કામમાં ફાયદો મેળવશે.

ઉપાય પાંચમો

પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી પાક સરોશ અશોની બાજ લઇને અહુરમજદ ઇઅશત રોજ પઢવી યા ગુજાશ મુજબ દરૂન બાજ, આફરગાંન, ઇઅજશની જશન, વિગેરે પાક દાદારને નામનું કરાવ્વું.

નેકાહના બાબમાં

પાક બુલંદ જરથોસ્તી દીનના પાળનાર કોઇબી આસામી યા બાનુ પોતે ઇચ્છે, કે પોતાના નેકાહ (લગન) ના કામમાં થતી હરકત ટળી વગર મુશ્કેલે તેનુ કામ પાક કીરતારની મેહેરબાંનીથી સરંજામ ઉતરે, તો પોતાની ગુંજાસ મુજબ તે કામમાં ફતેહ મેળવ્વા બાબે પાક દાદાર અહુરમજદને નામથી દરૂન બાજ, આફરંગાંન, જશન, ઇઅજશની વિગેરે કરાવ્વું યા તેટલું કરવાની શકિત નહિં હોય તો દર રોજ પવિત્રાઇથી કુસ્તી કરી પાક સરોશ અશોની બાજ લઇને દાદાર અહુરમજદનાં ૧૦૧ નામ, અહુરમજદ ઇઅશત, અને મોટી હોમ ઇઅ-શત એટલું પઢવું ઇઅજદાંની બખશેશથી ફાયદો અને ફતેહ મલે.

ડાહાપણુના બાબમાં*

કોઇ પણ આસામીને યા બચ્ચાંને યા હરેક કોઇનેબી ડાહાપણ નહિં આવતું હોય તો બહમન અમેશાસપંદની યા તો અમેરદાદ અમેશાસપંદની આરાધના પોતાની ગુંજાશ મુજબ કરવી જેવી કે દરૂન, બાજ, આફ્રરગાંન, જશન, ઇઅજશની યા તેઓને નામની સખાવત કરવી તેટલું કરવા નહિં બને તો પાક આતશ બેહેરાંમની આરાધના પોતાની ગુંજાશ મુજબ આગળ જણાવ્યું છે તે મુજબ કરવી. રેહેમી કીરતારની મેહેરથી ફજલ થાય.

ખેતરમાં અનાજ વધુ પકવ્વાના બાબમાં

અગર હરકોઈ આસામી ઈચ્છે છે કે તેના ખેતરમાં (જમીનમાં) પાક સારો ઉતરે તો **ખોરદાદ અમેશાસપંદની** આરાધના પોતાની ગુંજાશ મુજબ દરૂન, બાજ, આફ્રરેગાંન, ઇઅજશની જશન, વિગેરે ક્રિયા, કરીને કરે· તેટલું નહિં બને તો ખોરદાદ ઇઅશત રોજ પઢવી ચાલુ કરે તો ઇઅજદાંની બખશેશથી ફાયદો પાંમે.

ઉપાય બીજો*

પાક મેહેર દાવર ઇઅજદને નામનાં દરૂન, બાજ, ઇઅજશની, જશન, વિગેરે કરી પાક ઇઅજદાંથી ફાયદો ઇચ્છે તો રેહેમી ખુદાવંદની બખશેશથી ફતેહ મલે.

ઉપાય ત્રિજો

પાક આવાં અરદુઇસુરની આરાધના પોતાની ગુંજાશ મુજબ ઉપર જણાવ્યા મુજબ કરે આવાં ઇઅશત પઢવી જારી કરે તો દાદારની રેહેમથી અનાજના બાબમાં ફાયદો મલે.

ઉપાય ચોથો

જે કોઇ આસામી અનાજ બાબે ઇચ્છે કે પુરતા જથામાં તેનાં ખેતરમાં ધાન્ય ઉત્પંન્ન થાય તો અસપંદારમદ અમેશાસપંદની આરાધના (ઉપર બીજા ઇઅજદોની ફરમાવી છે તેમ) પોતાની ગુંજાશ માફક કરે યા હપત અમેશાસપંદનાં દરૂન, બાજ, આફ્રરગાંન, જશન, ઇઅજશની, વિગેરે ક્રિયા કરે, તો પરવર દેગારની મદદથી તેનાં કામમાં જશ સહિત લાભ મલે.

ઉપાય પાંચમો

ઉપર જણાવ્યા મુજબ પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી પાક સરોશ અશોની બાજ લઇને હમેશાં રોશનીભર્યા માહાબોખતારની નીઅ'ઇશ અને ઇઅશત પઢવી ચાલુ કરે, યા બની શકતું હોય તો દરૂન, બાજ આફ્રરગાંન, જશન, ઇઅજશની વિગેરે ક્રિયા કરે. કોઇ પણ રીતની નેક મુરાદ બર લાવવા બાબે માહા બોખતારની (ઉપર જણાવ્યા મુજબની) બંદગી અને ધર્મ ક્રિયા કરે તો ચાહેલી મુરાદ જલદી બર આવે.

નશીબના બાબમાં

હર કોઇ આસામીને આ ખાકી જહાનમાં તંગદસતી હોય યાને તેનું તકદીર કોઇ પણ કાંમમાં યારી નહી દેતું હોય, અને દરેક મુરાદમાં, તે બેનશીબ હોય તો નમુનો નંબર ૧૮ ની તાવીજ કે જે કમનશીબ માટે ઉપયોગી છે તે પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેશત **અમેશાસપંદની** બાજ લઇને લખીને પોતાની પાસે રાખે અને નેક દયાનતે જીંદગી ગુજારે તો ઇઅજદાંની યારીથી ફાયદો દેખે. (કેશર સહીત અંબર મેળવી શાહી બનાવ્વી) (જુઓ નમુનો નંબર ૧૮)

રોજીનાં બાબમાં

અગર હર કોઇ આસામી બાનુ યા ગ્રહસ્થ પોતાની રોજીમાં વધારો થયલો જોવા ઇચ્છે, યાને વધુ દોલત, (પૈસા) મેલવ્વાની ખાયશ હોય તો પવિત્રાઇથી કુસ્તી કરી પાક દાદાર અહુરમજદની બાજ લઇ, આતશપર સુખડ લોબાન, ખુશબો મુકી પોતાની રોજીમાં વધારો થવે 'પાક ખુદાવંદ' નો હીસ્સો રાખવા બાબે મુરાદ ચાહાવી (પોતાની ઈચ્છા મુજબ રોજી બાબે મુરાદ ચાહાવી અને મરજી પડે તેટલો, રૂપીએ આની, બે આની ચાર આની યા ખુસી પડે તેટલો હીસ્સો કહેવો, અને હમેશાં પોતાની આવકમાંથી તે હીસ્સો કાહાડવો, પછી તે હીસ્સો ખુદાની રાહપર ક્રિયા, ખેરાત, વિગેરે નેક કામમાં વાપરવો) તો ઇઅજદાંની યારીથી ફાયદો પામે. રોજીનાં બાબમાં આ ઉપાય સર્વથી ઉત્તમ છે.

ઉપાય બીજો

આસામી કે જે પોતે ઉપર જણાવ્યા મુજબની ક્રિયા કરવાને શકિતવાન ન હોય તો પોતાની ગુંજાશ મુજબ રોશન માહાતાબ અથવા મીનો અરશશંગ

ઇઅજહની આશાઅનાં હફન, બાજ, આફરગાન, ઇઅજશની. જશન વિગેરે ક્રિયા કરે અગર તેટલું નહિં બને તો રોજ અરશશંગ ઇઅશત અને માહાની નીઆ-ઇશ, તથા ઇઅશત પઢે તો રેહેમી હાદારની મદદથી ફતેહ મલે. રોજ બ રોજ હમેશાં અરશશંગ ઇઅશત અને માહાની નીઆઇશ, ઇઅશત, પઢવાથી વધુ ફાયદો તેનાં પઢનાર મલે છે.

ઉપાય ત્રિજો

નમુનો નં. ૧૯ ની તાવીજ પવિત્રાઇથી અરદી બેહેશત અમેશાસ-પંદ, અથવા બેહેરાંમ ઇઅજદની બાજ લઇને લખી પરહેજગારીથી પોતાની પાસે જાળવી રાખે તો બુલંદ બખશેશના ખાવીંદની મદદથી ફાયદો પામે. અને રોજીમાં વધારો થાય. (કેશર સહાત અંબર મેળવી શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર ૧૯)

જખમ જલદી રૂજ લાવવાના બાબમાં

પાક બેહેતર દીનનાં કોઇબી બાનુ યા ગ્રહસ્થ કોઇનેબી કંઇ હથ્યારથી યા કંઇબી હોનારત, દર્દથી બદનનાં કોઇબી ભાગપર જખમ પડયો હોય તો પાકી હોશયારીથી હોમ ઇઅજદની બાજ લઇને નમુનો ન, ૨૦ની તાવીજ લખીને યા તખ્તી બનાવીને ગલામાં બાંધે યા પેહેરે તો જખમ જલદી રૂજ આવે. (લાલ શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર ૨૦)

ઉપાય બીજો

ઉપર જણાવ્યા મુજબ પાકી હોશયારીથી હોમ ઇઅજદની બાજ લઇ નમુનો ન. ૨૧ની તાવીજ લખી હમેશાં પવિત્રાઇથી પાસે રાખે તો ખુદાવંદની

મેહેરથી તોપ (ગોળી,) બંદુક, તીર, વિગેરે કારી જખમ કરનાર હથીઆરની અસર તે શખસને નહિં થાય. (કાળી શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર ૨૧)

ઊમરદરાજી ચાહાવાના બાબમાં

અગર જે કોઇબી પોતાને માટે યા બીજા કોઈને થકી લાંબી જીંદગી ઇચ્છે તો અમરદાદ અમેશાસપંદની આરાધનાં (આગળ બીજા ઇઅજદો વિષે જણાવ્યું તે મુજબ) કરે તો ઈઅજદાંની મેહેરથી ફતેહ પામે.

ભુલું પડે તેના બાબમાં*

હરેક કોઇબી આસામી યા બાનુ યા બચ્ચું કોઇબી જો માર્ગમાં યા મુસાફરીમાં રસ્તો ચુકી ભુલું પડે તો પાકી હોશ્યારીથી (પાક સરોશ અશોની બાજ લઈને અહુનવર (૧૦) પઢવા અને નીચલાં કલાંમ પઢવાં.) પાક ખુદાવંદ દાદારની મદદથી હરકત, મુશ્કેલી ટળી પોતાને ધારેલે માર્ગે વગર મેહનતે પોહોંચે, યાને તે આસામીને ચાલવાનો ખરો માર્ગ સુજે.

' કલાંમ '

ઇઅજ્દાંન પાક રાસત દાદાર અહુરમજ્દ* પનામે ઇઅજ્-દાંન અહુરમજ્દ ખોદાઇ* ખાવીંદે રાસત અવજુની ગુરજે ખોરેહ અવજાઇઆદ ખુબ્ સુરત સંરોશ અશો તગી પીરોજ્ગર બાદ* દસતગીરે રવાંન* હમા તન પાસબાંન અશોઆંન* અશો નેગે-હદાર* સરોશ યાદદાર* સરોશ ગોશદાર હાલા રવાંને પાસબાંન* રોજ માહો શબાંન* સરોશ ઇઅજ્દ પનાંહ બાદ* અશોને અશેમ વોહૂ (૧)

જો તે વખતે વધુ જોખમ યા ભયંકર જેવી સ્થિતિમાં તે આસામી હોય તો પોતાથી બને તેમ સરોશ ઇઅજદની આરાધનાં પોતાની ગુંજાશ મુજબ કરવાનો ઇરાદો ધારે. શકિત મુજબ સરોશનાં દરૂન, બાજ, આફ્રગાંન, જશન, ઇઅજશની વિગેરે કરવા ધારે અને તે મુશકેલીમાંથી ફારેગ થવા બાદ તુરત કહેલી ક્રિયા કરે તો પાક ખુદાવંદથી ફાયદો પામે.

ઉપાય બીજો*

નમુના નંબર ૨૨ નાં તાવીજ કે જે પાસે રાખવાથી દેવોની તોખમ-નઓથી પોંહોંચતી હરકત દુર થાય છે, તે જો પાસે રાખે તો માર્ગમાં યા મુસાફરીમાં કંઈ પણ હરકત કે જે દુષ્ટ ધનામીનોથી આદમ જાતને પોંહોંચે છે તે દુર થાય. (કાળી શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર ૨૨)

ભારે બલા દુર કરવાના બાબમાં*

કોઇ પણ આસામો ભારે બલામાં ફસી પડયું હોય અને પવિત્રાઇથી કુસ્તી કરી પાક અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નમુનો નં. ૨૩ ની તાવીજ લખીને પવિત્રાઇથી પોતાની પાસે રાખે તો આફતથી બચે. (કાંળી શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર ૨૩.)

હરેક પ્રકારના બલા, ભુત, પલીદી, જાદુ વિગેરે દફે કરવાના બાબમાં*

જે કોઇબી આસામીપર ભુત પલીદી અને જાદુની અસર થઈ હોય તો તે દફે કરવા પવિત્રાઇ અને પાકી હોંશીયારીથી પાક અરદીબેહેશત અમેશાસ-પંદની બાજ લઇને નમુનો નાં. ૨૪ ના કલાંમ લખીને જે આસામીપર ભુત, પલીદી, જાદુ, બલા, વિગેરે અસર થઈ હોય તેને ડાબા હાથ ી બાજુએ બાંધે તો રેહેમી કીરતારની બક્ષેશથી બલા દફે થશે. (કાળી કાજલની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૨૪)

ઉપાય બીજો*

પવિત્રાઇથી અરહીબેહેશત અમેશાસપંદની બાજ લઇને બહ્યુ દોરાનાં સાત તરાગ લઇ સાથે એકઠા કરતાં અરદીબેહેશત ઈઅશત પઢવી, અને અરદીબેહે-શત ઈઅશતની નીરંગ એક વખત પઢી એક ગાંઠ વાળવો એમ સાત વખત પઢતાં સાત ગાંઠ વાળવા પછી તે દોરાને લોબાંનથી ધુપાવી દર્દીની ડાબી બાજુએ બાંધવો ફ્રુપ આપતી વખતે પાક દાદારનું નામ જબાંનપર લેવું.

ઉપાય ત્રિજો*

કોઇબી શખ્સને હડહડતું બદ્દુ લાગું હોય તો હોમ ઇઅજદની ઇજશની તથા બાજ આફ્રરગાંન શાહા ફ્રવાશની નૈયતે ઈજાગ્વું, જેથી સર્વ દર્દ દફે થશે.

ઉપાય ચોથો*

પરહેજગારી અને પાકી હોશીયારીથી અરહીબેહેશત અમેશાસંપદની બાજ લઇ કુલ બલા દફે શવદની નીરંગ (જુઓ તાવ દફે કરવાની નીરંગમાં એ નીરંગ લખેલી છે) દર્દીપરથી પીછી કરતાં સાત વખત પઢવી અને પછી અરહીબેહેશત ઇઅશત પઢીને નમુના નં. ૨૫ ના કલામ લખીને ધોઇને દર્દીને તે પાણી પીવાડવું પુરતી પાકીજગી અને હોશીયારીથી આ કામ કરવામાં આવશે તો રેહેમી ખુદાવંદની બક્ષેશથી ફ્રાયદો મળશે. (ગોલાબજળમાં કેશરની શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર ૨૫)

ઉપાય પાંચમો*

પાકી હોશીયારીથી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ નીચલા

કલાંમ સાત વખત પઢતાં પીંછી કરવી અને પીંછી કરવા બાદ ઓય (આતશ-પર બાલવાની) નો ધુંવાડો તે દર્દીને આપવો. અને ધુંવાડો લેતાં પણ એ કલામ પઢવા. ખુદાની મેહેરબાનીથી બલા દફે થશે.

'કલાંમ'

ઇઅજ઼દાંન દાદધર રાસત દાદાર અહુરમજ઼દ* બનામે ઇઅ-જ઼દ* બક્ષાઇઅનદેહ, બક્ષાઇશગરે મેહેરબાન* કુ સેકનમ. ઓ વાએનુમ, નેજાર કુનમ કાલબુદે શોમા દેવાન, ઓ દરૂજાન ઓ હમએ જાદુઆન, ઓ પરીઆંન, પ હોમ વ બરસમ વ દીને રાસત, વ દરૂસત વેહે પાક બુલંદ દાદાર અહુરમજ઼દ, ઓ મન ચાશીદ, અએ હોમ ઇઅજ઼દ, કુલ બલા આજારવ જાદુ વ પલીદી હમએદર્દ અજ઼ (દર્દીનું નામ એ જગોએ લેવું.) દફે કુન* અએ ઇઅજ઼દ તુઈ મુજાહમે હમએ દર્દ હમએ બલા દફે કુન*

ઉપાય છઠ્ઠો*

પવિત્રાઇથી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નમુનો નંબર ૨૯ ના ' કલાંમ ' લખી કુવાના પાક પાણીમાં ધોઇને તે પાણી દર્દીને પાવું (જુઓ નીરંગ ધોઇને પીવાની) પછી કુલ બલા દફે શવદની નીરંગ પઢતાં પીંછી કરવી (એ નીરંગ તાવની નીરંગમાં લખેલી છે) અને ઓયનો ધુંવાડો લેતાં ઉપાય પાંચમામાં જણાવેલા કલામ પઢવા. ઈઅજદાંની મદદથી ફાયદો મળશે.

(' કલાંમ ' કેશરની શાહીથી લખવા.) (જુઓ નમુનો નંબર ૨૯)

ઉપાય સાતમો

બાકી હોશીયારીથી સરોશ અશોની બાજ લઇને નમુનો નંબર ૩૦ ના

કલાંમ લખી પાસે રાખે તો હરેક પ્રકારની બલા દફે થાય. (કાળી શાહીથાં લખવા) (જુઓ નમુનો નંબર ૨૭)

ઉપાય આઠમો

જો ભુત પલીદીનું જોર વધુ હોય તો હોમ ઇઅજદની ઇઅજશની તથા બાજ આફ્રરગાંન શાહા શ્યાવક્ષને નામે ઇજાબ્વું ખુદાની મેહેરથી ફાયદો મળશે.

ઉપાય નવમો*

કોઇપર ભુત, પલીદીની ભારે અસર થઈ હોય તો દાદાર અહુરજદની ઇઅજશની, જશન, અને આફ્રરગાંન બાજ શાહા શ્યાવક્ષને નામે ઇજાબ્વું. સર્વ હરકત દુર થાય.

ભુત પલીદી દુર કરવાની તાવીજો*

કોઇ પણ આરામીને જો ઉપલા નવ ઉપાયોમાંનો કોઇબી ઉપાય બાબે વધુ મહેનત યા વધુ જર ખરચવું પડતું હોય તો નીચલી તાવીજો પણ એ દર્દ દફે કરવા માટે કામ આવે છે. એ તાવીજો પણ પાક અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને બનાબ્વી, અને ફરમાબ્યા મુજબ ક્રિયા કરી ઉપયોગમા લેવી.

" તાવીજ પેહેલી. "

નમુનો નંબર ૨૮ ની તાવીજ લખીને દર્દીના ડાબા હાથની બાજુએ બાંધવી. કે જેથી દેવો, દરૂજો, બલા, હરકત, નાબુદ થાય. (કાળી કાજલની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૨૮)

"તાવીજ બીજી."

આ તાવીજ લખીને દરદીના ગળામાં પેહેરાવવાથી સર્વ બલા હરકત ટળે. (કાળી શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૨૯)

"તાવીજ ત્રિજી."

કોઇ પણ આસામી મર્દ ઓરત યા બચ્ચાંને કોઇનેબી બલા ગલેજ થઇ હોય તો પુરતી પવિત્રાઇથી (આગળ જણાવ્યા મુજબ) અરદીબેહેશત અમેશાસ્પંદની બાજ લઇને નમુનો નંબર ૩૦ની તાવીજ શની યા રવીવારે લખી કોઈ પણ પુતળાંને ગળે બાંધવું. કાળા મેસની શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૩૦)

જીન, પરી, ખવીશનો આસેબ તોડવાના બાબમાં*

કોઇ પણ આસામીને ખવીશ, જીન, પરી, જાદુ વિગેરેનો આશેબ પાંહેચ્યો હોય તો હોમ ઇઅજદની ઇજશને, બાજ, આફ્રગાંન શાહા શ્યાવક્ષની નેયતે કરાવવું. ખુદાવંદના હોકમથી સર્વ હરકત દફે થાય.

હર પ્રકારનો આઝાર દુર કરવાના બાબમાં

તન પાક કરી સરોશ અશોની બાજ લઇ પાકી પરહેજગાંરીથી નીચલા કલામ હરેક આઝાર માંટે પઢે તો પાક ખુદાની મેહેરથી દર્દ દફે થાય.

'કલાંમ'

"અમેરેતાતસચા હીઅદ વાઉ, અકા મનંઘા ઇઅંગ દેઉઇઅંગ; અકશાચા મેનીફ્ઉશ, અકા શીઓથનેમ વચંઘા, ઇઆફ્રચેનશ દરેગુઅંતેમ ખસીઓ પોરોઇઅનાઉ, ઇઅનાખશતા ઇઆફ્રશ સરાઉઅહીઅતી ઇઅજી, તાઇઅશ અથાહાતામરાને અહુરા વહેસતા, વોસતા મનઘા થવહમી વે મજ્દા ક્ષથરોઇઅ અશાહઅચ સેંઘો વીદાંમ."

હરેક બુરાં વ્યસનો દુર કરવાના બાબમાં*

પવિત્રાઇથી કુસ્તી કરી પાક અરદીબેહેશત અમેશાસ્પંદની બાજ લઇ નમુનો નંબર ૩૧ ની તાવીજ લખી જેને કોઇ પણ બુરાં વ્યસન યા ખાસ્યત હોય તેને પાસે રાખવી, ખુદાની મેહેરથી શુભ માર્ગ સુજ પડે. (લાલ શાહીથી લખવું) (જુઓ નમુનો નંબર ૩૧)

લાગેલી નજર યા દેહેશત દુર કરવાના બાબમાં*

કોઇ પણ આસામીને નજર લાગી હોય યા પોતે દેહેશત ખાધી હોય તો નમુનોનંબર ૩૨ ની તાવીજ પાક હોમ ઇઅજદની બાજ લઇને લખી, ધોઇને તે તે આસામીને પાય તો ઇઅજદાંનાં હોકમથી ફાયદો પામે (ગોલાબજળમાં કેશરની શાહીથી લખવું) જુઓ નમુનો નંબર ૩૨

મરકી ટાળવાના બાબમાં*

જ્યાં મરકી ચાલતી હોય તે મોહોલામાં યા શેહેરમાં, યા તે લત્તાપરનાં વસનારાંઓએ સાથે એકઠાં મળીને યા હરકોઇ આસામીએ હોમ ઇઅજદની, ખશનુમનથી શાહા, ફરેદુનની નૈયતે દરૂન, બાજ, આફ્રરગાન, ઇઅજશની, વિગેરે કરાવ્વું. પાક ખુદાવંદનાં હોકમથી મરકી દફે થશે.

ઉપાય બીજો*

જો કોઈ આસામીને મરકી થઈ હોય તેને પોત્તે કુસ્તી કરી હફ્ત અમેશાસ્પંદની બાજ લઇને અહુરમજદ ઇઅશત ખુદાનાં ૧૦૧ નામ અને અરદીબેહેશત ઇઅશત એટલુ પઢવુ યા કોઇ પસે તનદરોસ્તીનાં નામ દઇંનું દઇને પઢાવ્વું અને કુ કનમની નીરંગ (હોમ ઇઅશતની) અને કુલ બલા દફે સાવદની

(વનનત ઈઅશતની) નીરંગ પઢતાં હદી ને પીંછી કરવી, અને આય કેતાબમાં જે તાવની નીરંગ ફરમાવી છે તે મુજબ ક્રિયા કરવી. પાક રીતે, એક દીલથી ખુદાપર ભરોસો રાખી એ કાંમ કરવામાં આવશે તો ખુદાવંદની બખશેશથી ફાયદો થશે.

દુશમન દફે કરવાના બાબમાં*

દુશમન વધુ જોરાવર હોય અને પોતે સારી ચાલ ચાલવા છતાં શેતાનયત ખસલત બતાવતો હોય યાને જે કોઇ આસામી કે જે સર્વદા સૌનું ભલુ ઇચ્છે છતાં તેની સાંમે કોઇ શખ્સ વેર ભાવ રાખી નાહાકનું દુ:ખ દઇ હેરાંન કરે તો મોહોર ઇઅજદની નૈયતે ૩૩) ઈદાં મુકી બાજ ઇજાવ્વી અને આફ્રગાંન ભણાવ્વું અને બની શકે તો ઇઅજશની જશન સાથે હરૂન કરવા, ઇઅજદાંની મેહેરથી દુશમન દફે થશે.

ઉપાય બીજો

પવિત્રાઈ અને પાકી હોશીયારીથી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ નીચલા કલાંમ સાત વખત દરરોજ પઢે તો ઈઅજદાંની કરમ બખશેશથી દુશમન નાબુદ થાય.

‘ કલાંમ ’

“ઇઅજદાંન દાદવર રાસત દાદાર અહુરમજદ* રઈઓમંદ* ખોરહેમંદ* મીનોઆંન મીનો* માલેક હફતકેશવર* આફ્રીન દે કુલ આલમ* દાનાં* ઓ તવાનાં* અએ કેરદેગાર* દાદાર પાક* અહેરેમન વ દુશમન નાપાક* અહેરેમન વ દુશમન ખાક શવદ* અહેરેમન વ દુશમન* શેકશત વ દફેશવદ, અહેરેમન વ દુશમન

હલાક શવદ* હમએ નસલે અહેરેમન વ દુશમન નાબુદ શવદ* દાદાર અહુરમજદ ફીરોજગર પાક બુલંદ કવી* અય કેરદેગાર અજ તુ મુરાદ ખાહમ* દુશમને મન* હરીફે મન, વ અજ મન હમએ કારે અહેરેમન વ દુશમન દફે શવદ, અએ 'ખાવીંદ' બેહેરાંમ ઇઅજદરા બે ફરમા દુશમને મન દફે કુન*" (સાત વખત પઢવા)

ઉપાય ત્રિજો*

અગર જો દુશમન વધુ દુઃખ દીએ તો પાકી હોશીયારીથી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઈને દરરોજ અરદીબેહેશત અને બેહેરામ ઇઅશત પોતેજ પઢે. (ફકત એજ બે ઇઅશતો કુસ્તી કરી (બાજ) ઉપર જણાવ્યા મુજબ લઇને પઢે બીજુ ભણવાનું સાથે નહિં ભણતાં જુદી કુસ્તી કરીને ફરજીઆત બંદગી ગુજારે) અને તનદરોસ્તીમાં પઢનારનુજ નામ લીએ તો રેહેમી ખુદાવંદની બખશેશથી દુશમનનું જોર કમી રહે, જે આસામી એ બંદગી ગુજારે તે વખતે ઘીની બતી અને આતશનું પાતરૂં પોતે અવસતા પઢે એટલો વખત રાખી સુખડ ખુશબો આતશપર બાલવી.

ઉપાય ચોથો*

પવિત્રાઇ અને પાકીજગીથી કુસ્તી કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ નીચે લખેલા કલાંમ દરરોજ ત્રણવાર પઢવા, રેહેમી કીરતારની યારીથી દુશમન દફે થાય.

"કલાંમ"

"હમેમ તદ વહેશતાચીદ, ઇઅ રુશોરૂઇઅ સીઆસચીદ, દહમી આ.ુ, શીઆંશ મજદા અહુરાઇઅ હીઆતા ઇઅથીસચીદ, દો ઇઅથા હીઅદ ઇઅનધે દરેગુઅતો ઇઆનુ ઇઅસીઇઅંગ અંઘહીઆ" (૩ વાર, પઢવા)

ખરવસતર તોડવાના બાબમાં*

પાક રીતથી કુસ્તી કરી બેહેરામ ઇઅજતી બાજ લઇને પીંછી કરતાં નીચલા કલામ પઢવા. (સાત વખત પઢવા)

" કલામ "

ઇઅજદાંન દાદવર રાસત પાક દાદાર અહુરમજદ, બનામે ઇઅજદ પનામે નેવરે ફરેદુન બસતેહોમ, હફતરંગ સમાન મેઆરે-નીલીન સસતેન, હફત બસતેહોમ જેરહમા ખરવસતરાંન જાદુઈ, બસત હોમ બસત હોમ, હફતરેસમાન અશોને અશેમ વોહૂ (૧)
(સાત વખત પઢવા)

કોઈ પણ ખરવસતરના ડંખથી કોઇનેબી ચહડેલું ઝેર ટાળવાના બાબમાં*

પાકી હોશીયારીથી 'બેહેરામ ઇઅજદ' યા તો હોમ ઇઅજદની બાજ લઇને નમુનો નંબર ૩૩ ની તાવીજ બનાવી જે આસામી યા જાનવરને ઝેરી જાનવર ડંખ્યું હોય તેને ડંખપર બાંધે, અને પવિત્રાઇથી રહે તો ઇઅજદાંની મેહેરથી ઝેર ઉતરે. (કેશર સાથ કાફુર મેળવી શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર ૩૩)

ઉપાય બીજો

ઉપર જણાવ્યા મુજબ બાજ લઇને નમુનો નંબર ૩૪ ની તાવીજ પાણીમાં ધોઈને જેને ઝેરી જનાવર કરડયું હોય તેને પાય તો ખુદાની મેહેરથી ઝેર ઉતરી

દફે દફે થઇ દફીને આરામ થાય, (કેશર, ગોલાબ જળમાં મેળવી શાહી બનાવવી. (જુઓ નમુનો નંબર. ૩૪)

ઉપાય ત્રીજો*

ઉપર જણાવ્યા મુજબ પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેશત અમેશાસ્પંદની બાજ લઇને અહુનવર દશ પઢી નીચલી નીરંગ સાત વખત પઢતાં દફીને જ્યાં ઝેરી પ્રાણી ડંખ્યું હોય ત્યાં હાથ ફેરવતા પઢવી અને ઉપર જણાવેલી કોઇબી તાવીજ પવિત્રાઇથી લખો ધોઇને પાવી.

' કલાંમ '

" ઇઅજદાંન દાદવર દાદાર અહુરમજદ* બનામે ઈઅજદ* બક્ષાઇન્નદેહ* બક્ષાઇશગરે મેહેરબાંન* કુ સેકનમ ઓ વાએનુમ નિજારકુનમ કાલબુદે શોમા દેવાન* દરૂજાન* જાદુઆન વ પરીઆન પહોમ બ બરસમ વ દીને રાસત વ દરૂસત કે મન ચાશીદ* અશોને અશેમ વોહૂ (૧) " (ખરવસતર મારતાં પણ એજ નીરંગ પઢવી)

કોઈ પણ ઘરમાંની યા જગ્યાની બલા યા દેવ, જાદુઈ, દફે કરવાના બાબમાં*

અગર કોઇબી ઘર અથવા જગ્યા કે જ્યાં જીવત્રાળા પ્રાણીઓ જેવાં કે આદમજાત તથા ઉપયોગી જાનવરોનો વસવાત હોય પણ કમનસીબે ત્યાં દુષ્ટ ઘનાર્મીનોથી ઉત્પન્ન થએલી હરકોઇ પ્રકારની બલાનો ડર તે ત્યાંના વસનારાંઓને લાગે તો પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી "પાક અરદીબેહેશત અમેશાસ્પંદ" ની બાજ લઇને નમુના નંબર ૩૫ ની પેહેલવીની નીરંગ લખીને ઘરને દરવાજે ચેહોરવી. એ નીરંગ રોજ ૫) મો અસપંદારમદ માહ ૧૨) મો અસપંદારમદને દીનેજ લખવી; પણ જો તે પેહેલાં ઘણી અગત્ય અને જરૂર જેવું હોય તો

હરે માહના ' અસ્પંદારમદ ' રોજે લખવી. (કાળી શાહીથી લખવી) (જુઓ નમુ I નંબ ૩૫.)

નમુનો નંબર ૩૫ નીરંગ 'અશેમ વોહુ' સુદ્ધાં લખી છે તે ઉપર જણાવ્યા મુજબ બાજ ધરીને લખવી. અને આ કેતાબ પાછળ અન્દીએહેશત અમેશાસપંદની' બાજ મુનાની ફરમાવી છે તે પઢવી અને નીરંગ ઉપયોગમાં લેવી. એ નીરંગ કરવા પેહેલા રેતી ઇજવાની નીરંગ કરી ઘરમ રેતી છાંટી હોય અને પછી પ લવી તો નીરગ કરે તો પાક ઇઅજદાંની બખશેશથી વધુ ફાયદો પાંમે.

નીરંગ રેતી ઈજવાની*

એ નીરંગ પણ રોજ ૫) મો અસ્પંદારમદ માહા ૧૨) મો અસ્પંદારમદ ને દીને ખપ હોય એટલી રેતી લઇ એક ધાતુના બનાવેલા પવિત્ર વાસણમાં રૂકી નીચે જણાવ્યા મુજબ બાજ લઇ તે રેતીને ક્રિયાથી પાક કરી પછી ઘરમાં ઉપલેજ દીને છાંટવી.

ઈઅજ્દાંન દાદઅર દાદાર અહુરમજ્દ* પનામે ઈઅજ્દાંન અહુરમજ્દ ખોદાઇ ખાવીંદે રાસત અવજુની* ગુરજે ખોરહે અવઝાઇઅદ* પાક અસપંદારમદ અમેશાસપંદ બેરેસાદ*

અજ્ હમા ગુનાહ પતેત પશેમાનુમ* અજ્ હરવસતીન દુશમત* દુજુખત* દજુઅરેશત* મેમ પ ગેથી મનીદ* ઉઇમ ગોફ્ત* ઉઇમ કરદ* ઉઇમ જસત* ઉઇમ બુન બુદ ઇસતેદ* અજાં ગુનાહ મનશની* ગવશની* કુનશની* તની રવાંની* ગેથી મીનોઆંની* ઉખે અવાક્ષ પશેમાન ૫ સે ગવશની ૫ પતેત હોમ* ક્ષનોથર અહુરહે મજદાઉ* તરોઇદીતે અંઘરહે મેનીઉશ* હેથીઆ વરશતાંમ હીઅદ વસનાં ફરશોતેમેમ સતોમે અશેમ* અશેમ વોહૂ (૩) ફરવરાને માજદીઅસનો જરથુશતરેશ* વીદેવો અહુરહે દકેશો* (જે ગેહે હોય તે પઢે) ફરસસતીએચ* સપેંતીઆઉ વંઘોહીઆઉ આરમેતોઇશ* રાતીઆઉ વંઘોહીઆઉ*; વોઉરો દોઇથરી-

આ઼ુ* મજ્દદાતીઆ઼ુ* ક્ષનોથર ઇઅસનાઇ્ચ* વહમાઇ્ચ* ક્ષનોથરાઇ્ચ* ફરસસતીઇ્ચ* ઇઅથા અહુ વેરીઓ જોતા ફ્રામે મરૂતે* અથા રતુશ અશાદચીદ્ હચ ફરા અશુઅ વીદુંઆ઼ુ મરો-તુ* સપેંતામ વંઘોહીમ આરમેતીમ ઇઅજ્મેદે* રાતાંમ વંઘોહીમ વો઼ુરૂ દોઇથરાંમ મજ્દદાતાંમ અશોનીમ ઇઅજ્મેદે* (એ મુજબ બાજ લેવા પછી નીચલી નીરંગ બાજમાં પઢે)

" માહે અસપંદારમદ, રોજે અસપંદારમદ* રોજે અસપં-દારમદ માહે અસપંદારમદ* અસપંદારમદ માહા અસપંદારમદ રોજ્* બસતેમ જેહેર વેરા જ્ફરે હમા ખસફ્તરાંન* પનાંમે નીરૂઇ તગ ફરેદુન* ઇઆઇરેશ વનનતસતર અહુરમજ્દ દાદ* ગોઆ-ફરગાંન રવા બાદ* ઇદુન બાદ* અરોમ બેશજ્ બાદ* જ્નેમ અવજ્નેમ ગુનાહ ગુજારેશને* કેરફે રવાંને દુશારમરા* (પરગટ પઢે)* ઇઅથા અહુ વેરીઓ (૧) "

(એ ' ઇઅથા અહુ વેરીઓ ' ની શીઓથેનનાંમ પઢતાં છુરીએ કરી રેતી તલે ઉપર કરવી. એ મુજબ સાત વખત નીરંગ પઢવી અને સાત વખત રેતી તલે ઉપર કરવી. પછી બાજમાંજ પઢવું)

અહુરમજ્દ ખોદાઇ અવજુનીએ મરદુમ* મરદુમ સરદગાંન* હમા સરદગાંન* હમબાઇઅસતે એહાંન* રૂઇમ બેહદીન માજ્દી-અસનાન* આગાહી આસતુઆની* નેકી રસાનદ* ઇદુન બાદ* (પરગટ પઢે) ઇઅથા અહુ વેરીઓ (૨) ઇઅસનેમચ* વહમે-મચ* ઓજસચ જ્વરેચ* આફરીનામે* સપેંતીઆ઼ુ વંઘોહીઆ઼ુ આરમેતોઇશ* રાતીઆ઼ુ વંઘોહીઆઇ* વો઼ુરો-દોઇથરીઆ઼ુ* મજ્દદાતીઆ઼ુ અશોનીઆ઼ુ* અશેમ વોહૂ (૧)

અહમાઇરેશચ*-હજ્વરેમ*-જસમે*-કેરફે મુજ્દ*-અશેમ વોહૂ (૧)

ઉપાય બીજો*

નમુનો નંબર ૩૬ ની તાવીજ પાક 'અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ હરકોઇ દિવસે પવિત્રાઇથી લખીને દરવાજે ચોઢારે તો 'ઇઅજદાં'ની મેહેરથી તમામ નાપાકી દુર થાય. (જલ્દ શાહીથી લખવુ) (જુઓ નમુનો નંબર ૩૬)

પોતાના મકાંનથી હરેક પ્રકારની હારે મનદઈ દુર રાખવાના બાબમાં*

પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નીચલા કલાંમ હરરોજ પઢવા. યા આતશપર ખુશબો મુકી રોજ બરોજ દિવસનાં શરૂ થતી હરેક ગેહેમાં પઢે તો ખુદાવંદની બખશેશથી અંધારી તોખમનાં દેવો અને હારેમનનું જોર કમી થાય.

' કલાંમ '

ઇઅજદાંન દાદવર દાદાર અહુરમજદ* પનામે ઇઅજદાંન અહુરમજદ ખોદાદ્દ ખાવીંદે રાસત* અવજુની* ગુરજે ખોરહે અવજાઇઆદ* પાકુ દાદાર અહુરમજદ અસરગ રઇઓમંદ ખોરહેમંદ* પેતેશતાતે તેમંધામ* પેતેશતાતે તેમશ ચેથરનામ દેવ અનામ* પેતેશતાતે તાઇ તુનાંમચ* હજેશનામચ* પેતેશતાતે દ્રુઆતુનામચ* પેરેકનામચ* પેતેશતાતે અદ્દથીઅજંધ મરેશોને રાસત દાદાર રઇઓમંદ ખોરહેમંદ બેરેસાદ અશેમ વોહૂ (૧) (૩ વાર પઢવા)

ઉપાય બીજો*

પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી, બુલંદ 'હફતઅમેશાસપંદ'ની બાજ લઇ

અહુનવર દશ પઢે ને નીચલા કલાંમ રોજ સાત વખત પઢે તો 'પાક દાદાર'ની મેહેરથી ફતેહ પામે.

'કલાંમ'

"પા તનો ફ્બેશીઅતદ પેરે મજ્દાઉસચ* આરમેતસચ* સપેંતસચ* નમ દેવો દરોક્ષ* નસ દેવો ચેથર* નસ દેવો ફ્ર-કારસચ* નમ દેવો ફરદાફ્તે* અપ દરોક્ષ* નસે અપ દરોક્ષ* દુવારે અપ દરોક્ષ* વીનસે અપ ખેદરે અપ નસીફ્હે* મા મેરેન-ચેનીશ ગેથાઉ આસતુફ્તેશ અશહે નેમસચા ઇઆ આરમેતેશ ઇજાચા* અશેમ વોહૂ (૧) (૭ વખત પઢવા)

ઉપાય ત્રિજો*

પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇ અહુનવર (૮) અને અશેમ વોહુ (૬) પઢીને નીચલી નીરંગ ત્રણ વખત પઢવી. અને ખુદા પાસે મદદ ચાહાવી કે જેથી દુષ્ટ ધનામીનો હમેશનો તુટેલો થાય.

'નીરંગ'

"જદ શેકશતે બાદ* અહેરેમન* દેવાન* દરૂજાંન* જાદુ-આન* દરવદાંન* કીકાંન કરફાંન* સાસતારાંન* દુશમનાં ફરી-આંન* જદ શેકશતે બાદ* દેવ દરૂજ પરી સેતોહ બાદ*" (૩ વખત પઢવા)

ઉપાય ચોથો*

પવિત્રાઇથી કુસ્તી કરી 'હોમ ઇઅજદ'ની યા તો 'બેહેરાંમ ઇઅજદ'ની બાજ લઇ નીચલા કલાંમ સાત વખત પઢવા, જો પુરતી પરહેજગારીથી એ કલાંમ પઢવોમાં આવશે તો પાક દાવરની મદદથી તુરત ફાયદો મલશે.

'કલામ'

નેમસેતે અહુરમજદ* ક્ષનથાઇ અંઘરહે મેનીઇ ઉશ દરવતો* ક્ષનથાઇ ફશમહે ખરૂઇ દરોક્ષ* ક્ષનથાઇ માજીનીએનામ દેવનામ* ક્ષનથાઇ વીસપનામ દેવનામ વરનીઅનામચ દરવનતાંમ* (૭ વખત પઢવા)

ઉપાય પાંચમો*

પવિત્રાઈથી કુસ્તી પાદીઆબ કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નીચલા કલાંમ ઘરમાં લોબાંન ધુપાવતાં પઢવા પાક દાદારની મદદથી સર્વ નાપાકી દુર થશે.

'કલાંમ'

" પાતનો દબેશીઅંતદ પેરે મજદાઉસચ* આરમેતસચ સપેંતસચ નસે દેવો દરોક્ષ* નશે દેવો ચેથર* નસે દેવો ફરકારસચ* નસે દેવો ફરાદાઇતે* અપ દરોક્ષ* નસે અપ દરોક્ષ દુવારે અપ દરોક્ષ* વીનસેઅપ ખેદરે અપ નસીઇહે* "

ઉપાય છઠ્ઠો*

પાકી હોશીયારીથી હફ્તે અમેશાસપંદની બાજ લઈને " કુલ બલા દફે શવદ"ની(વનનત ઈઅશતની) અને ' કુ સેકનમ ' ની (હોમ ઇઅશતની) નીરંગ ઘરમાં યા કોઇબી જમીનપર કે જ્યાં નાપાકીનું જોર વધુ છે ત્યાં તે જમીનપર (ખાતતા લીંબુનો રસ) છાંટતાં પઢવી, અને પછી જમીનને પાણીથી ધોઇ સાફ કરવી. ત્યાર બાદ ઉપલા કલાંમ (પાંચમા ઉપાયના) આતશ પર ખુશબો મુકી તે જગ્યાએ સાત વખત દિવસમાં દર શરૂ થતી ગેહેનાં અમલમાં પઢવા પાક ખુદાવંદની બખશેશથી ફાયદો થાય. મરકી વખતે પણ આ ઉપાય અતી ઉપયોગી છે.

નીરંગ દરેક ઉપયોગી જાનવરની*

' અશ અને મજદ અહુર ' કે જેને આ તમામ જહાંન પેદા કરી અને આદમ જાતના દરેક સુખ માટે હરેક ચીજો ઉત્પન્ન કરી તેમાં આદમજાતના ખપ માટે ઉપયોગી જાનવર પણ આ ખાકી દુન્યામાં અગત્યતાને માટે હસ્તી ધરાવે છે, અને તેઓ સર્વપર રેહેમી દાદાર' ની છુપી મદદ બેહદ છે, પણ દુષ્ટ ધનામીનો કે જે હમેશાં ઘટે છે અને રોજ બરોજ યાને દર દીન ઘટનારો છે; તેનેથી કોઇબી ઉપયોગી જાનવરને કંઇબી પ્રકારની હરકત નડે તો પવિત્રાઇથી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને નમુના નંબર ૩૭ની નીરંગ કે જે અનેક દર્દના ઉપાય માટે અકશીર છે તે પાકી હોશીયારીથી બનાવી, ધોઇને પાવી. ઇઅજદાંના હોકમથી ફાયદો મલશે. (ગોલાબ જળમાં કેશરની શાહી બનાવવી) (જુઓ નમુનો નંબર ૩૭.)

ઉપર લખેલી નીરંગ પાવા આગમચ તે નીરંગ પીનાર જાનવરને પણ જો નહવાડી તન પાક કરવામાં આવશે તો ઇઅજદાંના હોકમથી જલદી ફાયદો મળશે. એ નીરંગ તે જાનવરને પાવા બાદ તેના તન પરથી " કુલમલા દફે શવદ" ની નીરંગ સાત વખત (જે આથ પુસ્તકમાં તાવની નીરંગમાં આપેલી છે તે) પઢતાં પીંછી કરવી અને " કુ સેકનમ " ની નીરંગ (એ નીરંગ પણ ઉપલી નીરંગની સાથે આપેલી છે) સાત વખત પઢતાં આતશપર 'બે.ય' (બાલવાજી) મુકી તેની ધુપ પણ સાથે કરવી. તો સર્વ હરકત, અથવા બલા દફે થશે.

ઉપાય બીજો*

પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમેશાસપંદની બાજ લઇને આય કેતાબમાં ફરમાવ્યા મુજબ દોરાના સાત તરાગ લઇને (આ કેતાબમાં બતાવ્યું છે તે મુજબ) 'અહુનવર' ૨૧) પઢવા, અને દરેક 'અહુનવરની શીએ થેનનામ' પઢનાં કુસ્તીની માફક ગાંઠ વાળવા. એમ 'એકવીશ અહુનવર' પઢતાં એવડા ૨૧) ગાંઠ વાળવા. પછી 'કુલ બલા-દફે શવદ'ની નીરંગ ત્રણ વખત પઢવી દરેક વખતે અકેકો ગાંઠ વાળવો, અને 'અરદીબેહેશત ઇઅશતની નીરંગ ત્રણ વખત પઢતાં ત્રણ ગાંઠ વાળવા. ત્યાર બાદ લોબાનની ધુપ તે દોરાને દેતાં પાક દાદારની યાદી કરવી, અને 'કુ સેકનમ'ની નીરંગ પઢતાં તે જાનવરને ધુપ આપી પછી પેલો દોરો કે જે ક્રિયા કરી બનાવ્યો છે, તે દોરો તે જાનવરને બાંધવો. દોરો ગળામાં યા પગે ગમે ત્યાં બાંધે, પણ બાંધતાં 'અહુનવર દશ' પઢવા. ઈઅજદાંના હોકમથી ફાયદો મલે.

એ દોરો પેહેલાં નીરંગ બતાવી છે તે કરવા બાદ તે જાનવરને બાંધે તો વધુ ફાયદો થાય યા તેટલું ન કરવાની મરજી હોય તો અમથો દોરો બનાવી ઉપયોગમાં લીએ.

બીજું આ કેતાબમાં જેટલા ઉપાયો જે જે દર્દ બાબે ફરમાવ્યા છે, તે ઉપાયો, જાનવરને જે પ્રકારનું દુઃખ હોય તે બાબે કેતાબમાં ફરમાવ્યા મુજબ ઉપયોગમાં લેવા પણ આય જુદી નીરંગો જે આપી છે તે સાથે કરવાથી તેની અસર ઘણી જલદી થાય છે.

ઉપાય ત્રિજો*

નમુના નંબર. ૩૮ ની તાવીજ કે જે અનેક દર્દનાં ઉપાય માટે અકસીર છે તે પોતેને પાય યા તો ગળે બાંધે તો હરેક દુઃખ ટળે. (કેશરના શાહીથી લખવા) (જુઓ નમુનો નંબર ૩૮)

એ ઉપરાંત આગળ બધી નીરંગો અને તાવીજો જે દુઃખ દર્દના ઉપાય માટે બતાવી છે, તે જે દુઃખ તે જાનવરને થયું હોય તે પર દર્દના ઇલાજ તરીકે ઉપયોગમાં લેવી. અને સાથે જાનવરની નીરંગ જણાવી છે તે પણ કરવી. બુલંદીનાં ખાવીંદની મદદથી ફતેહ થાય.

હરેક આસામીએ પોતાનું ધારેલું કામ યા
અનેક પ્રકારની ખબર મેલવ્વાના બાબમાં*

બુલંદ બક્ષેશના ખાવીંદ રેહેમી અહુરમજદે કુલ આલમ, અને તમામ પેદાયસો સરજી, ખાકી ઇનશાનોને આ ફાની જહાંનમાં હસ્તી આપી પોતાની ઓહોળી કુદરતની ઘણીક નેક ઇચ્છાઓ તેઓમાં ઉત્પન્ન કરી તેમાં આદમ જાતને આ દુન્યામાં પોતાનું ધાર્યું કામ યા અનેક પ્રકારની નેક ઇચ્છા બાબે પોતે જાણીતું થવું, એ ખાયશ પણ વિષેશ દરજજો ભોગવે છે. અને બુલંદ બેહેતર સર્વથી શ્રેષ્ટ પાક માજદીઅસની દીનમાં તે બાબે ભણતર, ક્રિયા વિગેરે અસલથી ચાલતા આવેલા રિવાજ મુજબ જાહેર છે પણ જો પવિત્રાઇથી તે પર અમલ કરવામાં આવે, તો બેશક કોઇ પણ આસામી પોતાની ધારેલી ઇચ્છા બાબે પાક ખુદાવંદ તરફથી પોતાને લગતી ખબર મેળવી શકે, એક વખત એક આસામી એક સવાલ પુછે તો તેનો જવાબ કદાચ 'ના' મલે અને પછી થોડે વખતે યા થોડે દીવસે પાછું તે બાબે પુછતાં જવાબ 'હા' મલે તો એમ નહિં સમજવું કે એ ક્રિયા ભણતર વિગેરે ખોટું છે. પણ જે વખતે જે ચીજ બાબે આપણે સવાલ કર્યે તે વખતે તે ચીજ જે હાલતમાં હોય તેવો જવાબ મલે છે. વળી ખુદ ધ્યાનમાં રાખવું જોઇએ કે ક્રિયા કરતી વખતે 'ગેહે' એકજ રાખવી 'ગેહે' બદલાવાનો વખત થવા આવ્યો હોય અને પોતાને વધુ વખત એ ક્રિયા કરતાં થનાર હોય તો 'ગેહે' બદલાયા બાદ ક્રિયા કરવી, અને જે ગેહેમાં બાજ લેવી તેજ ગેહેમાં પાછી મુકવી.

અગર હરેક કોઇ આસામી બાનુ યા બચ્ચું કોઇબી પોતાના ધારેલા કામની, યા અનેક પ્રકારનો ખબર મેળવ્વા ઇચ્છે, તો પ્રથમ એ આસામીએ

સરવેરથી તન પાક કરી (માથાવેરથી નાહીને) પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી 'અરદીબેહેશત અમેશાસંપદની' બાજ લઇને ખપ જેટલી જમીન સ્વચ્છ પાણીથી પાક કરી ત્યાં 'આતશ'નું પાતરૂં (આતશ આફ્રગાન્યામાં યા બીજા કોઈ વાસણમાં લઇને) એલી ઘીની બત્તિ કરવી; પછી નાહાની ભણવાની ચોપડી લઇને 'અરદીબેહેશત ઇઅશત'માં ચાવી (કુચી) જેમ કળમાં મુકયે તે મુજબ મુકવી, અને પછી કુસ્તી જેમ આપણે કમ્મર પર બાંધયેચ તે મુજબ તે કેતાબ કે જેમાં ચાવી મુકી છે તેનીપર 'આઠ અહુનવર' પઢતાં લપેટવી. (કમ્મર પર કુસ્તીના ત્રણ આંટા આવેચ પણ કેતાબ નાહાની તેથી વધુ આંટા આવે તો કસ્સી હરકત નહિં) અને કુસ્તીના આગલા ગાંઠ વાળ્યેચ, તે મુજબ નવમા 'ઇઅથા અહુ વેરીઓ'ની 'શીઓથેનનાંમ' પઢતાં ચાવી આગળથી આગલો એક ગાંઠ વાળવો અને દશમા 'ઇઅથા અહુ વેરીઓ'ની 'શીઓથેન-નાંમ' પઢતાં આગલો બીજો ગાંઠ વાળવો અને 'અશેમવોહુ' એક પઢતાં પાછલા બે ગાંઠ કેતાબની પીઠે કુસ્તીનાં લરથી બાંધવા.

"કેતાબપર કુસ્તી બાંધવાની, અને પકડવાની રીત માટે જુઓ નમુનો નંબર ૩૯"

૧. કેતાબ; ૨. ચાવી; ૩. કુસ્તીના આગલા ગાંઠ; ૪. કુસ્તીના પાછલા ગાંઠ; ૫. અને ૬. કેતાબ પકડનાર આસામીના હાથ; ૭. કુસ્તી.

ઉપર જણાવ્યા મુજબ જો ક્રિયા પવિત્રાઇથી કરવામાં આવશે તો 'બુલંદીના ખાવીંદ'ની મદદથી પોતાની ધારેલી નેમ માટે પક્કી ખબર મેળવી શકશે. આગળ જણાવ્યા મુજબ કેતાબપર કુસ્તી બાંધ્યા બાદ બે આસામીઓ કે જેઓએ સરવેરથી તન પાક કર્યું છે તેઓએ કેતાબ (આય પુસ્તકમાં નમુનો બતાવ્યા મુજબ) પકડવી અને આતશપર લોબાનની ખુશબો મુકી પોતાની ધારેલી મુરાદના જવાબ બાબે સવાલ પુછવો. કે "પાક અરદીબેહેશત" પાદશાહ કુલ આલમના પેદા કરનાર પેદર રેહેમી અહુરમજદનો પેદા કરેલો હું ખાકી બંદો મારી (ફલાની એ જગોએ જે મુરાદ ચાહી હોય તે બોલવી) મુરાદ બાબે સવાલ પુછવા વીનંતી કરૂંચ, ખરોજ જવાબ વળનાર હોય તો આ કેતાબ સવરી ફરે, ખરો જવાબ મળે તો "અરદીબેહેશત અમેશાસપંદનાં ઇઅજશની જશન સાથે દરૂન કરીશ"

પોતે ખુદ પવિત્રાઇ અને પાકી હોશ્યારીથી પોતાના પેદા કરનાર તરફ યકીન રાખીને ઉપર જણાવ્યા મુજબ ક્રિયા કરી હશે તો તુરત કેતાબ સવરી

(ઘંટીની માફક) પોતાની મેળે ફરશે. અને જો ખાતરી કરવી હોય કે પોતાનો જવાબ ખરો વળે છે કે નહિં તો તેજ સલાલ ત્રણવાર પુછવો જો એકજ જવાબ આવે તો પોતાને ખરો જવાબ મલેલો સમજવો. કેતાબ સવરી નહિં ફરતાં અવરી ફરે તો ખોટો જવાબ જાણવો. પણ તદન ફરેજ નહિં તો તે બાબદ મુકરર નથી એમ સમજવું અને બહુજ ધીરેથી કેતાબ ફરતી હોય તો પોતાનું ધારેલું પાર પડતાં કેટલો વિલંબ છે તે વખત પુછવો. જવાબ મળે તે સઘળો આધાર ક્રિયા કરનારની પાકીજગી, સુઘરાઇ, સફાઈ, અને સવાલ પુછવાની હોશ્યારી પર છે.

મશ્કરી કરનાર અને ધર્મ બાબદો વગોવનાર યા જાહેરમાં ધર્મીક રીત બતાવી બાતેનમાં ધર્મ તરફ ધિકાર રાખનાર, આસામીઓએ એ બાબદથી દુરજ રેહેવું ન તો નાહકનાં પોતાને દુઃખમાં લાવી મેલશે. વળી એટલું પણ જરૂર યાદ રાખવું જોઇએ કે જ્યારેબી એ ક્રિયા કર્યામાં આવે ત્યારે દરેક આસામીએ પોતે ખુદાસેજ ધ્યાંન મેળવ્યું હોય અને ખુદ બંદગીમાંજ રોકાયા હોય તે મુજબ બાજ ધરી બીજાસે બોલવું નહિં, અને કદાચ બોલવું પડે તો બાજમાંજ વાત કરવી. જ્યારે એ ક્રિયા કરવામાં આવે ત્યારે કોઇ પણ અભરછટ આસામી, યા દુરવંદ, માસીક માદગી વાળી યા સુવાવડી બાનુઓ વિગેરેને ત્યાંથી દુર રાખવાં શોરબકોર, ઠોકવું, અફારવું, કંકાસ, દુરાચરણ વિગેરે "જ્યારે ક્રિયા થતી હોય તેટલો વખત નહિંજ થવું જોઇએ."

પોતાની મુરાદ બાબે જવાબ ખરો મળ્યાની ખાતરી થાય તો જે ક્રિયા અને આરાધના 'અરદીબેહેશત અમેશાસપંદ'ને નામે કરવા કહી હોય તે તુરત કરવી.

" સૂચના "

નીરંગોમાં ક્રિયા કરવા પહેલાં જે બાજ લેવાની ફરમાવી છે તે ક્રિયા કરવા બાદ બાજ પાછી મુકવાનું ફરમાન બુલંદ માજદીઅસની દીનમાં જાહેર છે તે બાબે તમામ જરથોસ્તી પ્રી કાએ જાણીતું થવું ઘણું જરૂરનું છે અને અત્રે જણાવેલું અગત્યનું થઇ પડશે. ક્રિયા કરનાર આસામીએ પોતે પોતાને લગતી કંઇબી ક્રિયા કરવા પહેલાં બાજ લેવી (જે બાબે આ કેતાબમાં સફે ૮૨૬, મે વિગતે જણાવ્યું છે) ને ક્રિયા કરવા બાદ બાજ પાછી મુકવાની છે તે હેઠળ વીગતે દરશાવી છે.

વળી ક્રિયા કરનાર આ ામીએ ધ્યાનમાં રાખવું જોઇએ કે ક્રિયા કરવા પ લાં જે ાજ લીધી હોય તે ક્રિયા કરવા બાદ બાજ પાછી મુકવાની ફરમાવી છે. તેમાં દર્શાવ્યા મુજબ પાછી મુકવી દાખલા તરીકે, જો બાજ દાદર અહુ-રમજદની લીધી હોય તો બાજ પાછી મુકવાનીમાં તે દાદાર અહુરમજદની જ-ણાવી છે તેજ પઢવી જો હફ્ત અમશાસ્પંદની લીધી હોય તો હેઠળ જે હફ્ત અમશાસપદની બાજ પાછી મુકવાની ફરમાવી છે તેજ પઢવી. એ મુજબ દરેક બાજ વિષે સમજી લેવું.

બાજ ક્રિયા કરવા બાદ પાછી મુકવાની

બાજ દાદાર અહુરમજદની

દાંમીમ ઇઅજ્મેદે* ઇઆંમ આરમેતીમ સપેંનતામ ઇઅ-જ્મેદે* અહે દાથરહે અશાહેચ અશોનામચ* અશાહે પોઇરીઅ-નાંમ દામનાંમ* ફ્તદ દેમ* વીસપનાંમ મજ્ઞેશતેમ દજ્દીઆઇ* અહુમચ* રતુમચ* ઇફ્મ અહુરેમ મજ્દાંમ* સનથાઇ અંઘરહે મેનીઇ્‌ઉશ દફ્અતો* સનથાઇ ફશમહે ખરૂઇદરોક્ષ* સનથાઇ વીસપનાંમ દેુઅનાંમ* વરેનીઅનાંમચ દફ્અનાંમ* વરેની અના-મચ દરવનતામ* (બાજમાં પઢે) શેકસતે ધનામીનો* બર આહ-રેમન લેઆંનત* સદ હજાર બાર* (પરગટ પઢે) ફરદથાઇ અહુ-રહે મજ્દાઉ રેવતો ખરેનંઘહતો* ફરદથાઇ અમેશનાંમ સપેતનાંમ* ફરદથાઇ તેશતરીઅહે સતારો રેવતો ખરેનંઘહતો* ફરદથાઇ નરશ અશોનો* ફરદથાઇ વીસપનાંમ* સપેંતહે મેનીઇ્‌ઉશ દામનાંમ* અશોનાંમ* અશેમ વોહૂ (૧) અહમારેશચ*—હજંઘરેમ*—જસ-મે*—કેરફે મુજ્દ*—અશેમ વોહૂ (૧)

બાજ હપત અમેશાસપંદની*

(બાજમાં પઢે) અહુરમજદ ખોદાઈ* અવજુની મરદુમ* મરદુમ મરદુમ સરદગાં* હમા સરદગાં* હમબાઈસત બેહાં* ઉઈમ બેહેદીને માજ્દીઅસનાં* આગાહી આસતુઆંની* નેકીરસાનાંદ* ઈદુન બાદ* (પરગટ પઢે) ઇઅથા અહુ વેરીઓ (૨) ઇઅસનેમચા* વહમેમચા* ઓજસચા* જઊિઅરેસચા* આફ્રીનાંમે* અહુરહે મજ્દાઉ રેવતો ખરેનંઘહતો* અમેશનાંમ સપેંતનાંમ* વંઘહુઅ મનંઘહે* આક્ષતોઇશહાંમ વેઅંતીઆઉ* તરદાતો અનીઆઇશ દામાંન* આસનહે ખરથવો મજ્દદાતહે* ગોશો સરૂતહે ખરથવો મજ્દદાતહે* અશહે વહેશતહે સરેશતહે* ઈરીઅમનો ઈશીહે* સુરહે મજ્દદાતહે* સોકીઆઉ વંઘોહીઆઉ* વોઉરો દોઇથરીઆઉ* મજ્દદાતીઆઉ અશોનીઆઉ ક્ષથરહે વેરીઅહે* આઇઉખસોસતહે* મરેજ્દકાઈ* થરાઇઓ દરેગુએહે* સપેંતીઆઉ* વંઘોહીઆઉ આરમેતોઇશ* રાતીઆઉ વંઘોહીઆઉ* વોઉરો દોઇથરીઆઉ* મજ્દદાતીઆઉ* અશોનીઆઉ* હુરૂઅતાતો રથવો* ઇઆઇરીઆઉસચ હુશેતોઇશ* સરેદેબીઓ અશહે રતોબીઓ* અમેરેતાતો રથવો ફ્શોનેબીઅ* વાંથવનેબીઅ* અસપનેબીઅ* ઇઅઊિઅનેબીઅ* ગોકેરેનહે સુરહે મજ્દદાતહે*

(જો હાવન ગેહેમાં હોય તો એમ પઢે) મેથરહે વોઉરો ગોઇઓઇતોઇશ* રાંમનસચ ખાસતરહે* અશેમ વોહૂ (૧)

(રપીથવેન ગેહેમાં એમ પઢે) અશહે વહેશતહે આથરસચ અહુરહે મજ્દાઉ પોથર* અશેમ વોહૂ (૧)

(ઉજીરન ગેહેમાં એમ પઢે) બેરેજ્તો અહુરહે નફેદરો* અપાંમ અપસચ મજ્દદાતીઆઉ* અશેમ વોહૂ (૧)

(ફ્રવેશરૂથરેમ ગેહેમાં એમ પઢે) અશાઉનાંમ ફ્રૂઅસનાંમ* ગેનાં-નામચ વીરોવાથવનાંમ* ઈઆઇરીઆઉઘ્ચ હુશેતોઇશ* અમહેચ હુતાસતહે હુરોદહે* વેરેથરગનહે અહુરદાતહે* વનેનંતીઆઉઘ્ચ ઉપરતાતો* અશેમ વોહૂ (૧)

(ઉશહેન ગેહેમાં એમ પઢે) સરોશહે અશીઅહે* અશુઅતો વેરેથરાજનો* ફ્રરાદદ ગેથહે* રશનોઇશ:રજેશતહે* અરશતાતસચ* ફ્રરાદદ ગેથીઆઉ* વરેદદ ગેથીઆઉ* અશેમ વોહૂ (૧) અહમાઇ-રેશચ*-હજંઘરેમ*-જસમે*-કેરફે મુજ્દ* અશેમ વોહૂ (૧)

બાજ અરદી બેહેશત અમેશાસપંદની

(બાજમાં પઢે) અહુરમજ્દ ખોદાઇ* અવઝુની* મરદુમ* મરદુમ સરદગાં* હમા સરદગાં* હમ બાઇસત બેહાં* ઉઇમ બેહે-દીને માજ્દીઅસનાં* આગાહી આસતુઆંની* નેકી રસાનાંદ* ઇદનબાદ* (પરગટ પઢે) ઇઅથા અહુ વેરીઓ (૨) ઇઅસનેમ-ચ* વહમેમચ* ઓજસચ* જઉઅરેચ* આફ્રરીનાંમે* અશહે વહેશતહે સરેશતહે ઇરીઅમનો ઇશીઇહે* સુરહે મજ્દદાતહે* સોકી-આઉ વંઘોહીઆઉ* વોઉરોદોઇથરીઆઉ* મજ્દદાતીઆઉ અશો-નીઆઉ* અશેમ વોહૂ (૧) અહમાઇરેશચ*-હજંઘરેમ* જસમે*-કેરફે મુજ્દ*-અશેમ વોહૂ (૧)

બાજ સરોશ અશોની*

(બાજમાં પઢે) સરોશ અશો* તગીતંન ફ્રરમાંન* શેકફ્રત-

જીન* જીના અવજાર* સાલારે દામાંને અહુરમજદ બેરેસાદ* ફદુનબાદ* (પરગટ પઢે) ઇથા અહુ વેરીઓ (૨) ઈઅસનેમચ* વહમેમચ* ઓજસચ* જવરેચ* આફરીનાંમે* સરોશહે અશીઅહે* તખમહે તનુ માંથરહે* દરશી દરોશ આહુફરીઅહે* અશેમ વોહૂ (૧) અહમાઇરેશચ*—હજંઘરેમ*—જસમે*—કેરફે મુજદ*—અશેમ વોહૂ (૧)

બાજ બેહેરામ ઈઅજદની*

(બાજમાં પઢે) અહુરમજદ ખોદાઇ* અવજુની મરદુમ મરદુમ સરદગાં* હમા સરદગાં* હમ બાઇસત* બેહાં* ઇમબેહદીને માજદીઅસના* આગાહી આસતુઆંની* નેકી રસાંનાદ* ફદુન બાદ (પરગટ પઢે) ઇથા અહુ વેરીઓ (૨) ઈઅસનેમચ* વહમેમચ* ઓજસચ જવરેચ આફરીનાંમે* વેરેથરગનહે* અહુરદાતહે* વનનતી આઇસચ* ઇપરતાતો* અશેમ વોહૂ (૧) અહમાઇરેસચ*—હજંઘરેમ*—જસમે*—કેરફે મુજદ* અશેમ વોહૂ (૧)

બાજ હોમ ઇઅજદની*

(બાજમાં પઢે) અહુરમજદ ખોદાઇ* અવજુની મરદુમ મરદુમ સરદગાં* હમાસરદગાં* હમ બાઇસત બેહાં* ઇમ બેહદીને માજદીઅસનાં* આગાહી આસતુઆંની* નેકી રસાનાદ* ફદુન બાદ* (પરગટ પઢ) ઇથા અહુવેરીઓ (૨) ઈઅસનેમચ* વહમેમચ* ઓજસચ* જવરેચ* આફરીનાંમે* હોમહે અશુઅજં-

ઘો* અશેમ વોહૂ (૧) અહમાઈ્રેશચ—*હજંઘરેમ*—જસમે*—કેરફે મુજદ*—અશેમ વોહૂ (૧)

" યો યજતે હુઅરે યદ અમેરેમ ્રુરવદ અસ્પેમ, પેતેસ-તાતે તેમંઘહાંમ પેતેસતાતે તેમસ ચેથર દેવનાંમ, પેતેસતાતે તાઇ-્રુનાંમચ હજેસનાંમચ, પેતેશતાતે યાતો નામચ પેરેકનામચ, પેતે-શતાતે હેથીઅજંઘો, મરેશોને, યજત અહુરેમ મજદાંમ, યજત અમેશેસપેંને, યજત હોમ ્રુરવાનેમ ખશન વઇઅતે વીસપે મેની-આઇ્રચ યજત ગેથીઆઇ્રચ યો યજતે હુઅરે યદ અમેશેમ રેમ ્રુરવદ અસપેમ. "

" (તરજુમો) "

" અંધારાની (અજ્ઞાનપણું) સામે થવાને. અંધારાની તોખમનાં દેવો, (અજ્ઞાનપણ.નાં વિચારોથી ઉત્પન્ન થતી ખરાબી) ની સામે થવાને, ચોરો તથા લુટારાઓ (જેઓ મીનોઇ જીંદગીના ફાયદા લુટી લેનાર છે તેઓ) ની સામે થવાને જાદુગરો અને પરીઓની સામે થવાને જે કોઇ અમ્મર તેજસ્વી ઘોડાવાળા હુરને આરાધે છે તે અહુરમજદને આરાધે છે, અમેશાસપંદોને આરાધે છે, પોતાનાં સ્વાંનને અરાધે છે, જે કોઇ અમ્મર નુરી અસ્પવાળા હુરને આરાધે છે તે તમામ મીનો અને ગેતીનાં યજદોને આરાધે છે.



નબલા ગૃહથી થતી હરકત દુર કરવા બાબે પાક

બેહેતર માજદીઅસની દીનના ભણુતર*

અગર હરકોઇ આસામી યા બાનું યા બચ્ચું કોઇનેબી નબળા **ખુરશેદ (સુરજ)** ની ચાલ હોય અને જો કંઈ પણ પ્રકારની હરકત તે આસામીને પુગતી હોય તો **ખુરશેદ** તથા **મેહેરની નીઆએશ** તે આસામીએ દરરોજ પઢવી.

અગર નબળા **માહા** (ચંદ્ર) ની ચાલ હોયને હરકત પુગે તો **માહાબોખ-તારની નીઆએશ** તથા **ઇઅશત** દરરોજ પઢવી.

નબળા મંગળની ચાલ હોય અને તેથી કંઇ પણ પ્રકારનું નુકશાન પહોંચતું હોય તો બેહેતર **માજદીઅસની** દીનની રૂએ **અરદીબેહેશત** અથવા બેહેરામ ઇઅશત પઢવી. **દાદારની** રેહેમથી સરવે હરકત દુર થાય.

આસામી કે જેને નબળા **બુધ ગૃહની** ચાલ હોય તો **ખોરદાદ** તથા **તેશતર તીર ઇઅશત** પઢવી વાજેબ છે.

અગર હરેક કોઇને નબળા **બૃહસ્પત** ગૃહની ચાલ હોય તો **અહુરમજ-દની ઇઅશત** દરરોજ પઢવી **ઇઅજદાંની** યારીથી ફાયદો મળે.

શખસ કે જેને નબળા **શુક્રની** ચાલ હોય તો મોટી **હફ્તન અમેશાસપંદ ઇઅશત** તથા **તેશતર તીર ઇઅશત** પઢવી જોઇએ.

આસામી કે જેને નબળા **શની ગૃહની** ચાલ હોયને તેથી જો કંઇ પણ પ્રકારે નુકશાન પુગતું હોય તો **આવાં ઇઅશત** તથા મોટી **હફ્તન અમેશા-સપંદ ઇઅશત** પઢવી **શજાવાર** છે.

નબળા **રાહુ** અને **કેતુની** ચાલપર **મોટી હફ્તન અમશાસપંદ ઇઅશત** પઢવી.

નેમાજ દાદારે ગેહાંન દામાન*

જસ મે અવંઘહે મજદ*

પાક ફરમાને દીને નેક જરથુસ્ત*

નેક જરથોસ્તી ધર્મ સંબંધી ટુંક નોંધ.

મઝદાઓના મઝદા મહાજ્ઞાની, ગેબી નુરમંદ સાહેબ, મીનોઆંન મીનો અને બુલંદીનાં ખાવીંદ, સાહેબે બીનયાઝ, અનદાતા, નેક ખાલેકે મખલુક, હકતાલા, કે જે હમેશાં ડાહાપણુનો ભંડાર છે, તે સર્વ શકિતવાને તમામ જેહાંન પેદા કરી, અને આદમ જાતનાં વપરાસ માટે અનેક પેદાયસો સરજી, અચુક કુદરતમાં હરજગે હાજર રહી ગરીમ તવંગર સર્વેને એક સરખી નજરે જોએ છે, વળી દરેક ઇનસાંન તેની બેમુલ પેદાયસોનો છુટે હાથે ઉપ્યોગ કરી શકે અને નાપેકાર ઘનામીનોથી તે દાવરનાં સરજેલા ખાકી બંદાઓને કાંઇબી આજાબ નહિ પોંહોંચે, અને તે ખાવીંદની બેમુલ પેદાયસો ને તે દુષ્ટ દેવોથી નુકશાન નહિં થાય અને તે તમામ ચીજો પવિત્ર તથા હૈયાત રહે તેટલા માટે તે હક્તે ઇશ્વરનાં માલેકે 'ઇઝજદ' અમેશાસપંદોને હસ્તી આપી છે, અને **'તેઓ,' 'ઇઅજદો' નામની** તે 'દયાળુ દાતારંની અસંખ્ય શકિતઓ છે.

માન તથા ક્રિયાનાં ભેટ કરવા લાયક જે ફરેસ્તા છે તેઓને 'ઇઅજદ **અમેશાસપંદો**'નાં નામથી ઓળખવામાં આવે છે, '**અમેશાસપંદો**' તે '**પાક** દાદાર'ની મુખ્ય શક્તિઓ છે, **અમેશાસપંદો** સર્વમાં શ્રેષ્ઠ શક્તિવાળા છે. અને 'ઇઅજદો' 'દાદાર'નાં ઉતરતા દરજ્જાનાં ફરેસતા છે. અમે**શાસપંદોને** મદદ કરનાર ફરેસ્તાઓને હમકાર 'ઇઅજદો'ને નામે ઓળખવામાં આવે છે. 'અમેશાસપંદો' તે 'પાક દાદઘર'ની દરબાહમાં **હજુરી ફરેસતાઓ** તરીકે જણાવ્યામાં આવ્યા છે, માજદીઅસની દીનમાં જાહેર છે કે 'ઇઅજદ-અમેશાસપંદો' તેતરીસ છે, અને તેઓનાં નામપરથી જરથોસ્તીઓના રોજમાહાનાં નામો આપવામાં આવ્યાં છે. જયારે તે દરેક 'ઇઅજદો' નીતીનાંન ગુણ અને દુન્યાની અકેક ઉમદા પેદાયસપર મહુવલ છે, તેમજ તેઓ

હરેક આદમને જ્ઞાનદવારાએ ગેબી અક્કલ આપનાર છે. મોટા પયગંમબરો અને યોગીરાજોને ખુદાઇ ગેબી ફરમાનો આ 'ઇઅજદો' મારફતે પોંહોંચાડવામાં આવ્યાં હતાં.

બુલંદ બેહેતર પાક જરથોસ્તી દીનનાં ફરમાન અને ફીલસુફી મુજબ, ઇઅઝદી તરીકાએ ચાલનાર અને પોતાના ભલા પેદા કરનારના તમામ ફરમાનને માનની નજરે જોનાર તથા તે કીર્તિવંત કીર્તારની બંદગી મરફતે ખુબી ગાનાર, રાસ્ત અને ધર્મચુસ્ત લોકોને, તે ફાયદેમંદ 'ઇઅજદો' તરફથી બેઉ જેહાંન માટેનો ફાયદો રાહાત, સુખ, અક્કલ, દોલત, વિગેરે મળે છે. તે ખુબીવંત 'ઇઅજદો' પરહેજગાર આસામીઓને પવિત્ર રાહાનાં ફાયદા ગેબી પ્રકારે બક્ષે છે. જ્યારે આ ફાંની દુન્યામાં હસ્તી ધરાવનાર કોઇપણ આસામી પવિત્ર સાફ દિલનું, અને ખાલેશ અંતઃકરણવાળું હોય છે, ત્યારે તેનાં જીગરમાં 'ઇશ્વરી યા ઇઅઝદી' પાક શકિતનું મુકામ હોય છે; પણ તેથી ઉલટું જ્યારે તેનાં મનમાં અદેખાઇ, હસદ, કીનો કેસો, લોભ, લાલચ, મોહ, મગરૂરી, અહંકાર, ઇત્યાદી પાપી ખ્યાલો વાસો કરે છે. ત્યારે તે આસામી ઇશ્વરી શકિતથી જુદું પડે છે, અને જ્યારે તે પોતાની ગફલતી કરણી બાબે પસતાવો કરે છે, અને ખુદાઈ રાહપર આવે છે. ત્યારે ઇઅજદી શકિતઓ તેઓ સાથે સંબંધ રાખે છે. જેમ તે ઇનસાનોનાં બાબમાં છે તેમજ ઝાડપાન, પાણી, પશુ, પંખી, પક્ષી, આતશ, હવા, વિગેરે બેહદ પેદાયસોમા તેઓની અમર્ગ શક્તિઓનો 'સંબંધ' છે.

'સીરોજા ઇઅશત' માં તેતરીસ ફરેસ્તાઓ જણાવ્યા છે, અને એ સિવાય બીજા અનેક ફરેસ્તાઓ છે કે જેઓ નાની મોટી શક્તિ ધરાવે છે.

"(ત્રીસે રોજનાં નામ*)"

૧. પાક દાદધર દાદાર અહુરમજદ.	૬. ખોરદાદ અમેશાસપંદ.
૨. બેહેતર બેહેમન અમેશાસપંદ[1]	૭. અમેરદાદ અમેશાસપંદ.
૩. અરદીબેહેશ્ત અમેશાસપંદ.	૮. રાસ્ત દેપઆદર દાદાર.
૪. શેહેરેવર અમેશાસપંદ.	૯. રોશન આદર ઇઅજદ.[2]
૫. અસપંદારમદ અમેશાસપંદ.	૧૦ પાક આવાં અરદુઇસુર.

નોટ. ૧ અમર, અથવા બમર્ગ* ૨ માન આપવા, યાદ અથવા સ્તુતી કરવા લાયક.

૧૧. નુરમંદ ખુરશેદ ઇઅજદ.
૧૨. રોશન માહબોખતાર મોહોર ઇઅજદ
૧૩. નુરમંદ તેશતર તીર ઇઅજદ.[૩]
૧૪. ફતેહમંદ ગાવ બોશ ઇઅજદ.
૧૫. રાસત દેપમેહર દાદાર.
૧૬. મેહેર. ફરાગઇઓદ દાવરે રાસત ઇઅજદ.
૧૭. પુર જોરાવર સરોશ ઇઅજદ.
૧૮. રશને રાસ્ત ઇઅજદ.
૧૯. ફરરોખ ફરવરદીન ઇઅજદ.
૨૦. ફતેહમંદ બેહેરાંમ ઇઅજદ.
૨૧. રાંમનોખાશતરકે મીનોરાંમ ઇઅજદ.
૨૨. ગાવ ગોવાદ ઇઅજદ.
૨૩. રાસ્ત દેપ દીન દાદાર,
૨૪. બેહેતર રાસ્ત વદરૂસત દીન ઇઅજદ.
૨૫. બુલંદ મોનો અરશંગ ઇઅજદ.
૨૬. ફતેહમંદ આશતાદ ઇઅજદ.
૨૭. મીનો આસમાંન ઇઅજદ.
૨૮. બોરહેમંદ જમીઆદ ઇઅજદ.
૨૯. મીનો મારેસપંદ.
૩૦ મીનો અનેરાંન.
બીજા ત્રણ ઇઅજદોનાં નામ,
બરજો, હોમ, અને દહમ.

(અમેશાસ્પંદો બાબે.)

અસલ કેતાબોથી એવું જણાયલું છે કે 'અમેશાસ્પંદો' એ 'પાક દાદાર અહુરમજદ' ની છ શક્તિનાં નામો છે જે ઝુબાને પેહેલવી અને અવસ્તામાં તેનાં ગુજરાતી સાર' સાહેત નીચે મુજબ છે.

અવસતાંમા.		પેહેલવીમાં		ગુજરાતીમાં અર્થ.
વોહુમનો.	...	બેહેમન.	...	ભલું મન.
અશાવહિશ્ત.	...	અરદીબેહેશત.	...	પવિત્રાઇ.
ખશથ્ર વૈરીઅ.	...	શેહેરેવર.	...	બાદશાહી, હકુમત.
સ્પેંતઆરમતી.	...	અસપંદારમદ.	...	ડાહાપણ.
હઉરવતાત.	...	ખુરદાદ.	...	સમપુર્ણતા.
અમેરેતાત.	...	અમેરદાદ.	...	અમર્ગી.

એ ઉપરથી સમજવું કે ભલી મનશાનીનો ગુણ, પવિત્રાઇ, નીકી, સચ્ચાઇ, મોટાઈ, ડાહાપણ, સુખાકારી, કીર્તી, અને તમામ નેક ખાયશ અને સારા ગુણો મેળવાની જો આપણે ઇચ્છા રાખ્યે તો ખુદાની એ છ શકિત મારફતે તેની આપણે મદદ માંગ્યે છીએ. સાત 'અમેશાસ્પંદો' માં પેહલો દાદાર અહુરમ-

૩ જરથોસ્તી ધર્મ ફરમાન પ્રમાણે મોબેદો એવું જણાવે છે કે તીર રોજને દિવસે બીજા ત્રણ ફરેસ્તાઓ જેવા કે " વનનત અરૂતરંગ અને શતવેશ " ની આરાધનાં કરવામાં આવે છે. અને એ ત્રણ ઇઅજદો ' નુરમંદ તેશતર તીર' નાં સાથી છે.

જદ પોતે છે પાક ખુદાવદે અમેશાસપંદોને જુદી જુદી શકિત આપીને મીનો (પેલી દુન્યા) અને ગેતી (આ દુન્યા) ની સંભાળને માટે કામો ઠેરવી આપેલાં છે.

'અમેશાસપંદો' અને 'હમકાર ઇઅજદો'

અહુરમજદ—	દેપઆદર, દેપમેહેર, દેપદીન,
બેહેમન—	મોહોર, ગોશ, રાંમ.
અર્દીબેહેશત—	આદર, સરોશ, બેહેરાંમ.
શેહેરેવર—	ખુર, મેહેર, આસમાન, અનેરાંન.
અસ્પંદારમદ—	આવાં, દીન, અરશશંગ, મારેસ્પંદ.
ખોરદાદ—	તીર, ફરવરદીન, ગોવાદ.
અમેરદાદ—	રશ્તે, આસ્તાદ, જમ્યાદ.

'હમકાર' ઇઅજદો તે અમેશાસપંદો" ના મદદગાર ઇઆને દરેક કાંમમાં મદદના કરનાર ઇઅજદો.

ઇઅજ—અમેશાસપંદોમાં કેટલાકને નારીજાતીનું રૂપ તે મહા જ્ઞાની સાહેબે બક્ષેલું છે.

એરવદ 'એદલજી કેરશાસ્પ આંતીઆ'એ તે ફરેસ્તાઓ નીચે મુજબ જણાવ્યા છે અસપંદારમદ, આવાં, ગોશ ફરવરદીન, દીન અને અરશીશંગ જ્યારે ડાકટર હોરમજી લીમજીભાઈ બાતલીવાલા ' ની ખોરદેહ અવસ્તા બા માઅની કેતાબમા ૨૧૨) મે પાને જણાવ્યું છે કે 'અસપંદારમદ, અરદુઇસુર, દીન ઇઅજદ, અરશીશંગ, મીનો મારેસપંદ, અને બેરેજદ ઇઅજદ, એટલા છ ને નારીનું રૂપ બતાવ્યું છે.

("બારે માહાનાં નામ.")

૧. ફરશેખ ફરવરદીન. ...	૫. અમ્મર અમેરદાદ, ...	૯. રોશન આદર.
૨. નુરમંદ અર્દીબેહેશત. ...	૬. શેહેરેવર અમેશાસપંદ ...	૧૦. દએ દાદાર.
૩. પાક ખોરદાદ. ...	૭. ફતેહમંદ મેહેર. ...	૧૧. અક્કલેપુર બેહેમન.
૪. તેશતર તીર. ...	૮. પાક આવાં અરદુઇસુર ...	૧૨. બુલંદ અસપંદારમદ.

("હમા ઈઅશતનાં બાર ફરેસતાનાં નામ.")

૧. અહુરમજદ. ...	૫. આદર. ...	૯. ખોરદાદ.
૨. તેશતર. ...	૬. આવાં. ...	૧૦. અમેરદાદ.
૩. ખુરશેદ. ...	૭. અસપંદારમદ. ...	૧૧. સરોશ.
૪. મોહોર. ...	૮. ગોવાદ. ...	૧૨. ફરવરદીન.

("બારે માહાનાં જશનોની બીનાં")

માહા ૧ લો ફરરોખ ફરવરદીન.

રોજ ૧ લો દાદાર અહુરમજદ—નવરોજનું જશન (બામદાદનાં વખતમાં).
રોજ ૩ જો અરદી બેહેશત—રપીથવેનનું જશન. રપીથવેન ઇજવાનો દીવસ.
રોજ ૬ થો ખોરદાદ— ખોરદાદ સાલનું જશન[1] (બામદાદમાં).
રોજ ૧૯ મો ફરરોખ ફરવરદીન—ફરવર દેગાનનું જશન[2]

("માહા ૨ જો નુરમંદ અરદીબેહેશત અમેશાસપંદ.")

રોજ ૩ જો અરદીબેહેશત—અરદીબેહેશતગાંનનું જશન.

રોજ ૧૧ મો ખોરશેદથી તે રોજ ૧૫ મો દેપમેહેર સુધી દીન પાંચ મઇદયોજરેમ ગાહંબારનાં જશનો.

("માહ ૩ જો ખોરદાદ અમેશાસપંદ.")

રોજ ૬ થો ખોરદાદ—ખોરદાદ ગાંનનું જશન.

નોટ. ૧ ખોરદાદ સાલનાં જશન બાબે એવું જણાયલું છે કે એ દીને દિવસ શરૂ થતાંજ બામદાદનાં ખુશ વખતમાં રેહેમી દાદાર સર્વ આસામીને રોજી બક્ષેશ કરે છે. માટે બામદાદનાં ઝઝકલામાં (અસપંદારમદ રોજની રાત પુરી થઇ, ખોરદાદ રોજ સરૂ થતાંજ) હોશબામનાં ખુશ વખ્તમાં જશન કરવું યા કરાવવું, અને સીરોજાની (તેતરીસે ફરેસ્તાની) યજશની કરાવી. તથા બાજઆફરગાંન વદીદાદ, ખુશી મુજબ કરવું.

૨. એ દીને ફરવરદેગાંનનું જશન કરવું, અને દોખમાં નજદીક સગડી આગળ જઇ બંદગી કરવી. તથા બાજ આફરગાંન કરાવવું.

("માહા ૪ થો તેશતર તીર")

રોજ ૧૧ મો ખોરશેદથી તે રોજ ૧૫ મો દેપમેહેર સુધી દીન પાંચ મદ્દયોશમ ગાહંબારનાં જશનો.

રોજ ૧૩ મો તીરે—તીરગાંનનું જશન.

("માહા ૫ મો અમેરદાદ અમેશાસપંદ")

રોજ ૭ મો અમેરદાદે—અમેરદાદ ગાંનનું જશન.

("માહા ૬ થો શેહેરેવર અમેશાસપંદ.")

રોજ ૪ થો શેહેરેવરે—શેહેરેવરગાંનનુ જશન.

રોજ ૨૬ મો આશતાદથી તે રોજ ૩૦ મો અનેરાંન સુધી દીન પાંચ પયતેશહેમ ગાહંબારનાં જશનો.

("માહા ૭ મો ફ્તેહમંદ મેહેર ઇઝદ")

રોજ ૧૬ મો મેહેર—મેહેરગાંનનું જશન.

રોજ ૨૬ મો આશતાદથી રોજ ૩૦ મો અનેરાંન સુધી દીન પાંચ અયાથરેમ ગાહંબારનાં જશનો.

("માહા ૮ મો પાક આવાં અરદુઇસુર.")

રોજ ૧૦ મો આવાં—આવાંગાંનનું જશન.

("માહા ૯ મો રોશન આદર ઇઝદ").

રોજ ૯ મો આદર—આદરગાંનનું જશન.

રોજ ૧૯ મો ફ્રવરદીન—ફ્રવરદેગાંનનું જશન

રોજ ૨૩ મો આશતાદ—જશને શદેહ[2] (પેહેલાં આતશ પ્રગટ થયો)

નોટ. ૧. બુલંદ માજદીઅસની દીનમાં એવું જાહેર છે કે જે કોઇ આસામી ગુજરે અને તેનો દીવસ જો નહિં માલમ પડે તો તેની બાજ આદર મહીનોને ફ્રવરદીન રોજે કરે.

૨. એ જશનની પુરી વિગત માટે જુઓ આય કેતાબને ૮૩ મે સફેની ફુટનોટ.

(" માહા ૧૦ મો દએ દાદાર.")

રોજ ૧ લો દાદાર અહુરમજદ—દએગાંનનું જશન પેહેલું.
રોજ ૮ મો દેપ આદર દાદાર—દએગાંનનું જશન બીજું.
રોજ ૧૧ મો ખોરશેદ—પયગંમબર અશો જરથોશતનો દીસો (ગુજરવાનો દહાડો.)
રોજ ૧૫ મો પ મેહેર દાદાર—દએગાંનું ત્રિજું જશન.
રોજ ૧૬ મો હેરથી તે રોજ ૨૦ મો બેહેરાંમ સુધી દીન પાંચ સુધી મદ્દચારેમ ગાહંબારનું જશનો.
રોજ ૨૩ મો દેપ દીન દાદાર—દએગાંનનું ચોથું જશન.

(" મહા ૧૧ મો બુલંદ બે મન અમેશાસપંદ ")

રોજ ૨જો બુલંદ બેહેમન અમેશાસપંદ—બેહેમનગાંનનું જશન.

(" મહા ૧૨ મો અસપંદારમદ અ શાસપંદ.")

રોજ ૫ મો અસપંદારમદ—" જશને રોકકએ કજદુમ, " એટલે એ દીને કાગજપર પેહેલવીમાં નીરંગ લખીને દરવાજે ચોહોંટાડે છે.
રોજ ૬ થો ખોરદાદ—અવરદાદ સાલનું જશન.
રોજ ૧૯ મો ફરવરદીન—અશો ફરોહરનું જશન.
રોજ ૨૬ મો આશતાદથી દીન દશ સુધી મુખતારનાં પવિત્ર હિવસો શરૂ.
રોજ ૨૯ મો મીનો મારેસફંદ—મીનો મારેસફંદનું જશન.

ઉપલાં જશનો મધે શેહેરે ઇરાંનમાં આગલા વખતમાં મેહેરગાંન, આવાંગાન, અને આદરગાંન એ ત્રણ જશનો વખણાયલાં છે.

(જાણવું જે અસપંદારમદ માહ તમામ થયા પછી દીન ૫) હમસપથેદેમ ગાહંબાર તથા ગાથાનાં છે.

(ઉપર લખેલાં જશનો તથા ગાહંબારોને દહાડે તથા ગુજરેલાં રવાંનોના દીસા તથા મુખતારને ૧૦) દાહાડાઓપર વંદીદાદ ઇઅજશને કરાવ્વી તથા દરૂન ઇજાવ્વા, તથા બાજ મીઅજદ આફરમાંન તથા ફરવશી સતુમ (ખાણાંપર) પઢવું તથા પઢાવ્વું સજાવાર છે.

બીજું જશન, ' જશને જમશેદી નોરોજ ' નું કરવામાં આવતું હતું. (હાલ પણ એ જશન આપણા લોકમાં ચાલુ છે) એ જશનને કુદરતી વર્ષ

શરૂ થવાનું તથા વસંત ઋતુનાં શરૂ થવાનાં વખતે કરવામાં આવતુ જશન, એવે નામે ઓલખતા.

એરવદ એદલજી કેરશાસજી આંટીઆ એવું જણાવે છે કે પાદશાહ જમશેદ ગાદીનશીન થયો તે દિવસ ફરવરદીન મહીનોને અહુરમજદ રોજ હતો, તે દિવસે નવું વર્ષ શરૂ કરી એ જશનની શરૂઆત કરી હતી. પણ ઉપલે દિવસે એ જશન નથી પરંતુ તેનું કારણ એ છે કે આપણી હકુમત હતી ત્યાં સુધી આફતાબની ચાલનાં કસરનાં વખતને ગણત્રિમાં લેતા હતા તે ચાલ આપણા ટોલામાંથી પાછલથી નીકલી જવાને લીધે એ ફરક થયો છે. આફતાબી ચાલ યાને સુરજ પોતાનું વરસ દાહાડાનું ફરવું બારે રાશીમાં બરોબર ૩૬૫ દાહાડા, પાંચ કલાક, ૪૮ મીનીટ, ૪૫ સેકંડે પુરૂ કરી રહે છે. અને મેષ રાશીમાંથી નીકલેલો બારે રાશી પુરી કરી પાછો મેષ રાશીમાં આવતાં તેને ઉપર જણાવ્યા મુજબ વખત થાય છે. જેને આફતાબી વરસ કહે છે. પણ આપણા રોજ માહાની ગણત્રિ પ્રમાણે દર માસનાં ત્રિસ રોજ લેખે ૩૬૦ દિવસ થાય છે, અને તેમાં ગાથાનાં પાંચ દિવસો ઉમેરતા ૩૬૫ દિવસોનું વરસ આપણે ઘણાંએક વરસોથી ગણતાં આવ્યાં છીએ. તેથી દર વરસે પાંચ કલાક ૪૮ મીનીટ તથા ૪૫ સેકંડની કસર ગણત્રિમાં નહિં લેવાથી કેટલીક મુદતનો ફેર પડયો છે. પારસીઓની પાદશાહીનાં વખતમાં દર ૧૨૦) વર્ષે કબીસો યાને એક માસ વધુ લેતા, પણ છેલ્લો પાદશાહ યજદેજરદ આરબ લોકોનાં હાથપર માર્યો ગયાબાદ, તેઓ લા–ઈલાજ થયા, અને હિંદુસ્થાન આવ્વા પછીથી એ ચાલ તેઓમાંથી બંધ થયો છે.

("પાંચે ગાથાનાં નામ")

અવસતામાં.		ગુજરાતી.		ઇંગ્રેજી.
૧ અહોનુંઅદ.	...	ભલાં મનની અકકલ.	...	Wishdom.
૨ ઉશતુઅદ.	...	ઉત્તમ સુખ અમ્મરસુખ.	...	Bliss.
૩ સપેંતોમદ.	...	ભલી મોનોઇ.	...	Spirit.
૪ વોહુક્ષથર.	...	ભલી પાદશાહી સત્તા	...	Power.
૫ વહેશતોઇશત.	...	સર્વોતમ મોરાદ.	...	Divin Will.

ઉપર જણાવ્યા મુજબ યજદેજરદી માહા ૧૨) મો અસ્પંદારમદ પુરો થવા બાદ બાકીનાં પાંચ દિવસ, પાક ખુદાંદ માજદીઅસની દીનનાં ફરમાનની

રૂએ ગાથાનાં ગણાય છે. ગાથા એટલે વર્ષની આખરે એ આફતાબની ચાલની કસરથી વધેલા દિવસો, અને તે દિવસોને પાક અવસ્તામાં ગાથાવાણીને નામે ઓલખાતા કવિતારૂપી જે અવસ્તા છે તે ઉપરથી નામો આપવામાં આવેલાં છે.

(વર્ષનાં છ ગાહંબાર ગણાય છે અને દરેકનાં દિવસ પાંચ છે. છેલ્લા ગાહંબાર તે ગાથાનાં દિવસો છે. એ દિવસોમાં સર્વે જરથોસ્તી અનજુમને મેજ, દરૂન, બાજ, આફરગાંન ઇજાવવું ઘટે છે. એ દિવસોમાં (મુકતાદનાં દશ દિવસોમાં અસપનદારમદ માહને અરશશંગ રોજથી વહેશતોઇશ્ત ગાથા સુધી) રવાંનની નેયતે દરૂન કરે છે તે અરદાફરવશનાં કહેવાય છે. હૈયાત આસામીની પોતાની ગુજાશ હોય યાને પોતાથી બની શકે, તો હમસપથમઇદેમ ગાહંબારનાં (ગાથાનાં) પાંચ દિવસોમાં પાક દાદારને નામનાં ખુશાલીનાં દરૂન કરી જશન સાથે આફરગાંન અને પાક દાદારની યા સીરોજાની ઇઅજશની કરે તો ઘણું સવાબ હાંસલ થાય. સર્વ કોઇ એકઠા થઇ એક દિલથી નીઆઇશ કરે તો ૧૦) નીઆઇશ કીધા જેટલું સવાબ દરેકને લાગે. તેમજ અનજુમન એકઠી થઈ એક દિલ અને શાંત જીવ અને નેક નૈયતે મેજ, દરૂન, આફરગાંન, જશન, ઇઅજશને, વિગેરે કરે તો, ઘણું સવાબ હાંસલ થાય.

(" છ ગાહંબારનાં નામ. ")

અવસ્તામાં	ગુજરાતી અર્થ	પાક દાદારે એ અરસામાં પેદા કરેલી ચીજો.
૧ મઇદયોજરેમ. ...	ભર વસંત રૂતુનો વખત. ...	આસમાન.
૨ મઇદયોશેમ. ...	ભર ઉનાળાનો વખત. ...	પાણી.
૩ પઇતેશહેમ. ...	અનાજની વાવણીનો વખત. ...	જમીન.
૪ અયાથરેમ ...	અનાજની કાપણીનો વખત. ...	ઝાડપાન.
૫ મઇદ્યારેમ. ...	વરસાદનો તથા ધંધા રોજગારથી ફરસુદનો વખત. ...	જાનવરો.
૬ હમસપથમઇદેમ....	વર્ષને પુરૂ થવાનો તથા રાત દાહાડો સરખો થવાનો વખત. ...	માણસો.

' ગાહંબાર ' બોલનો અર્થ ' બંદગી ' થાય છે. દરેક જણે પોતાની બનતી કોશેષથી ગાહંબારમાં સામેલ થવું જોઇએ, કેમકે રેહેમી દાદારે તે વખતે

જે વસ્તુઓ માણુસ જાત માટે પેદા કરી છે, તે વિષે તેનો આભાર માનવા સારૂ દરેક જરથોસ્તીઓએ સામેલ થવાની ફરજ છે, અને તેમ નહિં કરવાથી તેઓ નીમકહરામ થાય છે.

('દિવસની પાંચે ગેહ.')

ગેહેનાં નામ	દરેક ગેહે સરૂ થવાનો વખત	દરેક ગેહેનાં હમકાર ઇઅજદો
૧ હાવન. ...	સવારે સુરજની રોશની પડવા પછીથી બપોરે બાર વાગા સુધી. ...	સાવંઘહી, વિસ્પ
૨. રપીથવેન. ...	બારથી ત્રણ વાગા સુધી. ...	ફ્રાહતફ્રુ, જન્તુંમ.
૩. ઉજીરન....ત્રણથી	સુરજ અસ્ત પામે ત્યાં સુધી	ફ્રાહતવીર, દખ્યુમ.
૪. અવેસરૂથરેમ....	તારા દેખાય ત્યારથી રાત્રે બાર ... વાગા સુધી. ...	ફ્રાહત, વીસપાંમ.
૫ ઉશહેન. ...	રાતનાં બાર વાગેથી દિવસ ઉગે... ત્યાં સુધી. ...	એરેજ્ય, નમાન્ય,

'ગેહે' એટલે 'ભાગ' પાક માજદીઅસની દીનમાં દિવસના પાંચ ભાગ ઠેરવેલા છે જે ઉપર જણાવ્યા મુજબ છે.

હાવન—એ ગેહે સુર્ય ઉપર આવી પોહોંચવાનો વખત છે. સાવંઘહી ફરેસ્તો ગોસ્ફંદોનું રક્ષણ કરે છે. વિસ્પ એ મોહોલ્લાનો ફરેસ્તો છે.

રપીથવેન—એટલે ગરમી, ફ્રાહતફ્રુ ગોસ્ફંદોપર મેહેરબાની રાખે છે, અને તેમને આબાદ કરે છે; જન્તુંમ એ ગાંમનો ફરેસ્તો છે.

ઉજીરન—એ સુર્ય અસ્ત પાંમતી વખતનાં ઝઝકલાંના વખતની છે, ફ્રાહતવીર માણુસોને આબાદી આપે છે દખ્યુમ એ દેશનો ફરેસ્તો છે.

અવેસરૂથરેમ—મધરાતે આખર થતી ગેહે તેનાં નામનો અર્થ બંદગી કરવાનો અને કિર્તન ગાવાનો વખત દેખાડે છે.

ઉશહેન—એ ગેહે સુર્યને મધરાતે ઉપર ચઢવા માંડવાનો વખત છે. એરેજ્ય એ પાકની મોહોસમો ઉપર મકકવલ ફરેસ્તો છે. નમાન્ય એ ઘરનો ફરેસ્તો છે.

વાંચનાર જોશે કે દરેક ગેહની સાથે બે ફરેસ્તા આવે છે તેઓ પોતાને લગતી જણસોને આબાદી આપે છે. એક જમીનને લગતા વિભાગોપર અને બીજો જીવદારોપર સદોરી ભોગવે છે.

(વર્ષની ત્રણ રૂતુઓ.)

સ્યાળો. ઉનાલો, અને ચોમાસુ એ ત્રણ રૂતુઓ આખર હજાર પછી થનાર ત્રણ પયઘંમબરોં (હોશેદર, હોશેદરમાહા અને સોસીઉસ) ની નીસાની છે.

'એકવીસ નુસ્કોનાં નામ અને તેમાં સમાયલી બાબદ.'

અવસતામાં.		પેહેલવીમાં.	વર્ગ.
(૧) યથા.	...	સતુદગર. ...	ગાથીક.
(૨) અહુ.	...	વહિશતમાંસર. ...	"
(૩) વેરીઓ.	...	બધ.	"
(૪) અથા.	...	દામદાદ (હ્રૂજ દેહ હમાસત)	હધમાથ્રીક
(૫) રતુશ.	...	નાદુર.	"
(૬) અશાત	...	પાજેહ. અથવા પાજમ	"
(૭) ચીત	...	રતોશતાઈ. ...	"
(૮) હચા.	...	બરશ. ...	"
(૯) વંઘહેઉશ,	...	કશસરૂબ. ...	"
(૧૦) દજદા.	...	વીશતાસ્પશાહ અથવા વીસ્તાસ્પ	"
(૧૧) મનંઘહો.	...	ખેશત. ...	ગાથીક.
(૧૨) શીઓથેનનાંમ.	...	ચિત્રદાદ. અથવા જેરસ્ત	દાતીક
(૧૩) અંઘહેઉશ.	...	સફંન્દ. ...	ગાથીક.
(૧૪) મજદાઈ.	...	બાધાંન યસ્ત. ...	દાતીક.
(૧૫) ખશેથ્રેમચા.	...	નિયરામ ...	દાતીક.
(૧૬) અહુરાઈ.	...	ગન્બાસરવીચત. અથવા હ્રાસુબ	"
(૧૭) આ.	...	અસપારમ. ...	"
(૧૮) યગ.	...	અસકારમ, ...	"
(૧૯) દરેગુબ્યો.	...	જુદદેવદાદ.	"
(૨૦) દદદ.	...	હાદોખત. ...	ગાથીક.
(૨૧) વાસ્તારેમ.	...	સતુદયસ્ત. ...	"

પાવત્ર કલામ અહુનવરનાં પાક નામથી આ એકવીશ નુસ્કોનાં નામો તાલુકો રાખતાં હતાં: ઉપર જણાવ્યા મુજબ એકવીશ નુસ્કનાં ત્રણ વર્ગ કયો હતા.

જાણવું જે, ઉપર જણાવેલાં ૨૧ નુસ્કો અવસ્તા ભાષામાં લખાએલાં હતાં અને તેમાં ધર્મનાં તમામ ભણતરો તથા દીનના સઘળાં ફરમાનો તથા કાનુનો ઉપરાંત, આએ દુનિયાં, મીનોઈ જેહાન, બેહેસ્ત, દોજખ, ઇનસાફ, નીતિ, ફીલસુફી, તેબાબત, તથા બધી જાતની વિધ્યા હુનરને લગતી બાબદો આવેલી હતી.

૧ ગાથીક; ૨ દાતીક; અને ૩ હધમાથ્રીક.

ગાથીક વર્ગના નુસ્કોમાં મીનોઇ જ્ઞાન, ફરજો. અને નેકીનાં કામો સમાવ્વામાં આવ્યાં હતાં.

દાતીક નુસ્કોમાં આ દુન્યાને લગતા કાયદા કાનુનો **વિગેરે** સમાવ્વામાં આવ્યા હતા.

હધમાથ્રીક નુસ્કોમાં મીનો ગેતી વચ્ચેનો સંબંધ જણાવ્વામાં આવ્યો હતો પેહેલવી, **'દીની—વજર કર્દ'** ઉપરથી એકવીસ નુસ્કોમાં સમાયલી બાબદોની ટુંક નોંધ મળી છે. જે ટીપ નીચે મુજબ છે.

'યથા અથવા સતુદગર'—સતુદગર (ફાયદો દેનાર) માં ૨૨) પ્રકરણો હતાં. એ નુસ્કમાં બંદગી કરવાની નેકીને રાહે અમલ કરવાની, સારાં કામો કરવાની ખુદાપર ચિત્ત રાખવાની અને સગાંઓમાં સુલેહ સંપ જાલવ્વા, વધારવાની બાબદો વિષે બ્યાંન હતું.

'અહુ અથવા વીહેસ્તમાંસર'—આ નુસ્કમાં ૨૨) પ્રકરણો હતાં, અને તેમાં માજદીઅસની ધર્મપર વિશ્વાસ રાખી તેપર શામાટે ધ્યાંન આપવું જોઇએ તે બાબે, ધર્મી થવા વિષે, જરથુસ્તની દોઆ અને વખાણનો ઉપયોગ કરવા બાબે, તેમજ જરથુસ્ત આગમચ થઇ ગયલા સઘલા સારા બનાવો અને જરથુસ્તની પછી નવી દુન્યા હસ્તીમાં આવે ત્યાં સુધીમાં બનનારા બનાવોનું વર્ણન કરેલું હતું.

'વેરીઓ અથવા બઘ'—એમાં ૨૧) પ્રકરણો હતાં. એમાં માજદીઅસની ધર્મની સમજ તથા અહુરમજદે માણસ જાતને શીખવેલા વિચારોનું વર્ણન કરેલું હતું તથા તે ઉપરાંત માન આપવા બાબે, ન્યાય કરવા, તથા ન્યાયધીસે પોતાની ફરજ બરોબર કેવી પ્રકારે બજાવ્વી, અને ખોટા વિચારો દુર કરી સારા વિચારો સંપાદન કરવા બાબે વર્ણન હતું.

'**અથા અથવા દામ્દાદ**' આ નુસ્ક હવાજદેહ હોમાસતને નામે રેવાયતમાં ઓળખાયલું છે. એનાં ૩૨) પ્રકરણો હતાં. બેહેસ્ત અને ત્યાંનાં વસનારાઓ, સારૂં તથા માઠું, ઇનશાનોની હસ્તી, આસમાન અને જમીન, પાણીમાં ઉત્પન્ન થતી સઘલી જણુસો, આતશ વનસપતી ભાજીપાલો, માણુસો અને પશુઓ, પક્ષી, સાંપ વિગેરેની સમજ, ઉપરાંત દરેક આસામી પોતાનાં ગુજરવા બાદ પોતાની કેરદાર બાબે જવાબ આપવા વિષે, ચિતવત પુલ આગળ થતો ઈનસાફ, નેકીનો બદલો ઇનામ, પાપીઓને સજા વિગેરે વર્ણન આવેલું હતું.

'**રતુશ અથવા નાદુર**'—એ નુસ્કમાં ૩૫) પ્રકરણો હતાં તેમાં તારા, ગ્રહો, તેમની સારી નરસી અસર, ચાંદરાત, પુનેમ, વિગેરે વર્ણન કરેલું હતું. (આ નુસ્કનો ફારસી અને અરબ્બી ભાષામાં તરજુમો કરેલો છે. ફારસીમાં 'કપામજાન' અને અરબ્બીમાં બુતાલને નામે તે ઓળખાય છે.)

'**અશાત અથવા પાજેહ**'—એમાં જુદાં જુદાં ૨૨) પ્રકરણો હતાં ગાહંબારની ક્રિયા, દસ્તુરો, મોબેદો, હેરબદો, તેમજ સારૂં કામ કરવાથી પાછળ ન હઠે એવા શખ્સોને કેવી બક્ષેસો કરવી જોઇએ, જે કોઇ આસામી ગાહંબારની ક્રિયા કરી કોઈ ગુજરેલાને નામનો સ્યાવ ઈજાવે તે શખ્સનું મરતી વેળાએ તથા બેહેસ્તમાં શું થાય છે, ને કેવાં ઈનામ, માનને પાત્ર છે, પરહેજગાર ગુજરેલાં સગાંઓ માટે પોશાકનું દાન, અને તેઓ માટે બંદગી તથા ફરવરદેગાંનનાં દશ દિવસોપર સારાં નરસાં કામો કરવાની ફરજ, વૈદાંને લગતો ભાજીપાલો કયારે એકઠો કરવો, આત્માને લગતાં તરેહવાર પાપોની તોજેશ કરવાની જરૂર, તોજેશ કરવાથી થતો ફાયદો, અને નહિં કરવાથી થતી હરકત, ભીનો અને ગેતીની સંભાળ રાખનાર મુખ્ય ૩૩) યજદો ભલાં કામોનો ચમત્કાર વિગેરે બાબદો હતી.

'**ચીત અથવા રતોશતાઇ**'—એમાં ૫૦) પ્રકરણો હતાં. નોકરી કેવી રીતે બજાવવી, વડીલ તથા ઉપરીનો સખુન કેમ બજાવવો, અને નોકર તથા હાથ હેઠલનાંઓને હુકમ કેમ કરવો, ધર્મગુરૂ, ન્યાયધીસ, અને પોતાનાં રાજકર્તાને તાબે થવા વિષે, શેહેર, અથવા દેશ, તથા તમામ પેદાયસોનો બચાવ કરવા બાબે, અહુરમજદની પેદા કરેલી કઇ જણુસો અને અહેરેમનની પેદા કરેલી કઈ જણુસો, જમીન, પહાડ, દર્યાવ વિગેરેનું વર્ણન એ કેતાબામા હતું.

'હચા અથવા બરશ'—એમાં ૬૦) પ્રકરણો હતાં' તેમાં રાજાઓએ હકુમત કેમ ચલાવ્વી ધર્મગુરૂઓએ ધર્મ ફરમાનો કેમ આપવાં, તેમજ આ જેહાંનની સંભાળ લેવા બાબે, દરેક નવું વસાવ્વા, આબાદ રાખવા અને જુઠું બદ પાપી માણુસો કેવી પ્રકારનાં હોય છે તે બાબે વર્ણન હતું.

'વંઘહેાુશ અથવા કુશસ્રૂબ'--એ કેતાબમાં ૬૦) બાબ હતા તેમાં ડહાપણ અને જ્ઞાન બાબે, છોકરાં પેદા થવાના કારણ. ડહાપણવાળા કેમ થવું ચોખ્ખાઈ પવિત્રાઇ કેમ રાખવી સાચ્ચું બોલવું માણુસોને ખરાબ રસ્તેથી સારે રસ્તે લાવ્વુ વિગેરે બ્યાન કરેલું હતું.

'હજદ અથવા વિસ્તાસ્પશાહ'—એ કેતાબમાં શાહ ગુશ્તાસ્પનાં રાજ્યનો અહેવાલ સમાવેલો હતો, વળી સપેંતમાન સાહેબ જરથુશ્ત આપણો ધર્મ અહુરમજદની દરઘાહથી લાવ્યા હતા, તથા શાહગુસ્તાસ્પે તે કબુલ રાખી દુન્યામાં જાહેર કર્યો, વિગેરે બાબદો હતી.

'મનંઘો અથવા ખેશત'—એ નુસ્કનાં પેહલા ભાગમાં અહુરમજદની જુદી જુદી સેફ્તોની સમજ તેમજ ધર્મમાં જે સારાં કામો કરવાની આપણા-પર ફરજ છે તે ખુલાસો હતો. બીજા ભાગમાં ધર્મની સચ્ચાઇ, બદીથી પરહેજ રેહેવું વિગેરે બાબદોની હતી ત્રિજામાં કરજદાર માણુસો વિષે તથા દોજખમાંથી સેવટનો છુટકો મેળવ્વા બાની બાબદો સમાયલી હતી. ચોથામાં પૃથ્વિ કેમ પેદા થઇ, ખેતી કરવા મેવો ઝાડપાન વિગેરે ઉગાડવા, ઢોરો અને માણુસોનું બળ, તથા નેક રાહે ચાલનારાઓ અને દસ્તુરો વિગેરેને તાબે થવું તે વર્ણન કરેલું હતું. અને પાંચમાં ભાગમાં ઇનશાનોની જુદી જુદી પદવીઓ જણાવેલી હતી.

'શીઓથેનનામ અથવા **ચિત્રદાદ** અથવા **જેરસ્ત'**—એમાં માણુસ જાતનાં જન્મથી મરણ સુધી નાની મોટી પંકિતપર તે કેમ આવેચ તથા સુવાવડને લગની બીનાં સમાયલી હતી.

'અંઘહેાુશ અથવા સદ્રંન્દ'—એ કેતાબ મધે પયઘંમબર સાહેબ અશો જરસ્થોસ્તનો અહેવાલ હતો.

'મજદાઇ અથવા બઘાંન યશ્ત'—એમાં પાક અહુરમજદ વિષે તથા જુદો જુદો વખત ક્યારે થાય છે, અહુરમજદથી ફાયદા હાંસેલ કરવા માટે તેની ગેહોમાં બંદગી કરવી, તથા દરેક અમેશાસપંદ કેવા દેખાવનો છે તે બાબે બ્યાંન હતું.

'**ખશેશ્રેમચા** અથવા **નિયારમ**'—એમાં પૃથ્વિપર કઇ કઇ જણસો નિર્દોષ છે. દોજખમાં છુટકો કેમ મેળવ્વો, સારે માર્ગે કેમ ચાલવું, માણસનાં શરીર અને મગજમાં શું શું ચીજો છે, દોલત કેમ એકઠી કરવી તથા સંભાળવી વિગેરે ખોલાસો હતો.

'**અહુરાઇ** અથવા **ગન્બાસરવીચત** અથવા **દ્રાસ્રૂબ**'—એમાં ખેત્યો દથવનું વર્ણન, સંસારી કાયદો, ગોસ્પંદોની જાળવણી, તેમની ચોકી કરનાર કુતરા, ગોસ્પંદો બચ્ચાં જણે તે વખ્તે તેમને મદદ કરવા અને તેમને ખોરાક નહિં આપે તો તેઓ મરણ પામે તે ગુનાહ વિગેરેનું બયાંન હતું.

'**આ** અથવા **અસપારમ**'—પાપીઓનાં કર્મનાં બદલા તથા આદમી જાતની કેરહારપર સરદારી ભોગવતા ગૃહો, ઇત્યાદીનો આ નુસ્કમાં ખુલાસો હતો.

'**યમ** અથવા **અસકારમ**'—સારાં માણસોનું પાછું જીવતાં થવું, દરેક બાબદમાં ડહાપણથી બોલવું, યા ડહાપણ વાપરવું, હુકમ કરવા બાબે, અને અહેરેમન તથા દેવોની પેદાયસોનો નાસ થવા બાબેનું વર્ણન હતું.

'**રેગુબ્યો અથવા જુદ-દેવ-દાદ**-' આ નુસ્ક જે હાલ આપણામાં વંદીદાદને નામે વપરાય છે તે હાલ સમપુર્ણ રહ્યું છે. એની પહેલી બે ફર્ગરદોમાં જેહાનની શરૂઆતની બીના આપેલી છે, અને બાકીનો ભાગ મુખ્ય કરીને સફાઇ, સુઘડાઇ, અને કાયદાઓથી ભરપુર છે.

'દદદ **અથવા હાદોખત**'-પર સ્વાર્થી થવું, પરમાર્થ અને આભાર કરવાની કીંમતી નશીહત એમાં કરેલી હતી.

'**વાસ્તારેમ અથવા સતુદ યશ્ત**'—એ મધે રહેમી દાદાર અને અમ્મર અમેશાસપંદોની તારીફ કરેલી હતી. અમેશાસપંદોની મદદ મેળવ્વા જે ઘણી ખાયશ રાખે તેને આ નુસ્ક પઢવાની અગત્ય જણાવેલી હતી.

હાલમાં આપણા ધર્મમાં એ નુસ્કો માહેલાં અવસ્તા ભાષામાં બાકી રહેલા મોજુદ સફાઓ છે જે નીચે મુજબ છે.

૧. યજશને. ૨. વંદીદાદ. ૩. વીસ્પરદ એ ત્રણે કેતાબો હાલ '**વંદીદાદ સાદે**' ને નામે બી ઓલખાય છે.

૪. વીસ્તાસ્પ નુસ્ક એની ત્રણ આઠ ફર્ગરદ સલામત છે.

૫. હાદોખત નુસ્ક-એની ત્રણ ફર્ગરદો સલામત છે.

૬. દામદાદ નુસ્કની-ત્રણ ફર્ગરદો સલામત છે.

૭. ખોરદેહ અવસ્તા અને યશ્તો.

(' શુદરેહ ')

બુલંદ બેહેતર માજદીઅસની દીનની નીસાની શુદરેહ અને કુશ્તી છે કે જેથી આપણે જરથોસ્તી તરીકે ઓળખાઈએ છેએ.

શુદરેહ શબ્દનો અર્થ એકથી અનેક થાય છે (૧) ફાયદા ભરેલી તથા સુધરેલી રાહા; (૨) જશનને લગતો માર્ગ; (૩) ખુશીનો મસ્તબો; (૪) મોટાઇની રસમ, શુદરેહ શબ્દ ફારસી ભાષામાંથી નીકળેલો છે. ફારસીમાં ' શુદ+ રાહ ' ' ખરો+માર્ગ ' ઉપરથી શુરરેહ શબ્દ થયો છે. શુદરેહનો અર્થ ફાયદા ભરેલી અને સારો માર્ગ દેખાડનારી દીનને લગતું કપડું એવો થાય છે કે જેનાં દરેક ' કટકે ' ને ' સાંધે ' સમાયલી ભેદી નશીઅતો પ્રમાણે ચાલનારાઓને ઉમદા ફાયદા છે.

' શુદરેહ ' શબ્દને જંદમાં ' વસતર ' પેહેલવીમાં ' વાસ્તેસ્વીક તથા ' શેવે, પાજંદ તથા ડરી ભાષામાં ' શીવ કુશ્તી ' (કુસ્તી નીચેનું પેહેરણ) તથા ફારસીમાં નીમક, શીલ, તથા પેહેરણ કહે છે.

આગલી કેતાબોથી એવું જણાયલું છે જે શુદરેહ ફકત સુફેદ કપડાંનોજ હોવો જોઇએ, કારણ સુફેદ પોશાક પવિત્રાઇ, અશોઇ સફાઈ તથા તનદરોસ્તી જાળવનારી નીશાની છે. જેમ સુફેદ કપડાંપરનો ડાગ જણાઇ આવે છે તેમ શુદરેહ પહેરનારની ' કેરદાર ' એવી પ્રકારની હોવી જોઈએ કે એક પણ ખોટો વીચાર આવતાં તે માલમ પડી આવે તેથી આપણાં ધર્મનું ફરમાન બુલંદ બેહેતર જરથોશ્તી દીન કબુલ રાખનારે સુફેદ પોશાક પહેરવાનું છે.

શુદરેહ ઉપર ગીરેબાંનની નીસાની મુકેલી છે તેને કીસ-એ-કેરફે (સવાબની કોઠલી) અને પાજંદ તથા પેહેલવીમાં ' ગેરોએબાંન ' કહે છે એનો અર્થ ' ઇમાન ' અથવા ' અએતેકાદ એવો થાય છે. તે ઉપરથી એ શુદરેહ પહેરનારને સાહેબે અએતેકાદ કહેલો છે.

' શુદરેહના આગલના પડદા, બાબે એવું કેવાએ છે કે જે મીશાલે એ શુદરેહનો ભાગ આગળ છે અને આપણું બાકી તન તે પાછલ, તે માફક આપણા જે નીઆગાનો આગળ અશોઇ પાળી ઉંચે દરજ્જે પોંહોંચી ગયા છે અને આપણે (તેઓની ઓલાદ) પાછળ છેએ, પણ તેઓને પગલે ચાલવાને બંધાયલા છેએ.

" શુદરેહનો પાછળનો પડદો " એ બાબે એવું જણાયલું છે, કે ' જે

પ્રમાણે એ ભાગ આપણી ' પીઠ પાછળ છે અને આપણું તન તેની આગળ છે. તે મુજબ આ ખાકી જહાંનનાં દરમીઆંનમાં કેટલાક એવા પણ આસામીઓ હશે કે જેઓ આપણાં કરતાં ઉતરતી અને કમીની હાલતમાં હશે. તો તેઓ તરફ આપણે સખી દીલગુરદો, રેહેમ નજર, રાખવી જોઇએ, અને ઉદારતાનો હાથ લંબાવવો જોઇએ એવુંજ ફરમાન આપણા ' વંદીદાદ ' ની ચોથી ફર્ગરદનાં ૪૪ અને ૪૫ માં ફકરામાં મળે છે.

' **શુદરેહની જમણી** બાંય તે અસોઇનો (જમણો) તરીકો બતાવે છે ' ડાબો માર્ગ ' કે જે ઉલટો અને જાદુઇનો છે તે હમેશાં અશોઇની સામો (વીરૂધ્ધ) છે.

શુ રેહની ડાબી બાંય-જેમ જમણી બાંય એક આસામી પહેડ તો પછી ડાબી સારીઆ વગેરે ચાલે નહીં પણ તેથી એવું નહિં વમાસવું કે ડાબા માર્ગ (જાદુઇ) તરફ પણ આપણે ધ્યાન લગાડવું જોઇએ, અશોઇનાં તરીકાપર ચાલનાર આસામી પોતાનાં સુખને ભોગે સામાનુ ભલું કરે છે. પણ ઇનસાન માત્રને આ દુન્યામાં તેની ટુંક મુસાફરી (હૈયાતી) નાં દરમીઆનમાં કરવાનું તે એજ કે નેકીને રા ચાલી ભલાઇનો દરો જીતવો.

' **બાંય ટુંકી છે** ' તે આપણી જીંદગી આ દુન્યામાં ટુંકી છે એવું બતાવે છે, તો ઇનશાન માત્ર એ પારકાની સત્તા છીનવ્વા બાબે યત્ન કરવો મીથ્યા છે.

' **શુદરેહની તીરી** '-શુદરેહની જમની બાજુએ દામનની આગળથી સાંધો વચ્ચે રાખી બન્ને બાજુએથી ત્રિકોણ આકારમાં ભરેલી હોય છે તે પાક અહુરમજદનાં ત્રણ પ્રકાર, જ્ઞાન, સુખ, અને અમર્ગી બતાવે છે.

(' કુશ્તી ')

ફારસી જુબાનમાં '**કુશ્તી**' અવસતામાં '**અએવી અંઘન**' અને પેહેલવીમાં ' **કુશ્તીક** ' કહે છે.

' **કુશ્તી શબ્દનો અર્થ** ' એવો. થાય છે કે ખુદાવંદની બંદગી અને દીનની ફરમાબરદારીનો કમ્મરબંધ. રેહેમી દાદારને યાદ કરનાર આસામી પોતાની કમ્મર તેથી બાંધી રાખે છે.

'**સદદરે નજમ**' નામની કેતાબથી એવું જણાયલું છે કે જેમ કોઈ આસામી કંઇ કામ કરવા સારૂ તત્પર રહે છે, તેમ એક ભલો જરથોસ્તી કમ્મર કુશ્તીનો કમ્મરબંધ બાંધી યજદાંની આરાધના કરવા તૈયાર થઈ કમ્મર બાંધી રાખે છે. જે દીનથી કમ્મરપર કુશ્તી રાખવામાં આવે છે, તે દીનથી દરેક જરથોસ્તી યજદાંની રાહપર ચાલવાને કમ્મર બાંધી તૈયાર છે. જથોસ્તી ફરમાન, અને બુલંદ દીનને ખાતર ગોયા તન, મન, અને ધન, અને આત્મા વટીક ફીદા કરવાને તૈયાર છે.

'**કુશ્તી રૂનીજ**' હોવી જોઈએ, અને તે સુફેદ રૂની બનાવ્વાનું ફરમાન છે, એ સીવાય બીજી ચાલી શકે નહિં.

'**કુશ્તી આથોરનાનોને હાથેજ** વણાયલી હોવી જોઇએ, એવું એરવદો જણાવે છે. કેમકે તેથી તેમનાં પવિત્ર મેગનેટીઝમની અસર તેમાં આમીજ થાય.

'**કેટલા તારની કુશ્તી બનેલી** છે. કુશ્તીના તાર બોતેર છે પહેલે રૂ હાથથી કાંતીને તે રૂને બેવડું કરી વળ દેવામાં આવે છે અને પછી કુશ્તી વણાય છે, વળ દેવાનો ભરમ એ છે કે તે 'વળ' ની માફક મીનો અને ગેતી બન્ને દુન્યા સંબંધ ધરાવે છે. (યોગ વિદ્યા પ્રમાણે ઇનશાનની કરોડમાંથી એક મીનોઈ નાડી વહે છે, અને તેની આસપાસ બીજી નાડીઓ હોય છે, અને તેમાંથી બોંતેર હજાર નાડીઓ મારફતે પ્રાણને પ્રવાહ આખા શરીરમાં દોડે છે, મુખ્ય નાડીમાં જયારે મીનો આતશ જાગૃત થાય છે અને ઉપર ચહડે છે, ત્યારે તેનો આકાર સર્પનાં જેવો દેખાય છે, જે માથા તરફ રહેતાં સુરાખમાં ફુલ્લે બહનની ક્રિયા કરે છે કદાચ કુશ્તીમાં એવોબી ભરમ સમાયલો હોય) કુશ્તીનાં બોંતેર તાર એ '**ઇઅજશને**' નાં બોંતેર હાની નીસાની છે, જો કોઈ ભલી દીનનો આસામી પાકી પરહેજગારીથી પાદીઆબ કુસ્તી કરે તો તે શખ્સ ઇઅજશનેનાં સવાબમાં સામેલ થયલો ગણાય છે. "**મોજેજાતે જરથોસ્તી**" કેતાબમાં અને "**અહુરમજદ ઇઅશત**" માં પાક ખુદાવંદનાં સેફાતી નામો પણ ૭૨ છે. '**સરનામે રોજે ઇઅજદાંની**' નામની કેતાબથી પણ એવું જણાયલું છે કે ઇઅજદાંનનાં નામનાં આંક બોંતેર છે. બેવડા ૭૨ બોંતેર તાર તે ૧૪૪ તાર થાય છે. તે મોટી '**હમાયસ્ત**'નાં બાર ફરેસ્તાની ખશનુમનથી જે એકંદર ૧૪૪ ઇઅજશને તથા તેટલાજ વંદીદાદ પઢાવ્વામાં આવે છે તેની સરખામણી છે.

'કુશ્તી વણાઇ રેહેવા બાદ' તેના વાણા (આરા દોરા) અને તાંણા (ઉભા દોરા) એક બીજાથી છુટા દેખાતા નથી, તેની મતલબ એ છે કે માણસો દુન્યામાં જુદે જુદે ઠેકાણે રહે છે તેઓનો પોશાક તથા બોલી જુદી છે, પણ ધર્મમાં એક હોય તેઓ સાથે દોસ્તી પડતાં જુદાઇ અથવા દુશમનાંઈ નહિ રાખવી.

'કુશ્તીનાં બે પડ અને વચ્ચેથી પોકલ છે' તે બે પડ આસ્માન અને જમીનની ગવાહી આપે છે અને જમીન વચ્ચેનો ખુલ્લો માર્ગ બતાવે છે. અને કુસ્તી બાંધનાર આસામી આસ્માન જમીન વચ્ચેની ચીજોને પાક અને ખુશાલ કીધા બરોબર સવાબ હાંસેલ કરે છે.

'કુસ્તી ઉથલાવ્વાનું' કારણ'—ઇનશાન જન્મે છે અને ગુજર પામે છે તે નિસાંની બતાવે છે. યાને હરેક આસાસીએ ધ્યાંન રાખવું જોઇએ કે આપણે આ દુન્યાના બાગમાં ફક્ત આપણું તકદીર લઈ આવ્યાં છૈએ અને નેકી ભર્યો હાથે ભલાઈનો દડો જીતી એક દીન આ ફાંની જેહાંનથી કુચ જવું છે તો પોતા પાછલ નેકીનું નામ જાબજા જળવાઇ રહે એવું નેક પગલું ભરવું.

જેમ કુસ્તી વણતાં એકબી તાર જો આડો આવ્યો હોય તો તે કુસ્તી બરોબર ઉથલાવાતી નથી તે મુજબ ઇનશાનનો એક પણ ખોટો વિચાર તેનો જીંદગીની આખી કારકીર્દીપર અસર કરી શકે છે.

'કુશ્તીના બે લર' એ વર્ષનાં બે ભાગ હાવન અને રપીથવેનની ઇધાંની છે, અને ઉપલી જેહાંન અને આ દુનયા એ બન્ને જેહાંનની હસ્તીની ગવાહી અને સબંધની નિશાની છે. અને સર્વ બસ્તેકુસ્તીઆંને આ દુન્યામાં હીલચાલ કરતાં ઉપલી હમેશગીની જેહાંન બાબે વધુ વિચાર અને ફીકર દીલમાં રાખવી જોઇએ.

'કુ તીની છ લરી એ વણતી વખતે બાર તારનાં થાય છે, પેહેલવીમાં અને ફારસીમાં 'વાઝદેહ' કરી કહે છે, અને " વાઝદેહ હોમાશ્ત" નામનું આપણું ધર્મ પુસ્તક છે. અને હરેક કુસ્તી બાંધનાર હવાઝદેહ હોમાસ્ત"નાં સવ.બમાં હમબેરો ધરાવે છે. વળી આકાશી બાર રાશી જે વર્ષની ઇધાંની છે તે દર્શાવે છે. અને વર્ષનાં છ ગાહંબારની ઇધાંની છે.

'કુશ્તીનાં ત્રણ આંટા' કમ્મરપર બાંધ્યે છીએ તે હુમત, હુખ્ત, અને હુવર્સત, એ ત્રણ બોલોનાં સાબેતી આપે છે. યાને કુશ્તી બાંધનાર શખ્સ હમેશાં સારૂ વમાસનાર સારૂં બોલનાર, અને સારૂં કામ કરનાર, અને હમેશાં તે ઉપર મજબુત અએતેકાદ રાખનાર છે, એવી નિશાની બતાવે છે.

કુસ્તીનો પહેલો આંટો કમ્મરપર વિટાલતાં હુમત કરી મનમાં વમાસવું જોઇએ, એમાં ત્રણ બાબદો સમાયલી છે. (૧) ખુદાવંદની આરાધના કરવા સિવાય બીજો કોઇ પણ વિચાર મનમાં નહિં રાખવો. (૨) ધર્મનાં કામમાં જાની દોસ્ત મેલવ્વો.

(૩) દાદારની પેદાયસને માન આપી બચાવ કરવો.

'બીજો આંટો' લપેટતાં 'હુખ્ત' કરી વમાસવું એમાં પણ ત્રણ બાબદનો ભરમ સમાયલો છે. (૧) ભલી દયાનત નેક ન્યત રાખવી. (૨) સારી અક્કલ આપનાર દોસ્ત સાથે સબંધ રાખવો (૩) પોતાનો ફરજન્દો જાળવ્વો **'ત્રિજો આંટો'** વિટાલતાં હુવરસ્ત બોલવું, એમાં પણ ત્રણ બાબદો સમાયલી છે. (૧) ખુદાવંદને રાજી કરવો. (૨) નેક વિચારવાળો અને ધર્મ બાબદ ચાહનાર દોસ્ત કરવો. (૩) કોઇને પણ નુકશાન ન કરવું.

'કુશ્તીનાં ચાર ગાંઠ વાળવાનું' કારણ–ઇનશાન માત્રનાં દીલમાં ચાર ચીજ દાદારે પેદા કરી છે, આતશ, પાણી, પવન, અને ખાક એ ચાર ચીજથી ઈનશાનની કાયા બનેલી છે. જે ચાર ગાંઠ સાથે સંબંધ ધરાવે છે, યાને બસ્તે કુશ્તીઆનોએ એ ચાર તત્વોને સમતોલ જાળવી રાખવાં જોઇએ, જેથી તનદરોસ્તી જળવાય અને તત્વોને ખુશી રાખવા બરોબર સવાબ મળે. કુસ્તીનાં આગળા બે ગાંઠમાંનો **'એક'** વાળતા બાંધનાર એવું વિચારે છે કે દાદારની બનાવેલી જમીન અને આસમાનની એકાંતગી કબુલ રાખુચ કેમકે દેખાવે હસ્તીઓ જુદી છે છતાં તેઓ એકજ છે. **'બીજો ગાંઠ'** વાળતાં એવું વમાસે છે કે દાદારનો મોકલેલો રાસ્ત પયઘંમ્બર જરથુસ્ત ખરો છે, એ હું કબુલ રાખું છું, અને આ દુન્યામાં ચાલવાને થકી મારે માટે તેને જે રસ્તો બતાવ્યો છે તેજ ખરો છે.

'પાછલો પહેલો ગાંઠ' વાળતાં બાંધનાર એવું વિચારે છે કે જે કંઇ બુલંદ માજદીઅસની દીનમાં જણાવ્યું છે તે હક વાજબી અને નેક છે, જે પ્રમાણે હું ચાલવા બંધાયો છું.

'પાછલો બીજો ગાંઠ' વાળતાં એવું ધારે છે કે આ ખાકી દુન્યામાં મારીથી બનતી મદદ મારાં હમદીનોને અને બીજાઓને કરૂં તથા તેઓનાં સુખ દુઃખમાં હું મોટો ભાગ રાખું. અને ધર્મનાં ફરમાનો બતાવું.

'શુદરેહ વગર કુશ્તી બાંધવી' તે ગોયા હથીયાર વગર લડાઈમાં ઉતરવા બરોબર છે.

'કુશ્તી કયાં અને કોની સનમુખ કરવી જોઈએ.' દીવસે 'ખુરશેદ' સનમુખ, રાતનાં ચંદ્રમાં, આતશ, ચેરાઘ (દીવો) યા દક્ષીણ દીશા તરફ કરવી જોઇએ.

'કુશ્તી કરનાર અથવા પઢનાર આસામીની આગળથી ચાલી જવાય નહિં', કેમકે કોઈબી આસામી જો કંઇપણ કેબલા સનમુખ કુશ્તી કરતા હોય યા ફરજીઆત બંદગી ગુજારતા હોય તો તે વખતે બીજા આસામીએ તેમની વચ્ચેથી જવું રવા નથી. કારણ કે બંદગીની ફઝળયાત કમી થાય છે.

'શુદરેહપર કુશ્તીનું ફરમાન કયારથી છે' કેટલાકો વિચારે છે કે પયધંબર જરથુસ્તનાં વખતથી છે, પણ 'દાદસ્તાને દીની' સદદરેનજમ અને નસર' કેતાબોમાં જણાવ્યા મુજબ, શુદરેહ કુશ્તી છેક પાદશાહ જમશેદનાં વખતથી ચાલુ છે.

('નવજોત')

અસલ વખતથીજ આ જેહાંનમાં બે માર્ગો સ્થાપાયલા છે. એક જાહેર અને બીજો બાતેન. જાહેર માર્ગમાં ખાકી ઇનશાનો સંસારમાં રહી બની આવે તેટલું કેળવણી, જ્ઞાન, નીતી, સદગુણ વિગેરે અખત્યાર કરે છે, અને બાતેન માર્ગમાં અશોઈનાં ઘણાજ સખ્ત કાયદા પાળી જેઓ કુદરતનાં ભેદો પામવાની કોશેષ કરે છે તેઓ દાખલ થઈ શકે છે. પાક બુલંદ માજદીઅસની દીનનો પાયો અશોઈપર રચાયલો છે, જ્યારે ખાકી ઇનસાન આ ફાની જેહાંનમાં પેદા થઇ સાત વર્ષની વયે પુગે છે ત્યારે અશોઈના માર્ગમાં દાખલ થવા માટે આપણી દીનમાં 'શુદરેહ' પેહેરાવ્વામાં આવે છે. સાત વર્ષની વયે તે બાળક પોતાની કરણી, વિચાર વાચા ધર્મ માટે જવાબદાર થાય છે, ત્યાં સુધી તેનાં વાલીઓ તેની કેળવણી માટે જવાબદાર હોય છે એટલા માટે જરથોસ્તી ધર્મમાં સાતમે વર્ષે દરેક બાળકને દીનમાં લેવામાં આવે છે, જે વખતની ક્રિયા 'નવજોત' ને નામે ઓલખાય છે, 'નવજોત' શબ્દ ફારસી ભાષાનો છે, ફારસીમાં નવ+જાદ =નવો+જન્મ, એવો થાય છે, યાને શુદરેહ પેહેરનાર બાળકે જો કે અત્યાર આગમચનો આ ખાકી જેહાંનમાં જન્મ લીધો છે, પણ પોતાની દીનમાં તે પોતાની નવ-

જોતની ક્રિયા થવા બાદ દાખલ થાય છે. એ ઉપરથી સમજાય છે કે નવજોત એ મીનો માર્ગમાં દાખલ થવાનું પહેલું પગથ્યું છે. નવજોતની ક્રિયા કંઇ દોસ્ત, આસનાવો અને લાગતા વળગતાઓને બોલાવીને ખાનું આપવા બાબદની નથી, છતાં તે હાલ તેવીજ પ્રકારની, થઈ પડી છે. ખરૂં જોતાં કુદરતનો કાયદો એવો છે કે જેવું એક આસામી અશોઇનાં માર્ગમાં દાખલ થયું કે, દુષ્ટ ઘનામીનોથી ઉત્પંન્ન થયલી અનદીઠ શીહાં શક્તિઓ, જાદુઇ અને દરૂજી તેનીપર પોતાનાં નાપાક લશ્કર સાથે હુમલો લાવે છે. અને તેને તે (અશોઈનાં) માર્ગપરથી પાછો હઠાવવાને હમેશાં કોશેષ કરે છે, જેઓ મોટી ઉમરે પુગે છે, અને ધર્મ-જ્ઞાનથી માહીતગાર થાય છે, તેઓજ ફક્ત તે બાબે જાણીતા હોય છે.

એટલા માટે એ માર્ગમાં દાખલ થતાં વારજ પાક અવસ્તાના 'કેમના મજાદનાં' પવિત્ર કલામો તે બાળકને તેનો પોતાનો બચાવ કરવા માટે શીખવ્વામાં આવે છે.

('કેમના મજદાનો સાર')

અએ દાના સાહેબ કોણુ મ્હારી અને હમારી દીનનાં લોકોની પાસબાંની કરે, કે મારી સાથે દરવંદ કીનો રાખે છે તે વાસતે તું (અને તારો) બેહેમન (ભલુમન) તથા અરદીબેહેશત (નેક વાસનાં) વગેરે, કે તેઓની મીશાલે સવાબનું કામ કરૂં; અએ અહુરમઝદ! મને દીનનો હોકમ બુજોરગીથી કેહે (જે દીન દસ્તુર કરી રાખ). કોણુ ફતેહમંદીથી (ગુનેહગારોને) મારનાર (ખલકની) પાસબાનીનો કરનાર છે તેની અને જે જાહેરથી બેઉ જેહાનની પેદાશમાં મારા હોકમનો કેહેનાર (શીખવનાર) છે તેની* એરવેશે ભલી મનશનીથી તે (બેહેતર) સરોશનું પહોંચવું થાુ અએ અહુરમઝદ! મારી તે ખાહેશ છે. જે અને હરકોઇએબી હેવીજ મુરાદ રાખવી જોઇએ કે જેથી જુલમ દુર થાય. (દુર રાખ) મારેથી આજારનાં દેનાર (ઘનામીનોને) અએ દાના સાહેબ અએ બુજોરગ સપંદારમદ* નેસત થાુ દેવ (૪) દરૂજો, નેસત થાુ દેવનું તોખમ, નેસત થાુ દેવનું કીધેલું; નેસત થાુ દેવનું આપેલું, એજ જગોથી બુરોદરૂજ નેશત થાુ, એ દરૂજ દોડો (નાહાસો) એ દરૂજ જુદો અને નેસત થાુ (દોજખ) તરફ પાછો નેસત થાુ, ના મારી શકતો દુનીઆંની પાક ખલકને, નમુચ બુજોરગ સંપુર્ણ મનશનીનાં સપંદારમદને સવાબ રાસતી બુલંદ નેઆંમત છે.

("બાળકને શુદરેહ પેહેરાવે છે તેની બીના")

જેને શુદરેહ પેહેરાવીએ તેને દરેમેહેરમાં લઈ જાય અને મોબેદ ખુબનો ધણી હોય તે જેની નવજોત કરવી હોય તેને 'રસ' દીન પાય પછી નવસો નવાડે ત્યાર પછી તેને ઇજાર પેહેરાવે તથા માંથા ઉપર ટોપી પેહેરાવે અને જ્યાં નવજોત કરે તે જગો ઉગમણે મોહોડે બેસાડીને શુદરેહનું પદાન કરાવીને પતેત કરે. પતેત કરી રહ્યા પછી તેને ઉભો રાખીને શુદરેહ હાથમાં ધરીને "બનાંમે યજદે બક્ષાયનદેહ બક્ષાયેશગરે મેહેરબાંન" પઢી તેને દીનનો કલમો પઢાવે. "રજેશતયાઓ ચેસતયાઓ મજદદાતયાઓ અષઓનયાઓ* દએનયાઓ વંઘહુયાઓ માજદયસનોએસ દીન બેહેરાસત વ દરૂસત કે ખુદા બખલક ફીરેસતાદેહ ઇન હસત* કે જરતુશ્ત આવોરદેહ અસત* દીન દીને જરતુશ્ત* દીને અહુરમજદ* દાદે જરતુશ્ત* અષઓને અશેમ વોહુ (૧)" હ્યાં લગી પઢાવીને પછી "યથા અહુ વઅેરયો (૧)" પઢતાં તેનો જમણો હાથ અને પછી ડાબો હાથ શુદરેહની બાંહેમાં ઘાલીએ અને "યયઓથનનાંમ" પઢતાં માંથામાંથી પેહેરાવીને કુશ્તી પોતે ધરીને પોતાના હાથ જેને શુદરેહ પેહેરાવે તેની પાસે પોંચા કનેથી ધરાવીને પેહેલાં પોતે અહુરમજદ યશત પ્રથમ શરૂ કરે તે "વીદવાઓ મરોતુ પેરેસદ જરતુશ્તરો અહુરેમ મજદામ" સુધી પઢે પછી પેલા છોકરાની સાથે પઢે. "અહુરમજદ ખોદાએ અહેરેમન અવદશાંન" કુશ્તીની નીરંગ તમાંમ પઢીને સાથે પઢાવે અને કુશ્તી દરૂશત કરાવે. "જસ મે અવંઘહે મજદથી તે આશતુએતેશ અશેમ વોહુ (૧)" લગી પઢે પછી બન્ને જણ બેશી આખી હુશબામ પઢી રહ્યાં પછી ઉભો થઇને આગળ ફરોલ નારીઅલની હોય તે લઇને પેલાનાં માંથા ઉપર મુકતાં મુકતાં તનદરોસ્તી તેને નાંમે પઢે ત્યાર પછી તે બાળક હમાજોર લીએ.

("બુલંદ માજદીઅસની દીનમાં બંદગીનાં કાયદા અને ફરજો.")

ઈનશાન માત્રનું જીવ્વું તે બંદગીએજ વધુ બેહેતર ગણાય છે. 'બંદગી' બોલનો અર્થ 'શેતાદ્રશ' યા 'ફરજ' અથવા આ દુન્યામાં પાક ખુદાવંદની તાબેદારી તથા તેનાં ફરમાનો પ્રમાણે દરેક ઇનશાનોએ ચાલવું અને તે 'રેહેમાં દાદાર' ની સ્તુતી અને સેતાશ્ર કરવી."

જ્યારે તે ઇનસાફી દાવરે આપણુ ખાકી બંદાઓને જે કીંમતી ભેટો અને બેઅુલી બક્ષેસો આપી છે, અને તે મહાજ્ઞાની તરફની દરેક ગેબી મદદો

બાકી હસ્તી ધરાવનાર મેલવી શકે છે તો 'તેઓની' ખુદ ફરજ છે, કે પોતાના પેદા કરનાર, શક્તિનાં ભંડાર, જમાનાઓનાં સરદાર હમેશગીનાં શેહેનશાહ, મીનોઈ હસ્તીનાં સાહેબ, અને અનંત ખુદાવંદની બંદગીમાં; દર શરૂ થતી ગેહેનાં ખુશ વખતમાં મશગુલ થઇ તે પાક દાદારની બેમુલી નવાજેશ માટે સર નમાવી બંદગી કરવી.

જ્યારે બી આપણે પાક ખુદાવંદની બંદગી અથવા સેતાએશ કરવાની ખાયસ રાખ્યે તો પ્રથમ સરવેરથી તંન પાક કરવું, (હાલ ઘણુંકો ફકત હાથ મોહોડું ધોઇનેજ ફરજીઆત બંદગી ગુજારે છે તેમ ન કરવી) અને સ્વચ્છ કપડાં પેહેરી, આતશ-બેહેરાંમ, આતશ–આદરાંન, દરેમેહેર વિગેરે પાક મકાનમાં (યા તો એકાંત અને પાક જગ્યાએ, સાફ કપડું પાથરી) ગુઠણુ મડીએ પડી પાક દાદાર વિષે મનમાં વિચાર રાખી દોઆ માંગતા હોઇએ એવી પ્રકારે ગભી· રતા, પવિત્રતા, શાંત જીગ્ર, માયાળુ લાગણી, અને પેદા કરનાર તરફ વફાદારી, ખરી દીલસોજી અને તેની તમામ પેદાયસો અને બેમુલી બક્ષેસો માટે શુક્ર ગુજારી અને અદબથી બારે હકતાલાનાં પાક કલામો, સુધ્ધ ઉચ્ચારે, બુલંદ અને શીરીન આવાજે, પુરતી ગભીરતાથી પઢવા. (એથી ધારેલી મુરાદો બર આવે છે.)

(" પાક જરથોસ્તી દીનમાં દરેક આસામીની રોજની ફરજીઆઆત બંદગી. ")

સર્વથી પેહેલાં ખરી બામદાદમાં (પાછાલી રાત્રે) બીછાનું છોડી (ઉઠી) તેજ જગોએ કુસ્તી પખોરી, બે ડગલાં ભરી, ડાબા હાથપર રેતી (યા લીંબુનો રસ) લઇને હાથપર હાથ ઢાંકી 'નીરંગ આબેજર' લેવાની ૩ વાર પઢવી. (ખુલાસા બાબે જુઓ. આય કેતાબને પાંચમે સફેથી નીરંગ આબેજર લેવાની.)

પછી હાથ મોહોડું ધોઇ નાંખવું, બાદ સરવેરથી તન પાક કરવું. નાહતી વેળા કપડાં ઉતારીને રેતી (યા લીંબુનો રસ) લઇને ત્રણવાર 'શેકસતે સયતાન' અશે વોહુ (૩) અને 'કેમના મજદા' તમામ પઢવી બાદ પાણીથી નાહીને સ્વચ્છ કપડાં પેહેરી કુસ્તી બાંધતાં 'નેમસેતે અહુરમજદ' ત્રણવાર પઢી કુસ્તી બાંધવી. ત્યાર બાદ ફરજીઆત બંદગી કરવી.

'હાવન ગેહેમાં'—ક્ષનોથર અહુરહે મજદાઉ અશેમ વોહુ (૧) હાથ મોહોડું ધોતાં પઢી કુસ્તી કરી, સરોશ બાજ, (જો બામદાદનો વખત હોય તો હોશબાંમ પઢવી) હાવન ગેહે, ખુરશેદ તથા મેહેરની નીઆએશ, દોઆ વિસ્પ હુમત, દોઆ નામ સેતાએશને, ચારે દીશાનો નમસકાર, અહુરમજદ ઇઅસ્ત,

મોટી હફ્ત અમેશાસપંદ ઈઅસ્ત, અરદી બેહેસ્ત ઇઅસ્ત તથા સરોશ હાદોખત, પતેત પશેમાની, દોઆ તનદરોસતી, દીનનો કલમો પછી જે રોજ હોય તે સેતાઇશ, બાદ મોનાજાત વિગેરે પઢવું.

રપીથવેન ગેહ અથવા બીજી હાવન હોય તો'—પવિત્રાઇથી કુસ્તી, ઉપર જણાવ્યા મુજબ કરી સરોશ બાજ પઢીને રપીથવેનગેહે ખુરશેદ, મેહેરની નીઆઇશ, આતશ નીઆઇશ, દોઆ નામ સેતાઇશને અરદીબેહેશત, હોમ અને વનનત ઈઅશત, તનદરોસ્તી, દીનનો કલમો, બાદ સેતાઇશ, મોનાજાત વિગેરે પઢવું.

'ઉજીરન ગેહેમાં'—ઉપર જણાવ્યા મુજબ પવિત્રાઇથી કુસ્તી કરી સરોશ અશોની બાજ લઇને ઉજીરન ગેહે, ખુરશેદ, મેહેર, આવાં અરદુઇસુરની નીઆઇશ કરી, દોઆ નામ સેતાઇશને સરોશ હાદોખત, તનદરોસ્તી, દીનનો કલમો જે રોજ હોય તે તાઇશ મોનાજાત.

'અઇવેસરૂથરેમ ગેહેમાં'—પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી સરોશ બાજ, ચેરાઘનો નમસકાર, રાતની સરોશ ઇઅસ્ત, માહાબોખતાર ઇઅસ્ત, દોઆનામ સેતાઇશને, પતેત, તનદરોસતી, દીનનો કલમો, મોનાજાતો વિગેરે પઢવું.

' શહેન ગેહેમાં'—અરધી રાત્રે ઉઠી કુસ્તી કરી, નીરંગ આબેજરની લેવાની લઈ, હાથ મોહોડું ધોઇ નાખવું. અને તન પાક કરી કુસ્તી બાંધવી, પછી ત્રિજી વાર કુસ્તી કરી સરોશ બાજ, ઉશહેન ગેહે, અહુરમજદ ઇઅસ્ત, અરશશંગઈઅસ્ત સરોશ હાદોખત, દોઆ નામ સેતાઇશને, દોઆ તનદરોસતી, દીનનો કલમો, જે રોજ હોય તે સેતાઇશ, મોનાજાતો વિગેરે પઢવું.

એ ઉપરાંત અવસ્તાના કોઇબી કલામો દરેક ગેહમાં કોઇબી આસામી પઢે તો તેને એથી (પઢવાથી) ઓર સવાબનો વધારો થાય છે પણ ઉપર જણાવેલા રોજની ફર્જયાત બંદગી તો જરૂર પઢવીજ જોઇએ, જો કોઇબી આસામી દરેમેહેર, ગાહંબાર, જશન, યા કોઈ મરણ પામે ત્યાં નીઆઇશ તથા ઇઅશત તથા બંદગી પઢે તો તેને મોટું સવાબ હાંસલ થાય, જો રવાનની નૈયતે હરેક વખતે નીઆઇશ તથા પતેત પઢે તો તેનો સવાબ ઉતાવળે હાંસલ થાય.

' બંદગી કોની સનમુખ પઢવી જોઇએ.'—પાક અહુરમજદની પેદા કરેલી ઉમદા, નુરી, પેદાયસો જેવી કે ' ખુરશેદ, ' (સુરજ) માહા, (ચંદ્ર) આતશ, ' ' આબે દયોન ' (વહેતું પાણી) ' ચેરાઘ ' (અગ્નિ) વિગેરેની સનમુખ ગુઠણ મંડીએ પડી યા ઉભા રહી બંદગી ગુજારવી, કારણ તે 'રેહેમી દાદારની' નુરી પેદાયસો આપણી નજર આગળ હોવાથી બંદગી કર-

નારને અહુરમજદ વિષેનો વિચાર આવે છે અને બંદગી કરનારનાં મનપર સારી અસર થાય છે.

આપણાં ન્યાગાંનો અને આગલા ઇરાંનીઓ પણ એવીજ પ્રકારે બંદગી ગુજારતા. (હાલમાં ખુરશીએ બેસી બંદગી કરે છે તેમ ન કરવું)

(" બંદગીમાં 'અહુનવર' બાબે સરેહ ")

ઇઅજશનેનાં ૧૯) માં હામાં નીચે મુજબ લખાંણ મળી આવે છે.

૧. (૧) જરથોસ્તએ અહુરમજદને પુછયું, ઘણીજ મોટાઇવાળા મીનો અને અહુરમજદ, હાડમંદ દુન્યાને પેદા કરનાર ઓ અશો ! (૨) તે શબ્દ યાને તે કલામ કયા છે, કે જે અય અહુરમજદની મારી આગમજ જાહેર થયો છે.

૨. (૩) જે આકાશની આગળ. પાણીની આગળ, જમીનની આગળ, ગોસ્પંદની આગળ, ઝાડપાનની આગળ, અહુરમજદનાં દીકરા આતશની આગળ, અશો મર્દની આગળ, દેવો અને પાપી માણસોની આગળ, તમામ હાડમંદ દુન્યાની આગળ, તથા મજદની પેદા કરેલી અશોઇના મુળની તમામ ન્યામતો આગળ, હસ્તી ધરાવતો હતો.

૩. (૪) ત્યારે અહુરમજદએ કહ્યું અય ઘણાજ પવિત્ર જરથુસ્ત તે (કલામ)[1] અહુનવૈર્યના ભાગો હતા જે મેં તને કહ્યા છે.

૪. (૫) અને જે આકાશ, પાણી, જમીન, ગોસ્પંદ, ઝાડપાન અહુરમજદનાં છોકરા આતશ, અશો મર્દ દેવો અને પાપી માણસો, અને તમામ હાડમંદ દુનીયાની આગળ, તથા મજદની પેદા કરેલી અશોઈનાં મુળની તમામ ન્યામતોની આગળ (હસ્તી ધરાવતો હતો)[2]

૫. (૬) અહુનવરના એ મારા ભાગો, ઓ ઘણાજ પવિત્ર જરથુસ્ત

નોટ. ૧. આમ કેતાબને પહેલે સફે અહુનવરને મથાલે એવુ જણાવ્યું છે કે " પેહેલાં એ કલામ જરથુસ્ત શીખ્યો હતો. " પણ વાંચનારે " એ કલામ જરથુસ્તની આગમય જાહેર થયો હતો " એમ સમજવું.

૨ હાલ એવું જાહેર છે કે આગલી બંદગીઓમાંની થંધહે હાતામ અહુનવર, અને ગાથા સલામત છે.

વધારા કે ઘટાડા વિના ગવાય, (૭) તો તેની કીંમત વધઘટ વિના ગવાયલાં મુખ્ય ફીરનો કરતાં સો ઘણી વધુ થાય છે. (૮) જો તેઓની વધઘટ કરીને ગાવામાં આવે તો પણ તેઓ કીંમતમાં બીજા રતુઓ (ફીરનો) કરતાં દશ ઘણા ચઢયાતા છે.

૯ (૯) અને આ હાડમંદ દુન્યામાં જો કોઇ શખ્શ, ઓ અશો જરથુસ્ત અહુનવરનાં ભાગોને યાદ કરે છે, અથવા યાદ કરતાં તેનો ઉચ્ચાર કરે છે અથવા ઉચ્ચાર કરતાં તે મોટા અવાજે તેમને ગાય છે, અથવા ગાતાં તેમને આરાધે છે, (૧૦) તેનાં રવાનને હું અહુરમજદ (ચિનવત) પુલની પેલી બાજુએ બેહેસ્તમાં ત્રણવાર દાખલ કરીશ (ફેરવીશ) (૧૧) બેહેસ્ત સુધી સંપુર્ણ અશોઇ સુધી, ઉત્તમ રોશ્નિઓ સુધી (તેનાં રવાનને હું લઈ જઇશ.)

૧૦ (૧૪) કદીબી બોલાયલા, બોલાતા અને બોલાનારા સઘળા શબ્દોમાં તે શબ્દ (કલામ) વધુ વખત ફરી ફરીને ભણવા યોગ્ય છે. (૨૫) એ કલામ ભણવાની કીંમત તમામ હાડમંદ દુન્યા જેટલી છે. (૨૬) જે કોઇ તે શિખે છે, શિખવે છે અને તેને ભણનાર છે, તેને તે (કલામ) મોહોતમાંથી છોડાવે છે.

૧૧. (૨૭) ઉત્તમ પવિત્રાઇ મેળવ્વા માટે દરેક જણે તે કલામ જે સર્વથી આગમચ જાહેર થયો છે તે શિખવો જોઇએ. તથા ફરી ફરીથી યાદ કરવો જોઇએ.

જુઓ શરોશ હાદોખ્તમાં શું જણાવે છે,

અએ જરતોશ્દ જે કોઇ મરદ યા ઓરત આ બંદગીનો કલામ (ઇઆને અહુનવર) બાતશે અશોઈવાળા મને કરીને અતિશે અશોઈ વાળા મને કરીને (તથા) અતિશે અશોઇવાળા કામે કરીને ભણે.

અહુનવર કઈ કઈ વખતે ભણવા તે નીચે પ્રમાણે છેઃ—

ઘણા પાણીમાં અથવા મોટી ધાસ્તીમાં (અથવા ગભરાટમાં) અથવા ધુમસવાળી અંધારી રાત્રે અથવા વ્હેતા પાણીમાં પુલ ઉપર અથવા રસ્તામાંના આડા અવળા રસ્તાઓ ઉપર અથવા અશો માણસની મીજલસમાં અથવા દરવંદોની અથવા દેવને ઈજનારાઓની મંડળીઓમાં અથવા આફ્તોમાંની કોઇબી (આફ્તને વખતે) અથવા કવખતમાંઓના કોઇબી (કવખતે) (જો કોઇ)

ભયમાં (આવી પડેલો હોય) (અથવા) બીધેલો હોય (અને જો ખરા એતેકાદથી અહુનવર ભણે તો) તેને તે દહાડે (અથવા) તે રાત્રે (ઇઆને જે વખતે ભણે ત્યારે) (કોઇબી) દરવંદ જુલમગાર, દુખ દેનાર (અથવા) ઇજા કરનાર (પોતાની) બે આંખોમાંથી (તે ભણુનાર ઉપર) નજરે જોઇ શકે નહીં' (તથા) જોરાવર ટોળકીવાળા લુટારાની ખરાબી આગળ વધીને (તે અહુનવર ભણુનારને) પહોંચી શકે નહિં.

એજ (કલામ) અએ જરથોસ્ત બંદગીનો એજ કલામ (યાને અહુનવર) તુને ભણુવો જોઇએ (કે જેથી કરીને) જ્યારે દીન દુસ્મનો તથા ચોરોનું ટોળું તથા દેવો સાથે દોડીને આવી પહોંચે, તથા જ્યારે દરવદોની તથા દેવને ઇજનારાઓની ખરાબી (તથા જાદુગરો) અને (જાદુગરને લગતાઓ) માંનો (કોઈબી) તથા પરીઓ (અને) લગતાઓમાં (કોઈબી) તુને અએ જરથોસ્ત બીહવડાવે તથા (તારી) આગળ દોડી આવે (ત્યારે) (એ અહુનવરના કલામ ભણવાથી) દેવો નાશ પામનાર (થાય છે) દેવને ઇજનારા નાશ પામનારા (થાય છે) (તથા) એ પ્રમાણે જખમ કરનારાઓના મોહોડાં બંધ થઇ જાય છે, વંદીદાદની ૧૯ મી પરગરદમાં અશો જરથોશ્તનું એક અસરકારક પણ ટુંકનાસું છે. તેમાં જ્યારે પેગમ્બર અશો જરથોશ્તને "અંગ્રેમેન્યુશે" રાસ્તીની રાહ ઉપરથી ફેરવવાને અનેક ઉપાયો યા લાલચો ખાડી, પણ અશો જરતોશ્તે પોતાનો મજદયશ્નની ધર્મ ઉપર પુરતો એતેકાદ દેખાડયો ત્યારે "અંગ્રેમેન્યુશે" જોયું કે, મારી તમામ પેદાશ્શનો નાશ કર..ને જરથોશ્તે મજબુત ઠરાવ કર્યો છે, તથા મોટી લાલચ આપવા છતાં પણ પોતાનો વિચાર ફેરવતો નથી. જ્યારે "અંગ્રેમેન્યુશે" જરથોશ્તને ફરીથી પુછયું કે, કહ્યાં હથિયારોથી તું મારી પેદાયશનો નાશ કરશે ત્યારે જરથોશ્તે તેને જવાબ દીધો કે મારાં સૌથી સારાં હથિયારો કે દીનના કામમાં વપરાતાં આલાતો છે, તથા ઘણાજ અગાઉના વખતમાં અહુરમજદનો કહેલો સખુન જે "અહુનવર" યાને આખી "યથા અહુવઇરયો" તે છે એ અહુનવર દેવ દરૂજોને નસાડવાનું તથા તેઓને નાબુદ કરવાને સૌથી સરસ હથિયાર હતું.

([1]બંદગી અને ભણુતરથી થતા ફાયદા.)

રેહેમી દાદાર અને તેના ફ્તેહમંદ ઇઅજદોની આરાધનાં અને બંદગી કરવાથી આ ખાકી બંદાઓ ખોદાના ફરમાન બજા લાવ્યે છીએ, તેથી તે 'કુલ્લે ખલકતનો ખાવીંદ' આપણુ ભલુ કરે છે અને આપણી સઘળી મોરાદો

૧ બંદગી બાબે જરથોસ્તીઓમાં બે મત છે ધર્મી જરથોસ્તીઓ બંદગીને વધુ પસંદ

ખર લાવે છે. અને તન મનની સુખાકારી સાથે આપણને સુખ, અને બેમુલી નવાજેશ (પુર અકકલની વૃદ્ધી) કરે છે તે સાથે હરેક તરાંહનો ફાયદો તે 'મહાજ્ઞાની' તરફથી આપણને મળે છે, અને આપણા મુવાબાદ સૌથી મોટો બદલો ગરોથમાન બેહેસ્ત બક્ષે છે.

" જરથોશ્તી બેહેતર દીનમાં હયાત આસામીએ ધર્મ ક્રિયા કરવાની ફરજ. "

આપણા પાક મહજબમાં હરેક આસામીએ (મરદ અથવા બાનુ) પોતાની હૈયાતીના દરમ્યાનમાં ધર્મ સબંધી ભણતર વીગેરે ક્રિયા કરવાની ફરજ છે. હરેક આસામીને પાક ખુદાવંદ તરફની ધર્મ સબંધી ફરજ હોય છે, આ ખાકી જેહાનમાં ઈનશાનોને માથે ફરજ એક મોટું કરજ ગણાય છે, અને હરેક ઇનશાને પોતાથી બનતી ફરજ અદા કરવી એ વાજબી છે, આય ફાની જેહાનના દરમ્યાનમાં આપણ ખાકી બંદાઓને તે 'દાવરે દાદાર' અને 'તેના' આકેલ ઓહ્માઓ મારફતે મળેલાં ફરમાનો પાળવાની ગોયા આપણી ફરજ છે. ઇનશાનોને માથે ફરજ અનેક પ્રકારની છે, તેમાં ધર્મને લગતી ફરજ પેહેલો દરજ્જો ભોગવે છે. અને આપણા બુલંદ મહજબમાં હયાત આસામીએ પોતાને માટે તેમજ પોતાનાં વ્હાલા પેદા કરનારની યાદ હરદમ હૈયે રાખી દીનનાં ફરમાનો પાળી, પાક ખુદાવંદની સુક્ર ગુજારી કરી. આય નાપાયદાર દુન્યામાં

કરે છે, અને તેઓ એવુંજ સમજે છે, કે તેઓનું ખરૂં સુખ, મોજ મજાહ અને બુલંદી તે ગોયા બંદગીનાં પાક કલામોમાં સમાયલી છે. અને બામદાદનાં ખુશ વખ્તમાં ખાબથી બેદાર થઈ, તુરત તન પાક કરી પોતાના પ્યારા પેદા કરનાર અને જાંની તેમજ ખરા દોસ્ત, પાક અહુરમજદની બંદગીમાં મશગુલ થઇ, તે રેહેમી દાદારની તેઓ માટેની ખરી કાળજી અને કારસાજી માટે તે દાવરે દાદારનું બંદગી મારફતે હેશાન વાળે છે, અને તેઓ પોતાનું સર્વ કામકાજ તે પછી હાથ ધરે છે.

૨. જયારે કેટલાકો એવું જણાવે છે કે " એ બંદગી કરવાથી શું ફાયદો છે, ફકત પોપટ માફક બકબકારો કરવો તેથી તે ખોદા ખુશ થઇને વધુ બક્ષેસ કરશે ? ફકત હૈયું સાફ રાખ્યે તેજ આપણી બંદગી. " પણ ટુંકમાં કહીએ તો સર્વથી પેહેલા એ બાબે ધર્મજ્ઞાન તેમજ નીતીનાં વધારાની જરૂર છે, ધર્મજ્ઞાન એવું હોવું જોઇએ કે જે ખુદાની ખુદાઇ સમજાવે, નીતી એવા પ્રકારની હોવી જોઇએ કે ખુદા તરફ આપણી ભકતી અને જાનફેશાની વધારે અને ક્રિયા કામો એવાં હોવાં જોઇએ કે તે આપણી બદ કરણી સુધારે.

પોતાની ગહાબરી કરવા માટે તે કેરફેગરની મદદ, અને હયાતી બાદ પેલી હમેશગીની દુન્યામાં અમ્મર સુખ (બેહેસ્ત) મેળવવાની ઉમેદને લગતી છે. કોઇબી ઇનશાંન પોતાની હયાતીમાં ધર્મ ફરજ નહિં બજાવી ગુજર પામે તો ગોયા હથ્યાર વગર લડાઇમાં ઉતરવા બરોબર છે, યાને ફરજ નહિં પાળનારની જીંદગી ગોયા નકામી છે.

દરેક જરથોસ્તીએ પોતાની હયાતીમાં ધર્મ ક્રિયા કરવાની તે એજ કે દરેક ગેહમાં ફરજીઆત બંદગી ગુજારવી[1] બાજ ધરીને ખાણું ખાવું, પેશાબ, હાજત પણ બાજ ધરીનેજ કરવું, સેતાન બાજી પરહેજવી.

દર અહુરમજદ રોજને દિવસે પાક ખુદાવંદને નામનાં ખુશાલીનાં દરૂન કરી જુદી બાજ ઇજાબ્વી, આફરગાન જશન સાથે કરવું, અને દાદરાની યજશને કરાબ્વી. દર મહીને પાંચ દિવસ મીઅજદ ભણાબ્વી. (મેહેર, રસ્ને, બેહેરાંમ, આરેતાદ, અનેરાંન.)[2]

વર્ષનાં દરેક જશનો કરવાં,[3] છ ગાહંબાર કરવા,[4] પોતાનાં જન્મ દિવસે (વર્ષને દાહાડે) ખુશાલીનાં સરોશ બેસારવા, અને વંદીદાદ કરવા. દર વર્ષે રપીથવેંનની ક્રિયા કરવી (ફરવરદીન મહીનોને અરદીબેહેશત રોજે)* દરેક આસામીએ એક નાવર કરવો, બરસનુમ લેવું ગોતી ખરીદ ઇજાબ્વી. (જો ગુજાશ હોય તો વર્ષો વર્ષ કરે)* જીન્દરવાંન એક કરવું અને જે રોજે જીંદરવાંન કીધું હોય તેની દર બે વર્ષે બાજ કરવી.

કોઇપણ બાનુએ માસીક માંદગી ગયા પછી (૧) હમાયશ્ત કરવી.

એ ઉપરાંત જો પોતાની ગુજાશ હોય તો પોતાની મરજી મુજબ પોતાની આવકમાં પાક ખુદાવંદનાં નામનો ભાગ રાખે, અને ખેરાતમાં આપે. દરરોજનાં ચાલુ દરૂન, બાજ, આફરગાંન, જશન, વંદીદાદ, યજશની, વિગેરે કરે, ગુજાશ મુજબ દર મહીને યા વર્ષે ફરેસતા કરે, મુકતાદનાં પવિત્ર દિવસોમાં 'પાક ખુદાવંદ' ને નામનાં ખુશાલીનાં દરૂન, જુદી બાજ, જશન સાથે આફરગાંન, યજશની, વિગેરે કરે. (દરરોજ)* ગરીબોમાં ખેરાત કરે, બુલંદ આતશ-બેહેરાંમ, યા આતશ-આદરાંનમાં, પોતાની ગુજાશ મુજબ સુખડ-અગર, રોશની બીજી ક્રિયાની ભેટો વિગેરે મોકલે, અને બની શકે તો રોજની ફરજીઆત બંદગી પણ તે પાક મકા-

નોટ. ૧. જુઓ આય કેતાબમાં રોજની ફરજીઆત બંદગી. ૨. જુઓ આય કેતાબને ૫૪૬ મે સફે. ૩. જુઓ જશનોની બીનાં ૪. જુઓ ગાહંબારની બીનાં.

નમાંજ ગુજારે, નઁરોજની રાત્રે દરૂન બાજ, અફ્રગાન જિગેરે ઇંજાવે, અને પતેતીને દિવસે બામદાદનાં ખુશ વખતમાં જશન, યજશની કરે, ફરેસતા કરે, અને આતશ-બેહેરામનાં પાક મકાનમાં એ દિને ઉપર જણાવ્યા મુજબ ક્રિયાની ભેટ મોકલે,[1] ઇત્યાદી. પોતાની ફરજ ઉપરાંત ધર્મ ક્રિયા કરે તો ઓર વધુ સવાબછે.

હરેક આસામી પવિત્ર મુકતાદનાં દશ દિવસમાંનાં પેહેલા પાંચ દિવસમાં (અસપંદારમદ મહીનો ને આસતાદ રોજથી અનેરાંન રોજ સુધી) ફરાંમરોદ નામનો યજશતે નો હા જરૂર (જુઓ આયં કેતાબને ૫૪૨ મે પાને) પઢવો જોઇએ. અને બાજ અશેમવોહુ ૧૨૦૦ ની આય કેતાબને ૫૩૩ મે સફે છે તે) પઢવી.

અને ગાથાનાં પાક દિવસોમાં બાજ અહુનવર ૧૨૦૦ ની) (આય કેતાબને ૫૩૫ મે સફે છે તે) પઢવી. અને જે ગાથાનો દિવસ હોય તે ગાથા પઢવો, બની આવે અને પાંચે ગાથા હરરોજ (હમેશાં ચાલુ) પડે તો વધુ સવાબ છે.

(" મરણક્રિયા ")

ગુજરનાર આસામીની ગુજરતી વખતની ક્રિયા.

આકેલ ઓલમા નેક રાહનુમાએ રાસ્ત, પેઘંમબર સાહેબ અશો જરથોસ્તનાં આવેલાં એકવીશ નુસ્કોમાંનાં એક નુસક નામે વંદીદાદની પાક કેતાબમાં, તેમજ રેવાયતોમાં એવું જણાવેલું છે કે કોઇપણ જરથોસ્તી (બાનુ યા મર્દ) ની અજલ આવી પોંહોંચી હોય યાને આય નાપાયદાર દુન્યામાંથી પેલી હમેશગીની મીનોઇ જેહાંનમાં પોંહોંચવાનો વખત નજદીક આવી પુગો હોય, ત્યારે તેવાં આસામીને ઘણીજ ધીરજથી, તેનાં બદનને નીરંગ લગાડી, તન પાક કરી (સ્વચ્છ પાણીથી નહવાડીને) અગત્ય જોગાં જુનાં કપડાં જે આગમચથી સાફ કરી ધોઇને સુકવી રાખેલાં હોય તે પેહેરાવી કુશ્તી બંધાવી, તેનાં શરાહની

નોટ. ૧ જેવી કે-સુખડની માંચી, અગર, ખોરદેહ અવસ્તા, ગાલીચા, ક્રિયા કાંમને લગતાં ધાદુનાં વાસણો, આતશ બેહેરાંમમાં રોશની (લાઇટ) નાણાંની રકમ, વિગેરે

જગા આગળથી ત્રણ કદમ દુરની જમીન સાફ કરી તે પર સોજી ચાદર યા પીછોડી પાંથરીને ગુજરનારને મુકે અને તેની આગળ "અશેમ વોહુ" ભણે. એ ભણવાથી માણસ ગુજરવા પછી બેહેસ્તની રોશની અને ખુશાલી પામે છે. અગર મરનાર શખ્સે પોતાની હયાતીમાં પોતાથી નીપજેલા ગુનાહની તોજેસ કરી હોય તો ગુજરવા બાદ પતેત કરવાની જરૂર નથી. પણ જો તેની નયતે પઢે તો ઓર તેથી વધુ સવાબ તે ગુજરનારને લાગે છે.

ત્યારબાદ બે જરથોસ્તીઓ પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી પેવંદ વળગીને સરોશબાજ "અશ્ત વઈતીશ અશહે" સુધી પઢીને તે ગુજરનાર શખ્સ આગળ પેવંદ લગાડી બેશે, અને આસામી કે જેના મનશનીનો આખર વખત છે તેનાં બદનને કપડાંનાં પાંચ બંધથી દરેક વખતે એકેક 'અહુનવર' પઢતાં બાંધે. (૧) બંધ ગરદને, (૨) બન્ને હાથની બાજુએ' (૩) કમરે, (૪) પગનાં ગુડા જાંગને (૫) પગની ઘુંટીએ, એ રવેશે ક્રિયા કરી તે રવાંનને શરાહની જગ્યાએ મુકે. અને સુદસુદૈદ, પીળા કાનનો ચાર ચસ્મનો સગ (કુતરો) તે રવાંનને ત્રણવાર સગદીદ કરાવે. પ્રથમ કફન પેહેરાવતાં, કફન પેહેરાવી રહ્યાબાદ, અને રવાંન કાહારતી વેળા.

ઉપર જણાવ્યા મુજબ ગુજરનાર આસામીને અગત્ય જોગાં જુના કપડાં પેહેરાવવાં જોઇએ, કારણ ગુજરનાર આસામીને કંઇ તેથી ગુનાહનો જવાબ દેવાનો નથી, પણ હયાત આસામી (નવાં કપડાં આપનાર) બેહેસ્તનાં સુખથી બેનશીબ રહે છે. વંદીદાદની ૫) મી પરગરદમાં અણઘટતો ખર્ચ કરવો એ ગુનાહભરેલું જણાવે છે. વળી રવાનને પુરતાં કરતાં વધુ કપડું આપવા વિષે નીચે મુજબ લખાણ એજ પરગદનાં ૬૧) અને ૬૨) માં ફકરામાં છે.

" જો માજદીઅસનાંન તે મુવેલાં માણસપર 'અવી' માપનાં પ્રમાણ જેટલુંથી વધારે કપડું નાખે, અથવા ચરખા ઉપર કાંતનારી છોકરી 'અવી' માપનાં પ્રમાણ જેટલું સુતર વધુ નાખે (એટલે એક આંટી જેટલું બો વધારે નાખે) તો તે શખ્સ જીવતાં જીવત અશો નહિ ગણાય. અને મુઆબાદ સઉથી સરસ હીસ્સો (બેહેસ્ત) મેલવી શકે નહિં. દરવંદોની તે દુન્યા કે જે અંધારાંની લગતી અંધારાં તોખમના અંધારાંની છે, ત્યાં તે માણસ (મુવેલાંપર જોઇએ તે કરતાં વધુ કપડું નાખનાર) જાય છે. તે માણસનું પોતાનું કરતુક તેનાં પોતાનાં ખરાબ કાંમોને લીધે તેને દરવંદની સઉથી ખરાબ દુન્યા (દોજખ) માં લઇ જાય છે."

(" ગુજરનાર શખ્સ માટે તેના શરાહની જગ્યા. ")

બુલંદ માજદીઅસની દીનનાં ફરમાન મુજબ ગુજરનાર આસામી માટે તેની શરાહની જગ્યા એવી બનાવવી કે તેનાં કદ ઉપરાંત આજુ બાજુ વધારે જગ્યા દબાય નહીં તે સંભાલ રાખવી.

અવસ્તામાં એવું જણાવેલું છે કે ગુજરનારનાં તન માટે એક ' કટ ' બનાવ્વો જેને ' શ્રાઇઓકટ ' કહે છે એટલે ગુજરનાર આસામીનાં માથાથી પગ સુધી તેમજ આજુબાજુથી તેનાં બદન કરતાં વધુ જગ્યા દબાય નહિં એવી જગ્યા બનાવવી (હાલ ગડેલા પથ્થરની લાડી વપરાસમાં લેવામાં આવે છે.) પછી પેલી જોડ થયલા શખ્સોએ ગુજરનારનાં તનને ઉપલી જગ્યાએ મુકી, સગદીદ કરાવી તે જમીનની આજુબાજુ ત્રણ કશ ખેંચીને તે પેવંદ થયલી જોડ એલાયદી બહાર આવી બાજ મુકી ગોશલ કરે (સરવેરથી નાહે) અગરજો અડચણના સબબે ગુજરનારની હયાતીમાં આગળ જણાવ્યા મુજબ પેવંદ વળગી જોડ નહીં બેઠી હોય, તો તે ગુજરનારને સંજોગવા માટે એક જોડને (ઉપર મુજબ) બાજ આપી ગુજરેલાં માણસને અડકાવીને આગળ જણાવ્યા પ્રમાણે દરેક ક્રિયા કરી તેને માટે તૈ. યાર કરેલીજગ્યાપર મુકીને પેલી જોડ બાહાર આવી બાજ મુકયા બાદ રીમન નહવાડે.

(" રવાંન આગળ આતશ રોશન રાખવાની જરૂર ")

વંદીદાદની ૮ મી પરગરદનાં ૭૯) અને ૮૦) માં ફકરામાં જણાવેલું છે કે 'જે' ઘરમાં રવાંન થયું હોય ત્યારે ઉરત આતશ રોશન કરવો. યાને જ્યાં આદમી ગુજર્યું હોય ત્યાં સારી ખોશબોદાર ચીજ કેવી કે ' ઉરવાશન ' (સુખડ), ' વોહુકેરેતી ' (અગર) ' વોહુગોન ' (લુબાન) ' હદ્યાનએપત ' (ખુશબોદાર ધુંઇ) તે જગ્યાએ રાખવી જોઇએ. "

મરણ વખતે તુરત આતશ રોશન કરી સારી ખુશબોઇ બાલવાથી ફાયદો છે, કેમકે કેટલાંએક દર્દોંઓ એવાં કઢંગા અને ખરાબ દર્દથી બીમાર થઇ મરણ પામે છે કે તેવાં દર્દોની હવા બીજાં હયાત આસામીઓનાં દમમાં આવ્વાથી ઝેરી હવા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. કારણ ગુજરનાર આસામીનાં કાલબુદમાંથી તેનો જીવ ગયા બાદ ઝેરી હવા બાહાર ફેલાય છે, જેથી આતશ સ્વચ્છ હવાને

નાબુદ કરી સ્વચ્છ હવાનો ફેલાવો કરે છે. આજકાલ વૈદક શાસ્ત્રમાં ફરમાવ્વામાં આવે છે કે આતશપર ખુશબો બાળવાથી આતશી જોત ઝેરી હવાનો નાસ કરે છે. યાને હવા સ્વચ્છ થાય છે, પણ આપણી બુલંદ માજદીઅસની દીનમાં એ ફરમાન હઝારો વર્ષોથી જારી છે જે બાબે દાનેશમંદ ધર્મી જરથોસ્તી અજા-ણ્યાં નથી. એ ફરમાનને લગતો અવસ્તાનો ફકરો નીચે મુજબ છે.

"અવસ્તામાં"

"યો એસમો અશીઅ બરત, સપેંનતેમ જરથોશતર. ુરવાશની યાહુવા, વોહુગોનહેહ્વા, વોહુ કેરે તો ઇશવા, હદાનેપેતીયાહુઆ, કાંમ ચેતવા, હુબોઇતેમનામ ુરવરનામ અહમાત, કહેમાત ચીત ન એમનામ, હજંઘર ધનપેતી, જસેતી, આતરશ મજદાુ, અહુરહે દેવનામ, મેનીઅવનામ, તેમસચેથરનામ, દરવંતામ, બેજવત, યાતુનામચ, પેરીકનામચ"

'ગુજરાતી અર્થ'

જે કોઇ શખ્સ આતશની ઉપર સુખડ, લોબાંન, અગર, અને દાડમનાં ઝાડનાં સુઘંધી લાકડાં લઈ જાય તો આતશ દરેક દિશાએ સુઘંધીદાર પવન ફેલાવે છે, અને દરેક દિશાએ જ્યાં પવન ફેલાય છે ત્યાં પાક અહુરમજદનો પવિત્ર આતશ સ્વચ્છ હવાને ખરાબ કરનારાં દરવંદો, દોજખી, જાદુગરોને હઝારઘણો મારનાર તરીકે પોંહોંચે છે.

બીજું મરનારની ભોંય આગળ ચેરાઘ (બત્તી) રાખવામાં આવે છે જે રવાંનની જગ્યાથી ત્રણ કદમ દુર રાખવી જોઇએ.

("રવાંનપર ધેહેસારી અવલમજ'લ પોંહોંચાડવાની ક્રિયા.")

રવાંન ઘરમાંથી લઈ જતી વેળા નસસાલારો જુનાં કપડાં[1] પેહેરી હાથે પેવંદ કરી તે ગુજરનારનાં કશની જગા આગળ ત્રણ કદમ દુર રહી "સરોશ

બાજ અસ્ત વહીતીશ અશહે" સુધી પઢે, ત્યારબાદ એક આથોરનાનની જોડ ગોસલ કરી સાફ કપડાં પેહેરી પવિત્રાઇથી કુશ્તી પાદીઆબ કરી, પેવંદ વળગી, ઘેહેસારણું પઢવું શરૂ કરે, અને ઘેહેસારણું પુરૂં થવાબાદ નસાસાલારે પેલાં રવાંનને સગદીદ કરાવે, ત્યારપછી રવાંનને બાહાર લાવીને બીજા ખાંધીઆઓ પેવંદ કરી બાજ લઇ બાહાર ઉભા હોય છે તેની સાથે હમાજોર થઇ, રવાંનનું મોહોડું આગલી તરફ રાખી દોખમે[૨] લઇ જાય છે ત્યાં રવાનને મેલે છે કે જેથી માંસ ખાનાર પક્ષીઓ તેની ચાસણી કરે.

('ગુજરનાર આસામીની પાયદશ જવાની બીનાં.')

કોઈપણ આસામી ગુજરે તેની પાયદશે જવાની હયાત આસામીની ફરજ છે જો પાયદશ જાય તો તેનો સવાબ દરેક કદમે એક તનાફુર લાગે, માટે પાયદશ જવું. પ્રથમ પવિત્રાઇથી પાદીઆબ કુશ્તી કરીને જે કોઇ ગુજર્યું હોય તેને દરવાજે જઇને ખુરશેદ મેહરની નીઆઇશ કરવી, તેટલે પાયદશ જવાના હોય તે બબે જણ પેવંદ વળગીને સરોશ બાજ અશહે સુધી પઢે ત્યારબાદ બાજ તથા પેવંદ મજબુત રાખીને જે કોઇ ગુજર્યું તેને નસેસાલર લઈ જાય તેની પછવાડે ત્રીસ કદમ દુરથી ચાલે. રવાંન સાથે પહેલી આથોરનાનની એક જોડ જાય અને તેઓની પાછળ પાયદશે જનાર આસામીઓ ઉપર જણાવ્યા મુજબ જાય.

દુઃખમાં નજદીક પોહોંચ્યાબાદ નસાસાલાર દુખમાં આગળ ગેહાંન રવાન સાથે મુકે, અને દોખમાના દરવાજાને સગદીદ કરાવે, પછી દોખમાંનો દરવાજો ઉઘાડીને નસો દોખમામાં મુકી બાહેર આવી દરવાજો બંધ કરે, પછી પાયદશે જનારા દુર સગડી આગળ ઉભા રહેલા છે, તેઓ સરોશબાજ મુકે. નેમસચા યા આરમેતેશ ઇજાચા વાર (૩) પઢે. યથા અહુ વેરીઓ (૨) યસનેમચા વહ-મેમચા, ઓજસચા, જવરેચા, અફ્રીનામે, સરોશહે અશીઅહે તખમહે તનુ માથરહે દરશી દરોશ આહુરીઅહે* અશેમ વોહુ (૧) હજંધરેમ બેશજનામ

---

૧ નોટ–એ બાબે આગળ ગુજરનાર આસામીની ગુજરતી વેળાની ક્રિયામાં જણાવ્યું છે. ૨. વંદીદાદની ૬ ઠી પરગરદમાં જણાવ્યા મુજબ પાણી ઓરવર ખેતીવાડી. તથા સગ વિગેરેથી તેમાં જવાઇ શકાય નહિં એવી ઉંચી પાહાડી જગ્યાએ દોખમું બાંધવું જોઇએ.

બેવરે બેશજનામ (વાર ૩ પઢે) અશેમવોહુ (૧) જસમે અવંઘહે મજદ, અમહે હુતાશતહે, હુરોદહે, વેરેથરઘનહે, અહુરદાતહે, વનનતી આ઼ુસચ, ઉપરતાતો, શવાશહે ખદાતહે, જરવાનહે અકરનહે, જરવાનહે દરેઘો ખદાતહે અશેમ વોહુ (૧).

આઇ નમસકાર હોરમઝાનો પઢે અને નીરંગ લઇને સરોશબાજ પઢેઆ પછી પાણીએ કરી પાદીઆબ કુશ્તી કરી, નીઆઇશ તથા પતેત જે કોઈ ગુજર્યું હોય તેની નૈયતે પઢીને ત્યાંથી ઘર તરફ થોડાંએક કદમ ચાલીને જમીન સુજારે જમણે હાથે કપડાનું પેવંદ ધરીને તે હાથ જમીનપર મુકે, અને જમણા પગનું ગુઠણુ જમીનપર મુકીને યથા અહુવેરીઓ (૧) પઢેઆ પછી ત્રણુ કદમ ચાલીને ફરી બીજીવાર એજ પ્રમાણે પેવંદ જમીન સુધી કરીને યથા અહુ વેરીઓ (૧) પઢે, ફરી ત્રિજીવારબી એજ રવેશે યથા અહુ વેરીઓ (૧) પઢી રહ્યા પછી સરોશ બાજ અશહે સુધી પઢીને યથા અહુ વેરીઓ પઢતાં જે ગુજર્યો હોય તેને ઘેર જાય ત્યાં બેશી સરોશ બાજ મુકીને પોતાને ઘેર જાય અને સેતાબીથી ગોસલ કરે, પહેલાં રેતી યા, લીંબુ તમાંમ બદનને લગાડે તે સુકવીને પાણીએ ગોસલ કરે.

("ગુજરેલાંની નૈયતે ત્રણ દિવસ સરોશ, યજશની, વંદીદાદ વિગેરે કરવાની જરૂર.")

અવસતા પ્રમાણે જે કોઇ ગુજરે તેની નૈયતે પેહેલા ત્રણ દિવસ સરોશની ખશનુમને યજશને તથા ત્રણ વંદીદાદ કરવાને ફરમાવ્યું છે વંદીદાદ કરતાં સરોશની યજશનેની વધુ જરૂર છે. તેમજ તે ત્રણ દિવસમાં દરેક ક્રિયા સરોશની ખશનુમને કરાવ્વામા આવે છે. અર્ન્વેસરૂથરેમ ગેહેમાં સરોશની ખશનુમને આફરગાન કરાવ્વું તથા દરેક ગેહેમાં સરોશ બાજ ઇજાવ્વી.

ધારો કે દરેક ક્રિયા એ ત્રણ દિવસમાં સરોશની ખશનુમને કરાવ્વામાં આવે છે કારણ ઇનસાન માત્રનું ખાકી તન આ દોરંગી જેહાંન જે એક 'બાગે તીલસમ' છે તે સાથનો સંબંધ છોડવા પછી પેલી હમેશગીની પવિત્ર જેહાંનમાં તેનું જવું થાય છે, ત્યાં જે ઇનશાનની જેવી કેરદાર તેવી તેને જગા મળે છે. અને જે કોઇ આસામી આથ

ત્રણ પાંચ દિવસની નાપાયદાર દુન્યામાં કંઈપણ કામ કરતાં યા પગલું ભરતાં મીનો (પેલી દુન્યા) નો ખ્યાલ મનમાં રાખીને હુમત, હુખ્ત, હુવરસત, અને મનશની, ગવશની, કુનશનીનો વિચાર મનમાં રાખીને ચાલ્યું હોય છે, તો બેશક તે જેહાંનમાં સરોશ એક મુરબ્બી તરીકે તેને મદદ કરે છે, તેમજ તે ગુજરનારની ત્રણ દિવસ સુધી ચીનવત પુલ આગળ પાશબાની કરે છે, પણ ચેહારૂમની બામદાદે રશ્ને રાસ્તને કાંટે ઇનસાફ કરતાં જે પાપી ઠરે છે તેને 'વિજર્ષ' નામના દેવથી હેરાનગતી ભોગવવી પડે છે, કે જે વખતે તે રવાંનના અતીશય કાલાવાલા અને વિનંતી ફોકટ જાય છે. (એ બાબે જુઓ બન્ને સરોશ યશ્તની ફુટનોટ.)

ઇનસાન માત્રનો આ જે દુન્યામાં જન્મ થતી વેળા જેમ દાઇની જરૂર પડે છે તેમ તે જેહાંન પોંહોંચતાં તેને ફરેસ્તાની મદદ જોઇએ છે, જે સર્વ ઉમેદો ખુબસુરત પુર જોરાવર ભલો સરોશ ઇઅજદ પુરી પાડે છે તેથી ગુજરનારની નેયતે ત્રણ દિવસ સુધી સરોશની બશનુમને યજશને કરવાનું ફરમાન છે.

('પાદરૂજેહ' (ઉઠમણું)

ભુલંદ જરથોસ્તી દીનમાં કોઈબી આસામી બેહેસ્તી થવાથી ત્રિજે દિવસે સાંજે ઉઠમણું કરવામાં આવે છે અને ચાહારૂમની બામદાદેબી ઉઠમણું કરવામાં આવે છે. ઉઠમણું શબ્દ ગુજરાતી ભાષાનો છે. હિંદુ લોકોમાં એવો રેવાજ છે કે જે કોઇ ગુજરે તેને બીજે દિવસે યાતો ગુજરે તેજ સાંજે વખત પુગતો હોય તો બ્રાહ્મણ સોરે ક્રિયા કરાવે છે તેને ઉઠમણું કહે છે.

પણ આપણી ભાષામાં એને 'પાદરૂજેહ' કરી લખે છે એટલે '**રવાંનને બદલો મેળવ્વાનો વખત**' રવાંન પોતાનાં ચાહારૂમની બામદાદે બદલો મેળવી શકે છે માટે ઉઠમણાની મીજલેસ ચાહારૂમની બામદાદે (એટલે ત્રિજે દિવસે રાતની છેલ્લી ઉશહેનગેહમાં) કરવી વધુ બેહેતર છે, તે વખતે મરનારનાં ખેશખેશાવંદો, દોસ્ત આસનાવો, મીત્ર વખાણનારાઓ, લાગતા વલગતાઓ, વિગેરે આસામીઓએ ચોકકસ જગ્યાએ એકઠા મળી, તમામ '**શેહેનશાહોનાં શેહેનશાહ રેહેમી અહુરમઝદ**' પાસે તે મરનાર માટે સુક ગુજારી કરવી કે તે '**સાહેબે બીનયાઝ**' મરનારનાં રૂહને શાંતી અને લાયક જગા બક્ષે.

બુલંદ માજદીઅસની દીનનાં ફરમાન પ્રમાણે અનજુમન એકઠી મળી એક દિલ થઇ, (કોઇપણ) ધર્મક્રિયા કરે તો 'પાક ખુદાવંદ' તે ક્રિયા કામ વધુ પસંદ કરે છે. અને તે ક્રિયા વધુ અસરકારક યાને અનજુમનની ચાહેલી દોઆ તથા વિનંતી અને સુક ગુજારી તે 'મઝદાઓ નો મઝદાં' કબુલ રાખે છે.

ખુદ જરથોશ્તીઓની ફરજ છે અને ધર્મી જરથોશ્તી તેમાં પુરતી રીતે વાકેફગાર છે કે કોઇપણ જરથોશ્તીનાં આ જેહાંનથી કુચ કરી જવા બાદ તે ગુજરનાર માટે 'પાક અહુરમઝદ' આગળ સેતાએશ કરવી કે તે 'હફ્ત કેશ્વરનો માલેક' મરનારને સારી જગા બક્ષે.

હાદોખત નુસકથી એવું જણાયલું છે કે કોઇપણ જરથોસ્તી ગુજરે તેનું રવાંન ત્રિજી રાતની બામદાદે તે મીનો જેહાંનમાં જાય છે પણ ગુજરવા પછી ત્રણ રાત સુધી તે આદમીનો જીવ પોતાના શરાહની જગા આગળ રહે છે.

તેથી ગુજરનારનાં ખેશખેશાવંદ, દોસ્ત આસનાવો, મિત્ર વખાણુનારાઓએ મરનારની નૈયતે ત્રિજે દિવસે ઓજીરન ગેહેમાં (બે ખુરશેદ અને બે મેહેરની નીઆએશ) ઓજીરન ગેહે, સરોશ હાદોખત અને પતેત, દરેક આસામીએ પઢવું જોઇએ, અને તે પઢતાં નહિ આવડે તો તેટલા 'અહુનવર' પઢવા જોઇએ (અહુનવર બાબે આય કેતાબને ૯૨૩ મે સફે જુઓ). અને જો ઉઠમણું આદરાંન, અથવા આતશ બેહેરાંમમાં કરવામાં આવે તો, ઉઠમણામાં જનાર આસામી ગુજરનારની નૈયતે અવસ્તા પઢી સુખડ ખુશબો તે પાક મકાનમાં આપે તો ઓર સવાબ વધુ હાંસલ થાય અને ગુજરનારનું રૂહ શાદ (ખુશાલ) થાય.

ઉઠમણાંની મીજલસમાં ફુલ વિગેરેનું ભણતર કરાવ્વામાં આવે છે, તેને નીરંગે બુઅદાદન 'કરી કહે છે' આપણે એને ચાલુ રેવાજ મુજબ 'ફુપ નીરંગ' કહીએ છીએ, એ ક્રિયામાં જે ભણતર ભણવામાં આવે છે તે બેહેસ્તી રવાંનને બેહેસ્તમાં જતી વેળા જે ખુશબો મળે છે અને ખુશાલી ઉત્પન્ન થાય છે તે અગાઉ બેહેસ્તી થયલા અશો રવાંનો તે ગુજરનારને એસતેકબાલ લેવા આવે છે તે સઘળા બનાવોની યાદ રાખનારી નિશાનીઓ તે જગ્યાએ બતલાવ્વામાં આવી છે, અને ગુજરનારનું રવાંન પુર જોરાવર સરોશની મદદથી પુલગુજાર થાય અને મીનો (પેલી દુન્યા) ના 'વડા જડજ રાસ્ત મેહેર દાવર'ની દરગાહમાં 'રશ્ને રાસ્ત'ને કાંટે સાચ્ચું અને ફતેહમંદ ઉતરે તે બાબે

દોઆ ચાહાવાની મતલબથી 'ખુબસુત સરોશઅશો'ની બશનુમનથી ધુપ સારવામાં આવે છે. તે ઉપરથી આપણ ખાકી હસ્તી ધરાવનાર અને આખરે તે મરનાર માફક એક દીન આ ફાંની જેહાંનથી વાસો ઉઠાવી જનાર હયાત આસામીએ બોધ લેવાનો છે કે આપણે પોતે પણ એક દિવસ તે ગુજરનાર માફક આપણી આ ફાંની મુસાફરી પુરી કરી તે દાદારની દરઘાહમાં આય લોભી અને નાપાયદાર દુન્યામાં કીધેલાં કાંમોની કેરદારનો હીસાબ સુમાર આપવાને જવું છે તો દુન્યામાં નેકીનાં કાંમો કરી પાક અહુરમઝદ તરફની જે જે ફરજો છે તે બજાવ્વી, કારણ મુવા બાદ પાછલ રહેનારાંઓ લાખોનો ધર્મ કરે તો તે નકામો છે, તે ખર્ચ જે કરે તેને પોતાને માટેજ છે, કેહેવત મુજબ—'કીધું હાથે અને લીધું સાથે'

'ધુપ નીરંગ'નો મુખતેસર સાર નીચે મુજબ છે.—

"આ હદ વગરનાં જમાનાનાં સાતે ખંડોમાં ભલી બહેતર માજદીઅસની દીન અને જ્ઞાનનો ફેલાવો થાય, એ દીનને લગતું કંઇબી કાંમ યા પુછપરછ સુસ્ત થઇ હોય તે આબાદી અને ઉલટ ભરેલી થાય, દીનનાં ફરમાનોનું કબુલ થવું થાય, બદી ગુનેહગારી, જાદુઇ અને કાફેરીનું જોર તુટે. જેઓ ભલી દીનમાં નહિ હોય તેવો સામેલ થાય જેઓ જાણી જોઇને રાસ્ત રાહપર નહિં આવશે, તેઓ ઈનસાફી મેહેર દાવરની નજદીક બેશક ઘટતા બદલાને પામશેજ."

('ગુજરનારને બેસવા અથવા તેનાં ઉઠમણામાં જનાર બાનુઓ બાબે')

હાલ આપણામાં કોઇ ગુજરે તેને બેસવા અને તે ગુજરનારનાં ઉઠમણાંની ક્રિયા વખતે જનાર પારસી બાનુઓએ પણ જાણવાની અગત્ય છે કે જે કોઇ ગુજરે તેને બેસવા જવું હોય તો પોતાની ગુંજાસ મુજબ સુખડ લઇ જવું, અને ગુજરનારનાં રવાંનને સેજદો કરી પવિત્રાઈથી કુશ્તી પાદીઆબ કરી આગળ જણાવ્યા મુજબ તે ગુજરનારની નૈયતે અવસ્તા પઢવા અને સુખડ બાળવું અને ઉઠમણામાં પણ તેજ મુજબ ક્રિયા કરવી જોઇએ, નહિં કે ખાલી રૂદન, અને તારી મારી નિંદા અને ફોકટનાં કુઠલા કરવા. હાલ ઉઠમણામાં પોતાની ગુંજાસ મુજબ હયાત બાનુઓ અને અહસ્થો ગુજરનારની નૈયતે નાણાની રકમ ધર્માદા આપે છે, તેવી પ્રકારે ખરો ધર્મ કરવાથી ઓર સવાબનો વધારો છે.

('ત્રિજે દાહાડે ઉશહેન ગેહેની ક્રિયા')

મરનારને ત્રિજે દિવસે પાછલી રાત્રે ઉશહેન ગેહેમાં ચાર બાજ ઈજાવ્વી

જોઇએ. પેહેલી 'રશ્ને આશ્તાદ' બીજી 'મીનોરાંમ' ત્રિજી 'સરોશની' અને ચોથી 'અરદાફ્રવશની' અને છેહ્લી બાજ જોડે સાતે વસ્ત્ર ઇજાબ્વાં. ઉઠમણું તે મરનારની નેયતે કરવું.

('ચોથે દિવસે')

ચોથે દાહાડે બામદાદે "દહમવીસ્પેશામ" નું આફ્રગાન કરાવ્વું તથા યજશને બાજ ઇજાબ્વી અને સતુમ પઢાવ્વું. અને ચાર મોબેદ (નાહાનીઆ) જમાડવા.

('દશમાંની ક્રિયા')

જુબાને ફારસીમાં 'દહ' એટલે દશ અને 'દહુમ' એટલે દશમું, દશમું એટલે ગુજરનાર આસામીનો આ ફાની જેહાંનથી કુચ કરવાનો દશમો દિવસ. બુલંદ માજદીઅસની દીનમાં એ દીને નીચે મુજબની ક્રિયા ગુજરનાર આસામીની નેયતે કરવાનું ફરમાન છે.—

"દશમાને દાહાડે રવાનની નેયતે 'અરદાફ્રવશના' દરૂન અને તે સાથે શ્યાવ ઇજાવે, અને યજશને, ફ્રવશી, આફ્રગાન, બાજ, સતુમ રવાનની નેયતે પઢાવે. એટલુંજ ફરમાન આપણને છે; પણ આપણાં લોકો એ દીને મીઠાઈ કરાવે છે, એ મીઠાઈ કરવી તદન વાજબી નથી, કારણ એ ગમીનો દિવસ છે અને મીઠાઇ ખુશાલીની ચીજ છે, માટે તેમ નહિ કરતાં ઉપર મુજબજ ક્રિયા કરવાનું ફરમાન છે.

વળી એ ત્રણ દિવસોમાં જે ભણતર ભણવામાં આવે છે તેમાં પણ શામસનીનો ફકરો પઢવામાં આવતો નથી, તે નીચે મુજબ છે.

"સરોશ કરતી વખતે યજશનેનાં ૮ મા હામા રાથવી 'ખરે તે નરો' નહિં પઢે, પણ 'એશમાસચ બોયદીમચ'નું પદ પઢતાં એશમ બોએ રાથવી આતશનાં પાતરાંમાં મેળવે 'ખરતે નરો' અર્થ એવો થાય છે કે રાથવી જોતી ને કહે છે કે 'અએ મરદ આ મીઅજદનું ખાણું ખુશીથી હું' જે રાથવી છું તે તને આપું છું. તેથી એ બોલ પઢવામાં આવતો નથી કારણ એ દિવસ ગમીના છે. એ ત્રણ દિવસમાં 'અહમારેશચ' 'કેરબા મુજદ' નથી પઢતા તેનું પણ એજ કારણ છે. 'અહમારેશચ' એક દોઆ છે તેમજ 'જસમે અવંઘહે મજદ' પઢે છે તેમાં 'શામનો ખાસતરે' પઢવામાં આવતું

નથી તેમજ ત્રિજી રાત્રે મરનારની નૈયતે ડશહેન ગેહેમાં 'મીનોરાંમ'ની બાજ ધરે છે તેમાં ઉપલાં પદ ભણાતાં નથી, તેજ મુજબ યજશનેનાં ૬૮ માં હામાં અહમારૂરેશચ નથી પઢાતી."

('માસીસાની ક્રિયા')

રવાનનો માસીસો તે ગુજરનાર આસામીનાં ગુજરવા બાદ ત્રિસમો રોજ, એ રોજે સીરોજાની યજશને કરાવ્વી. અને તેતરીસ દરૂન કરી ફ્રુટ, મેવો, મુકી સીરોજાની બાજ ઈંજાવ્વી, અને આફ્રરગાન સતુમ પઢાવ્વું એ સિવાય બીજું ફરમાન યા રેવાયત કેઠેબી આપણને મલતું નથી.

અને ખરા દાહાડાને દિવસે એટલે ગુજરનારનાં રોજને દિવસે રવાંનની નૈયતે અરદાફ્રરવશનાં દરૂન, શ્યાવ, યજશને, ફ્રરવશી, આફ્રરગાન, બાજ, સતુમ રવાંનની નૈયતે પઢાવ્વું.

બાદ દર મહિને રવાંનનો દાહાડો આવે ત્યારે ઉપર જણાવ્યા મુજબ બાજ, દરૂન, આફ્રરગાંન, યજશને, ફ્રરવશી, સતુમ વિગેરે પઢાવ્વું.

આપણાં લોકો '**છમસી**' કરે છે પણ તેને લગતું લખાણ કેઠેબી મલતું નથી, અને ધર્મી એરવદો પણ ના પાડે છે કે જરથોસ્તીઓમાં ખાલી એ દેખાદેખીનો ચાલ આમીજ થયો છે.

('વર્ષિંની ક્રિયા')

ઉપર માસીસાની ક્રિયા જણાવી તેજ મુજબ વર્ષિંની ક્રિયા કરવાનું ફરમાન છે, એ સિવાય બીજું કસ્સુંબી કરવાને અવસ્તામાં અને રેવાયતોમાં પણ જણાવેલું નથી.

('જોડાની ક્રિયા બાબે')

હાલ જરથોસ્તીઓમાં એવો રેવાજ છે કે કોઇ ગુજરે તે જો ઓરત હોય તો તેનાં મરદ સાથે અને મરદ હોય તો ઓરત સાથે જોડું લગાડવાનો ચાલ છે, એ ઘણુંજ અણુઘટતું છે. વેહેમી લોકો એવું સમજે છે કે જોડું લગાડવાથી તે જેહાંન પણ એમનું એમ જોડું કાયમ રહે છે, પણ શ્યાનાં હમદીનો, એ જોડાં વિષેનો એસારો આપણી કોઇબી ધર્મ કેતાબમાં કરેલો નથી, તેમજ દશતુરો વટીક એવુંજ મત જાહેર કરે છે, કે ફક્ત આ દુન્યામાં હૈયાતી

સુધીનુંજ જોડું છે, કેમકે મરણબાદ તો જે આસામીની જેવી કરણી તેવુંજ તે ફળ મેળવી શકે છે, તેથી ગુજરવા બાદ જોડાંનો સંબંધ રેહેતો નથી. કારણ જ્યારથી ધણીધણીઆણીની સગાઈ થાય, અને પરણે ત્યારથી તે હયાતી હોય ત્યાં સુધી તેઓ મલી ભેટી સરખા એખલાસથી રહે, અને પોતાની નેક ફરજો બજાવી, ભલાઈનાં કામોમાં એક બીજાંને મદદ કરે, સાથે મલી અહુર-મજદનાં તમામ ભલા તરીકાઓ પસંદ કરી તેપર અમલ કરે, કુસંપ નહિં ફેલાવતાં આબાદીનો વધારો ચાહે, તેનું નામ જોડું, તે માત્ર જીવતાનુંજ જાણવું. મુવાબાદ કસ્સો સંબંધ રહેતો નથી. એને લગતા ફકરા નીચે મુજબ છે.

('આશીર્વાદ.')

બરાયજની હમ દાસ્તાની પ શરત મનશની, પ સે ગવશની ખેશ, કેર-દેહ વખશશની બેહેદીન (ફલાનરા) યઝદા ઝનદી પેમાન બેહાદમ.

'ગુજરાતી અર્થ.'

આય કુટુંબની કુંવારી બાનુને સર્વ ખેશ ખેશાવંદે એક દીલથી, સાચી નૈયતે, સાચે બોલવે, અને સાચાં કામ કરવે સવાબનાં વધારા થકી (ફલાનાં) મરદને એ બાનુ જીવ્વાનાં છેડા સુધી કોલ કરી આપી.

પરણનાર શખ્સ પાસે પણ એવોજ કૉલ લેવામાં આવે છે અને પુછે છે કે ત્રણદે મનશનીથી જીવ્વાનાં છેડા સુધી તમોએ આ કન્યા પસંદ કરી ? ધણી જવાબ દેએ છે કે "હા મેં જીવ્વાનાં છેડા સુધી પસંદ કરી."

એને લગતું લખાણ 'અરદાફ વીરાફ' ના માંમોથી આપણને મળી આવે છે જે નીચે મુજબ છે—

('પ્રકરણ ૬૮ મું.')

એક અશો ભરથાર અને પાપી ઓરત વચ્ચે ગોફતેગો ઓરતે પોતાનાં ભરથારને નેકી નહિં શીખવ્વા બાબે આપેલો ઠપકો, ભરથારની શરમીંદગી.

મેં વળી એક મરદ અને એક ઓરતનાં રવાંનને દીઠાં જેમનામાંના મરદને બેહેસ્ત તરફ અને ઓરતને દોજખ તરફ ખેંચવામાં આવતી હતી. તે

ઓરતનો હાથ તે મરદની કુ તીનાં બંધમાં પકડાયલો હતો, અને તેણી બોલી કે,
" જ્યારે જીવતાંઓમાં આપણને સાથે રહેવામાં લાભ હતો ત્યારે હમણું તેઓ તને બેહેસ્તમાં અને મને દોજખમાં કેમ ખેંચે છે ?

" **તે મરદે જવાબ દીધો** "—' કારણ કે મને જે કંઈબી ભલા, લાયક અને ગરીબોથી મલતું તે હું તેમને પાછું આપતો. અને હું સારા વિચાર, સારાં કામો, અને સારા સખુનો વાપરી ચાલતો હતો; મેં વળી ખોદા ઉપર લક્ષ આપ્યું હતું, અને દેવોની રાહાપર ધ્યાંન આપ્યું નહતું, અને ભલી માજદીઅસની દીનપર ઓસ્તવાર રહ્યો હતો. પણ તું ભલા અને લાયક આસામી તથા મુસાફરોને ધીકારતી હતી, તેં વળી ખુદાપર ધ્યાંન આપ્યું નહતું અને મુર્તી પુજા કરી હતી, બદ વિચારો, બદ સખુનો, અને બદ કાંમો કર્યાં હતાં, યાને અહેરેમન અને દેવોની રાહા રસમપર ઓસ્તવાર રહી હતી.'

' **ત્યારે તે ઓરતે પેલા મરદને કહ્યું** '—" જીવતાંઓમાં તું મારેપર સંપુર્ણ સરદાર અને બાદશાહ હતો, અને મારૂં તન અને જીંદગી તથા રવાંન તાહરાંજ હતાં અને મને જે ખોરાક તથા આવક તેમજ કપડાં પણ તારેથીજ મળતાં ત્યારે તેં શામાટે તેને સારૂ મને મારી તથા સજા નહિં કરી. તારી ભલાઈ અને તાહરાં ઉત્તમપણાનું કારણ પણ તેં મને શીખવ્યું નહતું જો તું તે વખ્તે મને શીખવી મારાંમાં ભલાઈ તથા ઉત્તમ પણું—ઉત્પંન્ન કરતે તો હાલ આય સંકટ ખમવાની મને જરૂર નહિં પડતે. "

ત્યારબાદ તે મરદ બેહેશ્તમાં અશો લોકો વચ્ચે પોતાની ઓરતને સારે માર્ગે નહિં, લાવ્વા તથા નહિં શીખવ્વા માટે શરમીંદગી સાથે બેઠો કારણ તે ઓરત તેના શીખવ્વાથી નેક થતે, પણ તે ફરજ તેને બજાવી નહિં. અને તે ઓરતને પોતાની કરણી મુજબ દોજખમાં અંધારાં અને બદબો શિવાય બીજું કસ્સું સંકટ તેણીને નહતું.

એ ઉપરથી તેમજ આપણાં ધર્મ પુસ્તકોમાંથી કોઈ પણ ઠેકાણેથી જોડાં વિષેનું લખાણ નહિં મલવાથી અને આપણા દશતુરો તેમજ આગલા ઓલ્મા-એ જણાવ્વા પરથી સીદ્ધ થાય છે કે જોડું માત્ર જીવતાંનુંજ છે, મુવાબાદ સૌને સૌની કરણીનું ફળ મળે છે ત્યાં જોડાંને કસ્સો સંબંધ રહેતો નથી.

પણ અસલ વખતથી ચાલતા આવેલા રેવાજને અનુસરીને આપણાં લોકો ચાલે છે, અને દેખાદેખીનો એ રેવાજ ચાલુ થયલો છે, એવું આથોરનાન વર્ગ તરફથી આજ તુલીક અનેક ઠેકાણે જાહેર થયું છે.

("એક દિનથી સાત વર્ષ સુધીનાં ગુજરનાર બાળકની ક્રિયા.")

સદર કેતાબનાં ૫૧) મા બાબમાં તેમજ વંદીદાદની ૮ મી પરગરદમાં (વિગેરે બીજી કેતાબોમાં) એક દિનથી સાત વર્ષની વયનું બાળક ગુજરે તેનાં રવાંનને દીનનાં ફરમાન મુજબ અવલમંજલ પુગાડવું (એ બાબે જુઓ ગુજરતી વખતની ક્રિયા.) ત્યારબાદ તે બચ્ચાંની નૈયતે ત્રિજે દિવસે સરોશની બશનુમને એક યજશને કરાવ્વી, અને ત્રણ દિવસ અફ્રવેસફ્રથરેમ ગેહમાં સરોશનું આફ્રરગાન તથા સરોશબાજ ઇજાવે, તેમજ ત્રિજી રાત્રે ઉશહેન ગેહમાં ચાર બાજ ઇજાવ્વી. પેહેલી રફ્રને આસ્તાદની, બીજી મીનોરાંમની, ત્રિજી સરોશની, અને ચોથી અરદાફ્રવશની તેની સાથે ગુજાશ મુજબ વસ્ત્ર ઇજાવ્વું. દશમું માસીસો, યા વર્ષિ કરવાનું ફરમાન નથી. એ ચાલ માત્ર દેખાદેખીનો છે એવું આજ તુલીકમાં કાબેલ વીદવાંન એરવદ સાહેબોએ જાહેર કર્યું છે.

('સુવાવડી તેમજ માસીક માંદગી (દશતાંન) વાળી બાનુ ગુજરે તેની ક્રિયા.)

સુવાવડી તેમજ માસીક માંદગીવાળી બાનું હક થાય તો આગલ જણાવ્યા મુજબ ક્રિયા કરવી. અને તે બાનુ એવી હાલતમાં હક થઈ માટે તેનું 'નાહાન' આપવું યા ગુજાશ હોય તો **નીરંગી** કરાવ્વી. ગુજરનાર આસામીની પાછલ

નાહાન આપવું. એ ફરમાનમાં નથી, તેમજ આપવાથી કંઈ નુકશાન નથી. ઓર તેથી રવાંન પાક થાય છે, પણ તે કરતાં વધુ અને ખરૂં તો એજ છે કે દરેક આસામીએ પોતાની હયાતીમાં ગુનાહથી પરહેજ રહી, ગફલતી કરણી બાબે પાપનો પસ્તાવો કરવો, અને દીનનું ફરમાન પાળવું, તેમજ નેકીને રાહે ચાલવું.

નોટ. ૧ જોડાંની ક્રિયા નહિં કરવી એવું આજ તુલીકમાં જાહેર થયું છે.

૨. એ ક્રિયા હાલ આપણાં લોકોમાં ચાલુ છે, અને શક્તિવાળા આસામીઓ તે ક્રિયા સાજી હાલતમાં ગુજરનારની નઇયતે કરે છે, એ કંઇ દીનમાં ફરમાનથી ઉલટું નથી ઓર તેથી વધુ સવાબ છે પણ કેટલાકોથી ન બની શકતું સોય તો ખાસ ફરમાન નથી પણ જે બાનુ એવી હાલતમાં ગુજરી ગઇ તેનો છુટકારો ચાહવા બાબેની એ ક્રીયા રૈવાયતોમાં ચાલુ છે.

' ગાથા, ગાહંબારમાં ગુજરનારની ક્રિયા. '

જે કોઇ આસામી ગાથા ગાહંબારમાં ગુજરે તેને માટે હાલ આપણા લોકોમાં એવો રેવાજ છે કે જો પેહેલા ગાથાને દિવસે ગુજર્યું હોયતો દર મહીનાનો રોજ અહુરમજદ રોજે કરે. બીજો ગાથા હોય તો બેહેમન રોજે, ત્રિજો હોય તો અરદીબેહેસ્ત રોજે, ચોથો હોય તો શેહરેવર રોજે, અને પાંચમો હોય તો અસપંદારમદ રોજે ક્રિયા કરે છે. પણ ધર્મ ફરમાન પ્રમાણે તેમ થવું નહિં જોઇએ.

ગુજરનાર આસામીનાં ચાહારમની બાંમદાદે આફરગાન દહમાનની ખુશનુમને કરાવવું ઘટે છે, (હાલ એજ રેવાજ ચાલુ છે,) પણ હરકોઇ જો ગાથામાં ગુજરે તો તે આફરગાન ગાથામાં પઢાય નહિં તેથી પતેતીને દાહાડે બાંમદાદમાં તે રવાંનની નૈયતે ' **દહમાનનું આફરગાન** ' પઢાવવું, અને ' **સીરોજાની ખશનુમન** ' થી ક્રિયા તે ગુજરે તે દાહાડેથી ત્રિસ દાહાડા ગણીને કરાવવી, તથા તેનો માસીસો અને દર માહનો રોજ, અગીયાર માહ (મહીનો) સુધી દર મહીનાનાં ફરવરદીન રોજે કરે, અને મરનારની વર્ષિનો દાહાડો આવે (એટલે ગાથા, ગાહંબારમાં) ત્યારે માસીસાને દીને જે ક્રિયા ફરમાવી છે તે કરે. (સર્વ ક્રિયા આગળ જણાવ્યા મુજબજ કરવી.)

અગર જો કોઇ સખ્સ મુસાફરીમાં ગુજરે અને તેનું ક્રિયા કામ ત્યાં નહિ થયું હોય, અને તેનાં ખેશખેશાવંદોને તે મરનારનો દિવસ ખબર નહિં પડતાં એક માસે ખબર મળે તો ગુજરનારની નૈયતે ત્રણ સરોશ, ત્રણ વંદીદાદ, સરોશનું આફરગાંન, અને તેજ દિવસે ઉશહેન ગેહમાં ચાર બાજ ઇંજાવે, તે સાથે **શ્યાંવ** ઈંજાવે. બાદ બીજે દિવસે હાવન ગેહેમાં તે મરનારનું **ચાહારૂમ** કરે, અને તેજ દિવસે રપીથવેંન ગેહેમાં **દશમાની** ક્રિયાબી કરે, અથવા મરનારની ખબર માસીસો વીતાબાદ પડે તો તેજ દહાડે **સીરોજાની અને માસીસાની** ક્રિયા કરે, અને વર્ષિ વીતાં ખબર પડે તો એકજ દિવસમાં **ચાહરૂમ, દસમુ, માસીસો , વર્ષિ** વિગેરેની ક્રિયા કરાવે બાદ મરનારનો દિવસ નહિં ખબર હોય, તો જે દિવસે ક્રિયા કરે તે દિવસ ચાલુ રાખે, યા તો **આદર મહીનાને ફરવરદીન રોજ** જારીરાખે,

---

('ફ્રવરદેગાંન (મુકતાદ) ની ક્રિયા.')

બુલંદ જરથોસ્તી દીનમાં અસપંદરમદ મહીનો અને આસ્તાદ રોજથી વહેશ્તોઈશ્ત ગાથા સુધી દશ દિવસ ફ્રવરદેગાનનાં જણાવેલા છે, યાને અસલ કેતાબોથી તેમજ અવસ્તાથી એવું જાહેર છે કે એ દશ દિવસોમાં ગુજરેલાં રવાનોનું આય જેહાંનમાં સૌ સૌનાં મુકામે આવ્વું થાય છે, તેથી તે દશ દિવસમાં રવાનની નૈયતે હયાત આસામીની ગુંજાશ મુજબ યજશને, દરૂન, બાજ, આફ્રરગાન, સતુમ, ફ્રરવશી, વિગેરે ક્રિયા કરાવ્વી જોઇએ.

આપણાં લોકો ફ્રવરદેગાંનનાં ૧૮) દિવસ ગણે છે પણ તે વાત તદન ગલત છે આપણા પાક પેધંમબર, અને રોશન રાહાબર સપેંતમાંન અશો જરથોસ્તનાં લાવેલા ધર્મ પુસ્તકોમાં પણ જાહેર છે કે ફ્રરવરદેગાનનાં દશ દિવસોમાં રવાંનનું આ દુન્યામાં આવ્વું થાય છે, અને તેટલા દિવસો સુધી અશો રવાંનોની યાદ કરવી જોઇએ.

એ બાબે પુણેવાળા **દશતુરજી નોશેરવાનજી જામાસ્પજી જામાસ્પઆસાનાંએ** રાહાનુમાય માજદીઅસની સભાને લખાણ આપ્યું છે જે નીચે મુજબ છે.

'અવસ્તામાં મુકતાદનાં ૧૦ દિવસો ફરમાવેલા છે તેને વગર સમજાવે ૧૮ દિવસ કરી મુકયા છે તે કારણથી ૧૮) દિવસ થયા છે, આપણા બુઝર્ગો જેમ જેમ કોઇ આપણું પોતાનું વ્હાલું મુસાફ્રરીથી આવે તેને એસ્તેકબાલ લેવા જઈએ છીએ તે મુજબ એક દીન આગમચ યાને અરશશંગ રોજે બાજ, આફ્રરગાંન કરાવતા હતા, ત્યારે પાંચમાં ગાથા સુધી ફ્રરવરદેગાનનાં ૧૧) દીવસો થયા, પછી ૧ લો માહા ૧ લો ' જશને નોરોજેઆમ ' કહેવાય છે તેનું જશન બાજ, આફ્રરગાન કરાવતા, રોજ ત્રિજે રપીથવેંનનું જશન કરતા રોજ ૫) મે અશો ફ્રરોહરનો, તથા રોજ ૬ ઠે ખોરદાદ સાલનું 'જશને ખાસ' તેનું જશન બાજ, આફ્રરગાંન કરાવતા હતા તે પરથી હાલ બેસમજ લોકો ૧૮) દિવસ મુકતાદનાં માને છે અને તેને સનંદ જેવું કરી મેલ્યું છે. યાને દશને બદલે અઢાર દિવસ કરી મેલ્યા છે.

' સુરતવાળા દશતુર **'અસપંદીઆરજી ફ્રરામજી રબાડી'** નીચે મુજબ સાર આપે છે.—

'રવાંનો **દશ રાતથી** વધારે દિવસ આય દુન્યામાં રેહેતાં હોય એવું અવસ્તામાં કહેલી હકીકત પરથી કંઇબી દીસ્તું નથી. તેઓ પતેતી એટલે નવા વર્ષને દાહાડે બાંમદાદની વખતે આય દુન્યા મધેથી જાય છે. તેમજ રોજ ત્રિજે માહા ૧ લો રપીથવેંન ઈજવાને દાહાડે તથા રોજ ૬ ઠો ખોરદાદ આ-

લને દહાડે જે ક્રિયા કરવાને (દીનની કેતાબોમાં) લખેલું છે તે તો માત્ર જીવતાંને પોતાની ફરજ અદા કરવાને વાસ્તે છે કાંઇ ગુજરેલાંને માટે ક્રિયા કરવાનું નથી.

એ સિવાય બીજા અનેક આપણાં દશતુરોએ આજ તુલીકમાં જાહેર કર્યું છે કે મુકતાદનાં ફક્ત દશજ દિવસ છે અઢાર દિવસ એ ખાલી દેખાદેખીનો ચાલ છે.

એટલા દિવસોમાં અશો ફરોહરોની ખુશનુદીને માટે એક જગ્યા[1] પવિત્ર અને સફાઇદાર બનાવી, તે જગ્યાએ પવિત્ર તાજું **પાણી** રોજ ભરવું અને ફુલ તથા ચ્યાવ, રાખવો, અને તે જગ્યાએ હમેશાં **આતશ રોશન** રાખી, તેપર હરદમ સારી ખુશબો બાળવી અને ત્યાંજ **આફ્રેગાંન, બાજ સતુમ, ફ્રવશી** વિગેરે અવસ્તાનું પઢવું તેમજ અશો **ફરોહરોની** યાદ હેયે રાખી તે સર્વ અનદીઠ ફરોહરોને બુઝર્ગ ગણી તેની યાદ એ પવિત્ર જગ્યાએ કરવી વાજેબ છે. અશો ફરોહરો રાત દિવસ (એટલા દશ દિવસમાં) આ દુન્યામાં પોતાનાં ખેશખેશાવંદનાં ઘરનાં મકાનમાં રહે છે, અને તે મકાનમાં પોતાની નૈયતે ભણવું ગણવું ચાહે છે અને તે દશ દિવસોમાં ફુલ, ફળ **પાણી** દરરોજ **બામદાદમાં તાજુ ભરી** રાખવું જોઇએ એ બાબે આપણા અશો જરથોસ્તનાં લાવેલા કલામો નીચે મુજબ છે.

‘ અવસ્તા ’

અવો અપાંમચ વંઘોઇનામ, ઉરવરનામચ ખરેનીએનામ અ-શોનામચ ફ્રવશનામ યશનેમ, ગરેદમહે વહમેમચ.

‘ ગુજરાતી તરજુમો. ’

‘ નિર્મલ પાણીઓથી પોતાની મેલે ફળ ઉપન્ન કરનારાં ઝાડો તથા અશો લોકોનાં ફરોહરોનાં વખાણ તથા ખુબી હમો ગાઇએ છીએ. એ સઘળાંની યાને નિર્મલ પાણી ઉરવરો તથા અશો લોકોનાં ફરોહરોની વખાણ તથા ખુબી ગાઇએ છીએ.

એ ફ્રવરદેગાનનાં દિવસો ખસુશ સવાબકારક લોકોને માટે છે, તેથી સર્વ કોઇ આસામીએ એ દીઘાંમમાં પાક યઝદાંની પરસતેશ અને ભલી સેતાઇશ તેમજ તે કીર્તારની ભલી પેદાયશ બાબે શુક્રગુજારી કરવી ઘટે છે. કારણ અશો ફરોહરો તેઓનાં કુટુંબોએ આ જેહાંનમાં તૈયાર કરેલાં મકાનમાં ઘણાં-ખરાં એટલાજ માટે આવી વાસો કરે છે.

નોટ ૧ હાલ આપણા લોકો ચુના ધોળાવી સાફ સુફ કરે છે તે વાજબી છે તેથી ખરાબ હવા દુર રહે છે, અને અશો ફરોહરોની ખુશનુદી સાથે જીવતાંઓની તનદરોસતીનાં બાબમાં ફાયદાકારક છે.

તેથી આપણે તેઓની આરાધના થકી **પવિત્ર પાણી તાજાં** ફુલ, ફળ, વિગેરે તૈયાર રાખવું જોઇએ.

હાંનેશમંદ વાંચનાર અને સ્યાનાં હમદીનોએ જાણવું જોઇએ કે ફુલ, **પાણી એકજ વાસણમાં ભરવું નહિ**, અને અકેકપર બેહેડું ચહડાવી પાણી રાખવું નહિ. તેમજ નાળીએર અને આખી શેરડી પણ મુકવી નહિં, ખુશી હોય તો સેરડી સમારીને અને નાળીએર પણ ભાંગીને ફ્રૂટ તરીકે ભણાવે પણ આખી **સેરડી ગોયા રવાંનનાં પગ** માફક ઉભી કરવી એ દીનનાં ફરમાનથી તદ્દન ઉલટું છે. અને તાંમડીઓપર તાંમડીઓ ચહડાવી બેડાં ગોઠવ્વાં એથી ઉલટું પાણી અપવિત્ર થાય છે, અને **ઢાંકેલું પાણી ચોખ્ખું** ગણાય **નહિ**, અને અશો ફરોહરોની ખુશનુદીને માટે નક્કામું થઇ પડે. માટે એક વાસણમાં પાક પાણી ભરી રાખી તેની આગલ ફુલ, ફળ, **રાખી** માજદીઅસની દીનનાં ફરમાન મુજબ **આતશનું** પાતરૂં શબોરૂજ **ચાલુ રાખી** તેપર ખુશબોદાર ચીજ બાળવી, અને **ગુજરેલાંની નૈયતે** અવસ્તા પઢવા વાજેબ છે.

જરથોશ્તીઓનાં ચાલુ રેવાજ પ્રમાણે તેઓ જે ગુજરે તેની નૈયતે પેહેલે વર્ષે નવું બેહેડુ ધરાવે તેમાં બેથી ત્રણ તાંમડી યા મોટા કળશીઆ લે છે, તેમાં પાણી ભરી અકેક પર ચહરાવી તે પાણી રોજ નહિં બદલતાં ત્રણ ચાર દિવસે બદલે છે. એવી પ્રકારે વાસી પાણી રહેવા દઇને તેમાં ફુલ ખોસે છે તેબી કરમાઈ જાય છે તો તે બદલતાં નથી જ્યારે બેહેડાંપરબી ધુળ વળગે છે, કે જે અશો ફરોહરોને ખુશનુદ કરવાની વતી ઉલટું ધર્મ ફરમાનની વિરૂદ્ધ અને ગેરવાજબી છે.

અએ વિચારવંત સ્યાનાં હમદીનો, ધારો કે તમોને કોઇ સાફ કીધા વગરનાં કળશીઆમાં કંઇ ચીજ નાખેલું પાણી પીવા આપે તો તમે પોતે તે પીવો તો શું પણ જોઈનેજ કમકમો, તો અશો ફરોહરો કે જેઓને માટે તેઓનાં બાજરોજગારે આપણે ખરી પરહેજગારી પવિત્રાઇ, અને પુરતી ચોખ્ખાઇ રાખ્યે છીએ, તો જે વખતે તેઓનું ત્યાં વસવું થાય, તેટલા દિવસ ફકત તેઓને **તાજુ પાણી**, ફુલ, ફળ **ખુશબો**, વિગેરેથીજ **ખુશ કરવાનું** છે તો પછી એ ઉલટા રેવાજ પ્રમાણે ચાલવું તદ્દન ના મુનાસેબ છે, અને એવું કરવાથી ઉલટાં **અશો ફરોહરો** કમકમીને કદાઆ દેએ છે.

(' મુકતારની આરાધનાં. ')

આપણાં જરથોશ્તીઓમાં એવો ચાલ છે કે જે કોઇને ત્યાં મુકતાર માંડ્યાં હોય તો ફુલની જારી લઇને તેને ત્યાં મુકતારને પગે લાગવા જવું, અને ભપકા ભર્યો પોશાક પેહેરી તેન ત્યાં જઈને ફુલની જારી આપી, ગામ

ગપાટાની વાતો કરી ઘેર પાછું ફરવું. પણ અએ સમજુ અને ધર્મચુસ્ત હમદીનો તમોએ એ બાબદમાં પુરતી રીતે વાકેફગાર થવું જોઇએ કે આપણાં બુલંદ ધર્મનાં ફરમાન પ્રમાણે જ્યાં તમો મુકતારને પગે લાગવા જાવો ત્યાં ફુલ, અને સુખડ તમારી ગુંજાસ મુજબ.લઇ જવું અને બને તો સર- વેરથી તન પાક કરીને જવું ત્યાં જઇને પવિત્રાઇથી કુશ્તી પાદીઆબ કરી ફુલ ત્યાં મેલી, સુખડ આતશપર મુકી સરોશ બાજ જે ગેહે હોય તે અને રવાંનની નીયતે નીઆઇશ પતેત કરવી યા ખુશી હોય તો પોતાની ફરજીઆત બંદગી પણ ત્યાંજ ગુજારવી. અને તે ઘેરનાં તરફથી રૂખસદ ચાહાવી, નહિં કે ખાલી કુથલા અને તારી–મારી નીંદા તથા નિર્દોષ મશ્કેરીઓ કરવી.

('ગુજરેલાં પાછળ રૂદન અને શોક કરવાથી ગેરફાયદા.')

આપણા જરથોશ્તી લોકોમાં કોઈબી રવાંન થયું તે જો નાહાનું હોય કે મોટું પણ આપણા પારસી બાનુઓ તેને માટે લાંબા દિવસ પાથરણું માંડી રૂદન અને ભારે શોક તેમજ અનહદ કલાપીત કરે છે જે દીનના ફરમાનની રૂએ તદન વિરૂધ્ધ છે. એવી માંહોતમ કરવાથી ગુજરેલાં રવાંનને મીનો (પેલી જેહાંન) માં બહુ દુઃખ વેઠવું પડે છે.

ઇનસાન માત્રને તે બુલંદીનાં ખાવીંદે આ ફાંની જેહાંનમાં હસ્તી આપી પોતાની બોહોલી કુદરતની ઘણીક ઇચ્છાઓ તેઓમાં ઉત્પન્ન કરી છે, અને તે હક્કત કેસ્વરનાં માલેકનુ ફરમાન દરેક ખાકી ઇનશાને પાળી તે દાદઘરની દરઘાહમાં આ જેહાંનમાં કીધેલાં કાંમોનો હીસાબ સુમાર આપવા એક દીન સર્વ કોઈને જવું છે તો પછી ગુજરનાર પાછળ શોક કરવો એ નકામું છે.

એક ભલો દીકરો, હેતવંતો બાપ, મેહેરબાન ભાઇ, પ્યારવંત મા, એક સદગુણી બહેન, તાબેદાર ભત્રિજો, ગુણયલ પીત્રાઈ, સાચ્ચો દોસ્ત, ખરો ખેરખાહ, નેક મરદ, એક ભલી બાનુ, પરગજુ પડોશી, એક માગો રેહેવાસી, ધર્મી શેઠીઓ, માયાળુ તબીબ, રેહેમી ભરથાર, દીલખુશ બાળક, માનવંત ધણીઆણી, હીતકારી હાકેમ, અસીલ અમલદાર, ભાગ્યશાળી જવાંન, દીલસોજ સરદાર, દલેર પેહેલવાંન, સુરો સપહેસાલાર, ખરો ચોકીવંત અને એક સાચ્ચો રાહબર, એ દરેક ઇનશાનના ગુજરવાથી તેના હયાત બેશીને કારી જખમ લાગે છે જે જખ્મ ધીરજ અને સબુરીનાં મલમથી રૂજ લાવ્વો જોઇએ. મોહોત કોઇને છોડતું નથી, તેની આગળ ઇનશાન માત્ર લા ઈલાજ છે શું અદના કે આલા, નહાના કે મોટા સર્વ કોઈ પોતાની આ ફાની જેહાનની એક ' અજાયબ સ્વપના ' જેવી મુસાફરી પુરી કરી એક દીન અહુરમજદની રાસ્ત દરઘાહે પોહોંચનાર છે, તો ભારે રૂદન, માહેતમ, શોક, વિગેરે મરનારનાં રૂહપર કરવું એ તદન ગેરવાજબી છે. એ બાબે યજશનેનાં ૭ મા હામાં આ દુન્યામાં ઇનસાનોપર પડતુ દુઃખ અને મોહોતની સામે હીંમત રાખવા બાબે અવસ્તા છે તે નીચે બતાવ્યા છે,

' અવસ્તા '

' ઉગેમદહેચા ઉશમહેચા વિસા મદેચા '

ગુજરાતી તરજુમો.

' હું દુન્યામાં પોહોંચ્યું છું અને કબુલ કરૂં છું રંજ શકિતને તથા મોહતપર ખુશી છું.

મોહોત એટલે આપણાં રૂહનું બદલાવું ઇનશાનનું રૂહ (આત્મા) ખુદાની દરગાએથી આવી આ મટોડીનાં બનેલાં તનમાં રેહેઠાણ કરે છે, અને નેકીનો સોદો આ જેહાંનથી ખરીદી જાલેમ મોહોતનાં પેગાંમથી પોતાના પેદા કરનાર નઝદીક કીધેલાં કામોની કેરદાર બાબે જવાબ દેવાને જઇને ઉભું રહે છે જ્યાં તેનાં રવાંનને ઇનસાફ મળે છે, અને પોતાની કેરદાર પ્રમાણે મુકામ મેલવી મીનો (પેલી જેહાંન) માં વાસો કરે છે. માટે ગુજરનાર બાબે જાહેરમાં ભારે શોક કરવો એ વાજબી નથી. એ બાબે ' અરદાઇ વીરાફ નામામાં જે બસારત કરી છે તે નીચે મુજબ ટાંકી છે.

' પ્રકરણ સોલમું '

દોજખ જેવી એક ભયંકર નદી આગળ ' વીરાફ ' નું પોંહોંચવું, તે નદી ઓલંગવા કેટલાંક રવાંનોનું અશકત પણું ' સરોશ અને આદર ઇઅજદે ' તે માટે કરેલો ખુલાશો, ગુજરેલાંઓ પાછળ રડવું અને કલાપીત કરવી એ ધર્મ વિરૂદ્ધ છે.

વળી ' અશો સરોશે અને આદર ઇઅજદે ' મારો હાથ પકડયો અને હું ત્યાંથી આગળ ચાલ્યો હું એક જગોએ આવ્યો, અને એક મોટી નદી દીઠી, જે ભયંકર દોજખ જેવી ઉદાસ આકારની હતી, તે નદીપર ઘણાંક રવાંનો તથા ફ્રેરોહરો હતાં, અને તેમનામાંના કેટલાંક તેને પાર કરવાને શકિતવાંન નહોતાં, બીજા કેટલાકે તે મોટી મુશ્કેલીથી પાર કરી હતી, અને કેટલાંક સેહેલાઇથી પાર કરી ગયા હતાં.

મેં પુછયું કે આ નદી કઇ છે ? અને આ લોકો જે આટલાં દુઃખી થઇ ઉભાં છે તેઓ કોણ છે ? ' અશો સરોશ અને આદર ઇઅજદે ' કહયું કે ' આ નદી ઘણાક આશુઓથી બનેલી છે, કે જે હયાત માણસો ગુજરેલાઓ માટે રડતી વખતે ભારે કલાપીત કરતાં આખમાંથી આંશુઓ પાડે છે લોકો ધર્મ વિરૂધ્ધ એ આંશુઓ પાડે છે, તે આશુઓ એ નદીમાં એકઠાં થઇને વધી જાય છે, અને જેઓ આ નદી ઓલંગવાને અશકત છે તેઓ તે રવાંનો છે

કે જેમણે માટે ગુજરવા બાદ ઘણોજ કલાપીત અને રૂદનો થાય છે અને જેઓ વધુ સેહેલાઇથી એ નહી ઓલંગે છે તેઓ તે રવાંનો છે કે જેમણે માટે ઓછી કલાપીત અને રૂદનો થયાં હતાં, તું દુન્યાનાં લોકોમાં જાહેર કરજે કે તમે લોકો દુન્યામાં હોવ ત્યારે ધર્મ વિરૂધ્ધ રડવું અને કલાપીત કરવી નહી' કારણ કે જેટલી કલાપીત અને રૂદન થાય છે એટલી મુશ્કેલી તથા ઇજા તમારાં ગુજરેલાંઓનાં રવાંનોને થાય છે.

' પ્રકરણ સતાવનમું '

' ગુજરેલાં પાછળ રડાકુટ કરનારી પાપી ઓરતો. '

મેં વળી ઓરતોનાં રવાંનો દીઠાં જેમનાં માથાં કાપી નાખેલાં અને શરીરથી છુટાં કરેલાં હતાં, અને જીભને હમેશાં બુમ મારતી રાખી હતી. મેં પુછયું આ રવાંનોમાંના પેલાં કોણનાં છે? અશો સરોશ અને આદરઈ ઇજદે કહ્યું કે આ રવાંનો તે ઓરતોનાં છે કે જેણીઓએ દુન્યામાં ગુજરેલાંઓને માટે ઘણો વિલાપ અને રૂદનો કર્યાં હતાં અને માથાં મોહોડાં કુટયા હતા.

રૂદન અને શોક કરવાથી જમીન પણ નાખુશ અને દુઃખી થાય છે (એ બાબે જુઓ **જમીઆદ યસ્તની** ફુટનોટ આયજ કેતાબમાં) ગુજરનાર પાછળ વધુ શોક કરવો નહિં કારણ આપણી જીંદગી પણ તેવીજ તકલીફી અને ફોકટ છે, ફકટ કસોટી હુમત, હુખ્ત અને હરવશ્ત છે જે કાંઇ નેકી અને ભલાઇ કરી લીધી તે આપણી, બીજું બધું ફોકટ અને પરાયાનું સમજવું. તેથી ગુજરનાર પાછલ શોક નહિં કરતાં સબુરી રાખી તેની ધર્મ ક્રિયા કરવી એ ફરમાન છે.

પ્રકરણ એકસો એકમું (વિરાફ નામાનું.)

દશતુર અર્દાફ વિરાફનું મીનોમાં બેહેશ્ત અને દોજખ જોવાં જવું, દોજખ જોઈ પાછું અહુરમજદની દરબારમાં જઇ પુગવું, અહુરમજદે તેની કણે માજદીઅસનોને કેહેવાડેલો સંદેશો.

સઘળું જોવા બાદ 'અશો શરોશ અને આદર ઇઅજદે' મારો હાથ પકડયો, અને મને તે અંધારી ભયંકાર, અને ધાસ્તીકારક જગ્યાથી તેઓ બાહાર લાવ્યા, અને હમેસગીની રોશ્ની તરફ તથા અહુરમજદ અને અમેશાસપંદોની મીજલસ તરફ લઇ ગયા. ત્યાં મેં અહુરમજદ આગળ નેમાજ કરવાને ખાયસ બતાવી, અને ' તેને ' મેહેરબાંની બતાવી કહ્યું કે "અશો અર્દાફ વિરાફ, માજદીઅસનોનાં કાસદ તું વફાદાર નોકર છે, ફાંની દુન્યામાં જા અને જે પ્રમાણે તેં દીઠું છે અને સાંભળ્યું છે તે પ્રમાણે સાચે સાચું ફાંની દુન્યાનાં લોકોને કહે, કારણ હું જે અહુરમજદ તે તારી સાથે છું જે કોઈ સાચું અને

ખરૂં ચાલેચ તેને હું માન આપું છું તથા પીછાણું છું એ તું ડાહ્યાં લોકોને કહેજે.

જયારે અહુરમજદે મને એમ પુછયું ત્યારે હું અજાયબ થયો, કારણ કે મેં એક રોશની દીઠી, પણ કોઈબી શખ્સને દીઠો નહિં મેં વળી એક અવાજ સાંભળ્યો, અને હું સમજ્યો કે એ અહુરમજદ છે.

અને તે પેદા કરનાર અને યજદોમાં ઘણીજ વૃધ્ધી કરનાર અશો અહુરમજદએ કહ્યું કે 'અય અદોરૂ વિરાફ ! દુન્યાનાં માજદીઅસનોને તું કેહેજે કે અશોઈનો એકજ માર્ગ અસલ ધર્મનો રસ્તો છે, તેમાં જે એકજ રસ્તો અશોઈનો છે તે પકડજો. અને ઉદય વેળા તેમજ અસ્ત વેળા કોઈબી વખતે તે માર્ગથી તેમા ફરતા નાં. અને સારા વિચારો, સારા સખુનો, અને સારાં કામો પર અમલ કરજો, અને તેજ ધર્મમાં રેહેજો કે જે સપેતમાન જરથોસ્તને મારાથી મલ્યો હતો, અને શાહ ગુશ્તાસ્પે દુન્યામાં ફેલાવ્યો હતો. અને મારે કાયદે ચાલજો અનઘટતા કાયદાથી પરહેજ રેહેજો, અને આ બાબે સાવચેત રહેજો કે ગાવ, ગે.સ્પંદ, ઘોડો, સોનું, રૂપું, ધુળ બરોબર છે, તેમજ ઇનસાનનું ખાકી તનબી ધુળ બરોબર છે, તે એકલુંજ ધુળ સાથે મળતુ નથી કે જે દુન્યામાં અશોઈની વખાણ કરે છે, અને પોતાની ફરજ બજાવે છે, તથા સારાં કામો કરે છે. અય અદોરૂ વિરાફ તું સમપુર્ણ છે ! જા અને આબાદ થા.' જે દરેક અશોઇ અને પાકીજગી તમે લોકો કરો છો અને રાખો છો અને બરસનુમ તથા ક્રિયા, જયારે ખુદાને ધ્યાંનમાં રાખીને કરો છો, અને જે દરેક ચીજ દીનની સરત મુજબ તમો રાખો છો ત્યારે હું તે સઘળું જાણું છું.'

મેં જયારે એ શબ્દો સાંભળ્યા ત્યારે પેદા કરનાર અહુરમજદને મેં ઘણુંજ નમન કર્યું. વળી **અશોસરોશ** ફતેહ અને હીંમત સાથે આ ગાલીચાની જગ્યાએ મને લઇ આવ્યો '

" સરોતા ગેઉશ આઇશ વહેસતા અવેનતા સુચા મેનંઘા. "

આ બધી ઉત્તમ બાબદો તમો કાન ધરીને સાંભલો અને આંખની કીકીએ અને મને કરી જુઓ (જેથી)

" જમ્યાત વો વંઘોત વંઘો, મા વો જમ્યાત અકાત અશો, મા મે જમ્યાત અકાત અશો. "

તમોને ભલાઓની ભલાઇ પોહોચે, બુરાઓની બુરાઇ નહિં પુગે, તેમજ મ્હને પણ બુરાઓની બુરાઈ નહીં પહોંચે.

ભલા માજદીઅસનોની દીનની ફતેહ થાઓ તનદરોસ્તી, ખુશી, ખુશાલીથી તમામ થયું. ' આમીન. '

બનામે યઝદ.

"તમામ પાક ખોરદેહ અવસ્તાએ શેહેનશાહી બા એજ-મતી નીરંગ" ની કેતાબનાં આગમચથી થયલાં મેહેરબાંન ગ્રાહકોનાં મુબારક નામોની ટીપ.

નકલ.

શેહેરે અમદાવાદ.

બાઇજી શીરીનબાઇ જાહાંગીરજી મેહતા. ૧
„ આઇમાય નવરોજી હોડીવાલા. ૧
„ આઇમાય ખરશેદજી કાલાપેસી. ૧
„ પીરોજબાઇ નસરવાનજી પટેલ. ૧
શેઠજી પાલનજી જમશેદજી મેહતા. ૧
„ એરચશા બરજોરજી કેરાંવાલા. ૧
„ એરચશા રૂસ્તમજી ભરૂચા. ૧
„ જમશેદજી બમનશા દારૂવાલા. ૧
„ ફીરોજશા નશરવાનજી વકીલ. ૧
„ બરજોરજી સાપુરજી કારંનજાવાલા. ૧

અહમદનગર.

શેઠજી હોરમસજી એદલજી નગરવાલા. ૨
„ બેહરામજી કાવસજી ખરશેદજી. ૧

અંધેરી.

શેઠજી એફ. કે. વીકાજી. ૧

નકલ.

અંમબાલા.

બાઇજી મીસીસ એન. એમ. ગોલવાલા. ૩

માંઉન્ટ આબુ.

શેઠજી હોરમસજી ફરાંમજી રાજપુતાના. ૧

કેંમ્પ ઇંનડોર.

બાઇજી જાઇજી અરદેશર કુપર. ૨
શેઠજી નાદીરશા એરચશા માણેકશા. ૧

ઉદેપુર રાજપુતાના.

શેઠજી કૈકોબાદ નવરોજી મોદી. ૧

ઉરણ

શેઠજી ફરાંમરોજ કુંવરજી મેનેજર. ૬

એડન.

શેઠજી હોરમસજી નસરવાંનજી બોત. ૧
„ કાવસજી દીનશાજી કોચબીલડર. ૧

	નકલ.

કપુરથલા.

શેઠજી રૂસ્તમજી દાદાભાઇ ઘાંગા.	૧

કરંનજા બીરાર.

શેઠજી નાનાભાઇ નસરવાંનજી ભમગરા.	૧

કરાંચી

બાઇજી બાઇમાય પેસ્તનજી શેઠના.	૧
બાઇજી બાનુંબાઇ ફરામરોઝ પાવરી.	૧
શેઠજી સોરાબજી અરદેશરજી મહેતા.	૪
શેઠજી અસપન્દિઆર ફીરોઝશા ધનજીના છોકરાઓ	૩
શેઠજી કાવસશાહ મેહરવાંનજી દલાલ.	૨
શેઠજી ફરાંમજી કુંવરજી લીંબુવાલા.	૧

કલકતા

બાઇજી મીસીસ બચુબાઇ જાંહાંગીરજી ઉમરીગર	૨
શેઠજી અરદેશર નશરવાંનજી પાલીઆ.	૩
શેઠજી સોરાબજી રતનજી કરાઇ.	૧
શેઠજી નશરવાંનજી રૂસ્તમજી દસ્તુર.	૧
શેઠજી ફરાંમજી જાંહાંગીરજી કોહલા.	૧
શેઠજી એફ. એચ. બીલીમોરીઆની કુંપની	૧
શેઠજી જ. બ. બાટલીવાલા.	૧

કુવેતા

શેઠજી કે. એસ. અરદેશર આર મેહતા.	૨
શેઠજી ખરશેદજી જમશેદજી મઝદર.	૧

કાટીહાર

શેઠજી મનચેરશાહ ડોસાભાઇ સોનગડવાલા	૧

કોલંબો

શેઠજી માણેકસા બેહેરાંમજી સરકારી.	૧

	નકલ.

ખંડવા

શેઠજી રૂસ્તમજી ગુસ્તાદજી ભમગરા.	૧

ખાંનદેશ

શેઠજી કુંવરજી જમશેદજી પટેલ.	૧

ગનદેવી

શેઠજી પેસ્તનજી નશરવાંનજી બીલીમોરીઆ.	૧

ગોધરા

શેઠજી ધનજીશાહ ફરાંમજી કરમાં (ડ્રાયવર)	૧

ગોરાખપુર

શેઠજી એચ. દોરાબજી.	૧

જાંહાસી

બાઇજી આવાંબાઇ માણેકજી પેસુના	૧

ઝગડીયા

શેઠજી માણેકશા બેહેરાંમશા ધુલીઆશેઠના	૧

ઝાંઝીબાર

બાઇજી હીરાંબાઇ મનુચેરશાહ કરાઈ	૩

ઠાંણાં

શેઠજી કુંવરજી ફરાંમજી ડીવેચા.	૧
શેઠજી હોરમસજી નાદીરશા ટારાપોરવાલા	૧
શેઠજી અરદેશર મેહરવાંનજી દારૂવાલા.	૧
શેઠજી ફીરોઝશાહ જીવનજી બારસીવાલા	૧

ઢારવાર

બાઇજી મીસીસ આલાંમાઈ જાંહાંગીર જીવકીલ	૧

તારાપોર

શેઠજી મોબેદ રૂસ્તમજી સાપુરજી બેહેરાંમજી સીધવા ઉડવાડેવાલા	૧

નકલ.

શેઠજી ફરાંમરોઝ દીનશાજી તારાપોરવાલા ૧
શેઠજી જાંહાંગીરજી દાદાભાઇ તારાપોરવાલા. ૧

દારજીલીંગ.

શેઠજી જમશેદજી સોરાબજી ચીનાઇ ૧

ધોન્ડ.

બાઇજી મીસ શીરીનબાઇ કાવસજી વેરડંન ૧
„ „ હોમાય કાવસજી વેરડન. ૧
શેઠજી મી. કાવસજી સોરાબજી વેરડન. ૧

નવસારી.

બાઇજી ડો. મીસ ધનબાઇજી નાનાભાઇ ખરેગાત. ૧
બાઇજી પીરોજબાઇ બેહેરાંમજી આસતીન. ૧
બાઇજી બાઇજી હોરમસજી ગબલા. ૧
શેઠજી સ્યાવક્ષા એદલજી ચીચગર. ૧
શેઠજી નવરોજી કાવસજી મહેતા. ૧
„ મનચેરશા હોરમસજી સડરી. ૧

નાંગપુર સીટી.

શેઠજી કાવસજી બી. હાથારાંમ ૧

નાંદેડ.

શેઠજી જાંહાંગીરજી પી. પારખ. ૧

નાંસીક.

શેઠજી ફરાંમજી જે. ડેબુ. ૧

નીઝાંમાબાદ.

„ ફરાંમરોઝ બી. બારીઆ. ૧

પંજાબ.

„ પેસ્તનજી ફ. કાંમા. ૧

પારડી.

„ પીરોઝશા વીકાજી બીલાડવાલા. ૧

નકલ.

પુના.

બાઇજી મેહેરબાઇ રૂસ્તમજી પુનેગર. ૧
„ મીસીસ શીરીનબાઈ એરચશાહ મોડી. ૧
„ હીરાંબાઈ નાનાભાઇ પટેલ ૧
„ મણીબાઈ એસ. ચીનાઇ. ૧
શેઠજી દોસાભાઇ મનચેરજી બીલીમોરીઆ ૧
„ દીનશા મેહરવાંન ૧
„ સોરાબજી હોરમસજી અંકલેશ્વરીઆ ૧
„ દસ્તુર પેસ્તનજી બીખાજી આદરબાંનવાલા ૧

પોંન્ડીચરી.

શેઠજી સોરાબજી એચ. કે. વીકાજી. ૧

ફીરોઝાબાદ.

શેઠજી ફરાંમરોઝ નવરોજી કાટ્રક. ૧

બદનેરા.

શેઠજી એમ. એમ. માકુજીના. ૧

બરમાં.

શેઠજી કે. એલ. પટેલ. ૧

બરહાંનપુર.

બાઇજી શીરીનબાઇ હોરમસજી દુબાસ ૧

બાંનદરા.

બાઇજી મીસીસ બાનુબાઇ બરજોરજી જમશેદજી કામેસરીએટવાલા. ૧
શેઠજી ફરાંમરોઝ કાવસજી બાટલીવાલા ૧
શેઠજી ડા. કે. કે. રૂસ્તમ ફરાંમ. ૧

બીલીમોરા.

શેઠજી હોરમસજી દાદાભાઇ વાસણીઆ ૨

	નકલ.

બેલગાંમ.

શેઠજી પાલનજી બરજોરજી મેએલ કોન્ટ્રે-કટર.	૧

ભરૂચ.

બાઇજી મીસીસ એ. ધ. કોન્ટ્રેકટર	૧
,, ,, બી. બી. પે-માસ્તર	૧
,, જરબાઇ દીનશાજી માસ્તર	૧
શેઠજી મનચેરજી દારાશાહ કાપડીઆ	૩
,, એરચશા રૂસ્તમજી ગાંધી.	૨

ભુસાવલ.

શેઠજી મનચેરજી માણેકજી	૫
,, હોરમસજી કુંવરજી ડ્રાયવર,	૧

માંગરોલ.

શેઠજી જમશેદજી સોરાબજી	૧

માંનભંમ.

બાઇજી મીસીસ દી. આર. બોગા.	૧

માલેગાંમ

શેઠજી એરચશા બેહેરાંમજી શરાફ.	૧

શેહેરે મુંબઈ.

બાઇજી મીસીસ હમાબાઇ જે કે. મેહતા.	૩
,, ડા. ધનબાઇજી હોરમસજી વાડીઆ	૩
,, મીસીસ હીરાંબાઇ ફરાંમરોઝ માસ્તર	૨
,, ,, નવરોજજી કાકા.	૨
,, બીખાઇજી બેહેરાંમજી નરીમાંન.	૨
,, ગુલબાઇ હોરમસજી નશરવાંનજી વકીલ.	૧
બાઇજી શીરીનબાઇ બેહેરાંમજી ફરદુનજી કરાકા	૧
,, મેહેરબાનુ બાલબાઇ કાંમા	૧
બાઇજી મીસ એમ પોસ્ટવાલા.	૧
,, આઇમાય જીવનજી મીસ્ત્રી.	૧
,, ગુલબાઇ માણેકજી ડાકતર.	૧
,, મેહરબાઇ રતનશાહ મીસ્ત્રી.	૧
,, સુનાબાઇ સોરાબજી ડાકતર.	૧
,, શીરીનબાઇ જે. દલાલ.	૧
,, પીરોજબાઈ હોરમસજી નોબલ.	૧
,, મીસીસ રતનબાઈ ખરશેદજી ફરાંમજી કઠોક.	૧
,, બાનુબાઇ સોરાબજી માસ્તર.	૧
,, મીસીસ નાંજાંમાય રૂસ્તમજી મીસ્ત્રી	૧
,, રતનબાઇ હોરમસજી ચોકસી	૧
,, શીરીનબાઈ માણેકજી રતનજી દલાલ.	૧
,, મીસીસ મોટીબાઇ દીનશાજી પીંટર	૧
,, મીસીસ નાંજાંમાય શાવકશાહ શ્રોફ.	૧
,, નવજબાઇ જમશેદજી શ્રોફ.	૧
,, નવજબાઈ દીનશાજી સીગનપોરીઆ.	૧
,, બાનુબાઈ રૂસ્તમજી પટેલ	૧
,, ગુલચેહર એલ કાવારાંણા.	૧
,, સુનાબાઇ નવરોજી ગંડેવીઆ.	૧
,, માણેકબાઇ સાપુરજી સોરાબાઇ ડાકતર.	૧
,, હીરાંબાઇ ખરશેદજી દાદીશેઠ.	૧
,, મીસીસ એચ. એમ. મરઝબાંન.	૧
,, આંવાંબાઇ કાવસજી મરોલીઆ	૧
,, દીનબાઇ સોરાબજી વાડીઆ.	૧
,, આંવાંબાઇ જમશેદજી ખરશેદજી બાટલીવાલા.	૧
,, બચુબાઇ સાપુરજી ધનજીભાઇ બાટલીવાલા.	૧
,, શ્રીટી. ફરાંમરોઝ નારીએલવાલા	૧

	નકલ
બાઇજી મીસીસ પીરોજબાઇ માણેકજી દસ્તુર	૧
„ આલાંમાઇ અરદેશર ફીરોજશા પટેલ.	૧
„ આઇમાઇ નાંદીરશાહ દાજી.	૧
„ આંવાંબાઇ ખરશેદજી દારૂવાલા	૧
„ દીનબાઇ જમશેદજી દસ્તુર જામાસ્પઆસાના.	૧
શેઠજી મરહુમ ખરસેદજી જાંહગીરજી પટેલના ધરમખાતાનાં વ્યાજમાંથી તેમનાં પીતાશ્રી જાંહગીરજી સોરાબજી પટેલ તરફથી જુદાં જુદાં આતશ દાદગાહમાં આપવા માટે.	૧૨
શેઠજી ફરાંમરોઝ દાદાભાઇ કાત્રક.	૬
„ કે. પી. મીસ્ત્રી.	૬
„ બેહેરાંમજી જીવનજી મીસ્ત્રી.	૪
„ મેરવાંનજી પેસ્તનજી માસ્તર.	૨
„ નશરવાંનજી ખરશેદજી ડોકતર.	૨
„ દીનશાજી અરદેશર સેકારી	૨
„ હીરાજી નવરોજી મીઠાઇવાલા.	૨
„ બમનશા એદલજી અમરા (શરબતવાલા)	૨
„ હોરમસજી દીનશાજી ફીટર.	૨
„ ફીરોજશાહ દાદાભાઇ મીસ્ત્રી	૨
„ કેખશરૂ એદલજી પાવરી.	૨
„ જમશેદજી નાનાભાઇ ડાવર	૨
„ માણેકજી ખરશેદજી ડોતીવાલા	૨
„ જાંહાંગીરજી કે. મેહતા.	૨
„ અરદેશર બમનજી દલાલ.	૧
„ કાવસજી નસરવાનજી ખંભાતા	૧
„ જમશેદજી દાદાભાઇ મીસ્ત્રી.	૧
„ બેહેરામજી રતનજી માસ્તર.	૧
„ હોરમસજી કાવસજી ભાઠેના (એનજીન ડ્રાયવર).	૧
„ નસરવાનજી સોરાબજી માસ્તર	૧

	નકલ.
શેઠજી હોરમસજી બેહરાંમજી કાબરાજી	૧
„ સોરાબજી રૂસ્તમજી કલકાતી	૧
„ માણકજી ડોરાબજી કાંગા.	૧
„ ફકીરજી જામાસ્પજી સીગંનપોરીઆ	૧
„ અરદેશર બમનજી દુબાસ.	૧
„ ફરાંમજી હોરમસજી આલબલેસ	૧
„ ડા. એરચશાહ જમશેદજી ટ્રેઝરીવાલા.	૧
„ દારબશા રૂસ્તમજી માંડન	૧
„ સોરાબજી જમશેદજી દારૂવાલા	૧
„ સાપુરજી મનચેરજી ગાર્ડ.	૧
„ એદલજી કાવસજી દુબાસ.	૧
„ કુંવરજી સોરાબજી વાડીઆ.	૧
„ સાપુરજી હોરમસજી બાસ્તાવાલા એનજીનીયર.	૧
„ હોરમસજી માણેકજી બીલીમોરીઆ.	૧
„ મનચેરશા રૂસ્તમજી ભરૂચા.	૧
„ ફરદુનજી દીનશાજી શેઠના	૧
„ માણેકશા જમશેદજી કપાવાલા.	૧
„ એ. ડી બાટલીવાલા	૧
„ હોરમસજી અરદેશર કાટપીટીઆ.	૧
„ રતનશાહ માણેકજી રીપોર્ટર,	૧
„ રતનશાહ કાવસજી સીનોર.	૧
„ અરદેશર જે. દીવેચા.	૧
„ ડોસાભાઇ માણેકજી ભરૂચા.	૧
„ અરદેશર એદલજી માસ્તર.	૧
„ હોરમસજી જમશેદજી પટેલ.	૧
„ ભીખાજી ગુસ્તાદજી પટેલ.	૧
„ દારબશાહ મનચેરજી સુરતી તથા ડોતીવાલા.	૧
„ ફીરોજશા જમશેદજી રોજર્શ.	૧
„ જીવણજી રતનજી મીઠાઇવાલા	૧
„ રૂસ્તમજી એદલજી અરજાનીઆ.	૧
„ ફરાંમરોઝ જે. તારાપોરવાલા	૧
„ પીરોજશા બેજનજી ભરૂચા.	૧
„ શાવકશા માણેકજી ગીલતા.	૧
„ શાવકશા હીરજીભાઇ બાશકર	૧
„ દારબશાહ માણેકજી ઉમરીગર.	૧

	નકલ.
શેઠજી અરદેસર દોરા?જી રબાડી.	૧
,, દોરાબાઇ મનચેરજી મોડી	૧
,, ખુરશેદજી બરજોરજી રીપોરતર	૧
,, ફીરોજશા દીનશાજી ફાટર	૧
,, એચ. એફ. બામજી.	૧
,, નાનાભાઇ પેસ્તનજી પારસેવાલા	૧
,, દારશા માણેકજી કાળાપેશી.	૧
શેઠજી આદરજી હોરમસજી શરાફ	૧
,, જમશેદજી ધનજીશા.	૧
શેઠજી કૈકોબાદ એસ. સોડાવોટરવાલા	
શેઠજી જાહાંગીરજી હીમજીભાઇ બાપાશોલા	૧
શેઠજી હોરમસજી રતનજી એદલજી કરાઇ	૧
શેઠજી અરડેશર હોરમસજી મેહતા.	૧
શેઠજી એરચશા હોરમસજી વાડીઆ.	૧
શેઠજી ધનજીશા હોરમસજી ગોરખપુરવાલા	૧
શેઠજી જાહાગીરજી ભીખાજી બલસારા.	૧
શેઠજી દોરાબજી ફરામજી સીપાઇ.	૧
શેઠજી અરડેશર મેરવાંનજી ભરૂચા.	૧
શેઠજી જમશેદજી એદેરાંમજી ખાનસાહેબ	૧
શેઠજી કૈખશરૂ રૂસ્તમજી તાડીવાલા (ગાર્ડ)	૧
શેઠજી એરચશાહ રતનજી ડુબાસ.	૧
શેઠજી ફીરોજશાહ ધનજીભાઇ ભાવજી	૧
શેઠજી મનચેરશા જમશેદજી ચીનાઇ	૧
શેઠજી એદલજી માણેકજી પટેલ	૧
શેઠજી એલ. એલ. કે. મહેતા.	૧
શેઠજી નવરોજજી હોરમસજી કોટવાલ	૧
શેઠજી એરવદ રૂસ્તમજી પેસ્તનજી આંટીઆ પાદશાહ	૧
શેઠજી એરવદ જમશેદજી પેસ્તનજી આંટીઆ પાદશાહ	૧
શેઠજી જાલભાઇ જાંહાંગીરજી કાપડીઆ	૧
શેઠજી કૈખશરૂ દાદાભાઇ ભરથાંત	૧

	નકલ.
શેઠજી રતનશા ક. બારીઆ.	૧
શેઠજી કાવસજી બરજોરજી તેગરા	૧
શેઠજી ફરામજી માણેકજી શરાફ	૧
શેઠજી ફરાંમરોઝ ધનજીભાઇ પટેલ	૧
શેઠજી ફીરોજશા કાવસજી અંકલેશરીઆ	૧
શેઠજી હોરમસજી સોરાબજી ડીવટી	૧
શેઠજી પેસ્તનજી હોરમસજી હાથવાલ	૧
શેઠજી ધનજીશાહ દોરાબજી કરાંણી	૧
શેઠજી દારબશાહ કે. પટેલ	૧
શેઠજી કે. એન. રબાડી	૧
શેઠજી જાંહાંગીરજી મનચેરજી બીલીમોરીઆ	૧
શેઠજી હોરમસજી સોરાબજી પોવાલા	૧
શેઠજી દારાં ધનજીભાઇ મીસ્ત્રી	૧
શેઠજી ધનજીભાઇ સોરાબજી મીસ્ત્રી	૧
શેઠજી એ. બી. ડુબાસ	૧
શેઠજી રૂસ્તમજી જમશેદજી ભાડેના	૧
શેઠજી નશરવાનજી નાનાભાઇ નવા બારડોલીવાલા	૧
શેઠજી શેઠજી સોરાબજી એરાચજી ખજોતીઆ	૧

મોમબાશા

શેઠજી કાવસજી મનચેરજી મેહતા	૨

લાહોર

શેઠજી અરદેશર. ઇ. આર. શહીઆર	૧

લેનોલી

શેઠજી હોરમસજી બમનજી મુકાદમ (એનજીન ડ્રાયવર)	૨

શાનતાક્રુઝ

બાઇજી રતનબાઇ ધનજીશા કાવારાણા	૧

શીલોન

શેઠજી જાંહાંગીરજી ફરાંમજી ઉદવાડાવાલા.	૧

નકલ.

સારાન

શેઠજી ભીમજીભાઈ એદલજી ગનદેવીઆ. ૧

સીકંનદ્રાબાદ દખન

બાઇજી મીસીસ ખુરશેદબાઇ કાવશાહ કાંગા ૧
શેઠજી એસ. જે. દલાલ. વકીલ. ૧
„ ખુશરવ વીકાજી તારાપોરવાલા. ૧
„ હોરમઝદયાર બરજોરજી માંડન. ૧

સીમલા હીલ

બાઇજી બાનુબાઇ સોરાબશા માણેકશા
બાડેલીવાલા. ૧
શેઠજી એ. સી. જસાવાલા. ૧

શેહેરે સુરત

બાઇજી એમ. એન. વાણીઆ ૧
બાઇજી બાનુબાઇ સોરાબજી ચારણા ૧
શેઠજી સુરબીજી દાદાભાઇ ફીરોજશા
જંગાલવાલા (ટાપટા–વેલી
એનજીન ડ્રાયવર) ૧

નકલ.

શેઠજી દાદાભોઇ મેહરવાંનજી વાડીઆ ૧
શેઠજી મરઝબાંન કાવસજી આઇબાદા ૧
શેઠજી હીરાજી બરજોરજી ઉકાજી ૧
શેઠજી નવરોજી જમશેદજી પટેલ ૧
શેઠજી એરચશા બેહેરાંમજી ગાંધી ૧
શેઠજી સોરાબજી ખરશેદજી મેહતા તથા દલાલ ૧
શેઠજી એદલજી કાવસજી દસ્તુર ૧
શેઠજી નવરોજી જમશેદજી પટવા ૧
શેઠજી હોરમજશા ફરામજી ૧
શેઠજી એરવદ ગુસ્તાદજી મેહરવાંનજી સીનોર ૧
„ દોરાબજી જીવનજી પસતાકીઆ. ૧
„ બરજોરજી જાંહાંગીરજી વાહાડયા. ૧

સોલાપુર

બાઇજી દીનબાઇ નાનાભાઇ ગબા. ૧
„ શીરીનબાઇ રતનશા ગબા. ૧
શેઠજી બમનજી જીવાજી કારંજીઆ. ૧